

બૃહત.

સંગીત

ગરબાવળી.

સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્તા.

મણિલાલ દોલતરામ પટેલ.

અધિપતિ "વિજય" માસિક.

અમદાવાદ.

સંવત ૧૯૬૨. સને ૧૯૦૬

કીંમત. એક રૂપિઓ.

હરેક ગૃહસ્થની લાયબ્રેરીમાં રાખવા લાયક

વિદ્વાનોએ વખાણેલી!

બૃહત.

સંગીત ગરબાવળી.

આર્યા.

પ્રીયતમ પતિપત્નિઓ, સદ્ગુણ ભૂષણ—રત્ન મુક્ત કરમાં,
દંપતિ ધર્મને ધરતા, થાતા અંતે લીન ઈશ્વરમાં.

સંગ્રહ કરી પ્રસિદ્ધ કરનાર.

મણિલાલ દોલતરામ પટેલ.

કર્તા

ધિ ઇંગ્લિશગાઇડ, ધિ ઇંગ્લિશ લેટરરાઇટર, ધિ ઇંગ્રેજી ગુજરાતી ડિક્ષનેરી, ધિ શોર્ટસેન્ટેન્સીઝ, ધિ ગુજરાતી ઇંગ્રેજી ડિક્ષનેરી વિગેરેના કર્તા અને "વિજય" માસીકના અધિપતી. અમદાવાદ.

સંવત ૧૯૬૨ સને ૧૯૦૬

Price R. 1-0-0 કીંમત. રૂ. ૧-૦-૦

પ્રથમા આવૃત્તિ.

The Rajnager Tipe Foundery Printing Press
The Sarda Bhuvan Printing Press, and the
Jagdishvar Printing Press,

Ahmedabad

પ્રસ્તાવના.

કોઈપણ પુસ્તક વિષે, પછી કાંતો તે નકામું હોય, પણ પ્રથમ તે બદલ ચાર શબ્દ લાવવા યોગ્ય છે, તે મુજબ આ પુસ્તક વિષે મારે પણ થોડું કહેવું ઉચીત છે.

આજના સુધરેલા જમાનામાં દિવસે દિવસે સ્ત્રી કેળવણીનો પ્રસાર વધતો જાય છે, એ વાત પ્રિય વાંચકોની જાણ બહાર નથી. સ્ત્રી કેળવણી રૂપી ચાલતા પ્રવાહને વધારે ગતિ આપવા, સ્ત્રીઓને ઉપયોગી અને સુબોધદાયક ગદ્ય પદ્યમાં લખાએલા પુસ્તકો તો ઘણા બહાર પડેલા છે તોપણ હજુ તેવાં પુસ્તકોમાં વધારે સંખ્યા વધવાની જરૂર છે એમ સ્ત્રી કેળવણીના હીમાયતીઓ કબુલ કર્યા વિના રહેશે નહિ. દીકરીઓ અને સ્ત્રીઓના અંતઃકરણપર નીતિના ઉમદા છાપ પુરે પણે પડે એ હેતુથી આ સંગીત ગરબાવળી પ્રસિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે.

કુદરતે ગાયનમાં એક પ્રકારની એવી અજબ શક્તિ મૂકી છે કે કોઈ પણ સ્ત્રી પુરૂષની શક્તિને સ્વાધીન થયા વિના રહેતો નથી. મનુષ્યને ગમ્મતની સાથે જ્ઞાન આપનારૂં સાધન તો ઉત્તમ ગાયનજ. આર્ય ભૂમિની સમસ્ત સુંદરીઓની તનમનની શક્તિની કળીઓ સુનીતિ, ને સુબોધદાયક ગાયન રૂપી જલ વડે પ્રફુલ્લિત કરી, સુગંધીમય, સુબુદ્ધિ રૂપી પુષ્પ બનાવી, જ્ઞાન રૂપી સુગંધી ફેલાવવાનું સાધન તો સારી કવિતા સારા ગાયન છે. ઈત્યાદી સિદ્ધાન્ત ધ્યાનમાં લઈ મેં આ સંગીત ગરબાવળી તૈયાર કરી છે.

આ સંગીત ગરબાવળીમાં સ્ત્રીઓને ઉપયોગી થઈ પડે તે એટલે પ્રભુ ભક્તિ, સ્ત્રીના ધર્મ, સ્ત્રીનું કર્તવ્ય, સ્ત્રી [illegible]. પ

ભક્તિ, પતિ પ્રેમ, પતિવ્રત્ય ઇત્યાદી ઘણા નીતિ અને સદગુણ દર્શક, સુબોધ દાયક, નવીન મનરંજન ચાલતા ગરબાઓ આ ગરબાવળીમાં સંગ્રહ કર્યા છે. તે સિવાય પ્રસિધ્ધ લેખકો, કવિઓની લેખિનોથી લખાએલા પુસ્તકો આકારમાં છપાએલા ગરબાઓ પસંદ કરી પણ દાખલ કર્યા છે તેમજ પ્રાચીન કવિયોએ રચેલા ઉત્તમ ગરબા, ઉત્તમ કવિતાઓને પસંદ કરી સંગ્રહમાં વધારો કર્યો છે. સારાંશ આ પુસ્તક સ્ત્રીઓને હમેશ ગમ્મત સાથે જ્ઞાન આવે, એવું કરવા શક્ય પ્રયત્ન કર્યો છે.

આ સંગીત ગરબાવળીમાં જે લેખકો, કવિયો, પુસ્તક કર્તાઓ, અને પ્રગટ કર્તાઓની મદદ લીધી છે તે સર્વ બંધુઓનો આ સ્થળે મોટો આભાર માનું છું.

આ પુસ્તકમાં જે કાંઇ ખામી હોય તેને વાસ્તે જે કાંઇ સુચના કરવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

છેવટે મહાન પ્રભુ પાસે કર જોડી યાચના કરૂં છું કે આર્ય ભગીની સર્વ મહીલાના અંતઃકરણની કળીઓને પ્રફુલ્લિત કરી નીતિનો સુબોધ રૂપી સુગંધ સ્થળે પ્રસરાવનારા પુસ્તકો પ્રકાશીત કરવા મને તથા મારા આર્ય બંધુઓને સદોદિત પેરણા કરે; તથાસ્તુ,

પ્રગટ કર્તા.

અનુક્રમણિકા.

સંગીત ગરબાવળી.

ઇશ્વર સ્તુતિ.

(રે રઢીઆળા રઘુવીર જગ...એ રાગ.)

હે મમ સ્વામિ ! શબલ બ્રહ્મ સાકારજો;
સુણી દીન શબ્દો, ધાજો સુખ આગાર જોરે.
અકળ કળા કરનાર કરો શું વારજો;
આવી સવેળા ઝાલો કર કીરતાર જોરે.
નથી હું નથી તું નથી કંઇ કાંઇ,
રહ્યો હું, રહ્યો તું, બધે વિશ્વમાંહિ;
ઘણા જન્મ થયા યુગેયુગ માંહિ,
હવે ઝાઝ નાંખો સમુદ્ર માંહિ.
જન્મ મરણ શીર નાંખ્યો શું આ ભાર જો, અકળાયો, મુંઝાયો,
વારંવાર જોરે. હે૦
અરે ખેંચતાં દોર તુટી જવાની,
હવે ગ્રહો હાથ હે કરૂણાનિધાની;
કરો શાન્ત સ્વામિ કૃપાળ વદામિ,
નમામિ, નમામિ, નમામિ, નમામિ.
આવો છઓ કે પ્રાણજીવન ભરથાર જો, વદુ હું અંતે કરજો
સ્વરૂપા કારજોરે. હે૦

(વિજય.)

પ્રભુને ભજવા વિષે.

"પ્રભુને ભજતાંરે વારે" એ રાગ.

પ્રીતે પ્રભુનેરે ભજીએ,
શાણાં થઇ આગળથી સજીએ. પ્રીતે૦ ૧
ગરવા ગરબારે ગાઇએ,
સખીઓ હળી મળીને હરખાઇએ. પ્રીતે૦ ૨
રમવા જમવારે જઇએ,
વિનય થકી વહાલાંમાં રહીએ. પ્રીતે૦ ૩
સુખ લેવાનેરે ચાહીએ,
તોપણ વિશ્વ થકી ન વહાઇએ. પ્રીતે૦ ૪
આખર મરવાંરે સાચાં,
મોહ માયાથી વળીએ પાછાં. પ્રીતે૦ ૫
જગને છોડીરે જાવું,
તો એમાં નહિ બહુ લપટાવું. પ્રીતે૦ ૬
જો લપટાશોરે જાળે,
મરણ સમે માયા બહુ સાલે. પ્રીતે૦ ૭
સાચી વસ્તુરે શોધો,
મમતા છોડી મનને બોધો. પ્રીતે૦ ૮
જુઠી જગનીરે માયા,
ડાહ્યા જે હરી ભજવા ધાયા. પ્રીતે૦ ૯
જબરા જોદ્ધારે ઝાઝા,
માટીમાં મળીઆ મહારાજા. પ્રીતે૦ ૧૦
સૈને પડતાંરે પેખ્યાં,

રાજા રાંક તણાં નથિ લેખાં. પ્રીતે૦ ૧૧
કાચી કાયારે પડશે,
જીવ અમર જોશો તો જડશે. પ્રીતે૦ ૧૨
સુખ દુઃખ જગમાંરે સાથે,
ચોખું સુખ ચઢે નહિ હાથે. પ્રીતે૦ ૧૩
બીજી દુનિયારે લેખે,
સાચા સંત મરીને પેખે. પ્રીતે૦ ૧૪
સાચાં સુખ છેરે તેમાં,
દુખનું નામ મળે નહિ જેમાં. પ્રીતે૦ ૧૫
એ સુખ કેરાં રે ઠામો,
નીતિ ભક્તિથી નિશ્ચય પામો. પ્રીતે૦ ૧૬

(સુબોધ ગરબાવળી.)

પ્રભુ ભકિત.

ગરબો

(" સખી આવીઓ કારતક માસ " એ૦ રાહ.)

જય જગતપતી જગદીશ, અખિલ અવિનાશ રે,
કરજોડીને લાગું પાય, ધરી તુજ આશ રે. ૧
જગ અગણિત દુઃખનું મુળ, શાન્તિ ચિત ના મળે;
લોભ લાલચની મહા શુળ, કરે દુઃખ પળ પળે. ૨
અલ્પ સુખને હું માનું અપાર, એનીજ પુંઠે ભમું;
કરૂં વિવિધ વિધિ ઉપચાર, ખાલી દેહને દમું. ૩

સરે કે ન સરે કાંઇ અર્થ, ધાર્યું ધુળમાં મળે,
કરે તર્ક તથાપિ અપાર, ચંચળ ચિત્તડું ચળે. ૪
તારા પ્રેમની લાગે લગંન, મટે મોહ આપદા;
જ્ઞાન ભકિત ગમે દિન રાત. રહું ટેકમાં સદા. ૫
નાશે કુમતિ રૂપ અંધકાર, વૈરાગ્ય વિધુ[1] વડે,
એવી પ્રેર બુદ્ધિ પરમેશ, કલહ[2] કદિના નડે. ૬
કરિયે ઉત્તમ સુખકર કામ, નીતિ નવ છોડિયે;
અનીતિથી રહી દૂર કાન, તને હાથ જોડિયે. ૭
(સ્ત્રીગીત સંગ્રહ.)

પ્રાર્થના.

ભુજંગી

પિતા માત તું મુકિત દાતા મહેશ, દયા દૃષ્ટિ તારી દિસે છે વિશેષ;
ખરો એક આધાર તારો અમારે, દયાનાથ તારા વિના કોણ તારે. ૧
કૃપાકાંત તેં માનવી જન્મ દીધો, અમે લાભ તેનો ન કાંઇજ લીધો;
ગયો કાલ સર્વે અમારો વૃથારે, દયાનાથ તારા વિના કોણ તારે. ૨
અમો જીવનાં છે અતી નિંધ કર્મ, વિસારી દિધો છે અમે સત્ય ધર્મ;
તથાપિ દયા તું દિસે નાથ ધારે, દયાનાથ તારા વિના કોણ તારે. ૩
તમારા પ્રત્યે નાથ સંબંધ ભારે, અમે મોહથી તે મુકયો છે વિસારે;
ભરૂંસો કૃપાનાથ તારો અમારે, દયાનાથ તારા વિના કોણ તારે. ૪

૧. ચદ્ર. ૨ કંકાસ-કજીઓ.

નથી સૂઝતું શી વલે નાથ થાશે, પ્રભુ હાથ તારા વિના કોણ સા'શે,
પિતા પુત્રના દોષને ના વિચારે, દયા નાથ તારા વિના કોણ તારે. ૫
હવે જે રહયો શેષ આયુષ્ય કાલ, સદા કાઢિયે સત્ક્રિયાગાં કૃપાલ;
અમે માગિયે આવિને દ્વાર તારે, દયાનાથ તારા વિના કોણ તારે. ૬
અજાણી નથી તું થકી કાંઇ વાત, સદા સન્મતી આપશો માત તાત;
વધુ શું કહીએ અમે વાર વારે, દયાનાથ તારા વિના કોણ તારે. ૭
મહાકષ્ટ વેલા નથી કોઇ ત્રાતા, પ્રભૂ તું પ્રભૂ તું પ્રભૂ શાન્તિદાતા;
સદા દાસની તું ચડે નાથ વારે, દયાનાથ તારા વિના કોણ તારે. ૮
દયાભાવ છે નાથ તારે સ્વભાવે, કૃપા દ્રષ્ટિથી દાસને તું નિભાવે;
અમારાં બધાં પાપ કર્મો નિવારે. દયાનાથ તારાવિના કોણ તારે. ૯
સ્તુતિ પાર્થનાઓ સુણીને અમારી, યથા યોગ્ય જે હોય તે લ્યો સ્વીકારી.
મળી ભકત સર્વે વિનતી ઉચારે, દયા નાથ તારા વિના કોણ તારે. ૧૦

પાર્થના.

લલિત.

પરમ પૂજ્ય હે ભક્ત વત્સલા, પતિત પાવના પાપ મોચના;
સુણિ અમારૂં આ નમ્ર પાર્થન, પ્રભુ દયાથિ દો દિવ્ય દર્શન. ૧
પ્રણમિને સહુ ભક્ત મંડળી, સતત ઉચ્ચરે સ્તોત્ર મંગલ;
પ્રભુ પદે કરે સર્વ વંદન, પ્રભુ દયાથિ. દો દિવ્ય દર્શન. ૨
દુરિત કર્મને લક્ષ ના ધરો; સકળ પાતકો ભક્તનાં હરો;
વિનતી સાંભળી વિઘ્ન ભંજન, પ્રભુ દયાથિ. દો દિવ્ય દર્શન. ૩
વિષય લોભથી નેત્ર અંધ છે, તુજ પદે જવા શક્તિમંદ છે;

કરગ્રહી કરો જ્ઞાન અંજન, પ્રભુ દયાથિ. દો દિવ્ય દર્શન. ૪
ભજન ગાઇએ ભક્તિ ભાવથી, તમ વિના બિજો બેલિ કો નથી;
શરણુ રાખશો સત્ય ચિદ્ ધન, પ્રભુ દયાથિ. દો દિવ્ય દર્શન. ૫
અતિ સમર્થ છો શીઘ્રતા કરો, પ્રણત ભકતને હૃદય સંચરો;
પ્રજા ગ્રહો તમે મંગલાર્ચન, પ્રભુ દયાથિ. દો દિવ્ય દર્શન. ૬
કુસુમ પ્રેમનાં અર્પિ આ સમે, પ્રણમિયે મહારાજને અમે;
પ્રભુ કરો કૃપા વારિ વર્ષણુ, પ્રભુ દયાથિ. દો દિવ્ય દર્શન. ૭
મુખથિ બોલિયે જય જય ધ્વનિ, પ્રભુ કરો સદા દૃષ્ટિ પ્રેમની;
નિરખિયે અમે મંગળાનન, પ્રભુ દયાથિ. દો દિવ્ય દર્શન. ૮
(ઇશ્વર પ્રાર્થનામાળા ભાગ બીજો.)

પ્રભુ સ્તુતી.

લલિત.

પ્રભુ પદે અમે, પાયે લાગીએ, દુરિત કૃત્યની, માફી માગીએ,
પતિત પાવના, પ્રેમ લાવશો, અનીતી દુષ્કૃતિથી બચાવશો. ૧
શુભ ગુણો સદા, નાથ આપશો, મન મલીનતા કાપિ નાંખશો,
શુણી તમે પ્રભુ, નમ્ર વિનતિ શરણુ રાખશો રે દયાનિધિ. ૨
પ્રભુ મનોરથો, માગીયે અમે, ઘટિત જે હશે પુરશો તમે;
નવ વિસારશો, દાસને કદા, સુનીતિ સન્મતિ, દાખશો સદા. ૩
પ્રભુ તને મહા, પુજ્ય જાણું છું, તુજ અનુગ્રહો નિત્ય માનું છું.
નવ વળિ શકે, પાડતો કદા, પ્રભુ કરો કૃપા દ્રષ્ટિ સર્વદા ૪

પરમ પ્રેમની, પુષ્પ અંજલી, પ્રભુ પદે સમર્યું વળી વળી,
પતિત પ્રાણીછું, મંદ અલ્પધી, શરણુ રાખશો રે દયાનિધિ ૫
(મનોરંજક શિવ શકિત પ્રાર્થનામાળા.)

પ્રભુ સ્તુતી.

ભુજંગી છંદ.

કૃપાળુ નિયંતા પ્રભુ વિશ્વનાથા, કરી મે'ર ને આ શુણો યોગ્ય ગાથા;
ધરી લક્ષમાં નમ્ર વાણી અમારી, મહા કષ્ટ કાપો ભજુું શ્રી મોરારી. ૧
તમારી કૃપાએ જગત્તંત્ર ચાલે, પશુ પક્ષિ આનંદમાં સર્વ મા'લે;
સહુ પ્રાણીને સાહ્ય સાચી તમારી, મહા કષ્ટ કાપો શંભુ શ્રી મોરારી. ૨
રવિ ચંદ્ર તારા ગહો જે પ્રકાશે, વળી શોભતાં ચૌદ બ્રહ્માંડ ભાસે;
રહી શક્તિ સૌમાં દીપે નાથ તારી, મહા કષ્ટ કાપો ભજુ શ્રી મોરારી. ૩
ગતિ પૃથ્વિ કેરી થતાં વર્ષ થાએ, ઋતૂ અનાદિનો કાળ ફરતો જણાએ;
બને છે બધું આપ ઇચ્છાનુસારી, મહા કષ્ટ કાપો ભજુું શ્રી મોરારી. ૪
બતાવા લિલા જન્મ આપે ધરીને, અધર્મી તણો નાશ પૂરો કરીને;
ફરી પ્રાણિને સુખ લીધા ઊધારી, મહાકષ્ટ કાપો ભજુું શ્રી મોરારી. ૫
અસંખ્યાતને માયા તણાં કાર્ય કીધાં, અસંખ્યાતનાં દુઃખ દારિદ્ર લીધાં;
અસંખ્યાતને સંપત્તી આપી સારી, મહા કષ્ટ કાપો ભજુું શ્રી મોરારી. ૬
નથી ગુણ કે કર્મનો લેપ તુંને, નથી હર્ષ કે શોકનો રેચ તુંને;
નથી સુખ કે દુઃખ જોતાં વિચારી, મહા કષ્ટ કાપો ભજુું શ્રી મોરારી. ૭
સદાનંદ છો નાથ માયા વિહારી, તમારી હરિ છે ગતિ છેક ન્યારી;
વિભુ વંદના આપની લાભકારી, મહા કષ્ટ કાપો ભજુું શ્રી મોરારી. ૮

શીખે સાંભળે ભાવથી છંદ આઠ, વળી પ્રીતથી જે કરે નિત્ય પાઠ;
મટે બુદ્ધિની મંદતા જે નઠારી, મહા કષ્ટ કાપો ભજું શ્રી મોરારી. ૯
કહે છંદ સોમેશ્વર હસ્ત જોડી, કરી મે'રને કષ્ટ નાખોજ તોડી,
તમારી સ્તુતિ છે સદા મોક્ષકારી, મહા કષ્ટ કાપો ભજું શ્રી મોરારી. ૧૦
(મનોરંજક શિવ શકિત પ્રાર્થનામાળા.)

ગરબી.

(સહીયર શરદ પુનમની રાત કે સુદીર વેણુ વાગે વેણુ વાગે)–એ રાગ.

અંબા અલબેલી માત કે, દેવી દુઃખ ભાગે, દુ.ખ ભાગે,
તેમની કહુંછું હું વાત કે, દેવી દુઃખ ભાગે (૨)
માતું છે અકળ સ્વરૂપ કે, દેવી દુઃખ ભાગે.
સેવે સહુ દેવને ભુપ કે, દેવી દુઃખ ભાગે.
આપે દર્શન ત્રિકાળ કે, દેવી દુઃખ ભાગે.
ભકતોની લે સંભાળ કે, દેવી દુઃખ ભાગે.
થાય સિંહ ઉપર અસ્વાર કે, દેવી દુઃખ ભાગે.
કર્યો રાક્ષસનો સંહાર કે, દેવી દુઃખ ભાગે.
બ્રહ્મા વિષ્ણુ શિવ રાય કે, દેવી દુઃખ ભાગે.
તેઓ સેવે છે મંહમાય કે, દેવી દુઃખ ભાગે.
કોટેશ્વર શંકર રાયકે, દેવી દુઃખ ભાગે.
ત્યાં સરસ્વતીમાં નાહાય કે, દેવી દુઃખ ભાગે.
ગૌના મુખથી વહે ગંગ કે, દેવી દુઃખ ભાગે.
પ્રાયશ્ચિત થાય સહુ ભંગ કે, દેવી દુઃખ ભાગે.

સુંદીર શોભે એક વાત કે, દેવી દુઃખ ભાગે.
સહુને દર્શનનો ભાવ કે, દેવી દુઃખ ભાગે.
કરમાં ધરી ખડગ ત્રિશુળ કે, દેવી દુઃખ ભાગે.
કહાડે સંકટનું મુળ કે, દેવી દુઃખ ભાગે.
સેવે છે સર્વે જન કે, દેવી દુઃખ ભાગે.
સહુનું ખુશી કરે મનકે, દેવી દુઃખ ભાગે.
જે દર્શણ કરવા જાય કે, દેવી દુઃખ ભાગે.
તે જન સુખીયો બહુ થાય કે, દેવી દુઃખ ભાગે.
સહુના દિલમાં રહે શકિત કે, દેવી દુઃખ ભાગે.
દ્દઢ ચિત રાખી કરો ભકિત કે, દેવી દુઃખ ભાગે.
માની ગરબી બહુ સારીકે, દેવી દુઃખ ભાગે.
ઉતારી મા ભવપારી કે, દેવી દુઃખ ભાગે.
સોમેશ્વર કહે કર જોડી કે, દેવી દુઃખ ભાગે.
મા સંકટ નાખો તોડી કે, દેવી દુઃખ ભાગે.
જે ગાય શીખે નરનાર કે, દેવી દુઃખ ભાગે.
તેને સુખ આપે અપાર કે, દેવી દુઃખ ભાગે.

(મનોરંજક શિવ કકિત પ્રાર્થનામાળા.)

બેનોને શિખામણ.

રાગ. ગીરધારીનો.

હે બેનોરે, શ્રેષ્ટ માર્ગ એક ધારો, પ્રભુ ભજન ચિત સુધારો;
નર જન્મે રે, કૃત્ય કૃતાર્થે વિચારો, તન મનનો સત્ય સુધારો;

માતા પીતાની સેવા કરજો રે (૨) ગુરૂ ચારણામૃત મુખ ધરજો રે;
કલેશ વિટંબના દુઃખ હરજો રે (૨) સુધર્મી રે,
ક્રોધ કપટ મદ હારો. પ્રભુ ભજને૦ ૧

તપ તિરથરે, વૃત નિયમને પાળો, સૌ જીવમાં પ્રભુને ન્યાળો;
દેહ અહંતારે; વિષય વૃત્તિને ટાળો, મન ઇન્દ્રીય યમ સંભાળો;
સત્ય વાણીના પ્રેમ પ્રલાપે રે (૨) ધારો જીવમાં સમતા આપેરેર, (૨)
પ્રભુ જન્મ મર્ણ દુઃખ કાપે રે, (૨) સંત શર્ણે રે
જ્ઞાન સુબોધ પ્રસારો. પ્રભુ૦ ૨

પુણ્ય બળથીરે, મળીયા વૈભોગ ભારી, થયા પ્રભુ તણા તણા ઉપકારી;
બળ પાંમી રે, હવે ન ભજો ત્રિપુરારી, તોશું ગતિ જીવની ધારી;
આવે હાથે તે સાથે સંત સેવા રે (૨)પુન્ય પોટલી ઠામ ઠામ દેવારે(૨)
નહિતો કરશો લેવાની દેવા રે (૨) પ્રસ્તાશો રે,
ચિંતામણી શીદ હારો. પ્રભુ૦ ૩

ગુરૂ સ્મર્ણેરે, નીર્મળ મતિ જ્યાં થાશે, પ્રભુ સંત સ્વરૂપ દર્શાશે;
જ્ઞાન બોધેરે, અંધ તીમીર ટળી જાશે, દેહ મિથ્યા ભોગ ભુલાશે;
“સત્ય” શ્રવણમાં વધાશે પ્રિતીરે(૨)એવી વેદ માર્ગની રીતીરે (૨]
કાળ શત્રુને લેશો જીતીરે (૨) જીવ મતિને રે,
શૂર ધરી સંહારો. પ્રભુ૦ ૪

વેદ ધર્મેરે, શ્રદ્ધા સમાધાન ધારી, સત્ય શિરોમણી સુખકારી;
શુભ શિયળરે, નમ્ર દયા ઉરધારી, ખરો ભક્ત તે નિરહંકારી;
નિતિ ધર્મ અવિરૂદ્ધ પામીરે, (૨) જ્ઞાનમતિમાં ભ્રમતા વામીરે (૨)
ઇશ જાણીને સર્વાંતર્યામિરે (૨) એવા ભક્તેરે,
વશ કિધો સુજનારો. પ્રભુ૦ ૫

દેહ બુદ્ધિરે, અહં મમ બંધન ભારે, મારૂં તારૂં સુખ દુઃખ સંભારે;
સ્વપ્નભવમાં રે, માનાપમાન ઉરધારે, ધનતનનો ગર્વ વિસ્તારે;
મૂઢ પામર ના હોય અધિકારી રે (૨) બાહ્ય ભક્તિનો ડોળ વિકારીરે(૨)
દંભ દેખાડે પ્રપંચ પ્રસારી રે (૨) જગ જોશેરે,
સત્યને હામે કુધારો. પ્રભુ૦ ૬
અંતરની રે. મલિનતા સધ સંહારો, તન જગનો મંન ચિતારો;
સ્વપ્નમાં રે, દરસે જળથલ સારો, જાગૃત થાતાં એ અવિચારો;
એમ મિથ્યા આ ભવની લીલારે(૨) થયા માયાને વશ જીવ પીળારે(૨)
ચેત્યા સંત સંગતમાં રસિલારે (૨) પુરણાનંદ રે
ગુરૂ નૌકા ઉરધારો. પ્રભુ૦ ૭
(સ્વાનંદ બ્રહ્મ વિલાસ ભાગ. ૨ જો)

ગરબી.

નમન કરી પ્રભુ આપચરણમાં મુખથી મહિમા બોલુંજી;
પાપ પ્રલય થઇ સુખ થાવાને, આ મનવાણી ખોલું, સુણજો સ્વામીજી
સ્વર્ગ મૃત્યુ પાતાળે સઘળે, આપ રહયાં છો વ્યાપીજી;
મંદમતિ હું શું વર્ણું, પ્રભુ છો અકથ પ્રતાપી, સુણજો૦ ૨
ઘટઘટ ઘર કરી વસીયા છો, ને યંત્ર ચલાવો જાતેજી,
પાપ પુણ્ય નાંખી શિર અમને, પીડા દો સઉ વાતે, સુણજો૦ ૩
અતંર રહી મતિને ચલવો છો, આડી સીધી વાટેજી;
કર્મ બંધ બાંધી શું અમને, ગોંધો ધાટે ધાટે; સુણજો૦ ૪
કર્તા હર્તા ધર્તા આપજ, નિશ્ચય કરીને જાણુંજી;

તોપણ આપ નકાં સુખ આપી, જગવો રૂડું ટાણું, સુણજો૦ ૫
ક્ષમા કરી અપરાધો સઘળા, દુઃખનો અવધિ આણોજી;
નૃસિંહ કર્તા આપ સ્વરૂપે, ભેદ તજીને તાણો. સુણજો૦ ૬

(શ્રી નૃસિંહવાણી વિલાસ.)

ભણવા વિશે

(આવો આવો શીવશંકર ભોળા—એ રાગ.)

બેનો તમે ભાવ સહિત ભણજો
બીજા લોક નિન્દે તે નવ ગણજો ૧
ભણે તે તો ભગવંતને ભાવે,
એથી દિલ જ્ઞાન અધિક આવે;
તજી અવગુણ સદગુણ લાવે. ૨
ભણે તે તો અપજશથી ભાગે,
જેને ઘણી લાજનો ખપ જાગે;
મોટી સતીઓનું પદ માગે બેનો૦ ૩
દુરાચાર હોય ન ભણે તેમાં
જગ્યા જુઓ કેદી રહે તેમાં;
અધિક તો હશે અભણ એમાં બેનો૦ ૪
ભણેલી હતી રૂકિમણી રાણી,
મીરાં બાઇ મુલકમાં વખણાણી:
જેની કવિતા જગ સૌ જાણી બેનો૦ ૫
બાળાને પાપ ભણે લાગે,

એવું કોઇ લખિ ન ગયા આગે;
મોઢે બોલનારા જુઠું ભાખે. બેનો૦ ૬
ભણ્યા વિના કયાંથી અકલ આણે.
નીતીની રીતી તે કેમ જાણે;
ભણ્યા વિના જન પશુ પરમાણે બેનો૦ ૭
ભણી ગણી નાગરની નારી,
શી રીતે નહિ કહિયે સારી;
ચતુર લેજો ચિતમાં વીચારી બેનો૦ ૮
ભણો તમે આળસ ભ્રમ છોડી,
થશે તેથી લાજ નહિ થોડી;
કહે દલપત બેઉ કરજોડી. બેનો૦ ૯
(સુંદરી સુબોધ ગીત સંગ્રહ)

નળ દમયંતીનો વિયોગ.

(રાગ. રામગ્રી.)

વૈદરભી વનમાં વલવલે, અંધારી રાત;
ભામિની ભે પામી ઘણું, એકલડી એ જાત. વૈદર૦
રસના નામ દે નળતણું, જાપ જપતી જાય;
શુદ્ધ નથી શરીરની, ભાગે કાંટા પાય. વૈદર૦
રોઇ રોઇ રાતી આંખડી, ખૂટ્યું આંસુનું નીર;
નયને ધારા બે ઝરે, વહે છે રૂધીર. વૈદર૦
હીંડતી તે આખડે, વાગે પાયમાં ઠેશ;

ચાલંતી ઉભી રહે, ભરાય કાંટામાં કેશ. વૈદર૦
અંગે ઉઝરડા ઘણાં, ધરે શોણિત ધાર;
ઓ નળ ઓ નળ બોલતી, બીજો નહિ વિચાર. વૈદર૦
ઊંડા કોતર ઉતરે, ચઢે ગિરિ ગરાડ;
અશુદ્ધે ઉર ધડકે નહિ, પાડે વાઘ બરાડ. વૈદર૦
વાંકી વાટે ટીંબા ટેકરા, ભયાનક ખોય;
રાફમાં સાપજ ફુફવે, માંહી ક્ષુધવે ઘોય. વૈદર૦
શબ્દ પશુ પંખી તણા, ન પડે કાંઇએ પ્રીછ;
વરૂ વણીઅર બોલે ઘણું, ધાય પૂઠે રીંછ. વૈદર૦
ફુંકારે છીકારવાં, ચિતરા દે છે ફાળ;
ફાલુનાદ હોએ ઘણા, બહુ બોલે શિઆળ. વૈદર૦
આંબા આમલી લીમડા, એખરા છે આપાર;
શીમલ સદડી શેકટી, સૂઝે પંથ ન સાર. વૈદર૦
ખેર ખાખર ને કાચકી, કંટાલીને થોર;
બાવળીઆ બીઆમણા, ત્યાં ઝાઝી બોર. વૈદર૦
અથાડાઇ પડેછે સુંદરી, ચરણે વેલા વીંટાય;
છૂટા કેશ કામિની તણા, ઝાંખરે જટીઆં ભરાય. વૈદર૦
અથાડાએ વૃક્ષ અંગસુ, મૂકે કાંટામાં પાય;
શુદ્ધ નથી શરીરની, ભજતી નળરાય. વૈદર૦
દિવસ રેણી પ્રીછે નહિ, એવું જાડું વંન;
ઘોર શબ્દ બીઆમણા, તેથી ધ્રૂજે તંન. વૈદર૦
અન્નઉદક નિંદ્રા નહિ, બેસવું ન સૂવંન;
ત્રણ દિવસ એમ વહી ગયાં, ભમતાં ભમતાં વંન. વૈદર૦

ભૂલી ભમે છે ભામની, નૈષધનાથની નાર;
ઓ નળ ઓ નળ બોલતી, બીજો નહિ ઉચ્ચાર. ભૂલી.
ધોવાયું કાજળ આંસુએ, વેદનાએ વ્યાકૂળ;
અરધ ઉઘાડી દેહડી, નાથે ફાડયું પટકુળ. ભૂલી.
એવે દીઠો એક ચિતરો, ધરી ધીર ઉલટ;
પૂછી ભાળ ભૂપાળની, તારા સરખી છે કટ. ભૂલી.
સાર્દુલ દીઠો વનમાં, વૈદરભી પૂછે વહાલ;
નૈષધ દેશી વાટે મળ્યા, તારી સરખી છે ચાલ. ભૂલી.
સાવજ થાએ ગાભરો, ભયથી નાશી જાય;
વન દેવી મને ઝાલશે, પશુ ઘણાં કંપાય. ભૂલી.
પૂછયું ઉંચા દ્રૂમને, તારી ગગને ગઇ ડાળ;
તરૂપતિ, જો મારી વતી, કહીં દીસે ભૂપાળ. ભૂલી.
ઉત્તર દ્રુમ આપે નહિ, તેમ રાણી રોય;
પુન્યસ્લોકે મને પરહરી, શત્રુ થયું સર્વ કોય. ભૂલી.
અજગર પડયો છે વાટમાં, વિકાશી મુખ ભાગ;
દમયંતીએ પ્રીછયો નહિ, મેલ્યો મૂખમાં પાગ. ભૂલી.
ચરણ ગળ્યો જાનુ લગી, વિખ ચડયું શરીર;
સાદ પાડીને નળને કહે, ત્યાં તે થઇ છે અધીર. ભૂલી.
અજગર આનંદ પામીયો, ભલું જડીયું ભક્ષ;
વૈદરભી ગણું વલવલે, ઉચાં ચડી ગયાં ચક્ષ. ભૂલી.
કંઠે તો કાંટા પડયા, મૂખે પડીઓ શોષ;
મરણ સમે મારૂં કો નહિ. રસનાએ પુન્ય સ્લોક. ભૂલી.
રોતી રાણી સાંભળી, પારધી આવ્યો ધાઇ;
પગ છે અજગરના મુખમાં, સ્યામા દીઠી સાહી. ભૂલી.

પારધીએ અજગર મારીઓ, કુહાડીને ઘાય;
જુગત કરીને મૂકાવિયો, નળ પતિનો પાય. ભૂલી.

કવિ પ્રેમાનંદ ભટ.

ગરબો.

પુનમ ચાંદનીનો રાગ.

ખીલ્યો આજે દીન એકાદશીનો અતિ ઘણોરે,
થાય દેખી ભાણુ ખીલેલો ઉમંગ ઘણોરે;
એવા રવી ને વધાવો બેની પ્રીતથીરે—

સાખી.

આકાશે રવી બેઠો એ, પ્રભાત થાતાં માંય,
અન્ય કો નવ જઇ શકે, તેહ તણીતો પાસ;
એવા રવી પુજી લ્યો બેની ભાવથારે—

સાખી.

ભક્તિ સાચી એહમાં એકાદશીને દીન,
બીજી સ્વામી ભક્તિ છે, કરવા એને પ્રસન્ન,
માટે માની લ્યો એ બેનો વાત ખરે ખરીરે.

સાખી.

કરે પૂજા રવી તણી, હોય એકાદશી દન,
મળે મુક્તિ સત્યએ, પરમાત્માનું વચન.
એવા રવીને વધાવો બેની પ્રીતથીરે.

(ચંદ્રાણી લોચન.)

પ્રતિવૃતા સ્ત્રી કેવા પ્રકારના ગુણવાળી હોય છે ?

પુનમ ચાંદની પુરી ખીલી રહીરે.—એ રાગ.

બાઇઓ પ્રતિવૃતા તે, નારી કેવી હોય છે રે,
વાંચો વરણન તેનું, આપું નિચે આજ;
સરવે શિખામણના શબ્દો, હૈયે રાખજોરે. ટેક.

સાખી—શ્રાપ ન આપે કોઇને, બોલે નાં બદવેણ;
કરે ન કોઇની ઠેકડી,[1] હસી નચાવી નેણ,
મુખથી ચાવીને, નવ બોલે, કદિએ બોલ નેરે,
મનથી જાણે એમાં, ઘટવાનો છે તોલ. સરવે.

સાખી—સૈયરોનાં ટોળાં કરી, નવ ગાયે એ ગીત;
નવ લે છુટા રાસડા, સંભાળી નિજ હિત.
રોવા રડવડવાની, વાત નથી એ જાણતારે,
કુટયા પીટયાનું તો, નવ લે કો દિ નામ. સરવે.

સાખી—સંતાપે નહિ કોઇને, ધરિ કદિ પણ રીસ;
જપે જપાવે સર્વદા, સુખ દાતા જુગદીશ.
જુઠું જીભડીએથી, કદિ એ બોલે નહીંરે;
ખારૂં ખાટું, તીખુ, મોળું, મુખથી વેણ. સરવે.

સાખી—નિજપતિ વિણ, ન્યાળે નહીં, ઉઘાડીને આંખ;
ભૂપ–રૂપ–કોટી પતિ, જુવે ના કરી જાંખ.
ઘરમાં ખાવા પીવા, સુવાનોતો સાથરોરે;
તદપી તરછોડે ના, નિજ વૃતિને ટેક. સરવે.

---

૧. આડી નજર.

સાખી—લટકાં ચટકાં ના કરે, ઠમકા મારે ઠેશ;
ના કાઢે દૂતિ તણો, પોષકોથી વેશ.
લજ્જા પટકુળ અંગે, એ સદા પહેરી ફરેરે;
સદ્દગુણ માને છે એ, ઘરેણાંના ઘાટ. સરવે.
સાખી—છોરૂંને બહુ સાચવે, ગણિ પોતાનાં બાળ;
રૂઠાં જુદાં પર કદિ, આણે ના મન કાળ.[1]
રૂડાં શિખામણના, શબ્દોથી એ કેળવેરે;
જેથી સુખીયારા, બહુ બાળક આગળ થાય. સરવે.
સાખી—દોરા ધાગાથી વસે, બહુ વેગળી આપ;
મંત્ર જંત્ર મનથી ગણે, એ ખોટાં છે ધાપ.
વહેમો વશીકરણનાં, મનમાં કાંઇ નથી લાવનારે;
સઘળું સમજે છે એ, ધુતારાના ઢંગ. સરવે.
સાખી—સત્ય, શિયળને સાચવે, પડતાં દુઃખ અપાર;
દાન દીએ છે દીનને, યથા શક્તિ અનુસાર.
એવા ગુણવાળી તે, પતિવ્રતા શુદ્ધ નારછેરે;
બીજી શંખણીઓનો, ચોખ્ખો છે અવતાર. સરવે.
સાખી—ત્રીભુવન સહુને કહે, એ મારો ઉદ્દેશ;
અવગુણવાળી નારીઓ, ના ધરશો કોઇ દ્વેશ.
સાચુ કહેવાની તો, મનેજ મોટી ટેવ છેરે;
જેથી લખીયો છે મેં, મારા મનનો ભાવ. સરવે.

ત્રિભુવનદાસ નારણજી મહેતા.
(જ્ઞાનોત્તેજક.)

---

૧. ક્રોધ.

ગરબો.

(રાહ) "સજની સોબતી શી સુંદર શોભા આજનીરે"

જુવો જુવોને શિતળ શશી આજનોરે,
જેથી થાય છે આનંદ અપાર.
ઓ કિરતાર—ખૂબીદાર—નમું પ્યારથીરે. ટેક.
(દો.) ચંદ્ર ગળ્યો દુનીયા વિષે, શિતળ સર્વનાં અંગ;
ધુમ ઝરે ઝરમર થતું. શ્વેત સર્વ છે રંગ.
ઝાડ પાન પણ શિશિરતાને પામીયાંરે;
સઘળે વર્ત્યો છે આનંદ ને જયકાર;
ઓ કિરતાર—ખૂબીદાર—નમું પ્યારથીરે. ૧.
મોતી તો નજરે પડે ધુમ તણાંજ અપાર;
ભક્ષણ તે કરવા ખરે! કરે ઝાડ તકરાર;
ગાતા શોખીલા સજ્જનો સહુ ગીતડાંરે.
આથી શોભાતો ખિલી છે એ બ્હાર;
ઓ કિરતાર—ખૂબીદાર—નમું પ્યારથીરે. ૨
ફું ફું ફું પોકારતી સરીતા ચારે મેર;
સાંભળતાં મન રાજ્યમાં થાએ લીલા લ્હેર.
લ્હેકી કળીયો સુવાસી કુસુમો તણીરે;
થઇ નાશિકાને સુખ દાતાર.
ઓ કિરતાર—ખૂબીદાર—નમું પ્યારથીરે. ૩
તારાઓ સહુ ટમટમે, વાદળ આવી જાય;
હરિગોવિન્દ નિહાળવા, શશી ભણી સહુ ધાય.

લોક પુષ્પોથી વધાવે ઘણી ખાંતમાંરે;
ધરી મનમાં અતિશય પ્યાર.
ઓ કિરતાર—ખૂબાદાર—નમું પ્યારથીરે. ૪

(પ્રબોધા.)

ગરબો.

મરહુમ રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ વિષે.

સારૂં સારૂંરે સૂરત શહેર મુંબાઇ અલબેલી—એ રાગ.

ધન ધનરે રણછોડલાલ કામ રૂડાં કીધાં:
અમદાવાદ વિષે નર એવા, ફરી ફરી નહિ થાયરે;
દીર્ઘ દૃષ્ટિ, બુદ્ધિ ને ડહાપણ, ધીરજ રાખી સદાય. કામ. ૧
પહેલ કરી કાપડનો સ[illegible]ચો, આણ્યો ગુર્જર દેશરે;
રોકી લક્ષ્મી રાજનગર[illegible]ાં, તેનો આજ ઉજેશ. કામ. ૨
સ્વાર્થમાં પરમાર્થ સાધ્યો, રાખીને બહુ રહેમરે;
લાખો લોક તણી રોજીનો, ઉદય કર્યો છે એમ. કામ. ૩
શહેર સુધારો કરમાં લઇને, શોભાવ્યું બહુ શહેરરે;
ઘેર ઘેર ગંગાજળ આણ્યાં, લોક કરેછે લહેર. કામ. ૪
નમણા જનની નિંદા સુણતાં, જરા ન કીધો ક્રોધરે;
હસતે મુખડે વાત કરીને, બહુને દીધા બોધ. કામ. ૫
[illegible] [illegible]ી [illegible]ોતે, માનો સહુ અહેસાનરે;
[illegible]ે, આપ્યાં જીવતદાન. કામ. ૬
નર નારીને બાળ [illegible] પોષ્યાં અંધ અપંગરે;
આશ્રય દેઇ [illegible]

ધર્મ શભા સ્થાપી વસ્તીમાં, સદા કર્યો સત્સંગ. કામ. ૭
માન અને અપમાન ગણ્યાં નહિ, ધારંતા નિજ ધર્મરે;
વાત કરી સમાનો વર્તે, પળમાં મનતો મર્મ. કામ. ૮
રાજ સભામાં સાદી રીતે, જાય ગવરનર સાથરે;
બાળકના મંડળમાં તેમજ બેસી કરતા વાત. કામ. ૯
મોટા સાથે મોટા પોતે, બાળક સાથે બાળરે;
વાદી સાથે વાદ કરીને, દાખે બુદ્ધિ વિશાળ. કામ. ૧૦
કરમાં લીધું કામ કદી તો, જરા ન આવે ખોડરે;
વખત બરાબર સાચવનારા, રાજનગર રણછોડ. કામ. ૧૧
કામતણો બોજો શિર તોપણ,જનહિતમાં ચિતપ્રોયરે;
નકલો કરવા કાજ નમુનો, પ્રભુએ પ્રેર્યો હોય. કામ. ૧૨
જનમ્યા તે જાશે જગ છોડી, રહેવાનું નથી કોયરે;
જે કર્તવ્ય કરીને જાશે, તેજ અવિચળ હોય. કામ. ૧૩
લાખો લોક થયાને થાશે, બળ બુદ્ધિ ધનવાનરે;
મન મોટું તે મોટા જાણો, બીજા સર્વ સમાન. કામ. ૧૪
મોટા મનનો માણુસ એતો, શહેર તણો શણગારરે;
રાજનગર રણછોડ સમા નર, પાકો અપરંપાર. કામ. ૧૫
આત્માએ અવિચળસુખ પામો,માગો સહુ જનએમરે;
સંતતિ એની થાઓ સવાઇ, ઉરથી ઇચ્છો ક્ષેમ. કામ. ૧૬

(સુબોધ ગરબાવળી.)



ગરબી.

"વૈદરભી વનમાં વલવલે" એ રાગ.

બાળપણામાં બાળનાં, નવ કરવાં લગન;
જો કરીએ જાણી જોઇને, વડુ ઉપજે વધન. બાળ. ૧
જેમ આંબે મોર જેટલી, ધારે કેરીઓ કોઇ;
વિશ્વાસથી વકરો કરે, રહે અંતે તે રોઇ. બાળ. ૨
જો કદી જોડું તે ઉછરે, નાવે મળતો સ્વભાવ;
આખી ઉમરમાં એહને, દીસે દુઃખનો દેખાવ. બાળ. ૩
અણબનતી તણો એહને, જ્યારે ઉપજે અંકોર;
એ માનનીના મુખની, ગાળો ખાયછે ગોર. બાળ. ૪
સમજણ કાચી શિશુપણે, નહિ મન સ્થિર ઠાર;
કહો તેને કેમ કરાવીએ, આખી વયનો કરાર. બાળ. ૫
અગ્નિ રૂપે ઇશ્વર ગણી, જે ઠરાવ્યો જમાન;
શું સમજે શિશુ બાપડાં, જેને જરીએ ન જ્ઞાન. બાળ. ૬
મા બાપની મુરખાઇનો, એતો છે આડો આંક;
વાકું થએ પછી વેવલાં, કાઢે કર્મનો વાંક. બાળ. ૭
લહાવો લેવાની લાલચે, કંઇક લાજને કાજ:
આંખો મિચીને ઉંડે કુવે, પડે કરી પતરાજ. બાળ. ૮
પાછળ શું પસ્તાઇએ, એવો કરીને અનર્થ;
પાણી પીને ઘર પુછીએ, એથી શું સરે અર્થ. બાળ. ૯
સંકર દેખી સુતા તણું, કરે બાપ વિલાપ;
માતા મુખે મહા દુઃખના, શબ્દ ઉચ્ચારે આપ. બાળ. ૧૦

(દલપત કાવ્ય.)

ગરબો.

સખીયો નિજ નિજ નીતિ ધર્મ સદા સંભાળીએરે—(એ રાગ.)

સખીયો ચાલો સત્વર કેસરી નૃપ નિહાળીયેરે;
દર્શન સ્નેહ કરતાં પામી સુધારસ આજ.
ધરિયેહોંસ નિરખતાંસ્વર્ગીય સમસુખ માણીયેરે;
મુખ દષ્ટિમાં સ્મિત હાસ્ય પ્રકાશતુરે;
જોઇ ઉરમાં ન સમાય સહિયર! હર્ષ. ધરિયે.

સાખી-રસભરી સુખ કલા દેવની, જાણે ઇન્દુ અપાર;
કરિયે પ્રેમે પાન રસ, તોય ન આવે પાર.
એવા રણગંકા રાઠોડ, અતિ શોહામણારે;
સુણીયે વચનામૃત, ઉમંગે આપણ આજ. ધરિયે.
દુર્લભ દર્શન દેવને, એવા નટવર રાય;
દર્શન દાને મન હરે, મૂદુતા છે મન માંય.
એવા ચતુર શીરોમણી, શ્રીમન્ જો ધાણનાથછેરે;
સદવર્ત્તનમાં અતિ પ્રિત એવી રીત. ધરિયે.
ક્ષમા દાન ગુણ વળી, વિધા એજ વિલાસ;
તન મન છે ધર્માર્પણ હૃદયે એજ ઉલ્લાસ.
નીતિ રિતીથી ભુષિત, અતિ પ્રેમાળ છેરે;
જેનું વદન કનક સમાન એવા રાય. ધરિયે.
પરહિત અર્થે શ્રમ સહે, વ્યય કરે સદા સ્વતન;
સુખ શાન્તિ પ્રસારવા. નિશદિન કરે મનન.
નિરાશ ચિતનાં સ્વામિન્ અતિ દયાળ છેરે.
કરે પુરણ સૌની આશા આપી પ્રદાન. ધરિયે.

ક્ષત્રિય ધર્મ વિશિષ્ટ વળી, દેવાંશી વીર રાય;
કૃત્ય કૃત્ય દર્શન થતાં દૃષ્ટા મન હર્ષાય–સખિયો ચાલો.

ગરબો.

ચાલો. ચાલો. બેની તમે આજ, આપણે રમીએરે
તમે રાખોને ઉર ઉમંગ, રંગમાં ભમીએરે;
પૂર્ણચંદ્ર ખીલ્યો અતી, મનહર કરી પ્રકાશ
પુષ્પો ખીલ્યાં અતીઘણાં,બેની? જુઓનેહારોહાર;
સખી, વિરહે વદુ વ્યાકુળ, રંગમાં ભમીએરે.—ચાલો૦
ખીલ્યો છેખટ મોગરો, ગુલાબને સેંતુર.
રમ્ય વસંત રૂતુ ધરી, બેની! મન સૌના આતુર,
દઇ કર પરસ્પરે તાળ, ગરબે રમીએરે.—ચાલો૦
વાયુ આવે અતી ઘણો, શોભાનો નહીંપાર
કોયલો ટૌકી રહી, વંસત ભ્રમર કરે ગુંજાર;
થાયે ને પુરતો ઝણકાર, રંગમાં ભમીએરે.—ચાલો૦
(ગુલઝાર કિંવા કજોડાનું ભોપાળું)

પતિવૃતા પ્રેમદા.

"વાંસલડી વાગીને હું તો જાગી" એરાગ.

પતિની જે પુજા કરે તે પદ્મિની.
અવર એથી ઉલટી વિધિની શંખણી. પતિની જે. ટેક.
નિયમ નિતિનો નિત્ય પાળે જે પ્રેમદા, ફરજ પતિની કરે છે જે અદા;
શિયળવંતી સ્યામા રહે છે જે સદા. પતિની જે. ૧
પતિનો જે બોલ,કદી ન ઊથાપે,મીઠું બોલી સ્યામા સ્વામીને સુખ આપે;

આધી વ્યાધી ઉપાધી એ સહુ કાપે. પતિની જે. ૨
નારી જોતી અવનીમાં ગણાએ અબળા,તથાપી હું સદ્‌ગુણી ગણું સબળા;
કરે નહિં ઉરમાં વિચાર તે અબળા. પતિની જે. ૩
ગણે પતિને પતિ પ્રભુ સમ જેવા, આણે ઉર ઉમળકા પણ એવા;
પ્રીતિમાં એ પુર્ણ પણે ચહે રહેવા, પતિની જે. ૪
ભામિની એ પરનરને નવ નિરખે, હૈયું કદી હીણી નજરમાં ન હરખે;
સખી પણ સદ્‌ગુણી જોઇને પરખે. પતિની જે. ૫
કામિની એ કામ તણે વશ થઇને, કરે નહીં નેહ અવર સાથ જઇને;
સ્વામી સાથે રહે સમરપણ લઇને. પતિની જે. ૬
[1]વિદ્યુત જેમ [2]ઘનસંગે ગગનમાં રહેછે, અંતર અંગ એનેઅર્પણકરીદેછે;
તેવી રીતે પદ્મિની પતિ સંગ રહેછે. પતિની જે. ૭
વિદ્યુત જે ઘનથી વિખુટી પડે છે, ભુતળ ભેદી પાતાળમાં જઇ અડેછે;
પદ્મિની પતિ વીયોગી પડે છે– પતિની જે. ૮
પતિ સાથે સુખ દુઃખમાં નિત્ય રહેતી, વૈભાવ વડો એને માની એ લેતી,
દેખી સુખપરનું વિહ્વળ થઇ ન વહેતી. પતિની જે. ૯
દંપતી આવા સ્વર્ગ સમુ સુખ લેછે, સદા ઉર આનંદી એહ રહે છે;
ભવો ભવ જોડું એ મળવુ ચહે છે. પતિની જે. ૧૦
કર્યાં કર્મ જેણે હશે કાંઇક સારાં, મળે નરનારી તહાં આમ પ્યારાં;
નક્કી કહું રહે નહી કદી ન્યારાં.– પતિની જે. ૧૧
બહુ વિધિ બાળકને એ ઉછેરી, થઈ પડે માનિતી મરદને મેરી;
જેશંગ કહે સદ્‌ગુણુની સાડી પેહેરી. પતિની જે. ૧૨

(જેશંગ કાવ્ય

---

૧ વિજળી. ૨ વરસાદ, મેહ.

આર્ય બાળાઓનો વિનોદ.

કોંગ્રેસ-ગૌરવ.

ગરબી.

જય કોંગ્રેસ દેવી માત-હે કલ્યાણીરે;
તારા ગુણ ગાઇ થાઉ રળિયાત-હે ગુણખાણીરે,
સુખ સંપત્તિ જ્ઞાનનો કુપ-હે કલ્યાણીરે;
મા પ્રગટ ઇશ્વરી રૂપ-હે ગુણખાણીરે,
પ્રેમે કરી પધરામણી, ભારત ભુમી મોઝાર;
આવ્યા યુરોપખંડથી કરવા આર્ય ઉદ્ધાર,
તારો માને આભાર ભારતી કલ્યાણીરે;
સ્નેહે ચરણ કમળ શીર ધારતી-ગુણખાણીરે,
દેવી સત્યને ન્યાયથી રાજતી-કલ્યાણીરે;
તારી કીર્તિ ત્રિભુવન ગાજતી-ગુણખાણીરે,
ઐહિક આમુષ્મિક સુખો. પરમ પદારથ ચાર;
દાતા દેવિદયાળિતું, વિજયા રહિત વિકાર,
માન સુર સભાના મુકાવતી-કલ્યાણીરે;
તારી વાણી સુખ રે લાવતી-ગુણખાણીરે,
દેશ દ્રોહી કુટિલ સંહારતી-કલ્યાણીરે;
તારી પ્રેમે ઉતારૂ આરતી-ગુણખાણીરે,
સ્વદેશ ભક્તિ કર્યા વિના સધાય રહી જગતાત;
કર્મ વચનને મનથકી સેવો ભારતિમાત,

રઢિયાળીરે પ્રેમ પુજીતને પામ્યા સ્વર્ગ તણી ભુમીરે;
દેશ હિતે પ્રાણદાન આપીને રહ્યા પ્રજાપોકારે ઘુમીરે,
સુરેંદ્ર[1] ફિરોજ[2] નેર[3] રંગીલા વાચ્છા[4] બોનરજી[5] દત[6] ટેકીલા;
દાદા[7] સંયાની[8] આનંદ[9] ઘોષે[10] હિંદ હીંડે છે ધરીને હોંસે,

તન મન ધન અર્પણ કરી ધરી હિંદની દાઝ;
પર ઉપકારી પુરૂષએ કરે દેશના કાજ,
ગાય ગુજરાતી પંચ તમામ–હે કલ્યાણીરે;
કરે વિદ્યાર્થી જીવન કામ–હે ગુણ ખાણીરે,
ધન્ય ધન્ય જીવ્યું પરમાણ–હે કલ્યાણીરે;
ઉગ્યા હિંદમા ભારત ભાણ હે ગુણખાણીરે,
આ ઇંગ્રેજી રાજ્યમાં હિંદ કરે છે બ્હાર;
દર્શાવે સુખ દુખને કોંગ્રેસ કેરે દ્વાર.
સૌ મળી ભારત સંતાન–હે કલ્યાણીરે;
ગાઓ હિંદના યશોગાન–હે ગુણખાણીરે,
બનો દેશ સેવામાં ગુલતાન–હે કલ્યાણીરે;
કરો પ્રીતે કોંગ્રેસને પ્રણામ–હે ગુણખાણીરે.

---

૧ સુરેંન્દ્રનાથ બેનરજી ૨ ફીરોજશાહ મહેરવાનજી મહેતા ૩ મી. સી. શંકરનેર. ૪ દીનશાહ એદલજી વાચ્છા ૫ મી. ડબલ્યુ, સીબોનરજી ૬ મી. રમેશચંદ્રદત્ત, ૭ દેશ દીપક દાદાભાઇ નવરોજજી. ૮ રહીમતુલ્લા મહમદ સયાની, ૯ આનંદ મોહનઘોસ, ૧૦ બાબુ લાલ મોહનઘોસ.

વિર વધામણી.

ગરબી.

બોલો બ્હેની વિરનરોની બલિહારી. (૨)
હાંરે ગાય ગાન ગાંધ્રવો પ્રિતીધારી–બોલો૦
શુર સાચે ગુણી ગુણ રાચે આપે ધાતા ભુતી ભારી–બોલો.
પ્રાચીનકીર્તી શુભ વિરરીતી રગોરગ પ્રસરી રહીસારી–બોલો.
ધર્મ નિમિત્તે દેશરક્ષાર્થે ધારે શસ્ત્ર કર ક્ષત હારી–બોલો.
માતંગ વૃદે મૃગેન્દ્ર તલપે તેમ દુશ્મન દળ દે વિદારી–બોલો.
જય જય વિરનરોને કરીએ નિત્ય પ્રણામ.
ધન્ય ધન્ય સ્યામાઓને હશે જેને એવા સ્યામ.
અનુપમ એવી રત્નાળી છે ઉત્તમ મારી ભરત ભૂમી રઢીઆળી–બોલો.

વિરાંગનાં વધામણાં.

ગરબી.

પ્રાચીન સમયે વિરપ્રમદાઓ ધર્મ સંકટે ધાતી;
યુદ્ધ પ્રસંગે ઉમંગ ધરી ઉર અરીમરદી મકલાતી,
દેહ તણી દરકાર કર્યા વિણ પ્રાણદાનને દેતી;
દેશ હિતપર વિત દોડાવી ચિતે અતિ હરખાતી,
રૌદ્રરસે રામારાતી બનીને તલપતી રણ જંગમાં;
હિંદ વસુધામાં એવી વિરાંગનાને ધન્ય રંગમાં,
ધન્ય એના પુત્રોને જે દેશને શ્રૃંગારનાર;
ધન્ય ભારત ભુમીને જે રત્ન આવાં જણનાર,
ભારત ભુમીનો શ્રૃંગાર રૂડો શાણી છે સતી;

ભારતિ વિણા.

ગરબી.

મારી ભારત ભુમિ હતી રઢીઆળી;
કુંદન કયારી રસ કુસવાળી—મારી હીંદ;
કલ્યાણી તુજ ઉંચ કુખેથી જન્મી વિરાંગના યશવાળી. મારી.
સત્ય સુનિતી ધર્મ ગૌરવે પુનિત પ્રજા હતી વિરબાળી. મારી.
ત્રિભુવનમાં તુજગાન થતાં તાં રંગ ધુન મચતી હતી રૂપાળી. મારી.
અધુના અસ્તોદયના પ્રભાવે દીન બની ગઇ મતવાળી. મારી.

વિરનરોને વિનતિ.

ગરબી.

વિરનરો સુખ ભરો દુઃખ હરોરે, દાઝ દેશની સ્વદેશીઓ દીલે ધરોરે;
આર્ય અભિમાન જ્ઞાન કયાં ગયું તમારૂં સોડ તાણીને સુતા શું સાક્ષરોરે;
અસ્તમા સમસ્ત હસ્ત હાથ શું હલાવો ઉદયના ઉપાય કાંઇ કરોકરોરે,
શોક જનક સ્થિતી આર્યની અત્યારે શોભીલા શ્રિમંત શોખ પરહરોરે;
સાજ સુસપ શૌર્ય મુખનાં વસાવો હિતમાં સુવિત નિત વાપરોરે,
રાજ સુસાજ આજ ખચિતછે ખવાયાં માન ને ગુમાનમાં થયો મરોરે.
જાંણી જુઓ સ્થિતી જાગીને સંભળા શીકર તછ શ્વાન સુખેના ફરોરે.
કામનીના મુખ કમલમાં ન રાચો કઠણ કાર્ય કિર્તિના કરો નરોરે;
કાળ ભક્ષ દેહ જીવન સ્વપ્નને સુધારો વિશ્વમાં વધારી વિજય પરવરોરે,

સતિનો પતિ.

ગરબી

સતિને પતિ તણી છાંયા સુખકારરે, પતિ છે સતિનો સાચો શણગારરે,
પતિથી સતિ સંસાર તરનારરે, પતિથી સતિ ધર્મ કર્મ કરનારરે—સતિને.
સતિને પતિ છે અંતરના વિસામા, ભવરણુમાંહિ પતિ સુખ ધામા,
કર કંકણ નયનની કીકી રૂપાળી, કાયાવાડીમાં પતિ વનમાળી;
સુખના પ્રસંગે સુખ ભરનારરે દુખના પ્રસંગે દુ:ખ હરનાર—સતિને.
પતિને પૂજ્યાથી ત્રિવિધ તાપ ટળતાં ત્રિભુવનના સુખ ક્ષણ માંહી મળતાં;
સ્વામી સેવાથી સતિ શ્રીહરિ રિઝાવે, સતિનાં સત્યે હરિઘર શોધી આવે.
અડસઠ તિર્થ ચર્ણ ભરથારરે, ચરણ સેવ્યાથી મોક્ષ મળનાર-સતિને.
મનવાણી કર્મે સતિપતિ સાધે પતિ મણિ સતિ રતિ ઉર પર બાંધે;
પતિ ગૃહરહીને સતિ ધર્મપાળે મોક્ષ સૂત્ર શીખે સંસાર શાળે;
ગૃહસ્થાશ્રમથાકરે શુભ સંસારરે પતિ પદ પામીપ્રણમે વાર વાર,-સતિને.

પતિની સતિ.

ગરબી.

સદ્ગુણી સુન્દરી શાંતી સુધાની સરિતા;
સંતાપ શરીરના સમાવે શાણી લલિતા. સદ્ગુણી.
સંસાર તિમિરતામાં સુંદરછે સવિતા;
વ્યાધી રજનિમાં શશિસમ સુખની દાતા. સદ્ગુણી.
જંગલમાં મંગલ કરતી, સંકટમાં શાન્તિ ધરતી;
મધુર વચનની વિણા વગાડી, વાલમ વ્યાધિ હરિતા. સદ્ગુણી.

સ્યામ સદનમાં સ્વર્ગ બતાવે,
ધર્મને મોક્ષના પંથો પળાવે;
ગૃહસ્થાશ્રમનાં સુખ રેલાવે.
સ્વામિ સાથે વશી વેઠતી સુખ દુખ ધરીને સમતા;
સારસ દંપતિ સમ સંસારે ધરે પતિપર મમતા. સદ્ગુણી.

સતિનું સુખ.

ગરબી.

સુખડાં સ્વર્ગતણાં સર્વે સમાણાં;
સ્વામિ સદનમાં ગૃહસ્થારે શ્રમમાં.
ભામા ભાગ્ય તણાં મોતીડાં વેરાણાં;
પતિના વચનમાં શિયળ ધર્મમાં. સુખડાં.
દ્વારીકા, મથુરાં, પ્રાગને કાશી;
ગંગા,. જગના પતિ ચરણમાં વાસી.
કૃષ્ણજી આવ્યાં હૃદય મંદીરમાં.
બ્રહ્માજી વસિયા પતિના ઉદરમાં;
શંકર લલાટમાં રહ્યા આનંદમાં. સુખડાં,
દેવાંશો પતિ મૂર્તી સતિતો વધાવે;
ધર્મ કર્મથી પતિ પ્રભુજી રિઝાવે.
ચરણોદકને અમૃત સમ ધારે;
પતિ ભક્તિ કરી નારી દેહ સુધારે.
પ્રેમનું પાન કરે તે ઉમંગમાં;
કાન્તા રહે નિત કાન્ત કદમમાં. સુખડાં.

વ્યભિચારણીને ધિઃક્કાર.

ગરબી.

ધિઃક છે નારી હોય નઠારી પતિને જે પીડનાર;
કુલિન થઇ નીચ સંગત કરતી બની ને છેક ગમાર. ધિઃક છે.
અધમ જનોને રીઝવી પતિને પજવે પ્રેત સમાન;
પતિ કેરૂ તનમન બાળી જીવતાં લઇ લે જાન ધિઃક છે.
સુંદીર પુષ્પો હોય ખીલેલાં આખર તે કરમાય;
સરિતા જળસમ જોબન જાયે ત્યારે અતી પરતાય. ધિઃક છે.
ધન્ય શિયળવંતી સુંદરીને પતિની કરતી શેવ;
નિશદીન જાપ જીવનના જપતી પતિ એ મોટો દેવ. ધિઃક છે.
જોબન મદમાં શિયળ તજીને કરે જે વ્યભિચાર;
ધિઃક ધિઃક જગમાં તે ભામાને લજવે કુળ આચાર. ધિઃક છે.
વિષય જોબન જાણવા ફોગટ પાપના ફંદ;
સદાચારે ચાલી સદા ભજવા પતિ સુખકંદ. ધિઃક છે.

વસંત વિલાસ.

ગરબી.

આલિ રૂપાળી વ્હાલી વસંત વધાવોરે;
રોગી વિયોગી ભોગી વસંત વધાવોરે,
વામા વધાવતી લલિત લાલ ઉમંગમાં;
કંઠે આરોપતી કુસુમમાળ અનંગમાં,

ઉપસ્યા ફિરોજ મોજ માણતી;
રસિલી ઘેલી પિતી પિયુષ પ્રેમ આનંદે,
કરતી મનોજ ગાન રોજ તે નવેલી;
હેલી ફરતી રમણ સાથ મરંદે—આલિ૦
સુંદર સર તીર આમ્ર પરેરે કોયલના ટહુકાર—સજની.
મંજુલ ટહુકા અનંગે રંગાણા થાય ચિતે ચમકાર—સજની.
કુંજ લતાઓનાં કુંજે ખિલ્યાંછે ભ્રમર કરે ગુંજાર—સજની.
નિકુંજની મંજરીઓ મકલાણી સરસ સુગંધી અપાર—સજની.
લલિત લતા લ્હેકી અરે લ્હેકી લલિતા નાર;
લ્હેકયુ લાલિત્ય સુરતમાં લ્હેકી વસંત મોહકાર.
ભુલ્યા ભુલ્યાં મહંત મુનિ ભાન જપ તપ ખોયાંરે;
લાધ્યા લાધ્યાં લલનાઓનાં દાન પ્રેમેચિત પ્રોયાંરે.
મુકયાં મુકયાં મુગ્ધાઓએ માન મદન મંત્ર માંડયારે
વાગ્યા જ્યારે વસંતના બાણ નેક ટેક છાંડયારે;
મૃદંગ મોહક મદનની વાગી અતિ મોહકાર;
મધુર તાનથી પ્રેમીઓ ભૂલ્યાં ભાન આ વાર.
વસંતે રચીછે માયા મોહકારી;
અંજાયા મોહમાં સુર નરનારી.
પ્રેમના જાપ જીભે જન જપતા;
કામની દિક્ષાઓ અનિલથી લેતાં.
દિક્ષા લઇ રસરાજની પ્રેમી મન મલકાય;
બ્હાર જામે ઋતુરાજનો વસંત રંગ છવાય. આલી૦

વર્ષા વિલાસ.

ગરબી.

ઋતુ વર્ષારે પ્રગટ પ્રેમીને દમે;
વિરહી તરષ્યારે પિયુષ પાનમાં ભમે.
છાંયો અભ્રે અંધકાર મેઘ વરસે મૂશળધાર;
ગેબી ગગડેરે અવાજ કરને ગમે—૦
ચમકારા ચપળા કરે ચિત ચંચળ ચોરાય;
વાગે બાણુ અનંગના થર થર કાયા થાય.
ઝળકે મુગ્ધાઓ જોબન માતીરે;
ચમકે રમણી રતી રંગે રાતીરે.
પ્યાલો પ્રેમનો પીતીને પાતીરે;
પ્રેમે પતિની સંગે લપટાતી રસીલીતો રંગેરમે—૦
ઘન વરસે કરી ગર્જના વાયુ શિતળ વાય;
ઉતર દક્ષિણુ વાદળી ઉમંગથી અથડાય.
લીલા વસ્ત્ર ધરાએ ધાર્યા રસભીની થઇ રાતી;
વિરહી બાળા વાલમ પાખી ગાળે દીન ગભરાતી
ભરી આંસુરે વિરહ જવાલને ખમે.—૦



ચંદ્ર વિલાસ.

ગરબી.

જો જો ચંદ્ર ચઢ્યો આકાશમાં આશમાં વિરહે બની છે બાળા;
બાવરી ગાભરી આવી અટારીએ બારીએ પ્રેમે પ્રીતમને ઝાંખતીરે.
નાંખતી નિસાસા નિરાશામાં પાસમાં નાવ્યા નણંદી તણા વીરરે;
ધીરરે રહેતી ન ઉર એમ ભાખતીરે—૦
ના, ના, આવ્યા સખી હૃદય ભુવન શ્રૃંગાર
રસિયા રિસાયા વાતમાં મુકી ખસિયા આવાર.
સખી ચાલ્યા પિયુ પરદેશરે મને મુકી ભુવનમાં એકલી
બ્હેની બાળાછે બાળે વેશરે હાં વિરહ અગનથી રહી બળી
ન ગુણા સલુણા અમે રોતા કકળતા રહેતી હૃદયમાં ન સમતા.
મગતા તજી મોહનજી દમતા વાલા વિદેશમાં ભમતા;
ઝર ઝર વ્હેતા આંસુડા થરથર કાયા થાય.
ચરચરચર ચિતડુ બળે વળે ન કળ મન માંહ્ય;
આવ્યા આવ્યા આજે પ્રાણાધાર સજ શણગાર અલી અલબેલીરે.
ધરી ધરી પ્રિતીરસ થાળ મોતી મનમાળ વધાવ પ્રેમ ઘેલીરે
આનંદ સાગર ઉલટયો થયો સ્વામ સંજોગ;
લલિતાને લાલા રમે લલિત, લલિત સુખ ભોગ.
વામા વાલમને વધાવતી પ્હેરાવતી કુસુમ તણી માળ
જોબન જંગમાં ઉમંગમાં પ્રિતે પ્રિતીરસ ચાખતીરે—

કવિ. રણછોડલાલ મહાસુખરામ,

શીયળ વૃત.

ગરબો.

ચાલો આવોને સહીયર, ગાવો મળીને ગોરી ગુણીયલરે:
ગાઓ ગરબો શીયળ વૃત, ધરીને ગોરી ગુણીયલરે.
પતીવૃતનો જગમાં, પ્રકાશ જાહીર અમર છે;
ત્રીભુવનમાં તેનો આભાસ, જાહીર અમર છે,—ચાલો૦
ચંદ્ર જુઓ કેવો ઉગ્યો, પુર્ણ કળાયે આકાશ;
તેમજ આ વૃત ફેંકશે, કીર્તીવંત પ્રકાશ.
છે ભુષણ સર્વે, જળી જનારાં બેની અન્યેરે;
રહેશે આ ભુષણ અમર, ધરે જે તેને ધન્યેરે.—ચાલો૦
લલના શું સુંદર દીસે, જો ઠાસ્યાં ભૂષણ પુર;
રહી અંદર ગઇ ખામી આ, તો સર્વે ભૂષણ ધુળ.
માનસરોવર, રાજહંસ, શોભા રહી તે વાર;
લાખો બગલા છો ગળે, નાવે તેની બહાર.
નથી પતિવ્રત કેરીરે, જોડ જુગમાં કાંઇરે;
ખુબી અન્ય સકળતો શીયળ, માંહે સમાઇ,—ચાલો૦
સુર વીનાનું ગાન જેમ, ફુલ વિના ગુલજાર,
કુમુદ વીના જેમ ચંદની, છે શીયળ વીણ તેમ નાર;
ઠરો દ્રષ્ટી તો દમયંતીની બણીરે ગુણી સહીયરોરે,
પાળ્યું પુર્ણ કષ્ટે સહી વૃત, આંજેરે તેતો અમર છે.
સુણ્યા અબળા તણી, એતો દાસ છે રે બેની સત્યરે,

ધરો પ્રેમથી આ અસ્ત્ર સદાયે, થશેરે તે તો સાહીત્યરે
પતીવૃત તણો પરીતાપ, " રોશન " જાહીરછે
પતીવૃત તણો જય જયકાર, " આશેક " જાહીર છે.

પતિની ભકિત.

ગરબો.

(" રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે "—ઇ૦ રાહ)

સતી ગણો પ્રાણથી પતિ પ્યારો રે, એજ શિક્ષણનો સાર સારો,
સતી ગણો૦ (ટેક)
પતિ આજ્ઞાને પ્રેમ પ્રમાણી રે, એના હૃદયનું હારદ જાણી રે;
એજ માનો ખરી સુખ ખાણી, સતી ગણો૦ ૧
પતિ ભકિતમાં રાખો આસકિત રે, છળ કપટની છાંટવી યુકિત રે;
રાખવી અતિ નિર્મળ વૃતિ,— સતી ગુણો૦ ૨
કાન્તા કથન કવિતા સમાન રે, વદે વિબુધ વડા વિદ્વાન રે;
તેનું કાં નવ જાળવો માન,— સતી ગુણો૦ ૩
પતિ નિંદા કરે જે નારી રે, અપયશની તે અધિકારી રે;
થાય અંતે અતિ દુખિયારી— સતી ગુણો૦ ૪
'પ્રેમદા' નામ પ્યારૂં તમારૂં રે, 'રામા'—'રમણી' ને 'સુંદરિ' સારૂં રે.
ગર્વ અવગુણે આજ અકારૂં.— સતી ગુણો૦ ૫
પતિરૂપે ગુણે રીઝી રે'વું રે, સત્ય વચન ઇશ્વર કે'વું રે;
સમે સુખ દુ:ખ આવે તે સ્હેવું,— સતી ગુણો૦ ૬

લઇ કેળવણી દૃઢ થાવું રે, જુઠા જનને ઓળે* નવ જાવું રે;
ગુણવંત ગંભીર ગણાવું,— સતી ગુણો૦ ૭
દ્વેશ કલેશને ફેંકી દુર રે, મદ મત્સર તજિયે જરૂર રે;
કાન કામિનીનું એજ નુર,— સતી ગુણો૦ ૮

શ્રી ગીત સંગ્રહ.

ઉપદેશ.

ગરબો.

સખી! શોભતો આ ચંદ મંદ દીસે નહી;
લહે જોઇને આનંદ, વૃંદ તેથી સહી,
વૃન્દ તેથી સહી, મન્દ દીસે નહીં. સખી.
રજનિ ભાસે રૂડી,
પ્રકાશ—સાડી ધરી.
સુ તારકો તણોજ હાર આર શોભે સહી. સખી.

સાખી.

પ્રકાશ મય શીયળ તણી, સાડી તું શુભ ધાર,
કંઠ વિષે નીતી તણાં, કર્મ તણો શુભ હાર;
શીક્ષા આપે સદાયેરે, રજની રાણી અતીશે સાર,
મારી શાણી સાહેલીરે, તેને ઉરની વિષે ઉતાર;
કરોને સદા પતી તણાં શુભ ગાન—હાં,

* પડછાયે.

કહેણુ માની ધોને પતીને માન-હાં,
સદાય શાંતી ધરી,
પતીથિ વાતો કરી;
પમાડિયે પતીને સુખ-દુઃખ ટાળી દઇ. સખી.
(શાહ. ચુનીલાલ વર્ધમાન)

સંસારમાં કેવી રીતે ચાલવું.

મારે આંગણ સાહેબ! ઢોલિયા ઢળાવો-રાગ.

બ્હેન? મારી પ્રેમ ધારી, (૨)
બવાટવીમાં થાવું નીતિ-પંથ ચાલ નારિ—
સર્વસ્વ છે જે તારૂં (૨) ડાહિ બ્હેન. ૧
પતી-તેઓનું પ્રેમથકી પાળ વચન પ્યારૂં—
સ્વામીની ચિંત ટાળી (૨) ડાહિ બ્હેન. ૨
આનંદી કરીને થજે સખી! આનંદવાળી—
સ્વાગી-સ્વભાવ જાણી (૨) ડાહિ બ્હેન. ૩
અનુ વર્ત્ત જે તું, જેથિ સુખી થઇશ સખી સાણી,
ડાહિ બ્હેન. ૪

નિશાળમાં કેવી રીતે ચાલવું.

(રઘુપતિ રામ રદયમાં રહેજોરે-રાગ.)

શાણી નાની બ્હેન! સંપથી ચાલોરે.
સખીઓના આનંદમાં મ્હાલો- શાણી. ટેક.

મીઠી જીભથી વાતજ કરિયેરે, શાણી બ્હેનોનાં મનડાં હરિયેરે,
જ્ઞાન-ગોષ્ટી વિષે નિત્ય ઠરિયે. શાણી. ૧
બોધ દાયક વાંચી કથાઓરે, સારા સાર તણો લેઇ લ્હાવોરે,
તજી દેવી જે હોય કુટેવો. શાણી. ૨
હળી મળીને નિશાળે રહિયેરે, આવડે ન તે શીખી, શાખાવિયેરે,
કદી એકલ શૂરાં ન થઇએ. શાણી. ૩
એક ઠેકાણે બેશીને ઠરિયેરે, બેઠાં પાઠ પોતાનાં કરિયેરે.
કદીએ ન નકામાં રસળિયે. શાણી. ૪
તોછડાઇથી ના કદી ચાલોરે, મોટો ડોળ ન કરિયે ઠાલોરે,
એવો ડોળનો ઝેરનો પ્યાલો. શાણી. ૫
ગુરૂ જેમ કહે તેમ કરિયેરે, કહ્યાથી નહિ આડા વિચરિયેરે,
ચુની—વ્હાલાં થઇને રહિયે. શાણી. ૬

નિશાળે જવા વિશે.

પ્રેમની, પ્રેમની, પ્રેમનીરે—રાગ.

ભાવથી, ભાવથી, ભાવથીરે, બ્હેનિ! જાવું નિશાળે ભાવથી,
આવતી, આવતી, આવતીરે, બુદ્ધિ સારી ભણવા થકી આવતી.

શીખામણોની ડાહિ ડાહિ વાતો,
સારી ચોપડી શિખડાવતીરે. બ્હેનિ. ૧
વાંચી લખી જાણી તેથી રૂપાળી,
વાતોતો આનંદ કરાવતી. બ્હેનિ ૨
નાનપણમાં જો ભાવેથી ભણિયે,
પસ્તાવા વેળા ન આવતીરે. બ્હેનિ. ૩
ભણે ગણે છે તે તરી જાય છે.
સંસાર ને સુખ--નાવથીરે બ્હેનિ. ૪

(ચુનીલાલ વર્ધમાન શાહ)

પતિ પ્રત્યે કેવી રીતે વર્તવું ?.

(ગુરૂ ગોવિંદના મહિનાનો—**રાગ.**)

સખિ ! સઘળું આપણું જેહ સ્વામી નાથજ છે.
ધરિયે પતિ ઉપર નેહ, સુખ તો સાથજ છે. ૧
પતિની રૂચિ જેવી હોય, તેને અનુસરિયે,
નહિ જૂઠાં વચનો હોય કાળે ઉચ્ચરિયે ૨
હોયે જે સઘળી વાત, દિલ ખોલી કહિયે,
માની પતિ પ્રભુ સાક્ષાત, અળગાં નવ રહિયે. ૩
રાખી સ્વભાવ નિજ શાંત. વચનો મધુરાંરે,
ઉચારી કરિયે કાન્તને સુખિ પૂરારે; ૪
કરિ નકામિ કુથલી નાથને ન પજવિયેરે,

સુખ.દુખમાં રહિ સંગાથ, સાગર તરિયેરે, ૫
વળિ સ્વામી ચિંતા ગ્રસ્ત કદિયે થાયેરે,
તો દુખનો ભાર સમસ્ત ઓછો કરિયેરે. ૬
આપીને ધીરજ નિત્ય સુખ અનુભવવું રે,
કરિ ચિંતા સર્વ વ્યતીત ઓદે રૂહેવું રે. ૭
દુખકાળે પીડિત નાથને નહિ ડરવારે,
ઉલટાં રહિ સ્વામી સાથ દુખડાં હરવાંરે. ૮
સુખિ સ્વામી-સુખથી ચિત્તમાંહે રૂહેવું રે;
પતિ—દુ:ખે દુ:ખ ખચીત; અંગે સહવું રે, ૯
થઇ ઉજ્જવળ ચંદ્રનિ જેમ નાથથિ આપણરે,
ચુનિ—રાખી પતિને ક્ષેમ, સાચવવું પણ રે. ૧૦

(ચુનિલાલ વર્ધમાન શાહ.)

બ્હેનીને શીખામણ.

રાગ પરજ.

બ્હેની! ભાવ સારો ધારીરે, થાઓ પતિને હિતકારી. ટેક.
કદી ડુબે દુ:ખ—સાગરે સ્વામી, આપી આશ્વાસન નાવ,
શાન્તી રૂપી સૃષ્ટી કેરી માંહે, સ્વામીને લેવા જાવ,
તેની ગતી જેવી તમારી રે. થાઓ. ૧
સ્વામી—સુખે સુખ સમજવાનું, દુ:ખે ધરો દિલ દુ:ખ,
દુ:ખી પ્રતી દુ:ખ દોવાનું દેવા, થાય નહીં ઉન્મુખ,

શિખામણ છે સુખકારીરે. થાઓ. ૨
નાણાં સંબધનું દુઃખ પતીનું, આપને કોદિ જણાય,
વસ્ત્ર ઘરેણાંને તુચ્છ ગણો સ્વામી—દુઃખ સમીપ સદાય,
પતી—સુખ ભૂષણ ધારીરે. થાઓ ૩

ગીત.

મોહી રહ્યા છું મંદ હાસ્યમાં. (એ રાગ)

પતિને આનંદ અતિ આપતી, સતિની કૃતિ પતિને આનંદ અતી આપતી.
ઘરની સ્થિતિ નિરખીને વિવેકથી નિભાવતી,
દુખડું દેખી દીલ નથી ડગાવતી. ... ... સતીની.
સરસ રાંધી રસવતી સતી પતી જમાડતી,
મંદ મંદ હશીને હસાવતી. ... ... સતીની. ૧
આકરો સ્વભાવ સાસુ નણંદનો સંભાળતી,
કામથી નથી કદી કંટાળતી. ... ... સતીની.
ચીજ રકમ ઘરની ઘટીત સ્થાનકે ઠરાવતી,
સ્વચ્છતાથી આંગણું શોભાવતી. ... ... સતીની. ૨
કુથલી કરી નકામો વખત નથી કાઢતી;
કોઇથી બોલી નથી બગાડતી. ... ... સતીની.
માન વીના માનવીને માનથી બોલાવતી.
સુજસ નાત જાતમાં જમાવતી. ... ... સતીની. ૩
સૂમતિ સમર્પિ સદા સંતતી સુધારતી,

હેત સગાં વ્હાલાંથી વધારતી. ... ... સતીની.
ઉત્તમ આભરણુ સદાચરણુથી શોભાવતી,
આજ્ઞા પતિની સતિ ઉઠાવતી. ... ... સતીની. ૪
સ્નેહ જળે આપ તાપ સ્વામીના સમાવતી,
મધુર વચન મોતીડે વધાવતી. ... ... સતીની.
શિખ **સિવસુત કેશવની** સદા સ્વીકારતી,
સર્વ વાતે સ્વામીની સમારતી. ... ... સતીની. ૫

ગરબી.

સૈયર સુખકર સંસાર, શીયળ ભુષણ સજીએ,
એ વિણુ નિગુણા નરનાર, તન મનથી તજીએ,
પરનર નારી પ્રેમ પ્રદીપમાં પડી પતંગ સમાનરે,
સુજશ શરીર સળગાવી મુકે, કંઇક નષ્ટ નાદાન.—
અવર અંખડીત અંગ અનુપમ, નહીં મળે એક નાકરે,
શિયળ વિના એવા સદગુણ સહું જેમ સોમલ સંપાક.—
વ્યભીચારીને સઉ સંસારી, કરે અધીક ધીક્કારરે,
પર પોળે પકડાતાં પડીયા, મ્હોટા જનને માર.—
જાર કરમથી જેહ જગતમાં, કરે કલંકીત કુળરે,
અક્કલમાં અંગારા ઉઠયા, ધર્મ કરમમાં ધુળ.—
વેર વિરોધ વધે વ્યભિચારે, નિશ્ચય ધનનો નાશરે;
શિવસુત કેશવ શિયળવંતના, દેવ સરીખો દાસ.—

શીખામણ.

ગરબો.

સખીઓ નીજ નીજ નીતિ ધર્મ સદા સંભાળીએરે;
પરમ પવિત્ર પતિવ્રત પટકુળ કરી પરીધાન.
સાસુ સસરા માત પીતાની શેવા સાચવોરે;
ભાવ સહિત ભક્તિથી નીત ભજીએ ભગવાન;
એવા ઉત્તમ ગુણથી ઉભય સુકુળ અજવાળીએ રે. ટેક
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ;
પરનરને નવ આપીએ, તાળી હાથો હાથ.
હસવું રમવું જમવું એકાંતે નવ બેસવું રે;
પતિ વિણ પતિના પણ સદમિત્રોની સંગાથ—એ૦
નાથ વિના કરવી નહીં, વીનોદ રસની વાત;
વિશ્વ વિરૂદ્ધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાત;
સજની ભ્રષ્ટ થવું નહી સુધરી સદ આચારથીરે;
નિર્લજ નટખટની સોબત તજવી સુજાત—એ૦
કુષ્ટી કદરૂપ કુબડો, નીરધન નિરબળ કાય;
મતિહીન પતિત પતિ મળે, એ સતીને સુરરાય;
જોડી પગ અંગુઠડે, દ્રષ્ટી આધુ ઓઢીએરે;
સુખકર સાચવીએ સૌ સાથે સંપ સદાય—એ૦
ઉચે સ્વરે ન ઉચરવું, મુકીને મરજાદ;
કુલીન બહેન કરવો નહી વડીલથી વીવાદ;
ચંચળ ચાલે ચતુરા ચટક મટક નવ ચાલીએરે;
શિવસુત કેશવની શીખામણ અંતર યાદ—એ૦

ગરબી.

(સખી પડવે તે પંથે ચાલ્યારે, એ રાગ.)

કહું કરગરી દેશીઓ પ્યારારે, માથે વેંઠો છો દુખના ભારારે;
તેને ટાળવા કરોને સુધારા, રૂડો બોધ દેશીઓ દિલ ધરશોરે. ૧
તમે કુળ[1]માં ન કન્યા આપોરે, કષ્ટ બેટીનાં ભાઇ કાપોરે;
નાત્ય મધ્યે ધારો શુભ સ્થાપો, રૂડો બોધ દેશીઓ દિલ ધરશોરે. ૨
કુળવાનતો જર બહુ લેછે રે, બાળ દુઃખ અતિષે સેહેછે રે;
એતો સંસારી સુખ તજે છે, રૂડો બોધ દેશીઓ દિલ ધરશોરે. ૩
તમે શાસ્ત્રની આગ્ના ન પાળોરે, રૂષિ મત્ત સામુ નવ ભાળોરે;
ભાઇ બેટીનો ભવ તમે બાળો, રૂડો બોધ દેશીઓ દિલ ધરેશોરે. ૪
પાંચ વર્ષે પુરૂષ મ્હોટો નરખોરે, વિદ્યા ઇત્યાદિ ગુણ જોઇ હરખોરે;
ગુણ માંહિ જુઓ બાળા સરખો, બોધ દેશીઓ દિલ ધરશોરે. ૫
શક્તિ વાળો તે કહેવાય કાળગેોરે, રૂદ્ધિ રૂડીને જુઓ બળિઓરે;
જેનો વિદ્યામાં જીવજ ભળિયો, રૂડો બોધ દેશીઓ દિલ ધરશોરે. ૬
જેને જગમાં તે સા જાણેરે, ખર્ચ કરવા ચુકે નહિ ટાણેરે;
કાર્ય વિષે શુરાપણુ આણે, રૂડો બોધ દેશીઓ દિલ ધરશોરે. ૭
દરિદ્ર પાપ પેઢીથી ટાળ્યુરે, દયા આણી ગરીબ ભણી ભાળુંરે;
જેણે પુન્યને ધરમાંજ પાળું, રૂડો બોધ દેશીઓ દિલ ધરશોરે. ૮
શોળવર્ષે સર્વ ગુણ આવેરે, ત્યારે નિર્ભેતા વરને લાવેરે;
સદગુણો તે દિલમાં જમાવે, રૂડો બોધ દેશીઓ દિલ ધરશોરે. ૯

---

[1] કહેવાતાં કુળિનને

એવો વર જોઇ બેટીને આપોરે, તેના સર્વ દુઃખ તમે કાપોરે;
એનાં શુણુશો નહિ વિલાપો, રૂડો બોધ દેશીઓ દિલ ધરશોરે. ૧૦
કર જોડી ગ્નાની દાસ કહે છે રે, બેટીને મા બાપો દુઃખ દેછેરે;
એથી બુરા બનાવો બને છે, રૂડો બોધ દેશીઓ દિલ ધરશોરે. ૧૧

(કજોડા દુઃખ દર્શક નાટક.)

ગરબી.

ખમાચ જલ્લો.

એકતાલ. માત્રા ૪.

રંગીલી રૂડી પુનેમ રાતે રી આઇએ,
(હાંરે) એની ચાલો તો ગીતડાં ગાઇએ. રંગીલી૦
,, જુવો ચંદ્ર પ્રકાશ બહુ તેજમાં,
,, રાખો નિદ્રાએ ધ્યાન નવ સેજમાં,
,, વહી જાશે ન્ને વેળ પસતાઇએ. રંગીલી૦
,, ઘર બાર સંસાર વેઠ નીતની,
,, અવકાશે રમત રૂડી રીતની,
,, શિદ નીતિ ગાવા શરમાઇએ. રંગીલી૦
,, રચ્યાં ત્રણે ભૂવન જેણે જોગથી,

,, દીપ્ત કીધું આકાશ રવિ સોમથી,
,, તેના ગુણો ગાવા નિત ધાઇએ. રંગીલી૦
,, સખી ભુલીયે પ્રભુ ન જોઇ સુખને,
,, સર્વ થોડે ઘણે છે શરણ દુઃખને,
,, નહી ભય જોઇને અકળાઇએ.. રંગીલી૦
,, હસી હસી લીઓ તાલ પ્રેમથી,
,, હરી ભાવે ભજો ભલી નેમથી,
,, કહે ફિરોઝ ગાઇ હરખાઇએ. રંગીલી૦

(ફિરોઝ.) શરદુત્સવ

ગરબો.

ઉગ્યો સખી સૃષ્ટિનો શણગાર હાર,
ચાલો ચાલો જોવાને ચંદ્રમા;
જોને પ્રેમઘેલી ભૂમિનો દેદાર,
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં,
હારે ડોલે સૃષ્ટિ આનંદમાં.

સાખી.

ધન્ય ધારા સુંદરી તને, ચતુર ચંદ્ર તુજ કાન્ત;
શાન્તિપાઠ પઢાવતો સાધીને એકાન્ત.

ધરણી પડી પતિને પાય શિક્ષા શિરે ધરેરે,
ગુણીયલ ગોરી પતિગુણ ગાય શાન્તિ ચિતે સ્મરેરે.
ધરોને એની ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસાર સુધારસ પાન.

સાખી.

ચંદ્રમુખે ચિડાઇને તારાનાં મુખ શ્યામ,
સદ્‌ગુણીનું મુખ ભાળીને રમે દુષ્ટના રામ.
સખી જેને પતિનું માન,
તેનાં ગંધર્વ ગાયે ગાન,
પામે દેવી સમાન સન્માન,
રમે રમા રસિક લઇ તાન,
ધરણી પડી પતિને પાય શિક્ષા શિરે ધરેરે,
ગુણીયલ ગોરી પતિગુણ ગાય શાંતિ ચિતે સ્મરેરે.
ધરોને એની ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસાર સુધારસ પાન.

સાખી.

ગૃહીણી નાર સમ ગૃહીણીઓ સેવે સ્વામી પાય,
ચતુર ચંદ્ર સમ ધણી મળે જય જય ત્યાં ઉચરાય.

ધરણી પડી પતિને પાય શિક્ષા શિરે ધરેરે.
ગુણીઅલ ગોરી પતિગુણ ગાય શાંતિ ચિતે સ્મરેરે.

ધરોને એની ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસાર સુધારસ પાન.

વીણાવેલી. (શરદુત્સવ.)

પદ.

ઝીંઝોટી.

નાથ કેસે ગજકો બંધ છુડાયો.
એ અચરજ મોંપે આયો. નાથ.
ગજ ઓર ગ્રાહ લઢે જલ ભીતર, લઢત લઢત ગજ હાર્યો;
તિલભર સુંઢ રહી જલ ઉપર, તબ હરી નામ પુકાર્યો. નાથ.
છાંડ પાવડી પ્યાદા દોડે, ગરૂડકું વેગે બોલાયો;
જલ ડુબતે ગજરાજ ઓધાર્યો, વૈકુંઠ ધામ પહોંચાયો. નાથ.
જલત અગનમેં પ્રલ્હાદ બચાયો, અંગ તાપ નહીં આયો;
થંભ ફાડ હરણાંકસ માર્યો, નરસિંહ રૂપ ધરાયો. નાથ.
ભીલડી કે બોર સુદામાકે તાંદુળ, રૂચી રૂચી ભોગ લગાયો;
દુરજોધનકા મેવા ત્યાગે, શાક વિદુર ઘર પાયો. નાથ.
કૌરવ પાંડવ યુદ્ધ ભયો હયે; કૌરવ માર હઠાયો;
ભરી સભામાં લજ્જા રાખી, દ્રૌપદીકો ચીર પુરાયો. નાથ.

ગીત.

ખમાચ. ગહન કુસુમ કુંજમાંજ મૃદુલી મધુરી બંસી બાજે;
વિસરી ત્રાસ લોકલાજ સજનિ! આવો આવોરે!
ગહન.

ધારી ચારુ નીલવાસ,
હૃદય પ્રણય કુસુમરાસ;
હરિણનેત્ર વિમલહાસ,
કુંજવને આવોરે. ગહન. ૧

બહાગ. ઢાળે કુસુમ સુરભિભાર,
ઢાળે વિહગ સુરવસાર;
ઢાળે ઇન્દુ અમૃતધાર,
રજતશી સુહાતીરે. ગહન. ૨

કલ્યાણ. ગંદમંદ ભૃંગ ગુંજે,
અયુત કુસુમ કુંજકુંજે;
ફુટયાં સજનિ પુંજ પુંજે,
બકુલ યૂથિ જાતિરે. ગહન. ૩

દેશ. જૂઓ સખિ શ્યામરાય,
નયનપ્રેમ ઉછળિ જાય;
અમૃતસદન વદનછાય,
નિંદતી શી ચંદજો. ગહન. ૪

ખમાચ. આવો આવો સજનિ વૃંદ,
નિરખીયે સખિ શ્રી ગોવિંદ;
શ્યામને પદારવિંદ;
ભાનુસિંહ વંદતો. ગહન. ૫

(શરદુત્સવ.)

ગરબી.

જુગટું રમતાં નળરાય આજે હાર્યો છે,
પુષ્કર જેને કલિપક્ષ તે બહુ ફાવ્યો છે;
વરતાવી પુરમાં આણ પડો વજડાવ્યો છે,
વન જાવા નળને સઘ હુકમ કાઢયો છે.
સરવે તજીને નળ નીકળ્યો વને,
અંગે ધર્યું છે વસ્ત્ર એક જો,
નૈષધનાથ આજ જાય છે વને.
દમયંતિ કાજ કલિ કોપીઓ અતિ,
કોઇએ ન આપ્યું અન્નપાણી જો,
નૈષધનાથ આજ જાય છે વને,
નળ દમયંતિને વાત જણાવે,
પળવાને પીયર પંથ બતાવે,
સુણી દમયંતિ આવેરે નળની પાસ આવે,
સતિ આવી નળની પાસ રડતી વિનવે છે;
પતિચરણ નમાવી શીશ અરજી ઉચરે છે;
સંગે સર્વે સુમય રાખજો પતિ,
કહું સુખે દુઃખે મિઠી વાત જો,
નૈષધનાથ તજી ના જશો વને

સ્વામીથી વિખુટી કદી નારી ના રહે.
જળથી જુદુ ન રહે મીન જો,
નૈષધનાથ તજી ના જશો વને.
એકલડી પતિ હું કેમ રહું.
દુનિયાદારીનાં દુઃખ કેમ સહુ,
આજે તમને ન તજું હું, તમને કેમ તજું.
સુખ દુઃખમાં દીલની વાત કયાં જઇ કંથ કહું,
જીવતિ છું હું પતિવિયોગ વ્હોરી કેમ લહું.
છાયા હું નાથ તમ શરીરની બની,
તરૂણી તરછોડો નહિ નાથ જો,
નૈષધનાથ તજી ના જશો વને.
સ્વામી સંગાથે રહું સર્વદા સુખી,
દુઃખી વિયોગે વિરહી થાય જો,
નૈષધનાથ તજી ના જશો વને.

(શરદુત્સવ.)

ગીત.

રાગ, પીલુ બરવો—જીલ્લો.

આજકી માણેકઠારીયાં, મોહનજી આજકી માણેકઠારીયાં.

દુધ પૈંઆ ઓર રાઇતી કેરી,
ઉપરથી ગુવાર વધારીઆં. મોહનજી. ૧
બરફી પુરી આદા ચીરી;
ઉપરથી લીંબુ ખટાઇયાં. મોહનજી. ૨
સેવ કંસાર ને કારેલાં કંટોળાં;
ઉપરથી સુરણ સવાદીયાં મોહનજી. ૩
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
ભાવે કરીને આરોગીથાં. મોહનજી. ૪

(મીરાંબાઇ.)

રાજગીત.

(રાગ ખમાચ.)

મળી સર્વ ભારતસંતાન એક તાન મન પ્રાણુ
ગાઓ રાજેન્દ્રનાં યશોગાન;

એડવર્ડ રાજ સુયશ બહુ પામો,
હિતકારક જેનાં સહુ કામો.
રાજપ્રેમ સર્વ સ્થળે વ્યાપી રહો ધર્મબળે,
દેશ દેશ બ્રિટિશ જયાંધામો. ૧

Chorus
થાઓ રાજેન્દ્રનો જય
જય રાજેન્દ્રનો જય
ગાઓ રાજેન્દ્રનો જય
વિજય, વિજય
ગાઓ રાજેન્દ્રનો જય

ભયમુક્ત થયા સર્વ ભારત નિવાસી,
મહા શત્રુ ગયા સહુ ત્રાસી,
ભારતનો એજ સેતુ રિપુદલ ધૂમકેતુ,
આર્તબંધુ દુષ્ટતા વિનાસી. ૨

Chorus.

રાજાધિરાજનું રક્ષણ કરજે,
હે જગદીશ દયાનિધિ નિત્યે,
દિન દિન સર્વ દેશે શ્રી સરસ્વતી વધે,
રાજયાધિપની કૃપા થકિ સત્યે, ૩

Chorus.

હૃદયેથી સહુ ચહે, મહારાજ સુખી રહે,
રાજા રાણી અને યુવરાજ;
આશીર્વાદ પ્રેમભર્યાં દીયો સહુ દેશી જનો;
શતંજીવ શતંજીવ બોલો. ૪

Chorus

શીખામણ.

ગરબી.

ભણી વિવેકી ડાહ્યાં થઇને, સહુમાં હળીમળી ચાલોરે;

પ્રભુથી બ્હીતાં નીતિથી રહેતાં, કદિ નવ વળગે આળોરે.—ભણી. ૧
આવડતથી ને ચાલાકીથી, ઘર સંસાર ચલાવોરે,
સુઘડ રહીને ચતુરાઇથી, સૌ પિયુ સુ સુખ લહાવોરે.—ભણી. ૨
ભલું ઉપાડી લીધું ઘરને, વળી તરાવ્યું કહાવોરે;
કુટુંબ વધેથી પ્રૌઢ પણાંથી, વધુ જશ રંગ દરશાવોરે.—ભણી. ૩
પુસ્તક વાચન કરી પરવારે, મનમાં નીતિ જમાવોરે;
નર્મદ ભણેલું સફળ તમારૂં, જો જગ કર્ત્તા ગાવોરે.—ભણી. ૪

સતિને શિખામણ.

રાગ પીલુ. (ગીરધારીનો.)

સહુ સતિનેરે શીખ હૃદયમાં ધરવી, સ્વામીની શેવા કરવી;
નીચ સંગતરે, સ્વપ્નેના આદરવી, છે [1]ભવ વૈતરણી તરવી.
ઝુલ—અંત અરથે રસાળજો ભરવીરે,
યશ ઇજત ઇચ્છા કરવીરે,
હોય પ્રિતી સહુની સંગરવીરે;
તો તો નિતિરે નારીએ વાપરવી, સ્વામીની શેવા કરવી. ૧
હોય રોગીરે, કે મતીમંદ કદાપી, વળી નિરધન હોય તદાપી;
કુછંદીરે, કે દુરગુણ [2]દધિ પાપી, પણ પદવી પતિ તણી આપી.
ઝુલ—સતી સમ્રતી સર્વ વખાણેરે,

1. ભવ વૈતરણી=સ્વર્ગ અને મૃત્યુ લોક વચ્ચેની નદી. ૨ દધિ=સમુદ્ર

પુરાણે પદ પરમાણેરે,
સજ્જન પણ સઘળાં જાણેરે;
પરમેશ્વરરે પણ એ પતિ મતિ ધરવી, સ્વામી શેવા કરવી. ૨
પતિ વ્રતથીરે અવર ગહાવ્રત છોટાં, પતિ મરજી વીણ સહુ ખોટાં,
જવાહીરનારે, ઝાઝાં આભ્રણ મોટાં, પણ ૨શિયળતાનાં નહી જોટાં,
ઝુલ—આ ભવમાં પણ શોભાવેરે,
પર લોકે કાગજ આવેરે,
ગુણ જેના ગુણીજન ગાવારે;
એ પદવીરે, પ્રાણથકી સંઘરવી, સ્વામિની શેવા કરવી.

(પતિ પત્ની પ્રેમ)

શિયળ વિષે.

ગરબી.

(સુણજો સાહેલીરે—એ રાગ.)

શીતળ તણો મહીમા બહુ મોટો, ખોટો નથી ખરો છે જીરે;
વેદ પુરાણ કુરાન કીતાબે, અધિક આધ ઉચર્યો છે.
સુણજો સજ્જનોરે. ટેક.
શીયળ વિના સદગુણ સઘળાથી, જરી નહીં શોભાવો જીરે;
પાઘડી પેહેરી પામરીથી, નહી શોભે નાગો બાવો. સુ૦ ૧
હાંડી જમરૂખ તકતા માંડી, શોભાવ્યું ઘર સારૂં જીરે;

૨ શીયળ=સદાચાર.

દીવા વિના અંધારા ઘરમાં સઉ દેખે અંધારૂં. સુ૦૨
સરવે અંગે સાજુ તાજુ, નાવ નવીન બનાવ્યું જીરે;
પણ તેમાં એક છીદ્ર પડયું તો, તે ન તેડે આવ્યું. સુ૦૩
પરમેશ્વરનું બહાનું પકડે, શિયળ ન પાળે સાચુંજીરે;
કવાથ પીએ ન કળી ન પાળે, તો જીવ્યાનું કાચું. સુ૦૪
પુન્યદાન કે પ્રતિષ્ટાથી, જરીએ પાપ નહી જાશેજીરે
લાંચ શિપારશ લેશ ન ચાલે, પરમેશ્વરની પાસે. સુ૦૫
જો બાળપણથી ડહાપણમાં, ખાંપણ ખોટુ મળશેજીરે;
બુઢાપણ આપણને આવે, તો પણ તે નહિ ટળશે. સુ૦૬
શીયળ થકી સંપુરણ થાવે, પરમેશ્વરની પ્રીતીજીરે;
દલપત કહે દુનિયામાં, સુખદાયક શુભ નીતી સુર. સુ૦૭

શિયળની સાડી.

ગરબો.

સખી! હર્ષની મટૂકી મ્હારીૅ ઉભરાય અતી, ઉભરાય અતી;
સખી! તોએ તે જરાયે નથી ખાલી થતી, ખાલી થતી;
સખી! આસપાસ હર્ષની શીૅ રેલ મચી, રેલ મચી;
સખી! ભાળું સૌ જગ જગે હર્ષે વસી, હર્ષે વસી;
સખી! શિયળની સાડી મને દિવ્ય મળી, દિવ્ય મળી;
સખી! શોભા શીૅ ઇશ વળી એમાં ધરી, એમાં ધરી;
(સાખી)—

ગગન તણો છે રંગ શો! આછો મન હરનાર;

પે'રંતાં ચિતડું ઠરે, વધે રૂપ અંબાર.
સખી ! કોરમાં શીં લજ્જાની વેલડી વળી !
સખી ! જોતાં છે લોક તણી આંખડી ઠરી;
સખી ! કીર્તિનાં ફૂલડાં વચ્ચે ભર્યાં, વચ્ચે ભર્યાં;
સખી ! કસોટી-કિરણે ઝળકી રહ્યાં, ઝળકી રહ્યાં; સખી હર્ષ૦

(સાખી)—

વળી વિનયની બૂટડી, ભરેલ નૌતમ રીત;
ખેચંતી અંતર અતી, દિવ્ય જનોનાં નીત,
સખી ! પાલવે શીં ધર્મ તણી પાંદડી ભરી !
સખી ! પાંદડીઓ વચ્ચે ટેક—આંકડી કરી;
સખી ! મમતાની માથવટી સાદી દીધી, સાદી દીધી;
સખી ! દાનતણે દોરડે શીં શિવી લીધી, શિવી લીધી !

(સાખી)-

કર્યો ક્ષમાનો છેડલો, રસિયો છોગાદાર;
માયામોતી મહિં ભર્યાં ગનરંજક, કિરતાર.
સખી ! સાડીનું પોત પતિ—ભક્તિનું કર્યું;
સખી ! કુમળી કુમાસે મ્હારૂં કાળજું હર્યું;
સખી ! સાડીએ છે જગતના ચિત્તડાં હર્યાં, ચિત્તડાં હર્યાં;
સખી ! સાડીએ છે નાગ કંઇ અમર કર્યાં, અમર કર્યાં, સખી હર્ષ૦]

વસન્તવિનોદી. (શિશુમણ્ડળ) } સુન્દરીસુબોધ.

સખીને આમન્ત્રણ.

(ગરબી.)

સખી ! રમીએ આવો સૌ સ્નેહથી રે લોલ, કરીએ મીઠી મીઠી વાતડી;
સખી ! દુખડાં સૌ દીનનાં ભૂલતાં રે લોલ, સંચરીએ સૂખની વાટડી;
સખી ! આવો આવોને સૌ ખેલીએ રે લોલ, લઇને વિનય ભલી ભાતથી;
સખી ! તાળી સૌ ઝીલીએ રંગથી રે લોલ, રઢિયાળી રાત શી આજની!

(સાખી) રૂપમય ચાદર ચાંદલે, પાથરી શી આ ઠીક,
એપર આવો ખેલીએ, ગાતાં રૂડાં ગીત.

જુઓ ચાંદલો પણ કેવો હસી આંખમાં રે લોલ !
વિણી તારલાનાં ફુલ ફેંકે લાડમાં રે લોલ !
ઝુકી ખેલીતો શો જાય વિમલ આભલે રે લોલ !
સખી ! ખેલીએ ન કેમ ત્યારે આપણે રે લોલ !
સખી ! રમીએ—

(સાખી) શીતકર વાયુ શો વળી, ઓઢી ફુલ સુવાસ,
અજશિશુ સમ ગેલથી, રસમય ખેલે રાસ.

કદી આપણામાં કોડ કરી ઝૂમતો રે લોલ !
કદી વૃક્ષતણી ડાળ હિંચી ઝૂલતો રે લોલ !
કદી ગાય મૃદુ ગાન સંગ પાંદડે રે લોલ !
સખી! ખેલીએ ન કેમ ત્યારે આપણે રે લોલ !
સખી ! રમીએ—

(સાખી) કોયલ મધુરી દુરથી; લ્હેકી બંસીનાદ,
સમજાવંતી સાનમાં, 'મૂકો ઉચાટ'.

સુણી શીખ વધુ લલિત વાયુ હિંચતો રે લોલ!
વળી ચાંદલો શો દિવ્ય અમી સિંચતો રે લોલ!
મુકયો જીવનો ઉચાટ વાયુ ચાંદલે રે લોલ!
સખી! ખેલીએ ન કેમ ત્યારે આપણે રે લોલ!
સખી! રમીએ—૦

(સાખી) રંજક રજની સૌખ્યદા, ફેંકે હર્ષ-તરંગ,
ઝીલી પીએ રસ બસી, વાયુ-કોયલ-ચંદ્ર.

સખી! ઝીલીએ આવોને ત્યારે આપણેરે લોલ,
વળી, પ્રીત ધરી પીએ લળી આપણે રે લોલ;
સખી! ઉર ખોલી ખેલે બધાં આંગણે રે લોલ!
સખી! ખેલીએ ન કેમ ત્યારે આપણે રે લોલ!
સખી! રમીએ—૦

વસન્તવિનોદી. (શિશુમણ્ડલ.) } સુન્દરીસુબોધ.

'વર્તન કેરી રીતલડી ગીત શુભરે.'

(ગરબી.)

આવો બહેની આજે રમીએ આપણે,
વર્તન કેરી રીતલડી ગીત શુભ રે;
વદવું હરવું ફરવું કેવું લોકમાં,
કરવું ધરવું કારજ કેવે રૂપ રે.— ૧

મૃદુ મૃદુ મિઠડાં વેણ વદેથી શું વળ્યું !
જો નવ અંતર માંહિ મિઠાશનું મૂળ રે;
વાંચન લેખન પાઠ પઢે શૂ પામિયે
જો, ના, નમ્ર સ્વભાવે દિપચ્યું નૂર રે.— ૨

લટકત ગટકત ચાલ હિંડેથી શૂં થયૂં !
સહિપણ વિનયતું સંઘર્યું ના સુખરૂપ રે;
સૂદર નૌતમ શણગારો કયમ શોભશે !
દિવ્ય શિયળપટકુળ ગણ્યું મન ધૂળરે.— ૩

માળા પૂજા કંકૂ છાંટે શૂં મળે !
કદિ વ્રિજ નાથ ગણ્યો ના શિર પર ભૂપ રે;
નાહ્યે ધોયે સાબુથી શૂં ઉઘડયૂં !
કદિ, ના રાખ્યૂં અંતર સુઘડ ખૂબ રે.— ૪

બુદ્ધિ દીધી ઇશે તે શા અર્થની !
નાખ્યો શુભ ઉપકારને ઉંડે કૂપ રે;
ડહાપણનો દરિયાવ બનેથી શૂ વળ્યૂં !
રસિયા સત્યપે પ્રિતિનું ના પૂર રે.— ૫

વિવિધ ભોજન રાંધ્યાં તે કયમ ફાવશે ?
નિરખી ભોજનપાત્ર ચડે જો સૂગ રે,
નિશદિન ઘરનો ભાર વહ્યો તે વેઠ છે
જો નવ ઘરનું યંત્ર છે નિયમિત શૂભરે.— ૬

આ, જે, થોડું ગાયું વધુ તે માનિયે,
શેમાં આવે પાર નહિં, છે ખૂબ રે;

ઘુંટલડો એક અમૃતનો ઝટ દાખવે
શો તે માંહિ સ્વાદ રમે રૂમઝૂમ રે.— ૭

વસન્તવિનોદી. } સુન્દરીસુબોધ.
(શિશુમણ્ડળ) }

વસન્ત વીણા.

(રાગ—દેશ)

માધવ—વીણા માધવ—મુરલી સમ જગ હિંચવેરે,
રસબસ ભીંજવેરે. (ટેક)

કુદરત વીણા-તાર સમારે,
સૃષ્ટિ નૃત્ય કરી સંભારે,
ફિરે ચકવા ચારૂ કંઠે ચિત રીઝવેરે. રસબસ૦

કુસુમ કામઠી કુસુમ શરાળો,
પ્રણય રસે સ્નિગ્ધિ કરે ભાળો,
માધવ—મિત્ર રૂપાળો મનડાં મીંચવેરે. રસબસ૦

અનિલ મૃદુલ લહરી લલકારે,
કોકિલ કલ રવતી સહકારે,
કલા કલાપી ધારે, નાચે નાચવેરે. રસબસ૦

કુસુમ લતા ઝુલતી પરિતોષે,
નવ નવ પલ્લવ વલ્લી હોંશે,
તરૂ, તરૂ, મંજરી, મુકુલ પરિમલ સીંચવેરે. રસબસ૦

પરાગ રાગી ભૃંગો ગુંજે,
સુરભી ભક્ત મરાલો કુંજે;
સ્વર–શોકી મૃગ કુંજે નયણાં વીંચવેરે. રસબસ૦

માધવ મજુલ કોકિલ માંડે,
જગ સંગાનથી મોહપગાડે;
કુદરત રાસ રમાડે, હૈયડાં હીંચવેરે. રસબસ૦

વિશ્વ અખિલ તલ્લીન લહેરે,
હર વ્યક્તિ નટવેશ પહેરે;
માધવ કેરી મહેરે રસિક રસે મચેરે. રસબસ૦

(રસિક–સાહિત્ય માસીક.)

વૈભવ હિન વાલમપર વ્હાલીનો પ્યાર.

ગરબી.

વધાવું વાલમજી વનમાળી સમ મનના દુખડાં ખોવાને;
રીઝાવું રસિકજી રાધા રાણીસમ વનના સુખડાં જોવાને.
પિયુ પાતળીઆજી શાણા સામળીઆજી પુન્ય પાવલિઆજી;
કાયા કામળીઆજી અંગે ઓઢાડુ, પ્રેમ પલંગે પોઢાડુ.
જોબન ઝુલે હીંચાડુ ભાવ ભોજન જમાડુ મન મોતીડે વધાવું.
આવામા છે હુકમ ઉઠાવાને, વ્હાલા મનના દુખડાં ખોવાને વધાવું.
સાવિત્રી સતીએ સત્ય થકી, પતિ જમને રિઝાવ્યો;

શાણી ભોગવતિ એ સેવા કરી, સર્પ પતિને નર બનાવ્યો.
વ્હાલાની દાસીઓ સેવાની પ્યાસીઓ સત્યના સાગર;
નટવર નાગર હૈયાના હાર આ લુંટીએ સેવા કરવાને.

વાલમ વધામણું.

ગરબી.

આવો અંતરના અભિરામ સુંદર સામળારે;
લ્હાવો ઘો સેવાનો ધિમાન પ્રિતમ પાતળારે.
નિરખી મંગળ મૂરતિનાથ સુંદર સામળારે;
હર્ષિત થઇ સુખ દુઃખના સાથ પ્રિતમ પાતળારે.
વિણા મધુર વચનની વાગી સુંદર સામળારે;
જયોતી અજબ અંતરમાં જાગી પ્રિતમ પાતળારે.
નીતિ જળનું કરાવું સ્નાન સુંદર સામળારે;
ધર્મ વસન કરવું પરિધાન પ્રિતમ પાતળારે.
ચર્ચું ચંદન ચતુર સુજાણ સુંદર સામળારે;
પૂજું વિધી મહેશ સમાન પ્રિતમ પાતાળારે.
ધરાવુ ભાવ ભોજનની થાળ સુંદર સામળારે;
પ્હેરાવું પ્રિતી કુસુમ તણી માળ પ્રિતમ પાતળારે.
કરૂં હું પદ પંકજમાં પ્રણામ સુંદર સામળારે;
ધરીને ધ્યાન કરૂં પતિ ગાન પ્રિતમ પાતળારે.

સ્ત્રિનોધર્મ.

ગરબી.

(સાહેલીઓ ગાય છે.)

સખીઓ આવો આજ મળીને સંગમાં,
આપણ કરીએ સાથ મળીને ગાનજો;
વિદ્વાનો સારા જે શિક્ષા કહિ ગયા,
પ્રેમ કરીને તેને ધરીએ કાનજો. સખીઓ.
પરભાતે ઉઠીને ધાવન દંતનું,
કર્યા પછી તો શુદ્ધ કરો આ દેહજો;
ક્રોધ કરીને બોલે નહિ પરભાતમાં,
તો દિન સુખમાં જાશે નહિ સંદેહજો. સખીઓ.
નાની છોડીને નિશાળે મોકલો,
જેથી સુધરે તેનો આ સંસારજો;
ભણી ગણીને વાંચે પાઠો નવ નવા,
જેથી આનંદ પામે બહુ નર નારજો. સખીઓ.
માતા ને પીતાનો એ તો ધર્મ છે,
કન્યાને કેળવવી સારૂં કામજો;
નીતી ને રીતી તે તેથી જાળવે,
આગળ જાતાં કાઢે સારૂં નામજો; સખીઓ.
વિદ્યા શીખીએ રૂડું લાગે આપને,
અણસમજણનું તિમિર થાયે દુરજો;
સતિ તણાં દ્રષ્ટાંતો રૂડાં વાંચીએ,

જેથી ધર્મ પળાયે નિજ ભરપુરજો. સખીઓ.
ભણ્યા પછી પાળો સ્ત્રિના શુભ ધર્મને,
ઉતરીએ જેથી આપણ ભવપારજો;
શુદ્ધ તમારાં મનને રાખો પ્રેમથી,
અશુદ્ધતાના અંશ હણો આ વારજો. સખીઓ.
હવે પતિના પ્રતિ તમારો ધર્મ શું,
તે કહીએ તે સાંભળજો સૌ કાનજો;
ભવ આખો રે'વું છે તેની સાથમાં,
તેના પ્રેમ તણું કરવું છે પાનજો. સખીઓ.
સુશિક્ષિત નારી જે હોયે વિશ્વમાં,
તેહ કદિ નવ પતિ દે સંતાપજો;
હાલે ચાલે બોલે રૂડી રીતથી,
પ્રસન્ન જેથી સ્વામી થાયે આપજો. સખીઓ.
ક્રોધ ન ઉપજે એવાં કરવાં કારજો,
જેથી જનમાં વધશે ઇજત અપારજો;
કોમળતા રાખીને નીશદિન વર્તવું,
તો તો પામો સુખો અપરંપારજો. સખીઓ.
સાસુની સામે કો કાળ ન બોલવું,
હોય અજાણ્યુ તો મીઠા બોલો બોલજો;
રોષ ઉતરશે ઝટ તેનો તે કાળથી,
કરશે મનમાં ઉંડા સાચો તોલજો. સખીઓ.
આગન્યા મૂકીને ચાલો નહિં કદી,
શ્વસુર સાસુનું રાખો બહુ માનજો;

પર પુરૂષનો પરિચય, રાખો ના કદી,
વાત કરો બહુ થોડી રાખી સાનજો. સખીઓ.
સ્વતંત્રતાને યોગ્ય રીતેથી વાપરો,
છેલ છબેલ તણા તજજો સૈ ફેલજો;
ખર્ચ નહિ રાખોજ બહુ કપડાં તણો,
મન માંહેથી કાઢો ખોટા મેલજો. સખીઓ.
પુસ્તક વાંચો સારાં ને શિક્ષણ તણાં,
શૃંગારે ભરીઆંને છોડો આપજો;
મનમાં ખોટી છાપ પડે જેના થકી,
તેવાં કરશે અતિ ઘણો સંતાપજો. સખીઓ.
કામ કરો ઘરનું ચાલાકી વાપરી,
કષ્ટ પડે તો પતિને થાજો સ્હાયજો;
મંજુલ ભાષણ સુખ આપે છે નાથને,
પ્રેમ અતીશે ઉલ્લાસે ઉભરાયજો. સખીઓ.
ઇશ્વર આપે જ્યારે રૂડાં બાળુડાં,
ત્યારે તેમાં પ્રેમ ભરોજ અપારજો;
સદગુણ શીખવજો દુર્ગુણ છોડાવિને,
તો તો દેખો સંસારે કૈં સારજો. સખીઓ.
નીતિનાં શિક્ષણને પ્રેમે આપજો,
બાળકડાંને શીખવશો નહિ ગાળજો;
બાલ્યાવસ્થામાં પડશે જે છાપ તે,
જાય નહિ મૃદુ મનમાંથી કો કાળજો. સખીઓ.
નિંદા ના કરશો હે મારી માવડી,

ક્રોધ તણી નિંદા નવ ધરિયે કાનજો;
ઇજ્જત સઘળી જાય ઘટી આ લોકની,
પામે નહિ આ જગમાં ક્યાંહે માનજો. સખીઓ.
સુંદર શબ્દો જે સમય મળે તે ગાવજો,
સારાં સારાં પુસ્તક વાંચી આપજો;
પણ વાંચન કારણ ખોટી થાશો નહિ,
કામ મુકીને આઘાં રહિ અમાપજો. સખીઓ.
ખોટા ખરચો કારણ પજવે નાથને,
તે તો નાર ગણાયે બહુ કંગાળજો;
માટે બેનો શિક્ષા આજે સાંભળી,
પતિનાં નાણાંની લેજો સંભાળજો. સખીઓ.
આખો દીવસ નાથ રળે છે આપણો,
તેને શું પજવીને કાઢો સારજો;
તમ કારણ તે ઝાઝી મ્હેનતને લઇ,
પોષી અંગ ચલાવે છે સંસારજો. સખીઓ.
ભોજન કરવું પતિના પ્હેલાં ના કદી,
જેહ કરે તે એકલપેટી નારજો;
સ્વારથને માટે સંભારે ના પતિ,
પરમારથ તે કેમ કરે કો કાળજો. સખીઓ.
સુશીલતાથી હરવું પતિના દીલને,
જેથી નિભે ચિરંજીવ સંબંધજો;
જે નારીમાં વશીકરણ એ છે નહિ,
તે તો દેખતિ આંખે સ્ત્રી છે અંધજો. સખીઓ.

નયને નેહ કદી ઓછો કરવો નહિ.
કદી ન બનવું દુષ્ટ ગમે તે થાયજો;
ધીરજને છોડીને ફરવું ના કદી,
એ સદ્દગુણથી આખી દુનિયા વ્હાયજો. સખીઓ.
વેરેને કેરેથી રોષ કરો નહિ,
દીલ દુભાશે સર્વ તણાં તે વારજો;
મૃદુ વચનેથી સંકટમાં વદવું સદા,
તો તો કમતી થાશે સંકટ બારજો. સખીઓ.
જેવી સ્થિતી આપી તુજને ઇશ્વરે,
તેમાં તારે ગણવો તો આનંદજો;
લોભ કરીને ફાંફાં મારો ના સદા,
ના ધીરજ ખોઇને પડશો મંદજો; સખીઓ.

આર. ડી. પરમાર.

બાળા બોધ.

ગરબી.

બાળા સત્ય વચન હ્રદયમાં રાખજે,
ભયંકર સંસાર તરવાને કાજ જો;
લેવો લા'વો અનેક સુ વિચારનો,
સાચુ એ ભવ સાગર તરવા ઝાઝ જો—બાળા૦
સાંભળો શાણી અબળા કેરા ધર્મ જે,
પ્રભુ અને પતિ જાણો એક દીલ સાથજો;

આજ્ઞા ઉલંઘન કરવી નહિ કદી નાથની,
એથી રીઝશે આ જગ કેરો તાત જો—બાળા૦
જે સમયે પાણી માગે તમ કંથજી,
દુધ લાવી આપવું તેણી વારજો;
તેગનું દીલ જરી હસતાં નવ દુભાવવું,
(જેથા) પ્રીયતમ પ્રેમી રીઝશે ગન મોઝારજો.—બાળા૦
નારી નિરમાણ કામ કીધાં છે જેટલાં;
તે કદાપી પુરૂષોને નવ સોંપાયજો;
ભક્તિ સદાએ કરવી સ્વપતિ તણી,
શુભ ઉપાસનાને સત્ વ્રત એ સદયજો--બાળા૦
રાખો નિયમ પિયુ પાછળ જમવા તણો,
ધરજીને સુવિચાર સદાય મનજો;
ઘર બહાર જવું આજ્ઞા લઇ વડીલની,
હેતે સજ્જન કહેશે ધન્ય! ધન્ય! જો—બાળા૦
મીઠી નજરે જગ જન સૌ નિહાળવાં,
કામ વિના ન જવું પર ઘેર જો;
સદા ચરણથી હંમેશાં રે ચાલવું,
જેથા ઇશ્વર તણી રહેશે ગહેરજો—બાળા૦
અપકિર્તિ વાળાં કૃત્ય કદી કરવાં નહીં,
જે કૃત્યો ડુબાવે જગમાં નામ જો;
કુટુંબ કલેશ કદાએ કરવો નહીં,
આજ્ઞા કરે એ સાચી સીતાપતિ રામજો—બાળા૦
ગુપ્ત વાતો ગૃહની બા'ર નવ પાડવી,

ઘટે છે ગૃહની એથી ઉલટી લાજ જો;
દુઃખી કંથને જોઇને દુઃખી થવું,
સુખી થવું જોઇ સુખી કુટુંબ સમાજજો—બાળા૦
સત્ય વચન સદાએ મુખથી બોલવું,
જુઠું વદો નહીં કદી ભલે જીવ જાયજો;
ખપ પુરતું ભાષણ હરદમ કરવું,
વિશેષ વદે તે ફાજલમાં લેખાયજો—બાળા૦
હસવું થોડું અને વિવેકથી સંસારમાં,
બહુ હસવાથી ખોટાં આવે આળજો;
અભિમાન મન વિશે જરી રાખો નહીં,
વિચાર કરી વધુ વદતાં જીભલડી ખાળજો—બાળા૦
વિવેક ધરી બોલ બોલવા મીઠા મુખથી,
વદતાં પરથમ કરવો સુ વિચારજો;
દીવસે કદી ન લેવી નિંદ્રા નારી જાતને,
શુભ શીખામણ નારી (એ) હૃદયે ધારજો.—બાળા૦
ભૂલ કદી નહિ વડીલ-પતિની કાઢવી,
ધરી હું પદ અને વળી ખાલી ખારજો;
પતિ ગુણનું ગાંન કરો નીજ મુખથી,
એ સાચો ભવ તરવા કેરો સારજો—બાળા૦
જગદીશ હર્ષિત રહેશે તેની ઉપરે,
ભૂલ સમજો નહિ તે વિશે જરાયજો;
સમજે તેને જગમાં સમજવાનું ઘણું,

પ્રભુ અને પતિ એક સમજી પૂજો પાયજો—બાળા૦
સદાય ઉઠી સ્વામી નાથને પૂછવું,
માગો આજ્ઞા શી છે ! જોડી હાથજો;
હું તો દાસી છું રે ! આપ ચર્ણની,
આજ્ઞા આપો મુજને પ્રિય નાથજો—બાળા૦
સામો ઉત્તર કદીએ નવ આપવો,
મુખે કદી ન બોલવું ઊંચે સ્વરજો;
ભાવી બળથી પતિ મૂર્ખ મળે સંસારમાં,
તો પણ શુભ પ્રેમ સતિનો પતિ ઉપરજો—બાળા૦
પતિ સામુજે બોલે તે કુભારજા,
અને વળી ચાગઠા તણી જાતજો;
શિયળ પાળવામાં કદી નવ ચુકવું,
વિચારી જુવો મન સાથે વાતજો—બાળા૦
કહ્યું થોડુ તદપિ મનડાની વિશે,
ઘણું ઘણું કહ્યું એમ માનજો;
આજે અર્પિ શિખામણ જે તમને,
સદા તે સંભાળી સંસારે ચાલજો—બાળા૦
આ સર્વને હ્રદય તમારામાં લઇ,
કરજો મનન દીનને રાત જો;
શિક્ષા ગોહેલ જીજીભાઇની રાખવી,
સાચી ભવ તરવા તણી એ વાતજો—બાળા૦

ગરબી.

રાસપંચધ્યાયીમાંથી.

નદી નર્મદાની તીરે ચંડિગ્રામ છે રે લોલ,
કવિ કેરો તે સ્થળે વિશ્રામ છે રે લોલ.
નાગર સાઠોદરો વિપ્ર શૈવક સ્યાગનોરે લોલ,
વૈશ્નવ વલ્લભી ને પુત્ર પ્રભુરામનો રે લોલ.

(દયારત્નમાળ.)

ગરબો.

ખરી મેહેનતનું દ્રવ્ય જોડીયે, નીચ નજર ના કરીયેજી;
પાછળથી પસ્તાવો ઉપજે, હાંસીથી તો ડરીયે. શીક્ષા શાણાને૦-
કરજ કાઢીને ખરચ ન કરીયે, દાટી ના સહીયે દૂખજી;
જેવી સંપત તેવું ભોજન, સદા પામીયે સૂખ. શીક્ષા૦-
આપ વખાંણુ અવરની નિંદા, પરપત્નીશું હાસ્યજી;
અતિ ભાષણ કટુ જીભ ચલાવ્યે, મ્હોટપણુનો નાશ. શીક્ષા૦-
સુખ આવ્યે છાકી નવ જઇએ, દુખ આવ્યે નવ ડરીયેજી;
આપણથી અધિકાંને જોઇને, ગરવ કલેશને હરીયે. શીક્ષા૦-
લોભી જન ધનવડે સાધીએ, ગરવી જોડી પાંણીજી;
મુરખનું મન ગમતુ કરીએ, પંડીત સાચી વાંણી. શીક્ષા૦-
જે કરતાં પરીણુંમે હાંની, તે કારજ ના કરવુંજી;
આપણી પ્હોંચ પ્રમાણે સઘળે, સમજી ડગલું ભરવું. શીક્ષા૦-
કામ વિવેકે કરીયે કદાપી, કષ્ટ પડયું તે માંહેજી;
તે પછી હરી ઇચ્છા એમ લેહેવું, હરખડવું નહી ત્યાંહે. શીક્ષા૦-

જે ભાવે જે પુછે તેને, તેવો ઉત્તર દઇએજી,
ભાષણમાં ભીતરનું હારદ, સ્હેજે સઘળી લઇએ. શીક્ષા૦-
તન,મન,વસન, સુવિમળ રાખીયે,આળસ ક્રોધ ન કરવોજી;
પરદુખ દેખી પ્રસન્ન ન થાવું, પાખંડ ધર્મ ન ધરવો. શીક્ષા૦-
જાર જુગારી તસ્કર વ્યસની, વિશ્વાસે નવ રેહેવુંજી,
વેહેવારે વેહેપારે લજ્જા, નવ ધરવી સ્ફુટ કેહેવું. શીક્ષા૦-
મધુરી વાણી વદીએ સૌથી, ઉદર રાખીયે ઉંડુજી;
મળ્યા મનુષ્યને પ્રાણ આપીયે, કોનું ન કરીયે ભુંડુ. શીક્ષા૦-
પર ઘરમાં અચાનક ન જાવું, વાત કરી નવ હસવુંજી;
ગુંજ કરતાં હોયે બે જણ ત્યાં, વણ તેડયા નવ ધસવું. શીક્ષા૦-
રીતે પણ ખોટાની સાથે, વાદ ન કરવો વાતેજી;
ખરાબ ઠામે પથ્થર નાંખી, છંટાવું નીજ હાથે. શીક્ષા૦-
કલેશની ઉપર કલેશ રાખવો, ક્રોધની ઉપર ક્રોધજી;
મન મોહ મદ મત્સર ના ધરવો, મનને કરવો બોધ. શીક્ષા૦-
સકળ ચાતુરી એક વચનમાં, કહું છું સહુ સાંભળજોજી;
હરી ગુરૂ હરીજન સેવી સઘરી, જનમ મરણથી ટળજો. શીક્ષા૦-

(દયારત્નમાળ.)

ગરબો.

બાળલીલાના ગરબામાંથી.

શ્રીકૃષ્નની બાળચેષ્ટાથી હેરાન થયેલી ગોપીઓ જસોદા પાસે આવી ફરીયાદ કરે છે કે— કુવરને વારોની વ્રજરાણી. ટેક.
સહુ વ્રજનાર મળીને, આવી શ્રીયશોદાજીને ધાંમરે,

લાકડવાયો પુત્ર કર્યો કયમ, વસિયે ગોકુળ ગામ. કુંવરને૦—

× × × ×

લાકડી લઈ ઉખળપર ચઢીને, શીંકેથી લઇ સહુ ખાયરે;
સખાને આપે તેથી વધે તો ગાંકલડાંને પાય. કુંવરને૦—
એક સખાની ખાંધે ચઢીને, અતી ઉંચું પણ ચાખેરે;
તેથી ન ફાવે તો દોહોણી કરે કાંણી, ધાર તળે મુખ રાખે. કુંવરને૦—
કાંઇ ન ચાલે તો છોડે વાછરડાં, વેળા વના ધવરાવેરે;
સુતા બાળકને જઇને જગાડે, ચ્હોંટીયો દઇ રડાવે. કુંવરને૦—
મેં કહ્યું ચોર આજ આવ્યો દાવે, નહીં જાવા દઉં અહેશરે;
ગરડી મુંછ એણે કહ્યું મુજને, હું જાશ તું જોઇને રેહેશ. કુંવરને૦—
કરી કળા એક ગહી ભરીયુ મુખ, એટલે મેં જઇ ઝાલ્યોરે;
કર્યો કોગળો માહારી આંખમાં, હું ચોળવા રહી એ ઝાલ્યો. કુંવરને૦—
એક કહે મેં ઝાલ્યો હુતો આજ, તોપણ એ નવ ગાંઠયોરે;
ત્રોડી મુજ મુકતાફળ ગાળા, હું વિણવા રહી વ્હાલો નાઠો. કુંવરને૦—
એટલામાં એક અબળા આવી, કહ્યું જુવો લાવીછું ઝાલીરે;
છેડો ઉઘાડે તો પુત્ર પોતાનો, લજવાંણી પડી હાલી. કુંવરને૦—
એવું કહેતામાં પ્રભુ આંગણે આવ્યા, નિંદ્રામાંથી ઉઠીરે;
જસોમતી કહે જુઓ આ મારો બાળક, યુવતિ સર્વ તમે જુઠી. કુંવરને૦—
પ્રેમકટાક્ષે કરી સહુ કાંમની, સાંતુ શ્રીકૃષ્ણે જોયુંરે;
લોટપોટ થઇ ગઇ સહુ લલના, પ્રીતમમાં મન પ્રોયું. કુંવરને૦—

(દયારત્નમાળ)

પદ.

જે કોઇ પ્રેમીઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. ટેક.

સિંહણ કેરૂ દુધ હોય તે, સિંહણ સુતને ઝરે;
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે. પ્રેમરસ૦—
સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણજ હરે;
ક્ષારા સિંધુનું માછલડું જયગ, મીઠા જળમાં મરે. પ્રેમરસ૦—
સોમવેલી રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે;
વગળવંશીને વમન કરાવે, વેદ વાંણી ઊચરે. પ્રેમરસ૦—
ઉત્તમ વસ્તુ અધિકાર વીના મળે, તદપી અર્થ નવ સરે·
મત્સ્યભોગી બદલો મુક્તાફળ, દેખી ચંચુ ના ભરે. પ્રેમરસ૦—
એમ કોટી સાધને પ્રેમવીણ પુરૂષોત્તમ પુંઠ ન ફરે;
દયાપ્રિતમ શ્રીગોવરધનધર, પ્રેમભક્તિએ વરે. પ્રેમરસ૦—

(દયારત્નમાળ.)

ગરબો.

રાસલીલાનીગરબીમાંથી.

શ્રીકૃષ્ણ ઉભા ઉભા વૃંદાવનમાં વાંસળી વગાડે છે તેની મધુરતાથી ઝાડ પાહાડ પથ્થર સર્વ એક તાર થઇ જાય છે. કવિ કહેછે કે—

વાગે વૃંદાવનમાં વાંસળીરે, ઉભો ઉભો વગાડે કાંહાંન;
નાદે વેધી મુનિવર પાંશળીરે, નવ રહી કોને સાંન. વાગે૦—
તરૂની શાખાઓ ઝુમી રહીરે, ચરણે નમવાને કાજ;
વેલી વૃક્ષ સાથે ઝુમી રહીરે, ભાગ્ય હમારાં આજ. વાગે૦—
જમુના નીર ચાલે નહીરે, મૃગને મોહ ન થાય;
પંખી માળામાં હાલે નહીંરે, નાદ સુણી ન રેહેવાય. વાગે૦—
વાછરૂ કાંન દઇને સાંભળેરે. કરે નહીં પય પાંન;
ગાયો ગાળા તોડી તાંહાં પળેરે, નાદ સુંણવાને કાંન. વાગે૦—

ફુલ્યાં કમળ જળ ટાટ્ડીરે, દીસે ઉદીઓ છે ભાણ;
શકર સગાધ મેહેલી રૂથારે, થયું જગતને જાંણ. વાગે૦—

Side by side comes the following Quotation from Shakespeare's king Henry VIII Act III Scene. 1

" Orpheus with his lute made trees,
And the mountain tops, that freeze,
Bow themselves, when he did sing;
To his music, plants and flowers,
Ever sprung; as sun and showers,
There had been a lasting spring.
Everything that heard him play,
Even the billows of the sea,
Hung their heads, and then lay by.
In sweet music is such art:
Killing care and grief of, heart,
Fall asleep, or, hearing die."

(દયારત્નમાળા.)

ગરબી.

ગરબીસંગ્રહમાંથી.

શોભા સલુણા શ્યામની,
તું જોને સખી શોભા સલુણા૦ —ટેક.

કોટી કદર્પને લજાવે એનું મુખડું,
ફીકી પડે છે કળા કામની. તું જોને સખી૦—
સદ્‌ગુણ સાગર નટવર નાગર,
બલીહારી હું એના નામની. તું જોને સખી૦—
કોટી આભૂષણનું ભૂષણ,
સીમા છે એ અભીરામની. તું જોને સખી૦—
ઓળખે તેને એ સાર સરવનું,
બીજી વસ્તુ નથી કામની. તું જોને સખી૦—
અનુપમ એ અલબેલો રસીયો,
જીવન મૂળી દયારામની. તું જોને સખી૦—
(દયારત્નમાળ)

પદ.
નીતીબોધનાં પદોમાંથી.

હરીભાવવીના, કેવળ કૃતી કર્યેથી કાર્ય ન થાય;
જયગ અગ્ની વીના, ભસ્મમાં ઘુત હોમે તે એળે જાય. ટેક.
જુઓ સર્પ સમીર ભક્ષીને રહે, જુઓ ચાત્રક તે પીપાસ સહે;
જુઓ ઉલુક અખંડ ઉજાગ્ર રહે. હરીભાવ વીના૦—
જુઓ મીન તીરથ જળમાં ન્હાયે, જુઓ ગણીકા નૃત્ય કરે ગાયે;
જુઓ પ્રોહોણો પોખે શું સુખ થાયે હરીભાવ વીના૦—
જુઓ મૃગ આદીક પશુ વનવાસી, જુઓ ગુન્હેગાર સેહેછે ફાંસી;
જુઓ કાસદ પણ જાય છે કાસી. હરીભાવ વીના૦—
જુઓ તેલીની બળદ પરીક્રમા કરે, પન્નગ પેટે ચાલે ને દંડવત કરે;

જુઓ તપોધન દેવળ ફેરી ફરે. હરીભાવ વીના૦—
જુઓ વટ જટાનો બોજી સહે, જુઓ અંધ સદા કર ડંડ ગ્રહે;
જુઓ ખર તન રાખમાં રોળ્યું રહે. હરીભાવ વીના૦—
જુઓ નટવો અબધુત વેશ ધરે, જુઓ બગલો દ્રઢ થઇ ધ્યાન ધરે;
જુઓ મુંગો વચન મુખ નવ ઉચરે. હરીભાવ વીના૦—
નહીં વૃંદલ વીષય તણી આપદા, ઉભુ વૃક્ષને ક્રોધ મળે ન કદા,
જુઓ અજગર નીર્લોભી છે સદા. હરીભાવ વીના૦—
ભાવે પ્રલ્હાદને સ્થંભમાંથી મળ્યા, નામદેવને ભાવે ભુતમાંથી નીકળ્યા;
વણુ ભાવે મંડળીકને કાળ ફળ્યા. હરીભાવ વીના૦—
હરી તેવા થાય જેવા નાંણે, નીજ ભાવ પ્રમાણે ફળ માંણે;
દયો કહે જુઓરે સર્વે ઠેકાણે. હરીભાવ વીના૦—

(દયારત્નમાળ)

ગરબો.

દાંણુચાતુરીની ગરબીમાંથી–

આ કાવ્ય શૃંગારી છતાં સારૂં છે. કોઇ એક મહી વેચવા જતી ગોપીને શ્રીકૃષ્ણે દાંણુ માટે રોકી છે. મદગસ્ત ગોપી ઉત્તર આપે છે કે—

મારગ મૂકોની કાંહાંના કહુંછું કયારનીજો,
રોકી રાખીછે મુને તે કાણુ વારનીજો. મારગ૦—ટેક.
આતુર થઇને મારી પાસે ઉભા રોહો હરીજો,
પોથી પ્રેમની તે પઢવી શીખવું ખરીજો. મારગ૦—

પ્રીત કરવી ત્યારે રાખ તો ન રખાવીજો,
વેળાએ જોઇએ તે વિરિયા વાંણી ભાખવીજો. મારગ૦—
સાચું જોતાં સ્નેહ પારખિ લીયે તેણુમાંજો,
વાત અંતરની સમજી લઇએ વેણુમાંજો. મારગ૦—
પ્રથમ પેહેલો તો સ્વભાવ તેનો પરખીયેજો,
તે પ્રમાણે વચન રૂપી જળ વરસાવીયેજો. મારગ૦—
જેવું કામ તેના વૃત્તિ માફક ચાલીયેજો,
એ રીતે તો પક્ષી ગગન તણાં ઝાલીયેજો. મારગ૦—
હાજી હાજી સરખી મોહની એકો નહીંજો,
અમૃત શરકરા તો રસના મધ્યે છે સહીજો. મારગ૦—
જે કોઇ બોલે તેનું હારદ સમજી લીજીયેજો,
વિવેક વિચારે ઘટે તે ઉત્તર દીજીએજો. મારગ૦—
વિના વિચારે જો સુહૃદ સંગે લડેજો,
નીશ્ચે પાછળ થકી પસ્તાવું તેહને પડેજો. મારગ૦—
સ્નેહી સંગે ઝાઝું ખેંચી નવ ઝાલીયેજો,
મોતી, મન, તે કાચ્ચત્રૂટયાં સંધાતાં નથીજો. મારગ૦—
મોંઢે મીઠું બોલે, તે થકી નવ રીઝીયેજો,
સાચા સ્નેહ વિના મનડું નવ દીજીયેજો. મારગ૦—
કપટિ હોય તેથી સાચુ નવ ભાખીયેજો,
લોભે લક્ષચૈયે નહીં નાઠા બારી રાખીયેજો. મારગ૦—
સાત ગરબે ગાવ્યા પછી બોલ બોલીયેજો,
બોલ્યા પછી દુઃખ થાય નવ ડોલીયેજો. મારગ૦
વખત વીતી પછી વેચાતી મળે નહીંજો,

પય ન થાયે કદાપી જે થઇ ગયું મહીજો. મારગ૦—
પારા સરખો પ્રેમ જુગતેથી અલજોજો;
વિખરતાં ન લાગે વાર, ચેતી ચાલજોજો. મારગ૦—
બોલતાં મૂલ મનુષ્ય તણું કીજીએજો,
મુખે કહીયે નહી પણ ચીતમાં ચેતીલીજીએજો. મારગ૦—
બુદ્ધિ પ્રમાણે વચન સહુ પડે બકીજો,
દુઃખ માનીએ ન, બીજુ લાવે ક્યાં થકીજો. મારગ૦—
હમો અળગા આતુર વચન મુખેથી ન કાહાઢીએજો,
હૈયું દેખાડાવું હોયતો દેખાડીયેજો. મારગ૦—

ગરબો.

પ્રથમ પુજન પ્રભુનૂં કરિ ભાવે, શાંણી શિક્ષા ધરિયેજી;
લોક લાજથી ડરતાં રહેવૂં, પ્રથગ ન જડ મન કરિયે. શિક્ષા બાળાને.
વ્હેલાં સુઇને વ્હેલાં ઊઠી, દાતણ વ્હેલાં કરવુંજી;
અંગચોળિને ન્હાવું તે પછિ, ધ્યાન પ્રભુનૂં ધરવું. શિક્ષા બાળાને.
પ્રભુનું ધ્યાન ધરી વર×માગી, નિશાળે જવું ધારોજી;
પાઠ સહવારો પોતીકા કરિ, ખાવું ખાઇ પધારો. શિક્ષા બાળાને.
જાતી વેળા માત તાતની, રજા લઇ સાંચરવુંજી;
વાટે જાતા રમત ગમત હોય, તેપર ધ્યાન ન ધરવું. શિક્ષા બાળાને.
પાટિ કલમ કરથી નવ મુકવાં, ભણતાં બાંયે ધરવાંજી;
ગુરૂ કહે-તે તુર્ત શિખી લે, જે તે પોતિકાં કરવાં. શિક્ષા બાળાને.

× વરદાન.

બાળા બાર વરસ રસ મધુરો, વિદ્યા કેરા ચાખોજી;
માત તાત ગુરૂની શિખ ધરતાં, વિદ્યા વાહો ભાખો. શિક્ષા બાળાને.
કક્કો કમળ કળા કળિ કાજે, ઉપમાં માં સોહાયેજી;
પ્રથમે કક્કો ભણતાં બાળા, ઉપમાં રૂપ જોવાયે. શિક્ષા બાળાને.
કઠકા પછિ કકકાનાં પદ છે, હસ્વ દિર્ધ સહુ સમજેજી;
સકળ મનોરથ સિદ્ધ થસેરે, વંચક સિદ્ધિનિ ગમજે. શિક્ષા બાળાને.
જોડાક્ષર જોડયે શબ્દોમાં, જોડાક્ષર વંચાયેજી;
જોડાક્ષર વાંચી જિભ વાળિ તો, વાંચતાં નહિં ખંચાયે. શિક્ષા બાળાને.
વંચક સિધિથિ અનેક ફળ છે, જગનાં નિમ જણાયેજી;
જગ નિમ જાણ્યે જગકર્તાની, કિર્તિ જગે જગ ભણાયે. શિક્ષા બાળાને.
શીખી વ્યાકરણ શુદ્ધ બોલવું, એ પંડિતાઇની રીતજી;
લખવું તે પણ એ થકિ સુધરે, ગદ્ય ગુણે નવનીત. શિક્ષા બાળાને.
ભણવું ભાવે નિશાળમાં જઇ, સરસા સરસી કરવીજી;
ભરત ભરેકો પોપટ મેના, પણ પૂતળિયો ચિતરવી. શિક્ષા બાળાને.
સુચવે ચિત્ર કળામાં ચાતુરિ, એ લક્ષણ છે ઊંચાંજી;
ચિત્ર ચિતરવા ભરત શીખતે, પરખવાં ઊંચાં નીચાં. શિક્ષા બાળાને.
ચિત્ર રૂપકે પ્રતક્ષ જોતાં, ગુણ કર્મ પરખાયેજી;
શાણી મુર્ખને પાંને ન પડો, સ્વયંવરનર હરખાયે. શિક્ષા બાળાને.
ગણિત ગણ્યેથી ગણિત શાસ્ત્રના, વ્હેમ જુઠા જે જોષજી;
તેહ સગજી મનથી તમે તજશો, ખગોળ મર્મથિં દોષ. શિક્ષા બાળાને
ભુગોળ વિદ્યા ભણવી ભાવે. જે પર વસિયે આપણજી;
સરવસ ખોટાં પણ એ સાચી, એછે આપણિ થાપણ. શિક્ષા બાળાને.
ધનવંતી ધમથી રીજેછે, પણ ધન કો દિન જાયેજી

પૃથવી ધનથી બ્યાજ મળે જો, કેળવણીયા ખેડાયે. શિક્ષા બાળાને.
એ પૃથવીનાં રૂડાંવાનાં, પાંચ તત્વછે અળગાંજી;
પાંચ તત્વ આપણામાંછે તો, પૃથવી આપણી છે માં. શિક્ષા બાળાને.
પૃથવી ઉપર ઉર્દ્ભિજ સૌ થાયે, એ માયા પ્રભુ કેરીજી;
નીત નવા નવા રંગો જોતાં, થાયેછે જ્ઞાન લહરી. શિક્ષા બાળાને.
ઘડિ ઘડીયે રંગો બદલાયે, કોટાન કોટી પાકજી.
પૃથવી જનુનીની બલિહારી, ગાતાં ન આવે થાક. શિક્ષા બાળાને.
ભૂ શબ્દે પૃથવી સમઝી લ્યો, ગોળ શબ્દથી ગોળજી;
કહેવાનું કે પૃથવી પણ ગ્રહ, જોજો વાચિ ખગોલ. શિક્ષા બાળાને.
ખગોળ જોતે સંઘે ટળશે, ગ્રહો સહુ છે ફરતાજી:
એ પણ એહનું કામ કરે છે, આખર એ પણ ખરતા. શિક્ષા બાળાને.
ગ્રહો સૂર્યની રવું ફેરથી, રતુ રતુના સુખ લહિયેજી;
ગ્રહો તણીનો ચાલ જણાયે, ત્હેનો દિનમાંણુજ કહિયે. શિક્ષા બાળાને.
એક એકથી અંતર દુરના પ્રમાંણુ ગણિ તે ગણાયાંજી:
એ સંધાંને નિરખી ખગોળે, પૃથવી પ્રમાંણે ભણિયાં. શિક્ષા બાળાને.
તે ઊપર ઉદ્દભીજ શરીરે પણ કહેવી તે ન લહાયેજી;
એ માયાપર બ્રહ્મજ કેરી, કથીનાં પરખાયે. શિક્ષા બાળાને.
ઇતિહાસોથી દેશ દિગવિજે, વિજય વિનો ફલકાયેજી;
શુરવીર પણ ધીર ક્ષમા ગુણ, ઇતિહાસેજ જણાયે. શિક્ષા બાળાને.
ખબર પત્ર ને ચરચા પત્રો, ઉમંગથા વચાયેજી;
ચતુરાં મળી બેઠું હોય ત્યાં, એ વાતો ચરચાયે. શિક્ષા બાળાને.
કુથલી બીજી વગર કામની, પરનિંદા તે પળાયેજી
શાણે શાણા હોય મળેલાંતો, વાદ વિવાદો થાયે. શિક્ષા બાળાને.

કાવ્ય કલ્લોલ લોલ ભણિ બેઠાં નાચે ન ગરંગ મ્હોટાંજી;
મોટમ ધરતાં માંન પ્રતિષ્ઠા, ચરિત્ર રચે નવ ખોટાં. શિક્ષા બાળાને.
ભણવું પણ ધરનો ધંધો શિખિ શાણા થૈ પરણવુંજી;
બાર વરસ નીશાળે ભણવું, પછિ પતિ પાસે ભણવું. શિક્ષા બાળાને.
શ્વસુર સાસુની આગાગાની ચાનર વડિલ જે હોયજી;
કોને મહું મનવવું નહિં સૌ, ગુણ રૂપ રૂપે જોય. શિક્ષા બાળાને.
બતરીશાથી બતરીશ લક્ષણ, બુધ્ધિ બાળ શકી લહિયેજી;
દલપતરામ કહે શુ શિખપણું, રિવકા રચે એ કહિયે. શિક્ષા બાળાને.

(ગીત ગરબાવળી.)

ગરબો.

(એક છોકરી પોતાની માને કહે છે.)

માત મ્હારી હો નિશાળે મૂક, વાધું વિધાભ્યાસથી;
વિધા તત્વથી આનંદ ભેર, નિરખૂં ગૂંજાસથી—ટેક
ભણતાં બુધ્ધિ તો વધે, વધે બુધ્ધિથી જોશ;
જોસ વધે જે વાતમાં, તે વાતમાં છે વધુ હોંસ. વા—મા—૧
મુજથી ન્હાની બાળકી, શીખે રૂડી પેર;
આખો દહાડો રમતમાં, કેમ કહાડવો મ્હારે ઘેર. વા—મા—૨
ખાવા આપજો ખીચડી, ન માગું સાકર પાક;
સૂકો ખાતા રોટલો, મુજ થાય ને નીચૂં નાક. વા—મા—૩
સાદાં વસ્ત્રો પ્હેરિને, ભણવું મ્હારે કાજ;

સૈયરમાં જઈ બેસતાં, અભણેલનિ આવે લાજ. વા—મા—૪
મુરખી મુરખી કહે મુને, શાણો સૈયર સાથ;
કહે બ્હેની કેમ મુરખ તું, કોણ ઝાલશે ત્હારો હાથ. વા—મા—૫

ગરબો.

બાળકીયોનું કહેવું.

દૈયે શાણી શીખ જે, બ્હેની મ્હારિ હો નિશાળે આવ. દૈ—ટેક.
આજ સમો વિદ્યા તણો, સાર સુધારો માન,
વિદ્યા વાદ તણી પ્રીયા, બ્હેની તેહનું ધરતું ધ્યાંન. દૈ—બ્હે—
પાછળ પસ્તાવો થશે, રમતો હાલ રમાય;
કુમળું ઝાડ નમે ખરૂં, પાકટ થાવે ન નમાય. દૈ—બ્હે—
એમ બકે સૈ બાળકી, માગે લાગુ માત;
હાલ નિશાળે મૂકતા, ગણિકાપ્રત કવિની ખ્યાત. દૈ—બ્હે—

ગરબો.

(ગોકુળ ધરથી ગોવાલણી ઊતરીરે લોલ.) એ રાગ.

વ્હાલી બ્હેની શિખાગણુ ગાનનીરે લોલ,
સૂંણ ગાનનીરે; ચંદ્ર જ્યાંમનીરે; બ્રહ્મ તાનનીરે;
કહું ગુણછે અગાધરે, વિદ્યા આ ભવમાં છે કામનીરે લોલ. વ્હા—ટેક.
વિનવિ વિનતી કરૂં છું હું એટલી રે લોલ.
ભાવથી ભણીરે શાણિ આવરીથિ વાધરે. વિ—વ્હા—૧
માર્ગ સાધતો રચ્યાં છે વિદ્યા થકીરે લોલ;
તો ન કહાં ભણીરે, હાળુ ભવના જે ખાધરે- વિ—વ્હા—૨

સ્વયંવરમાં સ્વયંજુનિ ચાતુરીરે લોલ;
ભવ સંબંધગાંરે, પરખ કરતાં ન ખાધરે. વિ—વ્હા—૩
શિખી વિદ્યા વિવેકી કુંદન બનીરે લોલ;
લીલા રહવારનીરે, મનહર હીરાને લાધરે. વિ—વ્હા—૪
મણી જોડી કોડીલી ભલી કરીરે લોલ;
લૈ સુખસારનેરે, શાણી ભકતીને આધરે- વિ—વ્હા—૫
કવિ દલપત કહે અકળાઇને રે લોલ;
સરવસ ખોયૂંરે, આજ દેશિગોથિ દાધરે- વિ—વ્હા—૬

ગરબો.

૩૫૬—૪—ગરબી નારાયણ નામ લેની તું પ્રાણીરે એ રાગે.

વૈધવ્યરીત ન પાળવા વિષે.

દેસી જનો વ્હેંગ જુઠા તમો મુકોરે,
થઇ ચતુર હવે કહાં ચુકો;—દેશી—થઇ—ટેક.
એરંણે પ્રથમ સહગવન કીધુંરે,
તેહેણે ખરૂં પ્રિતી સૂખ લીધું રે,
પ્રેમે તન મન અરપી દીધું.—દેશી—થઈ—૧
બાકીનીયે દેખા દેખી પાળ્યું રે,
ભોળે ભાવે રૂપને બાળ્યું રે,
અહેમાં કાંઈ એક છે અંહેવું ભાળ્યું—દેશી—થઇ—૨
પછી એ ચાલો વધ્યો ભારી રે,
રાજા રજવાડોયે ઠારોભારી રે,

જૂલમ કરિ અબળાઓને ગાળ્યાં.--દેશી--થઇ--૩
આખર આણ્યો અંગ્રેજે આવી રે,
અબળા બાળ તે બળતિ મુકાવીરે,
દેશમાં આણ એ વરતાવી.--દેશી--થઇ--૪
તેમ વૈધવ્ય રીતે નાંખો રે,
એથી પાપ થશે એમ જાણો રે,
પણ પાપ વૈધવ્યથી માણો.--દેશી--થઇ--૫
કેમકે દેખાદેખી એ કરતારે,
સા માટે તેના નથી કલ્તારે,
ભોળાભાવે ગાડ ગળીએ પળાતાં--દેશી--થઇ--૬
કાંચળીઓ તેથી ન પ્હેરાયરે,
ચોળી અતલસની પહેરાયરે,
મંદિરને નામે બહાર ફરાય.--દેશી--થઇ--૭
માટે વૈધવ્ય ઢોંગ ન પાળોરે,
પૂનર લગ્ન તરફ મન વાળોરે,
બ્હેનથી બળાને ન બાળો.--દેશી--થઇ--૮
એથી પાપ ઘણેરાં થાતાંરે,
બાળ હત્યા હળા હળ પાતારે,
બાળ હત્યા સ્ત્રી હત્યા કહેવાતાં.--દેશી--થઇ--૯
એવું પાપ નથી નાકહોનીરે,
આછે રૂડી શિખામણ લોકનીરે,
પૂનર લગ્ન સુખે થાવાદોની.--દેશી--થઇ--૧૦
ન્યાતે ન્યાત મળોતો સારૂં રે,

અહેમાં અળગાનું ને તારૂં રે,
ભવમાં કોઈ ન કહેશે તારૂં.—દેશી--થઈ-૧૧
નરકાગ રૂપનરી માયા રે,
પ્રભુને એ સગાનછે કાયા રે,
તો કહો કામને મુકે માયા.--દેશી--થઈ-૧૨
જગપતિનું સ્મરણ લૈ એ કરવું રે.
એથી ભવમાં પાળ ઉતરવું રે,
દલપત કહે આ દુઃખને તરવું--દેશી—થઈ-૧૩

ગરબો.

(માગું માગું છો ઇશ્વર આપરે—એ રાગ)

માગું માગું સરસ્વતી માતરે, આપો આપો કૃપા કરી આજરે.
ભણીઓ વિદ્યા માતા હમે સારીરે, પાયે લાગી માતા માગું મારીરે.
બુદ્ધી રૂડી તું હમને આપરે, પાપ સઘળાં હમારાં કાપરે.
આપ હમને તું એવું ધારીરે. પાયે લાગી માતા માગું મારીરે.
માતા કરની તું હમપર મ્હેરરે. ભણે બાળાઓ રૂડી પેરરે.
ભણવે સુખ થાશે બહુ ભારીરે, પાયે લાગી માતા માગું મારીરે.
ભણે વ્હેમ સઘળાતો નાસેરે, શીની નઠારી જે જે ભાસેરે.
તેને કાહાડવાની આવે વારીરે, પાયે લાગી માતા માગું મારીરે.
ભણવે સદગુણ સઘળા આવેરે, હેત વધે સકળ શું ભાવેરે.
હમને બુદ્ધી આપો માતા સારીરે, પાયે લાગી માતા માગું મારીરે.
માતા તમને સેવે જગ આખુંરે, બાળ સુબોધ ગરબો ભાખુંરે.
જેથી સુધરે ધીરજ સૌ નારીરે, પાયે લાગી માતા માગું મારીરે.

ગરબો.

ગા મુજને કેમ દીધીરે કુંડી કંથને, (એ રાગ)

મા મુજ ભણવાને શેના મોકલે,
સૈયરો સહુ નીત્ય નિશાળે જાયજો;
સજી નવ દીસેરે કોઇ મારે ભલે,
એ માટે અંતર મારૂં અટવાયજો.—મા મુજને

સુધરીગો સખીઓરે મારી જોડની,
લખવે ભણવે વારૂ લક્ષ વિવેકજો;
અંધારૂ ઝાઝુરે મારા અંગમાં,
અંજાણી હું સૈયરમાંહ્યું એકજો.—મા મુજને

હું ભણવાથી તુજને લાભ થશે ઘણો,
વપુ વિચાર કરીલે આણી હેતજો;
આ અવસરમાં લાહાવો રૂડો લીજીએ,
માટે વિદ્યા ભણવા ધારૂ વેતજો.—મા મુજને

અધમ જાત તે ઉતરા થાય ભણવા થકી,
તો રૂડા કુળની કેમ શુદ્ધ ન થાયજો;
સુધારો વ્યાપ્યોરે સઘળા શહેરમાં,
ભણતરથી દુઃખ સરવે દુર પળાયજો—મા મુજને

ગ્યાન તણા ગ્રંથોરે હું વાંચુ ઘણાં,
રસના માહારી વાળીવળસે આજજો;
મોટપણુ વસશુરે વિદ્યા શિખતાં;
સારી રીતે સુધરશે મુજ કાજજો.—મા મુજને

શું સુકીત બીજુરે આ સંસારમાં,
વિદ્યાથી વશ સરવે પ્રાણી થાયજો;
અંધારા ઘરમાંરે દીવો જેવડો,
વસ્તુઓ બહુ તેવીણુ કેમ દેખાયજો—મા મુજને
પરણીને જાવુંરે મારે સાસરે,
નણંદો સાસુ વીનય થકી વસ થાયજો;
કામ થકી કામણુરે બીજાં છે નહી,
ધીરજ ગનસુ જાણો મારી માતજો.—મા મુજને

ગરબો.

"હારછો હારછો હારછોરે તમે હરી હૈયાના હાર છો." (એ રાગ.)
ભુલમાં ભુલમાં ભુલમાંરે, સખી ભણવાના ઉદ્યમ ભુલમાં.
જાણું છુ ઝાઝુ ફુલમાંરે, સખી ભણવાનો ઉદ્યમ ભુલમાં.
પ્રીતી તજી તે પાઠ લેવાની, અવશર જાયછે અમુલ્યમાંરે—સખી.
ભણવે સુખ થશે ભવતરશુ, ગણાઇ શું સતીયો તુલમાંરે—સખી.
સંસાર રૂપી માહાસાગરમાં, નાવ આવ્યું છે ડુલમાંરે—સખી.
ધીરજ કે તે ઘટમાં સમજો, મુરખ વચન કબુલમાંરે—સખી ભણવા

ગરબો.

(લગના નહીં થાય લગાર કામર મંત્ર કરી.—એ રાગ.)
નહી ભુલુરે મારી માત, ભણવું નહી ભુલું—ટેક.

જેહ તમો કહેશો તે કરશું, ધરશું સઘળુ કહેણરે;
હું બાળાને નહી તરછોડે, મા ચાંપુ તમારા ચરણ.
ભણવું નહી ભુલુ, નહી ભુલુરે મારી માત—ભણવું નહી ભુલુરે.
મારે માટે મુજને કહો છે. સહુ છું સઘળા બોલરે;
એ ગુણ કોઇ અવસર નહી ચુકુ જો જો મારૂ તોલ.
ભણવું નહી ભુલું. નહી ભુલુરે મારી માત—ભણવું નહી ભુલુ.
ભુલે ચુકે મે નહી જાણ્યુ, ભુલી સઘળુ ભાનરે;
દયા કરો મુજ ઉપર માતા, ધીરજ કહુ આ સ્થાન.
ભણવું નહી ભુલું નહી ભુલુરે મારી માત—ભણવું નહી ભુલું.

ગરબો.

થાયછે કેફ કર્યાથી દુઃખ કહું તે કેટલુરે લોલ (એ રાગ)
થાસે બાળાઓ વિદ્વાન, જોભણસે ભાવથીરે લોલ.
પામે પુરૂષ થકી બહુ માન, પોતાના સાથમાંરે લોલ.
અક્કલ અદકી આવે અંગ, ઉમંગ વધે ઘણોરે લોલ;
ભારે વહેમો થાયે ભંગ, ભણે બાળી તણારે લોલ.
પુસ્તક વાંચી પામે પાર, નીતીની રીતનારે લોલ;
ભલો માને ગુણ ભરથાર, વચન સુણી રીતનારે લોલ.
એછે ત્રણ લોકનું તત્વ, સકલ સંસારમાંરે લોલ;
સાચુ જાણી વિદ્યા સત્ત, ભણી રહો ભારમારે લોલ.
ધીરજ કહેતે ગાનો સત્ય, ભણો સૌ ભાવથારે લોલ.

ગરબો.

રખુ પતી રંગ રૂદેમાં રેહેજોરે (એ રાગ)

શાણી સખી વાત રૂદેમાં લેજોરે—ટેક.
સખી પડવે તે પીતાજી પ્રીતરે,
કીધો ઉપદેશ રૂડી રીતરે.
ભણ વિદ્યા તું પુત્રી નીત્યે—શાણી સખી.
તેથી સુખ પામીસ કહું સાચુંરે,
માટે રૂડું છું તારૂં રાચુંરે.
કહ્યું માતે ન મુકયું કાચું.—શાણી સખી.
સખી બીજે તે બોધ મે જાણ્યોરે,
આતી અંતઃકર્ણમ આણ્યોરે;
મન ગમ્યે વિચારીને માણ્યો—શાણી સખી.
સખી ત્રીજે તે તન મુજ હરખ્યુંરે,
મુજ પીતાજીનું મન નરખ્યુંરે;
પ્રીત આણી મે પુરણ પરખ્યું—શાણી સખી.
સખી ચોથે મેં વાત વિચારીરે,
એક શીલેટ હતી તે ઉતારીરે;
ભાવે ભણતું અંતરમાં મારી—શાણી સખી.
સખી પાંચમે કક્કો હું સીખીરે,
કીધી તનથી મેહેનત તીખીરે;
મારી પીતરણએન તો ધીખી—શાણી સખી.
સખી છઠ્ઠે પદે સહુ કીધારે,

અ, આ, ઇ, ઈ, એ અક્ષર લીધારે;
સર્વે કારજ મારાં સીધાં—શાણી સખી.
સખી સાતેમે વાંચવા માંડયુંરે,
ભાવે ભણતાં મુજને ભાવ્યુંરે;
ઘણું હેતેથી મનમાં ધાર્યું—શાણી સખી.
સખી આઠેમે અક્કલ આવીરે;
મારી મેળે હું લખીને લાવીરે;
ત્યારે પીતાજીને મન ભાવી—શાણી સખી.
શખી નોમે તે વાર ન લાગીરે,
ખોટા અક્ષર કેરી ભાંગીરે;
મારી મેળે પુસ્તક લીધું માગી—શાણી સખી.
સખી દશમે દયા કીધીરે,
આપી ચોપડી તે વાંચી દીધીરે;
શુણી કંઠી મને હાલ કીધી—શાણી સખી.
સખી એકાદશી ઉપવાસીરે,
માંડયું ભણવાને મટી ઉદાસીરે;
મને સહાય થયા અવીનાશી—શાણી સખી.
સખી બારસે બહુ સુખ પામીરે,
હું તો સઘળી હકીકત પામીરે;
કીધુ હેત નહી રહી ખામી—શાણી શખી.
સખી તેરસે તન મુજ તાજુંરે;
એક જીભે કહું શું ઝાઝુંરે;
સદા અંગ રહેશે હવે સાજુ—શાણી સખી.

સખી ચઊદસે ચાતુરી આવીરે;
ઘણાં બોધની બુકો મંગાવીરે;
વાંચી સુણતા પીતાજીને ભાવી—શાણી સખી.
સખી પુનેમ ચંદ્ર પ્રકાસેરે,
સીખી લખતાં ભણતા હુલાસેરે;
મારી સફળે ફળી સર્વ આશા—શાણી સખી.
સખી પક્ષ અંધાર્યું આવ્યુંરે,
ભણી હું તે સરવને ભાવ્યુરે;
ગ્નાન ધીરજ રામે બતાવ્યું—શાણી સખી.

ગરબો.

ભાંઘ પંડીત ની પુત્રીનું દ્રષ્ટાંત.

ચાસે વિનતાઓ વિદ્વાન જો ભણસે ભાવથી રે લોલ. (એરાગ)
જેની નગરી માળવ પ્રાન્ત, હૈયાગાં ધારજોરે લોલ.
રાજા ભોજતણું ત્યાં રાજ, હતું પુર્વે સહીરે લોલ.
અન્ય તંનથી સઉને તાજ, કુકર્મ કરે નહીરે લોલ.
નીત્યે બ્રંહ્મ સભા ભરપુર, ભરે ત્યાં મંડળીરે લોલ.
વિધાવંતા નરનાનુર, શકેના કોઇ કલીરે લોલ.
તેમાં મુખ્ય શ્રી પંડીત ગાઘ, માનીતા રાયનારે લોલ.
જેને સર્વે નગાવે પાઘ; ચુકે નહીં ચાહનારે લોલ.
પોતે બે પુત્રીના બાપ, ચયા ઘરડાં ઘણુંરે લોલ.
જોની છાજે શાસ્ત્રમાં છાપ, ગ્રંથો છે તે તણારે લોલ.

ભણાવી પુત્રીઓ સુખપેર, અતી ઉમ ગથારે લોલ.
આણી મનમાં ઝાઝા મેહેર, ફ્ડેરા રંગથારે લોલ.
સુધરી બાળા આઠકા એક, મેહેનત મંજુર પડારે લોલ.
બીજી મુરખ રહી ગઇ છેક, ચતુરાઈ નવચડારે લોલ.
પાસે બોલાવી એ બાળ, બીરાજ્યા બાપજીરે લોલ.
તેઉને પુછ્યું ત્યાં તતકાળ, કે કોણ પ્રતાપથીરે લોલ.
આપે ઉત્તર એ અભણેલ, મીઠા વચણે ધરીરે લોલ.
ખાંતે પામું ખટરસ ખેલ, તમારો આસરોરે લોલ.
સઘળું પામું છું જે સુખ, તે બાપ પ્રતાપથીરે લોલ.
બીજી કુંવરી બોલી મુખ, ભણી હું આપથીરે લોલ.
મુજને ટેકો દીધો તાત, તો સાચે સુધરીરે લોલ.
નહીં તો અભણેલી કુંવાત, મુરખ હું ખરેખરીરે લોલ.
આજથી ભાગ્યતણો પ્રતાપ, હશે તેવું થસેરે લોલ.
મેહેનત કીધાથી જે બાપ, તે કયગ ફાસુ જસેરે લોલ.
સુણતે ડોશાજી દીલગાંય, જોવું કહે પારખુરે લોલ.
સરખે સરખું જોયુ ત્યાંય, પોતાના સારખુંરે લોલ.
બાપ પ્રતાપ કહ્યું જે બાળ, તે પરણાવવારે લોલ.
વીહવાં કીધે ત્યાં તતકાળ, અધિક જશ પામવારે લોલ.
ભરચ્યો અઇશો અપરંપાર. લાયક વર લાવીયારે લોલ.
અભણેલીને દઇ આધાર અધિક જસ કહાવીયોરે લોલ.
વળતી બોલાવ્યાં બે ચાર ડાહ્યા વિધાર્થીરે લોલ.
તેને કહી દેખાડયો સાર પોતાના પ્યારથીરે લોલ.
લાવો ઝાંડો કોઇ કુરૂપ આપણની ન્યાતનોરે લોલ.

વિદ્યા રહીત ને સ્યામ સ્વરૂપ, જરૂરી જાતનોરે લોલ.
ઈહીં ચાલ્યા તે જણ ચાર, ન વાર કરી ઘણીરે લોલ.
આવ્યા ઉજેણીને બાહાર, છાયા જયાં વડ તણીરે લોલ.
હતો નીચે મોટો કુપ, ડાળા ઉપર ખરાંરે લોલે.
ત્યાં એક દીઠો સ્યામ સ્વરૂપ, વચન મુખ ઉચર્યારે લોલ.
બાપતું કયમ બેઠો છે ડાલ, પડીશ કુવા વિસેરે લોલ.
કહેતું કુણ બ્રાહ્મણનો બાળ, આવ્યો સોદ આ દીશેરે લોલ.
વળતો ઉત્તર આપે એહ, કે જમવા કારણેરે લોલ.
પતરાળુ કરવું છે તેહ, આવ્યો છું બારણેરે લોલ.
આગળ મરી ગયાં મા બાપ, છું પંડે એકલોરે લોલ.
ટળીયો આજતણો સંતાપ, મળ્યો જજમાન ભલોરે લોલ.
પંડીત માધ તણી હું ન્યાત, મુદ્દલ ભણ્યો નથીરે લોલ.
માટે મહેનત કરૂં બહુ જાત્ય, સંકટ છે સરવથીરે લોલ.
વળતા બોલ્યા તે જણ ચાર, વડા વિદ્યાર્થીરે લોલ.
પામ્યા પુરણ તેનો પાર, માન્યુ સહુ મનથીરે લોલ.
કેહેરે ચાલ્ય અલ્યાં અમ સાથ, તને પરણાંવીએરે લોલ.
એવું કહીને ઝાલ્યો હાથ, ન ખોટું કહાવીએરે લોલ.
નાના કરતો લીધો તેહ, ઘણો સમજાવીયોરે લોલ.
દીઠો પંડીતજી એ દેહ, ભલેરો લાવીયોરે લોલ.
કુંવરી જેહભણી ભરપુર, પરણાવી તે સમેરે લોલ.
અધીક સ્નેહ નહી કાંઇ ઉર, ડોસો ઝાઝુ દમેરે લોલ.
મોકલી સાસરીયે તે દીશ, તેડું કદી નવ કરેરે લોલ.
અબળેલીને માન અતીશ, અહર નીશ આદરેરે લોલ.

બુદ્ધિવંતી જેછે બાળ, તેણે વિચારીયુંરે લોલ.
હું કાંઇ સુધારૂં ભરથાર, એરીતે ધારીયુંરે લોલ.
લઇ ચાલીને દે નીતલોભ, ધીરજ મનમા ધરીરે લોલ.
લીધી શિખ્યા કાળીદાસ, સાગાથી સંચર્યારે લોલ.
વળતી માંડ્યો વીદ્યાભ્યાસ, દેશાંતર પરવર્યારે લોલ.
ભાવે ભણીયા તે ભરપુર, મહેનત કીધી ઘણીરે લોલ.
શ્રેષ્ટ કવિતા માંહે સુર, વિખ્યાતિ પામીયારે લોલ.
પનરે વરશે આવ્યા ઘેર, પોતાના ગામગાંરે લોલ.
સસરા નવ જાણે કંઇ પેર, રહેનીત કામમાં રે લોલ.
એકદીન સભાભરી ભુપાળ, શ્રી ભોજ ગીસજીયારે લોલ.
જાણ્યું કાળીએ તતકાળ, જઇ ત્યાં ગાજીઆરે લોલ.
કીધા સસરા સાથે વાદ, હરાવ્યા આપથીરે લોલ.
સાચો જાણાવ્યો ત્યાં સીંહનાદ, તે સ્ત્રી પ્રતાપથીરે લોલ.
અરધી ગાદી નો અધીકાર, ભોજે તેને કર્યોરે લોલ.
જેરશો વધીગો સઘળે ભાર, અધીક જશ જામીયોરે લોલ.
કીધો વિદ્યાઓનો સોધ, કે ગ્રંથોજ રચ્યા ઘણારે લોલ.
વળી એક બાંધ્યોછે શ્રુતબોધ, તેમાં કાંઇ નહી મણારે લોલ.
સસરા પ્રીતે લાગ્યા પાય, કે કુંવરી કથનેરે લોલ.
ભામની ભણીને ઉઘડ્યુભાગ્ય, પોહોંચી શુભ પંથનેરે લોલ.
એવું જાણી ભણસે જેહ. તેતો સુખ પામસેરે લોલ.
નિશ્ચ જાણો નીસંદેહ, દુરીત દુઃખ વામસેરે લોલ.
કહે ધીરજ આ શુભ વાત, હૃદેમાં રાખજોરે લોલ.
ભોજ પ્રબંધ માંસે વિખ્યાત, કોઇક દીન દાખજોરે લોલ.

ગરબો.

રાજની સદગુણના શણગાર, સજીને શોભીયેરે લોલ,
નીરલજ નકટ કપટ કરનાર, કને નવ થોભીએરે લોલ,
નીરમળ સમતા અંગતરંગ, વીષે નીત ન્હાઇએરે લોલ,
સદગુરૂ બોધ સુગધી અંગ, ઉમંગે વાઇએરે લોલ,
ઉત્તમકુળી મરજાદા અંબર, પ્હેરી પ્રીતીએરે લોલ,
તજીએ અવગુણ આડંબર, રહીએ રીતિએરે લોલ,
કરીયે નીતી તીલક કપાળ, સિથાળ દીપાવીએરે લોલ,
બાગવાન બાગની ભમરવિશાળ, કે આડ ઓપાવીએરે લોલ,
લજ્જા અંજન આંજો આંખ, જગતજોનજર જામવારે લોલ,
સજી કરદાન મણી કંકણ, કુળવટ નવચુડીએરે લોલ,
પ્હેરી પ્રભુઆજ્ઞા ઝાંઝર ઝટ, પગ પછી સુડીએરે લોલ,
વીધા હુનર હીરલાહાર, હરખી હૈયે ધરોરે લોલ,
ભણી નિતી પ્રેકરણ સંવળોસાંર, તમે કંઠે કરોરે લોલ,
ગુંથી સત્ય કુસંગની માળ, પ્રીતે પેહેરી પરોરે લોલ,
નીતી ગુણ ગુલબાસ ગુલાબ, સુવાસ સદા અહોરે લોલ,
લાયક સદગુણનો ઇલકાબ, લલીત લલના લહોરે લોલ,
સજસે આ શણગાર અખંડ, એવાતણુ એહનુંરે લોલ,
કહેછે ધીરજ પુન્ય પ્રચંડ, તમેછે તેહનુંરે લોલ,

ગરબો.

આ ગણપતીના પ્રીતે પુજું પાયજો. (એ રાગ)
મનુસ્યા દેહમાં અવતરવાનો સારજો,

કાં નરને કાં નારીજાતી બેઉનેજો.
વિદ્યા ભણવી કહું શું વારંવારજો.
તેથી રૂડું થાસે ઝાઝું તે તણુંજો.
પરથમ તારી સારી રીતે આલોજો.
માત પીતા કહેતે મસ્તકે ધારવુંજો.
ઘર ધંધાગાં ચીત્ત ઘણેરૂ ધાલોજો.
ખોટે રસ્તે જાતાં મનને વારવુંજો.
પરણ્યા પછી પીયેર ઘણુ ન રેહીયે જો.
જઇને સાસરીયે રહીએતો સોભીએજો.
નાવણુ ધોવણુ શરીર સુધારીએજો.
ઘર સંપત્તી રીતે વસ્તર પેહેરીએજો.
નીંદા કોઇ કરે તેવું ના કદી કરીએજો.
કામ વીના કંઇ નવ સંચરીએ શેરીએજો.
હળવે સાદે વાણી, મુખથી વદીએજો.
કુડુ મુખથી વેણુ કદી ના કહીએજો.
સુખ હોયતો છેક છકી નવ જઇએજો.
દુ:ખ હોયતો ગંભીરતાથી સહીએજો
ઘણાં પુન્ય કર્યાં હોય તેને ઘેરજો.
તરૂણી પામી જાય દીવસ ટેકથીજો.
કહુંછુ ધીરજ પ્રીતે સાચી વાતજો.
જુસ નથી આ કહ્યુંછું એમાં ભાળજોજો.
ખરા સ્નેહથા કરીએ સઘળું ખ્યાતજો.
આ પ્રમાણે પ્રીતથે બાળા પાળજોજો.

ગરબો.

તેતો ખરડા ઘર કીધું, વાલમ વરણાગીઆરે (એ રાગ)

સરખી વયની બે ત્રણ સખીઓ ભામીની ભેલી મલીરે.
નીરમળ અંગી સંગ નીરખીયો તનમાંથી સંકા ટલીરે.
એક કહે સુણ સહીયર મારી, બહુ વરસે ભેગાં થયાંરે.
પીયર તજ્યું પરણીને પ્યારી, ગોરડી સાસરીયે ગયાંરે.
કાગળ પત્રતો કોઈ ન લખીયો, બાળપણું પ્રીતી તજીરે.
ખબર પુછે સ્નેહી સખીઓ ભાવ ઘણો તુજને ભજીરે.
ઉત્તર વળતો વિનતા આપે, સાંભળ વારતા સ્નેહથીરે.
સહીયર શા રૂપે સંતાપે, વહાલા તમો મુજ દેહથીરે.
અક્ષર જ્ઞાન ન સ્વપ્ને કીધું, તો કાગળ કેમ ઝાલીએરે.
લીપી પુસ્તક હસ્ત ન લીધુ, તો ઉધ્ધું શું વાલીયેરે.
ભણવાથી ભામનીયો વંઠે, એવું લોક કહે ઘણુંરે.
જેમ મણી મરકટ કંઠે, ભણવે તોલ ધરે ઓતણુંરે.
એવુ સુણીને વનિતા બોલી, તોળી અક્ષર તનમાંરે.
ભણવે દોષ, [illegible] ભોળી ભાન્યની શુ તુજ મનમાંરે.
અક્ષર સ્વાદ તે ઉંટ શું જાણે, શીંગ ચાવે નીત લક્ષથીરે.
મુરખી તું તો મનમાં માણે, વિદ્યા ન ઉપજે વૃક્ષથીરે.
આગળ મુજને વહેમ હતો બહુ, તેહ જેસો સ્નેહ તારૂણીરે.
ભામ્યની કેટલું તુજ આગળ કહુ દુઃખ પીડા તજો દારૂણીરે.
અભ્યાસ કરાવે સરવે ગોરડી, ટળસે તાપ સહુ તનનારે.
સરવ મનોરથ સફળ ફળસે, ભાન્યની તારાં મનનારે.

વિદ્યા રૂપી દીપક કરમાં, ધરતાં સઘળું દેખશોરે.
અધીક કહુસું આ અવસરમાં, પરી બ્રહ્મ પ્રીતે પ્રેખશોરે.
જ્ઞાન તણા પુસ્તકો વાંચી, જુગતી સઘળું જાણશોરે.
સાચી વસ્તુ દીલમાં સાંચી, અક્કલ અતીસે આણશોરે.
ભણુવાથકી સહુ ભાગ્ય ઉઘડશે, પ્રેમદા દુઃખ પડશે નહીંરે.
બહુ સુખ સંસારમાં જડશે, ભણુ વિદ્યા એવું લઇએરે.
હેત ઘણાથી ધીરજરામ. સહુનું રૂડુ ચાહેછેરે.
ભણુવે સુખ ગળસે ભરપુર, વળી નીરમળતા થાય છેરે.

માબાપની આજ્ઞા પાળવા વિષે.

ગરબી.

પાળવી પાળવી પાળવીરે,
એની આજ્ઞા માબાપની પાળવી, એની૦
હુલ્લાસતી દુરનિત્ય ટાળવીરે,
ધ્યાન ધારી શીખ તેની સાંભળવી,
એ પછી ઉરમાં ઉતારવીરે. એની૦
આડું ન ચાલવું એની આજ્ઞાથી,
લેશ નહીં કરવા ઉપાયવીરે. એની૦
સોંપેલું કામ શુભ રીતે બજાવી,
લેશ ન વાર લગાડવીરે. એની૦
આણી ઉમરનો આધાર એ પરૂ
તે શીખ ઉરથી ન ટાળવીરે. એની૦

સારૂ થવાની શીખામણ સુણીને,
ચિત્તમાં નિત્ય ચોટાડવીરે. એની૦
કડવી શિક્ષા સદા માતા પિતાની,
મીઠી ગણેથી લગાડવીરે. એની૦
ઉલંઘવી નહીં આજ્ઞા એવણની,
આદુર થઇને બજાવવીરે. એની૦
એથી અપાર માન મળશે મનુષ્યમાં,
વિજયના માળ ઉર ધારવીરે. એની૦
મા બાપ રાજી થાય તે રીતે,
તે રીત ધ્યાનમાં ધારવીરે. એની૦
કડવું કથને કદી તેને ન કેહેવું,
સારી વાણી સંભળાવવીરે. એની૦
સામું ન વદવું વેણ નઠર થઇ,
આધિનવૃત્તિ ઉર આણવીરે. એની૦
માત પિતાના પવિત્ર ચરણમાં,
તાબેદારી તો બજાવવીરે. એની૦
એવા નિયમ હરનીશ રાખીને,
સહુ લાયક શીખ ધારવીરે. એની૦

શિયળોપદેશનો ગરબો.

સખીયો નિજ નિજ નિતી ધર્મ સદા સંભાળીએરે.—એ રાગ.

સજની રજની વાસર પરમંદિર નવિ પેસીએરે,
લાજે જાત માતને તાત સઘળું કુળ,
આનતણી પરે કદી છુટે લજ્જા પાળીએરે,

આંગળિ દેખાડી કહે લોક કર્યું પ્રતિકૂળ,
એહેની શિયળ સુભુષણ સજીએ આ સંસારમાંરે,
સતિને પતિ વિણ પારકો, ભ્રાત તાત અનુકુળ.
સ્વપ્ને અવર ન ચિંતવે, જાણે વાગ્યું શૂળ.
ગુણવંતી ગોરી નવિ ચુકે પતિવ્રત ધર્મથી રે,
જે કુટિલા પરઘર ભટકે તસ ગાધે ધુળ. એહે૦ ૧
પ્રેમ સહિત પરપુરૂષથી, હસિ નવ કરીએ વાત,
અસુર સવારે એકલાં, જઇએ નહીં એકાંત.
નટપીટ પરનર સાથે નયણો નયણ ન જોડીએ રે,
લાજ સહીત આધું ઓઢી સંચરીએ વાટ. એહે૦ ૨
સદાચાર નવ ચુકીએ, સુખ દુઃખ પડે અપાર,
જતાં પ્રાણ પરવશ થતાં, તજો ન શિયળ શ્રીકાર.
ચંચળ ચાલે ચાલી તાળી હાથ ન આલીએ રે,
ખોટી બુદ્ધ આળસ ખાઇ કરો ન વિકાર. એહે૦ ૩
વિષય લુબ્ધથી આવરની, અહો ન વરતુ હાથ,
નારૂ કારૂ નારથી, પ્રીત ન કરીએ સાથ.
સંત પતિરૂપ સમો પર પુરૂષ નજર નહીં આણીએરે,
હોય કરૂપો પણ પગ ગણીએ પ્રભુસમ નિજનાથ. એ૦ ૪
સિતા દમયંતી સતી, [illegible] ગુણ ભંડાર,
[illegible] સંકટ સહી; સાચવ્યું શિયળ શ્રીકાર.
[illegible] થયો પરિક્ષા [illegible] કસોટીએ રે,
[illegible] જળ [illegible] ધાર. એહે૦ ૫
[illegible] પિતા સમ જાણીએ, [illegible]

નણંદ દેરાણિ જેઠાણિનો, કરો વિનય દુઃખ વેઠ,
કલેષ ન કરીએ ધિરજ ધરીએ વિપત વિષે ઘણીરે,
પરનિંદા તજીએ ભજીએ પ્રભુ સારી પેઠ. બેહે૦ ૬
નિજ તનુજાને મોકલો, ભણવા શાળા માંય,
પ્રવીણ થતાં જિન ધર્મમાં, સંતતિ સારી થાય,
કન્યાશાળા જૈન ધર્મની જયવંતી રેહો રે,
આશિર્વાદ વદે શુભ સાંકળચંદ સદાય. બેહે૦ ૭

ઘરડા ભરતખંડની ઇશ્વર જોગ અરજી.

("ઓધવજી સંદેશો કે'જો શ્યામને.") એ રાગ.

અંધારે શું નાંખો હિંદુસ્તાનને, ભગવત લેજો ભરતખંડની દાદજો;
કેમ ઘરડું ઘડપણમાં મુજ માનને, વરસાવો સુખનો શીતળ વરસાદજો.
અંધારે શું નાંખો.
શા અપરાધે ઈશ કરો મુજ ત્યાગરે, ભજન ક્રિયામાં પાડયા શા મેં ભંગજો?
ઘડપણમાં ઈશ આપો શું વૈરાગરે, ક્રોધે શિદ કંપાવો ઉર ને અંગજો.
અંધારે શું નાંખો.
વક્રદ્રષ્ટિ શાથી છે ઈશની મુજ ભણી, પેલે ભવ મેં શા કાઢેલા પાળજો;
યાદ કરી નવ ખીજતા મુજપર હે ધણી, નમ્યા રેતાં સદાકાળનો શામજો.
અંધારે શું નાંખો.
એક સમે જગમાં બહુ હો [illegible] રહી, ભરતખંડને [illegible] સુખ સેજજો;
તમ જોયે પ્રભુ આદીશ્વરની [illegible] ગઈ, આંખ્યાં [illegible] તેજજો.
અંધારે શું નાંખો.

બહુ બળિયો થઇ લડયો લડાઇ દેવ શું, રિસાયા જગનાથ કેડી તતખેવજો;
માફ હવે માગું હું લોચનને વશું, કરો માર ઝટ હે દેવ ધિં દેવજો.
અંધારે શું નાંખો.

નહિ સેંવાતો ધૃતરાજીનો દંડરે, પિંગળાવો ઉર પ્રભુ કરૂણા કરજો;
રહ્યું છ ધોળે ફેરે ભરતખંડરે, વૃદ્ધપણાપર આણો કાંઇ વિચારજો.
અંધારે શું નાંખો.

કષ્ટ હરીને હસો ફરી એક વાર રે, દુખિયાને નવ દેતા અનંત નાશજો;
નિરાધારના તમે માત્ર આધારરે, કરૂણા સાગરપર મુજને વિશ્વાસજો,
અંધારે શું નાંખો.

પાય પડી હું માગું જગજીવન કને, કરો ઉદય અવ મુજ સુખનો વિશ્વેશજો;
અરજ દુખીની એછે દુખ ભંજનને, લંબાવો ભવ દેરી ટાળી કલેશજો.
અંધારે શું નાંખો.

ફો એવો ગળિયો થઇ નદી લે બાથરે, બા'ર પડી નહિ સમજાવે કરતારજો;
લુટાતો આવ્યો લુટારા હાથરે, કોને મુજ કંગાલની છે દરકારજો.
અંધારે શું નાંખો.

મેં લોં લૂટે ઝરાતને પુનાવરે, વળંતી મહંમદ આવી મારે હારજો;
આંસ આંખરાં લડી મુવા નાદાનરે, નામ ખોઇ નામરદા થયા ખુવારજો.
અંધારે શું નાંખો.

ખમોખમો હું બોલ્યો નહિ એક બોલરે, ધારો સઘ ધાર્યું ઇશ કરશે શાંતજો;
જુઅમસભા હાથે ખાધી ધોલરે, હવે વધુ દુખ હે પ્રભુ લખી ખમજો.
અંધારે શું નાંખો.

દો ઇશ મુજ કંગાલ વૃધ્ધ તે જાનરે, ફરી માગું પ્રભુ માફ કરો ગુલામજો;
ચંદ્રની સ્તુતિ ધરજો પ્રભુજી કાનરે, અમૃત ઘન વરસાવો ઇશ બે'રામજો.
આંધારે શું નાંખો.

(નિતિ વિનોદ.)

મોતને ધીરજ મળવાનાં સાધનો.

" માનની માનની માનનીરે બે'ની સાચી શીખામણ માનની. " એ રાગ.

મરણ સમે ગભરાશોરે, સહુ મરણ સમે ગભરાશો;
(માટે) પાપથી વેગળા નાશોરે; સહુ મરણ સમે ગભરાશો.
પાપની થાપથી મોકળા રહજો, કીધાં કામ તે જીગ્યો ખાસોરે: સહુ.
સુખ સંસારી હડકાઇને હસજો, નથી ફરયા એમાં શોકે પચાશોરે; સહુ.
જુવાની દિવાની રાખો સદગુણ સાથે, એના કપટે ચપટ સપડાશોરે; સહુ.
લોભની જાળને રાખે ન માથે, સુખ ઉડી પડશે દુઃખ પાંસોરે; સહુ.
પરનિંદા થકી હાથ ઉઠાવો, નાપે'રો અદેખાઇ ફાંસોરે; સહુ.
સૌને ભલા લાભ માટે વધાવો, પરસુખથી ન મારો નિસાશોરે; સહુ.
નજી અતિ આળસ કામમાં ગુંચાઇ, જગ જાણો બે દિવસનો વાસોરે; સહુ.
ચોરી લુંટી અંતે બાંધો લક્ષ્મી, ત્યારે થાઓ ન જુઠ જબદાસોરે; સહુ.
જાણી બુજી કોઇ જાતોથ ન નારકે; મળશે નહિ ત્યાં કો દિલાસોરે; સહુ.
મિલમાં માંડો જો વિચારવા જ્યારે, તો બે'અગ નેશ તપાસોરે; સહુ.

(નિતિ વિનોદ.)

અદેખા વિષે.

"સલામ સૌને હાલ, સાહેબો સલામ સૌને હાલ." એ રાગ.

તારો મનખો બાળ, અદેખા તારો મનખો બાળ. ટેક.
સુખ પારકું જરી જુએતો, બળી મરે ચંડાળ; અદેખા. ૧
મનથી માગે એકજ મમત્વ, કોઇ ન થાયે વ્હાલ; અદેખા. ૨
તારૂં કે'વું જગદીશ માને, (તો)સુખનો પડે દુકાળ; અદેખા. ૩
પાડોશી ઘર રૂડો દિવસતો, ઘેર સુખે રિસાળ; અદેખા. ૪
જો કો ભોળું આશિષ માગે, દિયે શાપ કંગાલ; અદેખા. ૫
કે' બે'રામ આયમ ધ્યાનથી, નિકળી જશે વરાળ. અદેખા. ૬

(નિતિવિનોદ.)

સધવા સ્ત્રીને શીખામણ.

(અલબેલી અંબેમાત જોવાને જઇએ. એ રાગ.)

આ શિક્ષા માનો મંન, સૌ સધવા નારી;
તો તમે થાશો પાવન, ધ્યો દીલમાં પ્યારી. એ ટેક.
પ્રાણથી પ્યારો પતી પ્રમાણો, પતી તેજ પરમેશ્વરરે;
પતીની સેવા પ્રેમે કરવી, પાળો હુકમ હમેશ. સૌ સધવા.
નપુંશક નિર્બળ રંકને રોગી, વૃદ્ધ કુઢંગી ગમારરે;
એવો સ્વામી હોય તથાપી, આણો અતિસે પ્યાર. સૌ સધવા.
પતી જમે તે પછીથી જમવું, ગુણ ગાવા દિનરાતરે;
પતી સુવે તે પછી સોઢવું, ઉઠવું પ્રથમ પ્રભાત. સૌ સધવા.
નામ પતીનું મૂખે ન લેવું. કરો નહીં અપમાનરે;
મારે તોપણ રાજી રહેવું, રાખો ના અભિમાન. સૌ સધવા.

પતી પરદેશ ગયો હોય ત્યારે, સજવા નહી શણગારરે;
સુરજ દેવનું સ્મરણ કરીને, વિનવીએ ભરથાર. સૌ સધવા.
ખાંડણિઓ સાંબેલું ઘંટી, ઉંબરા ને સાવરણીરે;
તેના ઉપર કદી ન બેસો, દીલમાં દોષ ગણી. સૌ સધવા.
રતન દુટી ઘુંટીને મૂખતે, જોઇને ના દેખાવુંરે;
ઉંચે સાદે નહીં બોલવું, નગ્ન થઇ ના ન્હાવું. સૌ સધવા.
દાંત દેખાડી હસવું નહીંમ, નિર્લજ વેણ ન વદીએરે;
કામ વિના પરઘેર પરપોળે, પગ ના દેવો કદીએ. સૌ સધવા.
મીઠું મરચું તેલ વીગેરે, હોય નહી ઘર માંહ્યરે;
તો તે સ્વામીને સંભળાવા, મુખે ન કહીએ કાંય. સૌ સધવા.
રજ સ્વાળાના ત્રણ દીવસનો, ધર્મ સાચવો દેહરે;
ચોથે દહાડે સ્વચ્છ થઇને, કરો પતી શું સ્નેહ. સૌ સધવા.
સુખ દુખ જેવું હોય પતીને, તેવું પોતે ધરવુંરે;
જે કૃત વ્રત ઉપાવસ કરો તે, પતીને પુછી કરવું. સૌ સધવા.
દુર્મતી જનથી દુર રહીને, સુસંગ સ્નેહે કરવોરે;
છગન કહેછે સાચું કહ્યું છું, ધર્મ સદા આચરવો. સૌ સધવા.

(છગન કૃત્ય કાવ્ય.)

ગુર્જરીસ્તવન.

(ગરબો)

(મ્હારા વ્હાલાજી હો૦—એ રાગ.)

શીંગી રાતમાં રે લોલ, રમીએ સહિયર સહુ સાથમાં રે લોલ;

રમત વાટમાં રે લોલ, ફરીએ સહિયર નીતિ સાથમાં રે લોલ;
શીંગી રાતમાં રે લોલ, રમીએ સહિયર સહુ સાથમાં રે લોલ.

(સાખી) હર્ષે આંજી આંખડી, રેલી પ્રીત સુર;
નૌતમ સ્નેહે ઉજળીએ, ઉત્તમ ગુર્જરી નૂર.
સખી ! વિશ્વની શી વાડી હિંદ માવડી રે લોલ;
ભલી હિંદની રસિક ભૂમિ ગુર્જરી રે લોલ;
રૂડી ગુર્જરીમાં પ્રૌઢ શોભા પાથરી રે લોલ;
સખી ! ગુર્જરી વિલાસવાડી આપણી રે લોલ !

શીંગી રાતમાં રે૦—

(સાખી) હૃદય તણા પણ હૃદયથી, નમીએ સૌ જગરાય;
જન્મ દિધો આ ભૂમિમાં, કુદરત જ્યાં છલકાય.
તીણું ગાતી ગોરી નદિયો અહિં થી રમે રે લોલ;
પેરાં ખીલી ઝૂલી ખેતરાં ધીરાં હસે રે લોલ;
વિવિધ રમ્ય નવલ વૃક્ષ ફલ ફૂલ છે રે લોલ;
સખી ! મધુર-કણ્ઠી પંખિડાં પણુ સૌ વસે રે લોલ !

શીંગી રાતમાં રે—૦

(સાખી) મનહર મોહક ભૂમિ આ, આપણુ એના બાળ;
નિર્મળ નેહે શૂં નહીં ધરિયે એ પર વ્હાલ ?
સખી ! માત માટે હૃદય શૂં ના બાળિયે રે લોલ ?
લલિત ગુર્જરીનું હિત શૂં ના ભાળિયે રે લોલ ?
સખી ! સ્વાર્થ એને કાજ શૂં ના છાંડિયે રે લોલ ?
સખી ! સમય આવે પ્રાણને પણ પાડિયે રે લોલ ?

શીંગી રાતમાં રે૦—

(સુન્દરી સુબોધ.) વસન્તવિનોદી.

ગરબો.

"શંકર વસે કૈલાસમાં."—એ રાગ.

મનમાં સમજ તું માનવીરે, એક વિચારી વાત;
બાગ તારો રૂડો બન્યો, હાંરે ભલી ભજે છે ભાત. મનમાં.
ફુલ્યાં ઘણાં ત્યાં ફુલડાંરે, રૂડો રાજે છે રંગ;
કાલે તે કરમાઇ જશે, હાંરે એનું સ્થીર નથી અંગ. મનમાં.
વળી નીપજશે નવાં નવાં રે, ચાલ્યું આવે છે એમ;
કીધો પ્રભુએ એવો કાયદો, હાંરે કહો ફેરવાય કેમ ? મનમાં.
ગયું તે તો ગુમ થઇ ગયુંરે, નહિ જગમાં જણાય;
કોઈ દિન દેખાતું નહિ, હાંરે કરે કોટી ઉપાય. મનમાં.
વહિ ગયું તે પાછું નહિ વળેરે, જેમ નદીનું નીર;
મૂરખ જન મનમાં થશે, હાંરે દુઃખ ધરી દીલગીર. મનમાં.
આતસ બાજી ઉડી ગઇરે, ખાસો જોવાનો ખેલ;
તેનો તે જોવા તણો, હાંરે ફરી મળે ક્યાં મેળ ? મનમાં.
માટી તણાં જેમ માટલાંરે, ઘણાં ઘડે કુંભાર;
ઠામ ભાગીને થાય ઠીકરાં, હારે એનો ગયો આકાર. મનમાં.
કપુર ઉડીને ક્યાં ગયુંરે ? દીઠું કહે ન કોય;
સ્વપ્નાની જેમ સાહેબી, હાંરે એતો સાચી ન હોય. મનમાં.
દિવસ ગયો તે નવ દેખીએરે, એવો લાગે આ લોક;
જોતાં આવે ને જાય છે, હાંરે શેનો હરખ ને શોક ? મનમાં.
સ્વપ્નામાં દુઃખ દેખીને રે, કોઇ કરે રૂદન;
જાગે સ્વપ્ન જૂઠું ઠરે, હાંરે સાચાં આંસુ લોચન. મનમાં.
તેમ પાપ પુન્ય બે સત્ય છે રે, બીજી જૂઠી જંજાળ;
સર્જન તો સમજે સહી, હાંરે જેની વિદ્યા વિશાળ. મનમાં.

ઇશ્વર કરે તે ઉપરે રે, હદે રાખે જે રોષ;
એથી તે અજ્ઞાની કિયો, હાંરે દીસે મોટો એ દોષ. મનગાં.
સમજાય તો સમજી રહો રે, મોટું રાખીને મન;
દલપતરામના દેવનું, હાંરે કરો ભાવે ભજન. મનગાં.

વરસાદ.

રાગ. ઓધવજીના સંદેશાનો.

વર્ષાની શોભા તે સુંદર શી કહું;
શાન્ત થયાં છે જેથી તન મન એયજો. ટેક.
ઉકળાટે બાફ્યાં; બહુ છેલ્લા માસમાં;
થઇ અળાઇઓ ઘરમાં નવ રહેવાયજો. વર્ષા.
વાદળીઓ ચાલે દક્ષીણથી ઉત્તરે;
તડકે છાંયે કરતી બાફ અમાપજો.
લૂ વાતીને ક્યાં એ મન ઠરતું નહીં;
પીતાં પાણી મન નહીં સંતોષજો. વર્ષા.
આંધી વા વંટોળ અતી સંતાપતા;
એવે કીધી પ્રભૂએ પુરણ મ્હેરજો.
તડ તડ તડ કરતો તે સાંજે આવિયો;
વાની સાથે વિજળીઓ બહુ થાયજો. વર્ષા.
પલળીને માટી સુગંધી આપતી;
હાશ, હાશ, એમ લોક કરે ઉચ્ચારજો.
રમઝટ વાગી સત પડે તારી ભલી;
તન મન ટાઢાં કીધાં તેં ઘનશ્યામજો. વર્ષા.

ખળ ખળ કરતાં નેવે પાણી આવીયાં;
કાચાં ચોકમાં શેરી એક બજાર જો;
જ્યાં જોઉં ત્યાં પાણીની નિકો વહે.
ખળ ખળ વ્હેતી જાય પૂરનાં બ્હારજો. વર્ષા.

છતરીને ચાંખડીઓ લોકો વાપરે;
આનંદેથી કરે બહુ કલ્લોલજો.
નાનાં બાળક કાગળનાં લઇ નાવને;
તરાંવતાં આનંદે મિત્રો સાથજો. વર્ષા.

મોર કળાઓ કરીને થન્ થન્ નાચતા;
કોયલ કરતી સુંદર કુ હૂ નાદજો.
બાગાળે જાતાં લીલું ભાસે સહુ;
હરીયાળી શી ઉગી સુંદર ચારજો. વર્ષા.

ગોવાળો ગાયેછે ગાય ચરાવતા;
બંસીમાં કો ગાયે રાગ મલ્હારજો.
ખળ ખળ કરતાં ખેતરનાં ઝરણાં વહે;
વાવણીઆ વાવે છે ખેતા કારજો. વર્ષા.

ભાતવારી ગાતી લઇ જાતી ભાતને;
પ્રેમ પ્રેમ મય કરતી આખું વનજો.
ભટ જેશંકર યાચેછે હરિ એટલું;
કરજ્યો વૃષ્ટિ રે મેં રાણી મંનજો. વર્ષા.

"પતિ સુખની છે બલિહારી."

(ગિરધારીરે-વાત કહું તે વિચારો—એ રાહ.)

સાહેલીરે-તુચ્છ વૈભવ જગ માંહી, પતિ સુખની છે બલિહારી.
નિઃસ્વાર્થીરે-પ્રેમતણી જે મૂર્તિ, એવી માતને પણ મૂકી વ્હેતી;
નહિ જન્મથકી જોડાયાંરે, નહિ ગાઢ સમ્બન્ધમાં આવ્યાંરે,
નહિ સ્વાર્થ ગહિં લપટાયાંરે--
અલ્પ કાળમાંરે-વસ્યા મુજ હૃદયે સ્વામી—પતિ સુખની છે બલિહારી. ૧
પિતુ મ્હારારે-સ્નેહ થકી હું લડાવી, સહુ ઇચ્છા પૂરી પાડી;
આજી તજનેરે-જાતાં મન નવ કંપે, પતિ દર્શનના ઉમંગે;
ચંદ્ર વીણ ચકોર નવ દેખેરે, ઘનબિન્દુ ચાતક તલપે રે,
દિપે જીવપતંગ નિજ અર્પેરે-
વ્યગગાનુ રે-કંથને જીવનદોરી-પતિ સુખની છે બલિહારી.
સખી વ્હાલારે-નિત્ય આનંદે રમતા, વળી ભાવથી સાથે ભણતાં,
ક્ષણ એકજ રે-કદિ વિખુટાં પડતાં, થઇ ખિન્ન બહુ ગભરાતાં.
પતિ-સ્નેહની શીળી છાંયેરે, ભૂત કાળ પડયો વિસારેરે;
નહિ અન્ય હવે મન તૃષ્ણારે--
ક્ષમા કરજેરે-સમય શિખવશે. 'શાંતા'; પતિ સુખની છે બલિહારી. ૨
પ્રિય ભગિનીરે--પતિમાં તન્મય થાવું, એકજ જ સ્ત્રીની માનુ,
લઇ શાક્ષણરે-પતિ સહ ઉડાન નિત્યે, સદગુણ સહુ હૃદ ધરીએ,
એક નિષ્ઠાથી ઇશને પ્રાર્થોરે-આપી પવિત્ર દંપતી જોડારે--
આર્યાવર્તની ખ્યાતિ વધારોરે--
સહુ બેનોરે-ભાવે સૂત્ર પ્રમાણી, 'પતિ સુખની છે બલિહારી'

સુબન્ધુ, બન્ધુસમાજ.

સુન્દરી સુબોધ.

(કામણ દીસે છે, અલબેલા મ્હારી આંખમાંરે—એ રાગ.

બ્હેની ! સ્નેહરંગ આનન્દે નિત્યે મ્હાલજેરે,
પતિવ્રત પાળજેરે—બ્હેની

ભારતીની પુત્રી તું રૂડી,
સાહે અનુપમ રૂપડાં, ધાગાં;
તદપિ મિઠડે મુખડે તુજ સ્મિત રાખજેરે,
વિમળ પ્રીત ચખજેરે—બ્હેની

ધર્મશાસ્ત્રની અદ્ભુત વાણી,
સર્વ પંથમાં નાતિ પ્રમાણી;
દિવ્ય યુગલ તુજ પતિ તુજ કેરૂં સુહાવજેરે,
શિયળમાં રાચજેરે—બ્હેની

અનેક લાલચ તુજને નડશે,
પ્રેમ માર્ગમાં કંટક પડશે;
જગદીશ્વરપર શ્રદ્ધા સાચી રાખજેરે,
તરીને તારજેરે—બ્હેની

નિર્બળતા હૃદયેથી ત્યાગી,
વિચારને આચાર સુધારી;
પવિત્રકર નિરમી સંતોષે સુખદા થજેરે,
પતિ પ્રભુ માનજેરે—બ્હેની

ગાતું આપણી ભારતી એની,
ખિન્નગાત્ર, આંસુડાં લ્હોતી,
પૂર્વ સ્થિતિ આહ્લાદક ગઇ ક્યાં એની છેરે,
અંતરમાં દહેરે—બ્હેની!

વ્હેમ, કુસપો. ક્લેશ કપાવી,
ગૃહમન્દિર સુખવાડી બનાવી;
દિન નબળાંમાં આત્મ ઉદ્ધાર તું ધારજેરે,
ખરૂં તુજ રૂપ તે રે—બ્હેની!

મૂર્ખ રૂઢિનાં બન્ધન તોડી,
સુનીતિ, લજ્જા, સુવ્રત જોડી;
નિજ બાળક-બુદ્ધિને વૃત્તિ ખિલાવજેરે,
હૃદયની આશ એ રે—બ્હેનો!

શોક તિમિરની જ્વાળા ત્હારા,
કુટુમ્બમાં કરીશાન્ત, સૌખ્યદા,
તનમન આત્મોદ્ધાર સુધારા હાથ લે રે,
જનનિ ભૂમિ રક્ષજેરે—બ્હેની!

સ્વર્ગસ્થ વિન્દુભાઈ જસવંતરાય.

ગરબો.

(પૂન્યમ ચાંદની ખીલી પૂરી અહિંરે.—)

ત્હારો વાસ દિસે ભગવાન! સ્થળે સ્થળ વિશ્વમાંરે;
રહેલો તેજ અનુપમ તુજ આમ અન્તર માંય,

થાયે પ્રકાશ ઉજળો અન્ધકાર જાતાં સહુરે—

સુન્દર વારકવૃન્દમાં, વિલાસ નભનીમાંય,
સરિતાને સાગર વિષે, ત્હારા દર્શન થાય;
જ્યાં જ્યાં ફરીએ ત્યાં ત્યાં નિવાસ તુજ નજરે પડેરે,
દિવસે તેમજ રજનીં તિમિરમાં પણ તુજ ભાસ,
ત્હારૂં સ્મરણ નિર્મળુ એમ હૃદયે, નિત્ય રહોરે;
ત્હારો વાસ દિસે૦—

ત્રિવિધ રંગ આ અવનીમાં, કેવલ અમે અજાણ;
કર પકડી કરૂણા કરી, બતાવ જે સન્માર્ગ;
ત્હારા સબલ શરણનો સહાય છે અમને ઘણીરે,
ત્હેનો આશ્રય લઇને બજાવીએ નિજ ધર્મ;
નિશદિન થાય અમારૂં રહેવું સદા તુજ સંગમાંરે.
ત્હારો વાસ દિસે૦—

સત્ય, પ્રેમ, ને શાન્તિનાં, રૂડા સુખકર સ્રોત;
વહો વિમળ અમ જીવનમાં, રહો ન ચિત્તે શોક;
બનીં રહીં શુદ્ધ અમારાં હૃદય નિત્ય તુજમાં વસોરે,
તજીએ તુજ કરૂણા થકીં અહંભાવ વિચા;
રહે નવ 'તું' 'હું' ના કંઇ ભેદ, એક બનીએ સદારે.
ત્હારો વાસ દિસે૦—

(વ્હાલા વારિધિ) સન્મિત્ર.

આકાશમાં ચંદ્ર.

ગરબો.

બ્હેની ! નીલાકાશે ચન્દ્રરાય વિરાજતોરે,
અમિરસ રેલતોરે ! બ્હેની !
સૃષ્ટિ સહુ આનંદે ભરતાં,
તારકગણ ગગ દષ્ટિ કરતાં,
આવે ધીમે ધીમે તે શુભ સ્થાનમાંરે,
કમલ જલમાં ઢળ્યાંરે ! બ્હેની !
શાન્તાકાશે ધીમે તરતો,
પૃથ્વી સહુ અજવાળી દેતો,
કિરણો નિજ રૂપેરી સૌ સ્થળ ફેંકતોરે,
ક્ષિતિજભર ઝાંખતોરે ! બ્હેની !
જ્યોત્સ્નામય સૃષ્ટિ કરી દૈને,
ચિત્ત કુમુદિનિ ખેંચી લૈને,
આનંદે નિજ વ્હાલી સ્હામે પશ્યતોરે,
હૃદય ઉલ્લાસતોરે ! બ્હેની !
પ્રેમ પ્રેમિનો જોવા તલપે,
નભકુંજે સરતો રસ રમતે,
નીચે જલ થલમાં ને વિહરે નેનમાંરે,
ડોલે પ્રેમમાંરે ! બ્હેની !
જો પેલી કુમુદિની ઊભી,
ગ્રીવા ઊંચી કરતી ડોલી,

હાસ કરન્તી નિજ પ્રિયની સામે જુવેરે,
મૃદુ અમિતે ઝરેરે । બ્હેની ।

લખનાર: સ્વર્ગસ્થ વિન્દુભાઈ જસવંતરાય.

સ્ત્રી બોધ.

(મ્હારા વા'લમજી હો ! હાવાં નહિ જાઉં મહી વેચવારે લોલ.–એ રાગ.)

બ્હેનો અન્તરથી આ રૂડા વિચાર ન વિસારશોરે લોલ,
માતા પિતાના પ્રીતિ પામવારે લોલ, થઇ રહેવું સુશીલ સન્તાન;
બ્હેનો અન્તરથી—
આજ્ઞા તેઓની ન ઉલ્લંઘવીરે લોલ, દેવી સહુ કાર્યમાં સ્હાય;
બ્હેનો અન્તરથી—
કષ્ટ રાહી જન્મ આપ્યો પોષિયાંરે લોલ, વિસરવા ન ગુણ અણમૂલ;
બ્હેનો અન્તરથી—
જનની તાત જાણે 'મારી પુત્રીછેરે લોલ, કુટુમ્બનું અનુપમ રત્ન;
બ્હેનો અન્તરથી—
ઉચ્ચ અભિપ્રાય એવો ઇચ્છવોરે લોલ, પ્રાપ્ત થવા કરવો સુયત્ન;
બ્હેનો અન્તરથી—
નિજ વાણીને કર્મની મિઠાશથીરે લોલ, રાખવાંજ સર્વદા પ્રસન્ન;
બ્હેનો અન્તરથી—
ભગિની બન્ધુકેરા સ્નેહ શોધવોરે લોલ, કરી અધમ સ્વાર્થતણો ત્યાગ;
બ્હેનો અન્તરથી—

વિવિધ સદ્‌ગુણે અને સત્ય કાર્યથી રેલોલ, કરવાં બાઇબ્હેનને સંતુષ્ટ;
બ્હેનો અન્તરથી—

સ્નેહ શુદ્ધ જાણી તેઓ હૃદયથા રે લોલ, સ્થાપશે સદા વ્હાલી બ્હેન;
બ્હેનો અન્તરથી—

ભિન્નભિન્ન ફરજ પતિ મન્દિરેરે લોલ, બજાવવા આપવું સુલક્ષ;
બ્હેનો અન્તરથી—

શ્વસુર સાસુ માતપિતા જાણીયેરે લોલ, પતિવ્રતા કેરો એક ધર્મ;
બ્હેનો અન્તરથી—

હૃદય લેશ તેમનું ન દુભવવુંરે લોલ, સર્વ રીત્ય આપવું સન્માન;
બ્હેનો અન્તરથી--

ગૃહ ખીલવવું જાણે રમ્ય વાટિકારે લોલ, હસે જહિં સર્વ કુસુમ છોડ;
બ્હેનો અન્તરથી—

સુશીલતાનાં શુદ્ધ પાણી સિંચવાંરે લોલ, છોડ એક ના કદી કરમાય:
બ્હેનો અન્તરથી—

શોધવી સુયુક્તિ બ્હેન સર્વદારે લોલ, થાયી રહે નિજ પતિ પ્રસન્ન;
બ્હેનો અન્તરથી—

શારીરિક શોભા સાથે પ્હેરવારે લોલ, પવિત્રતા રૂપ અલંકાર
બ્હેનો અન્તરથી--

સર્વ સ્થળે સ્નેહ કુસુમ વેરવાંરેલોલ, છાંટવો આનન્દ કેરો રંગ;
બ્હેનો અન્તરથી—

વ્યર્થ સહુ વ્રત નિયમ ને કર્મછેરે લોલ, પાળીએ ન પતિવ્રત ધર્મ;
બ્હેનો અન્તરથી--

વિવિધ પ્રવૃત્તિને ઉદયઅસ્તમાં રે લોલ વિસરવા ન કદી વિઘ્નાય;

બ્હેનો અન્તરથી—

ડાહ્યાભાઈ લક્ષ્મણ, બન્ધુસમાજ.

સ્ત્રીની પરીક્ષા.

(ચાલી ચાલી ગોકુળની વ્રજનાર કે મહીડાં વેચવા રે લોલ.—એ રાગ.)

સખી, જ્યારે સુખના વાયુવાય, હૃદય હરખાવતા રે લોલ,
દિસતા દિન સંપત્તિ પ્રકાશથી અતિ રળિયામણા રે લોલ;
સખી, જ્યારે સુખશય્યાની માંહ્ય, મીઠી નિંદ આવતી રે લોલ,
બ્હેન, જ્યારે વૈભવ વેગા દુઃખ નહિ પીછાનતાં રે લોલ;
નહિ આ ઉજળા દિવસો માંહ્ય, પરીક્ષા આપણી રે લોલ,
સખી સહુ સંકટ કેરે સમય, કસોટી નીકળે રે લોલ;
બ્હેન, જ્યારે વાયુ ભયંકર વાય, ઘોર ઘન ગાજતાં રે લોલ,
સખી, જ્યારે ઝંઝુકે વીજળી તીક્ષ્ણ, હૃદયને વીંધતી રે લોલ;
વ્હાલી, જ્યારે આફત કેરી ઝડીઓ, જીવનપરતૂટીપડે રે લોલ,
બ્હેન, આવા કઠિન કાલની માંહ્ય, પૂર્ણ પ્રીતિથકી રે લોલ;
કરી નહિ નિજદુઃખની દરકાર, પતિ સુખ શોધીએ રે લોલ,
બ્હેન ત્યારે કિમ્મત આપણી થાય, જીવન તવશોભતુ રે લોલ;
પતિ કદી ચિન્તાને ઉદ્વેગ ગભરાય જરી છે રે લોલ,
તરત સતી હૈયા સરસો લઇ. આશ્વાસન આપતી રે લોલ;
લઇ નિજ નાજુક કરમાં શિર, પતિનું પ્રેમથી રે લોલ,
મુકીને કોમળ ઉર પર, શોક નરગ સહુ પાડતી રે લોલ;

બ્હેન, હારી સુખના નવલાં ચિત્ર, સ્વામી સંતોષતી રે લોલ;
કદી નહિ મળતી ધારી ચીજ; એવું નવ આણતી રે લોલ,
પતિનો પ્રેમ અમૂલી ચીજ, બીજું સહુ તુચ્છ છે રે લોલ;
આવીરહે બુદ્ધિ જ્યારે બ્હેન, સર્વ સ્થિતિ મહી રે લોલ,
સખી,ત્યારે સફળ જીવન આ થાય, આપણું આતણું રે લોલ;
પ્રભુ વળી થાયે, બ્હેન, પ્રસન્ન, આવી પ્રીતિ થકી રે લોલ,

ડાહ્યાભાઇ લક્ષ્મણ બન્ધુસમાજ.

વ્હાલી બ્હેની !

(આસો માસો સરદ પુનમની રાતજો: એ રાગ.)

વ્હાલી, વ્હાલી બ્હેની ! શીળો આવશે;
ધરતી ધગધગતીયે ટ્હાઢી થશે, થશે,
ઉન્હાં, આગ્યભર્યાં કિરણો થ જશે જશે;
ધીમે ધીમે બ્હેની ! છાંયો આવશે.

પ્રેમઝરણુ જીવનવનમાં મ્હસ મ્હાલતું,
મનુપંખી રંગીલું અમૃત ત્યાં પીતું,
તેજ તણી હેલીમાં રસભર રાચતું,
સુખવાડી તુજ કાજે, બ્હેની ! એ ન શું ?

બ્હેની વ્હાલી, વ્હાલી ! ધીરજ ધારજે;
ઝેરભર્યા વાયુ જગ ઝેર ચુથી જશે,
તાપે તપતી સીતા નાર્મળ શું થશે;
'પ્રીતિ-શાન્તિ,' બ્હેની મધુરી ! રાખજે.

પુષ્પલહરિમાં રમતી રમ્ય સુવાસિની,
મીઠડાં કોયલ ગાન અનુપમની ઝરી;
વ્હાલભર્યાં હૈડાની કોમળ ગુથણી—
લલિતમઝા ગુંજકાજે બ્હેની ! એ નહિ !

વ્હાલી વ્હાલી બ્હેની ! છાંયો આવશે.

કાળજડાં કોરન્તા ચિન્તાઓ જળે,
દુઃખના ડુંગર ધીરજ દરિયામાં ટળે;
મ્હાલું-રહેતુ !' બ્હેની ! છાંયો આવશે.

સુમન્ત—

સતીત્વ.

(ઉપદેશ તણા ત્રણ ભેદ શાસ્ત્ર વખાણે છે—એરાગ.)

સતી સુંદરી-બ્હેનો ! રંગ, આવો રમીએ રે;
આણી ધર્મનીતિ પ્રીતિ સંગ, પ્રભુને નમીએ રે.
પતિ સહ સુખમાં અતિ રંગ પીતાં વરીએ રે,
આવો ! આવોને ! સહુ મળીસંગ, લ્હાવો લઇએ રે. સતી

સાખી—આનંદે સુખસિન્ધુના તરંગમાંજ ન્હવાય;
પ્રિયપતિ સહજગ સિન્ધુઆ, પ્રીતિ નૌકાથી તરાય.

એવા ભાગ્યતણો આધાર, આપણ થઇએ રે,
સતી ધર્મથી જગદાધાર, પ્રસન્નજ કરીએ રે;
સતી દ્રૌપદી સત્ય પ્રકાશ, જગમાં થાયે રે,

દમયન્તી સતી આભાસ, નહિં ભૂલાય રે. સતી

સાખી–જહિં મોજાં સુખદુઃખનાં પરસ્પરે અથડાય,
નર નારીનાં નાવડાં, ત્યાં તરતાં દેખાય;

એવા સાગરમાં રહી સાથ, સુખ દુઃખ સહિએ રે;
પ્રભુ હાથ ધરન્ત અનાથ, સત્યે રહિએ રે;
સૃષ્ટિમાં સંપકેરી જરૂર, સહુએ માગે રે,
તો તો પતિ પત્ની કયમતુર, એનું ત્યાગે રે, સતી

સાખી–સતીત્વ ધ્રુવનો તારલો, દંપતી નભે જણાય;
ત્હેને અનુસરતાં નકી, આમ્મર વિકટ તરાય.

કેવું તારામતી આખ્યાન, સુખકર લાગે છે,
જુઓ ! સીતાનું યશગુણગાન, જગ શણગારે છે;
પતિવ્રત પ્રભાવ સમર્થ, અનસૂયા કેરો રે,
વિષ્ણુ, શિવ, બ્રહ્માગળવ્યર્થ થયું, ટાળ્યો ફેરો રે. સતી

સાખી–શાન્તિ સુજ્ઞન કરેધરી, પતંજલિ નાત્વિકથાય;
તે અબળાના હોડાને, ઇશ પણ કરતા સહાય.

મ્હારી બ્હેનો ! જુવો તમ દેશ ! પડતિમાં રડતો રે
વ્હાલી બ્હેનો ! જુવો તમવેશ ! દુઃખે સડતો રે;
ગઇ પૂર્વનીસતીઓ સર્વ, પતિ સુખ દેતી રે,
રહ્યો આભૂષણુનોજ ગર્વ, દુઃખદઇ લેતી રે. સતી

સાખી–આવા દુઃખકર પવનથી, નૌકા નબળી થાય;
મોજાં પ્હાડ સામાં ધસી, ત્હેને ખાવા ધાય.

આવાં તોફાન સંસાર સુખ સઘળાં હાંકે રે,
નહિં જ્યાં સદ્‌જ્ઞાનનું મુખ, દુખ સહુ ત્યાંહે રે;
નહિ ગંદિર–મંદિર નિત્ય ભટકે ભાગે રે,
પાપપુંજ રહમારા, ચિત્ત જો પરમાગે રે. સતી

સાખી–એ પેલો સિન્ધુ તણો, સામો તીર જણાય,
રખે ડુબે તમ નાવડું! સભાગોજ સદાય.

ધરી હૃદય સદા નિજ ધર્મ, પતિ ભક્તિએ રે,
સહુ કરજો સુખદ, શુભ કર્મ, સતા શક્તિએ રે;
આવો! આવોને! બ્હેનો! આજ મંદિર દંપતી રે;
જહિંનીતિ દેવીનું રાજ, કુનીતિ કંપતી રે. સતી

સુમન્ત.

ગરબો.

(બોડારાણાનો રાગ)

સખિ, આવોને આજેરે, રમીએ આનંદ ભરી:
ગાએ ગુણીઅલ ગીતીરે, પ્રભુની પ્રીતી ભરી.
કૃષ્ણ વદન શ્રી કૃષ્ણજી, રમણીય રાધા રૂપ
સત્ય પ્રેમી એ જોડલું, હૃદય સંબન્ધ અનુપ
અનુપમ એને કહીએરે, પ્રણયથી જોડાયાં;
વ્યાસે વેદ પુરાણેરે, વખાણીને ગાયાં. સખી.

સુખ તજી દુઃખ વનવાસનું, મુખથી માગીલીધ;
પતિ પુઠે પ્રેમદા ગઇ, સતી સીતાજ પ્રસીદ્ધ,
પ્રસિદ્ધિ અતો પામ્યાંરે, પ્રણય-નય અદ્વૈતે;
ઋષિ વાલ્મિકીએ જેને, વસાડયાં જન ચિત્તે. સખી.
તજી ઘોર વેરાનમાં, પતીએ વસ્ત્ર વિહીન;
દગંયતા દમિત જપે સ્વામી સ્તવનમાં લીન,
લીન થઇ પતી પ્રેમેરે ન જરમેએ વિસરી,
દ્રઢતા મન રાખીરે, પૂરણ પદ પામી ખરી. સખી.
રાજ તજ્યું, રિદ્ધિ તજી, સુખ સિદ્ધિ પતિ પૂઠ;
લઇ શર એક સતી થઇ. સુલોચનાજ વિશુદ્ધ,
વિશુદ્ધી વડે પામીરે. સ્વર્ગીય સુખસ્વામી સહે;
પ્રેમબદ્ધ હૃદય જેરે, કહો સુખ કયમ ન ચહે. સખી.
માન તજી મહિલા ગઇ, નજ પિતુગૃહ સુખમાટ;
નીજપતિ સ્થલ ન વિલોકતાં, યજ્ઞ સમર્પ્યું આપ,
મહા યજ્ઞે થતી ત્યારે, અનાદર દેખીને;
લઇ ભેખજ ચાલ્યારે, સતી ગત દેખીને. સખી.
આર્ય પ્રેમ અદ્વૈત એ, એજ જીવનનું સાર્થ;
એજ પ્રવણ આનન્દ કરે મતિ વિરકત સમાજ,
શુદ્ધ પ્રણાલીના નારી. પ્રતી પતિ ભક્તિ,
ભવભીતીજ ટાલે રે, સતીની એ શુભ રીતી. સખી.
(ત્રૈમાસિક.) જન્મશંકર ગીરજાશંકર.

ગૃહિણીનો ધર્મ.

"આવોને નંદલાલ, રમવા આવોનેરે" એ રાગ.

પતિપર પ્રીતી પ્રીતીરે, રાખો રામા હમેશાં;
એજ સુધર્મની રીતીરે— રાખો.
પતિમય જીવન પ્રેમથી કરવું, નીતિ તુમ્બીથી ભવાબ્ધિમાં તરવું;
રાખી પ્રભુની ભીતીરે— રાખો.
સદગુણી થઇ શીયલ સાચવવું, આર્ય ધર્મ રીતે આચરવું;
મળશે સુખ સંપત્તિરે— રાખો.
રાખો સ્વચ્છ શરીર આભૂષણ, ટાળો કરી શુદ્ધ અંતર દૂષણ;
શાસ્ત્ર વચનમાં પ્રતિતીરે— રાખો.
"આર્યા" આપણે એમ ગૌરવ રાખો, ઉચ્ચવૃતિથી કીર્તીજ દાખો;
અંજાઇ જાય આ ક્ષિતીરે— રાખો.
ગૃહિણી બની ગૃહતંત્ર ચલાવો, સુખ દુઃખમાં સમ ભાવ બતાવો;
સ્વામીતણા દઇ શાન્તિરે— રાખો.
સત્ય અને પ્રિય વેણ ઉચ્ચારો, ખંતેથી ગૃહ કાર્ય સુધારો;
દીપાવો કુલવંતીરે— રાખો.
આપી કુટુંબમાં ખ્યાતિ વધારો, સંભાળ શિસુતણી ઉર ધારો;
શાખવો ધર્મના નીતિરે— રાખો.
લાજ મરજાદ જરી નહિ મુકો, મર્યનો માર્ગ કદી નહિ ચુકો,
શરદમથી મન જીતીરે— રાખો.
ઇર્ષા નિંદા લોભને ત્યાગી, સંતોષથી બનોને સુભાગી;
નિજ ધન નિ વિચારો નિયતિરે— રાખો.
આનંદ મંગલ વરતો હમેશાં, ટાળો ઉદાસી પતિની સુવેશા;
અમર થાઓ લઇ કીર્તિરે— રાખો.

સંગતિ સારી સખીની કરજો, અલ્પ વચન આ ઉરમાં ધરજો;
સંભારજો અથ ઇતિરે-- રાખો.
(ત્રિમાસિક.) જનમશંકર ગીરજાશંકર.

દિવ્ય પ્રેમ.

(પ્રેમની પીડા તે કોને કહિએરે, હો મધુકર ! પ્રેમની
પીડા તે કોને કહીએ—એ રાગ.)

જીવન મધુર, પ્રેમ થકી થાયે રે,
ઓ સુન્દરી, જીવન મધુર પ્રેમ થકી થાયે;
કુસુમનો સુવાસ અને સુન્દરતા દમ્પતીને,
વ્યર્થ, પ્રીતિ અન્તરે ન હોયરે;-- ઓ સુન્દરી૦
લલિત, ગભીર, તરૂતણા ઘટા શીતલ છાંયજો,
હોય હૃદય, ભિન્ન, સુખ ન આપે રે;-- ઓ સુન્દરી૦
રમ્ય, વિમળ અંગ, પંખી તણાં મધુર ગાન, કદુ,
યુગલ ચિત્ત ક્લેશથી મુઝાએ રે;-- ઓ સુન્દરી૦
વિશ્વતણા સુખ વિલાસ, વિષ સમાન, ઉભય હૃદય,
પ્રણય શુદ્ધ દંપતી ન રાખે રે;-- ઓ સુન્દરી૦
વસે સ્નેહ, સ્નેહ સંગ, હસે હૃદય હૃદયથી,
મનુજ, સકલ સૌખ્ય, દિવ્ય, પામે રે;-- ઓ સુન્દરી૦
ચિન્તના, વિષાદ, ઊંડા ક્ષોભ સર્વ શમે દૂર,
એક મીઠા પ્રેમસ્મિતે, થાયે રે;-- ઓ સુન્દરી૦
ઉજ્વલ પ્રકાશ, આશ, સુખ અને આનંદ શુદ્ધ,
પ્રણ સૂર્ય, સ્થલ સહુ પ્રસારે રે;-- ઓ સુન્દરી૦

રમ્ય સકલ સૃષ્ટિ ભરે, દિવ્ય મીઠા ગાનથી, જે,
હૃદય યુગ્મ પ્રીતિથી સુહાયે રે;—ઓ સુન્દરી૦
પતિતને પ્રભુત્વ દિયે, પ્રણય વિનિમય વિશુદ્ધ,
પ્રણયહીન, દીન દશા પામે રે;—ઓ સુન્દરી૦
ડાહ્યાભાઇ લક્ષ્મણ, બન્ધુસમાજ.

સુધરેલ દંપતી વચન.

(પુરૂષ પોતાની સ્ત્રિને કહેછે.)

રાગ હોરી.

પ્રેમે સંભળાવું છું પ્યારી, માની શીખ લેજે તું મારી;-પ્રેમે. ટેક.
ક્લેશ વિશેષ કદી નવ કરિયે, ભરિયે શિતળ ગુણ ભારી;
સંપ સદા સહુ સજ્જન સંગે, નેહથી રાખીએ નારી—
અભિમાન ઊરથી ઉતારી—પ્રેમે સંભળાવું છું. १
સાસુ ને સસરાના સામુ ન વદિયે, ધર્મ વિરૂધ તે ધારી;
નણદલ દેરાણીને પણ નમિએ, છે તે સદા સુખકારી—
વિવેકથી જોને વિચારી—પ્રેમે સંભળાવું છું. २
ભાવ વડે વળી વિદ્યા રે ભણિયે, જ્ઞાનપ્રકાશ દેનારી;
તે થકી પંડિત લોકમાં તું થઇશ, લાયક પદવી લેનારી—
શોભા વધશે અતિ સારી—પ્રેમે સંભળાવું છું. ३
સમજશે સત્ય અસત્યની મતલબ, નાસશે ભ્રમણા નઠારી;
ઊત્તમ છે ફળ ભણવામાં એવાં, ભીતર રાખ સંભારી—
વિવિધ નીતિ રીતી વધારી—પ્રેમે સંભળાવું છું. ४

આગળ ઉપર લક્ષજ દૈયે, વીતેલી વાત વીસારી;
શોક કીધા પછી શૂં ફળ સુંદરી, વ્યર્થ વલોવવું વારી—
ન લે નવનીત આહારી—પ્રેમે સંભળાવું છું. ૫
સ્મરણ પ્રભુનું કરિયે ફરી ફરી, સૃષ્ટિમાં એ કષ્ટહારી;
ભવજળ તરિયે ને સ્વર્ગ સંચરિયે, વેદમાં વાત ઉચ્ચારી—
ખરેખરી મોક્ષની બારી—પ્રેમે સંભળાવું છું. ૬
સુખડ શેલડીના ગુણ સંઘરી, નિજ દુર્ગુણ દે નીવારી;
સારી શિખામણ સાંભળીને છતે, જેણે ન ચાલ સુધારી—
ભૂમિ તેણે ભારેજ મારી—પ્રેમે સંભળાવું છું. ૭
અષ્ટ ચરણ આ કષ્ટ હરણ પ્રિય, જેવી સુધાભરી ઝારી;
કહે રણછોડ વરે વધુ આગળ, કહી શિખ સઘળી વિસ્તારી—
વદે હવે સ્વસુર કુમારી—પ્રેમે સંભળાવું છું. ૮

(કાવ્ય સુધા.)

ભારતી સ્ત્રી ગીત.

ગરબે રમવા, સાહેલી ! સાંચરોરે લોલ,
ભારતી મંદિર ચારૂ ચોક પ્રીતિથી ફરોરે લોલ.
આવો બ્હેની ! ગીતરંગ રેલીએરે લોલ. ગરબે.
સાખી—શરદ પૂનમ રજનિ ખીલી, અનિલ સુરભિ મલકાય
ચંન્દ્રામુખ નંન્દન શૈલી સ્મિતલહરિ લહકાય—
રમે રમા, શારદા સોહામણીરે લોલ,

કુંકુમે જ્યાં સાથિયા પૂરેલ, છે શોભા ઘણીરે લોલ,
આવો બ્હેનોં ! આજ રાસ ખેલીએરે લોલ—ગરબે.

સાખી—મિઠાં ઝરણ ઝરી રહ્યાં, મધુરૂં મધુરૂં સુરગાન,
કોકિલ, બુલ બુલ, રસ ભર્યાં, દ્રવે અનુપમ તાન;—
દેશવાડી નવ પલ્લવે ભરીરે લોલ,
કુંજ કુંજ ધારી પુષ્પ પુંજ વૃક્ષ વલ્લરીરે લોલ.;
આવો બ્હેની ! જનનિ ગાન ગાઇએરે લોલ. ગરબે.

સાખી—ભાગીરથી, ગોદાવરી, બ્રહ્મપુત્ર શુભ તીર;
રમે સિન્ધુ કાવેરી જ્યાં, રમ્ય નર્મદાતીર;—
ગુર્જરીને બંગ સુંદરી મળીરે લોલ,
કાસ્મીરી, દ્રાવીડી, મહારાષ્ટ્રી, રજપૂતાણીઓરે લોલ;
આવો બ્હેની ! ઐક્યતાન બાઇએરે લોલ— ગરબે.

સાખી—કુસુમિત લીલી લલિતા લતા-લલના તરૂ-પતિસંગ,
ભારતવાડી દીપાવતી, વિવિધવર્ણું, નવરંગ—
પારસી, ઈસ્લામી, આર્ય રમણિઓરે લોલ,
યુરોપી સન્નારીઓ, ઉલ્લાસ રસ વિલાસિનીરે લોલ;
આવો બ્હેની ! હિન્દ દેવી વંદીએરે લોલ— ગરબે.

સાખી—હિમાલય શિર સમ ઉંચી, નિર્મલ એ મન આંશ,
ભિન્ન જાતિ રીતિ તદપિ રહો એક ઉર અમ વાસ;—
લાવો ! લાવો ! હૃદય પાત્રમાં ધરીરે લોલ,
મંગલ પ્રીતે અર્ઘ્ય, ભક્તિ આત્મ સુવાસે ભરીરે લોલ
આવે બ્હેની ! માતૃ ભૂમિ પૂજીયેરે લોલ— ગરબો.

સુમન્ત.

પ્રેમોદ્‍ગાર.

(રાગ-સ્વરવતશ્રી સ્નેહપુરથી લખીતંગ લલિતા દાસીરે.)

વધુ વાલમજી કંયમ વાર, કીધી વળવારે
પરદેશી થયા છો પ્રીત. ગઇ કયાં ગળાવારે;
મારા અંતર અંદર લાહ્ય, લાગી બળવારે,
શા માટ રીસાયા નાથ, શકતી ન કળવારે;
દીધેલ દિલાસા તમામ, પ્યારી છલવારે,
વધુ દીન થશે ત્રા વિરામ, વિદેશે ઠરવારે;
સમજાવ્યું હતું તે સ્યામ, ઢોંગો કરવારે,
હવે કેમ રહે વિશ્વાસ, તમનો તલભારે;
નથી પત્રજ પ્રીતમ પ્યાર કોઇ પઠાવ્યુંરે,
નથી મુસાફરની દ્વાર. ક્ષેમ કહાવ્યુંરે;
નથી કીયે સ્થાન નિવાસ, નામ જણાવ્યુંરે,
નથી કોણુ ધરે મુકામ, દામ ભેણાવ્યુરે;
રખે પરનારીશું પ્રેમ, પાશ ભરાયારે,
રખે વિવીધ વિલાસે વ્હાલ, અમ વિસરાવ્યારે;
રખે મોહક માયા માંય, કયાંક ફસાવ્યોરે,
રખે અજલ જમાને આપ, ફંદે ધસાવ્યોરે;
સખી સાહેલીય સમૂહ, સુખી નિહાલીરે,
પીવ વિરહ તણો પરીતાપ, પ્રગટે પ્રજાલીરે;
કીધાં પુરવ જનમ શા પાપ, કે પતી રૂઠયારે,
કીધાં કૂડ કરમ મેં આપ, કે છો વિખુટારે;

નથી સજતી શુભાશણગાર, વસ્ત્ર રૂપાલાંરે,
નથી કેશ સમારતી સાર, સૌંદર્ય શાળારે;
નથી કુંકુંમ ટીલી વિશાળ, ભાળ વિરાજીતરે,
નથી ઠમકતી વાંકી ચાલ, ચાલી કુત્ચીતરે;
એ સહુ સુખ કેરા પ્રદાય, જો પીયુ સંગેરે,
એ સહુ સુખ આનંદદાય, જો ઉછરંગેરે;
મારૂં ચીત બન્યું વ્યાકુલ, આપ વિયોગેરે;
નથી સ્વારથ્ય મને બીલકુલ, કોઇ પ્રયોગેરે;
રહ્યું શીયલને તનમન. ધન બલીદાનેરે,
મુજ નાથ તમે સર્વસ્વ, મારા ધ્યાનેરે;
મુજ જોબનનો ઝણણાટ, ઝાંખો રાખુંરે,
મુજને પુરતો ખણણાટ, ખાલી દાખુંરે;
મુજ મીઠી વાણુ વિશ્વાસ, મનમાં છુપાવુંરે,
મુજ પતી ભકતીની પ્યાસ, કેમ છીપાવુંરે;
ક્યારે આપ પધારો ઘેર, આનંદ ઉત્સવરે,
ક્યારે આપ સમાગમ મ્હેર, થાય સુખી ભવરે;
રાખોં આપ કીજે મેં સાર, સાડી વસાવીરે,
કે ધારણ કરીશ હું સ્વામી, સામી દીપાવીરે;
રાખ્યાં સાટીન મખમલ માલ, કરવા ચોળીરે,
પીયુ વિરહ મટશે તત્કાલ, પ્હેરૂં હું ભોળીરે;
એ આશ બધી નીરવાણ, સ્વામી બગાડીરે,
મારાં મનની મનમાં હાણ, સઘળી હુલાડીરે;
વ્હાણું વાતાં આપ ઉચ્ચાર, કાંને આવે છે,

ઝણુકારા જેવા તાર, મુને ભમાવે છે;
આપ વદતા'તા ગુણવાન, પ્રીયા ઉઠોને,
ઝટ સ્નાન કરો ચા-પાન, અંકથી છુટોને;
શુભસ્નાન સુગંધી શ્રેષ્ઠ, ઉબણુ બનાવીને,
નવરાવતી આપને નેઠ, નીત્ય રીઝાવીને;
ખાસું ધોતર શ્વેત હમેશ, ધોઇ સુધારીને,
ઘડી બંધ હું ધરતી બેશ, પાસ પ્રસારીને;
વળી કોઇ સમે મુખ હાસ્ય, સ્મીત કરાવંતા,
કંઇ ચેષ્ટા મારી સાથ, મોષ્ટ ઉચ્ચારંતા;
કદીહાસ્ય કરી ઉપહાસ્ય, ગાલો ચુમંતાં,
કદી આંદોલન ચીત ચાહ, તવ આલીંગંતા;
કદી અંતર રમ્ય શૃંગાર, છાતી લપેટંતા,
કદી સજ્જડ બાથથી પ્યાર, પ્રીતમ ભેટંતા;
કદી કંચુકી કસકસતી, પહેરી હું ચાલંતી,
કદી કાને એરીંગ ઉચ્ચ, ઠીક લગાડંતી;
કદી નાકે નથની ગુચ્છ, મોતી નમાવંતી,
કદી નાજુક બીંદી ભાલ, ભારી સુહાવંતી;
કદી લટકત મટકત ચાલ, ચાલી દીપાવંતી,
કદી ચક્ષુ ઘણી ચપળા છે, નીચું નીહાલંતી;
રૂમઝુમ ગતીમાં મુખ, મમ મલકાવંતી,
તવ વાહ "ચતુર રંભા, કરી પ્રીય રીઝયારે,
તવ વાહ "ચંદ્રાનની" નામ, કહી ફુટી બાઝયારે,
તવ વાહ "રતી" વદી હાંગ, મારા બોલાવ્યારે;

તવ વાહ "પ્રીયા" દીલ ચાંપી, રસથી ભીંજાવીરે,
પૂર્ણ વસંતી પમરાટ, ઝાડ જણાવેરે;
પૂર્ણ વસંતી મહીલાય, પક્ષી કહાવેરે.
સહુ દંમ્પતી આનંદરાસ, કેલી જમાવેરે;
થઇ લીન બધાં સ્વઅવાસ, મોજ ઉડાવેરે,
તલ આપણુ પ્રેમ વિશાળ, વિસ્તૃત વાધંતો;
દીન રાત તણો સહુ કાલ, રંગથી વીતંતો.

મુની રતીલાલ આણંદજી, (ટંચાક.)

મ્હારી બ્હેનાંઓને.

સખી સુખ કર આ સંસાર—એ ઢાલમાં.

આવો બાળા આવો બ્હેનાં સંગ કહું એક વાતલડી,
ઉજમાળાં ધરોને ઉમંગ, ઉજાળાં જાતલડી.
સંસારની સુન્દર વાડીમાં ડોલી રહ્યા નર વૃન્દરે,
લીલા ભરી સન્નારી વેલી ઝૂલી રહી લીલીછમ—કહું.
શીળી છાયા સુરંગીરે,
દયાનાં ફુળ સુગંધીરે;
વિધાનો રસ પીતાં લ્હાવુ લેશું બ્હાલપની.
રસ સૂતાં જંજાળી જીવડાં જીવતરને ગણુતંતરે;
ભણુતરના લ્હાવા લેનારાં, જુઓ કેવા ભાગ્યવંત. કહું.
મ્હોટું તો થાય મનડુંરે,

હેતે ભરાય હૈડું રે;
વિદ્યાહુન્નાત્રી આપે હુંને જાણું માવડલી. આવો.

(ત્રીમાસિક.) લલિત ત્વરિમલ.

ગરબી.

શાણી શિખ ધરો કાને, પતિપ્રભુ હૃદય ધરો ધ્યાને..
આ દુઃખ શીદ પામો છો અજ્ઞાને, કે શાણી૦ ૧
પ્રતિદિન સ્નાન કરી પ્રીતે, પૂજો પતિપ્રભુ રૂડી રીતે,
હરિ ગુરૂગુણ ગાઇ ગીતે, કે શાણી૦ ૨
કુળ મર્યાદાને પાળો, સદાચરણે ચિત્તને વાળો,
આયુષ્ય સત્કર્મ કરી ગાળો,. કે શાણી૦ ૩
મિથ્યા મદ મન નવ ધારો, કુસંગને કરજો અકારો,
ક્રમે કરી પામો આ ભવપારો, કે શાણી૦ ૪
મોહે પરવસ્તુ ના ભાળો, ક્રોધે નૈ કેર કરો કાળો,
ત્યજો સદા લોભ તણો ચાળો, કે શાણી૦ ૫
નિશદિન સંતોષે રહેવું, નિજ દુઃખ પરઘર નવ કહેવું,
નીતિ ધરી સંસારે વહેવું, કે શાણી૦ ૬
કાળતણો ભય મન ધારી, બુદ્ધિ ન કરસો વિકારી;
નૃસિંહ પ્રભુની ભક્તિ સ્વીકારી. કે શાણી૦ ૭
(શ્રી નૃસિંહ વાણીવિલાસ.)

હિંસા નહિં કરવાવિષે બોધ.

ગરબી.

(અલબેલીરે અંબે માત, જોવાને જઇએ. એ રાગ,)

જે દિલના ડાહપણદાર, દિલમા દયા ધરો;
જીવતા જીવનો સંહાર, કદીએ કેમ કરો. ટેક.
આપણુને જીવવાની આશા, જીવમાં રહે છે જમરે;
પ્રાણી સાને પણ જીવવાની, આશા રહે છે એમ દિલમાં. ૧
ત્રાસે નાસે અને તરફડે, અતિદુ:ખથી અકળાયરે;
જેવી આપણને અંગપીડા, એવી એ ને થાય. દિલમાં. ૨
હિંદુ, મુશલમાન, પારસી, ખ્રીસ્તી ખરા ગણાયરે;
સૈના શાસ્ત્રોમાં હિંસાનો, દોષ લખ્યો દેખાય. દિલમાં ૩
માંસ ન ખાવું માણુસ જાતે, ઉચરે શાસ્ત્રો એમરે;
તોતે આજ્ઞા ઝટ તોડીને, કરીએ એવું કેમ. દિલમાં ૪
ધ્યાનદીસે દિલમાં જેને, જન નહિ માણુસ જાતરે;
વિવેક રાખી વાત વિચારો, બલાભાઇને ભ્રાત. દિલમાં. ૫
વિવેકવંત વિલાયતમાં પણ, જે છે જનો સુજાણરે;
માંસ કદી મુખમાં નથી લેતા, પરના હરવા પ્રાણ. દિલમાં. ૬
પરનાં પ્રાણહરી પોતાના, પોષે છે જે પ્રાણરે;
મુઆપછી તેવા માણસનું, કેમ થશે કલ્યાણ. દિલમાં ૭
ભારઘણો પશુ ઉપર ભરીને, મારે છે વળી મારરે;
દુરબળ પશુનું દુખ નજાણે, એતો પાપ અપાર. દિલમાં. ૮
ખાવાનીતો ખબર ન રાખે, પ્રાણતક ન પાયરે;

તો તેના નિસાસા લાગે, વિશેષ વિઘ્નો થાય. દિલમાં. ૯
સરકારે ચોપડીઓ સાતે, બનાવી બાળક માટેરે;
પ્રાણુન તે પીડા નકર્યાનો ઘણો લખ્યો છે ઘાટ. દિલમાં. ૧૦
ઉત્તમ ધર્મ અહિંસા કેરો, ગણતાં એમ ગણાયરે;
હિંસા એજ અધર્મ અતિશે, જોતાં એમ જણાય. દિલમાં. ૧૧
પવિત્રભવ માણસનો પામી, કરો વિચારી કામરે;
જેથી સ્વર્ગવિષે સુખપામો, દાખે દલપતરામ. દિલમાં. ૧૨

ગરબી.

જીવ વેપારી વાણિયોરે, જુવો જીવ વેપારી વાણિયો.
આનંદપુર પોતાનું મૂકીરે, ફરે ચોરાશી ખાણિયોરે.
જુવો જીવ વેપારી વાણિયો.
પાંચાલ દેશમાં પ્રીતથી પેઠોરે, તીરમાં ડેરો તાણિયોરે. જુવો.
અઠવાણોતર ખોળીને લીધારે. આપે ભરુસો આણિયોરે. જુ.
મળ્યો દલાલ એક દુર્મતી એનેરે, જૂઠાનો ભેદ ન જાણિયો. જુ.
વેમ કુસંગની માગી વખારોરે, ભાતું આપીને માલ બાંણીઓ. જુ.
કૂડા કર્મના કોથળા ભારે, પાપી થયો છે પ્રાણિયોરે. જુ.
વિષય વિકારનાં વાહણો ભરીનેરે, અઘે દરિયે આણિયોરે. જુ.
વમળ પડેલું વાહણ ફરેછેરે, જેમ ઘાંચીની ઘાણિયોરે. જુ.
ચિંતાને શોકનાં વાદળ ચડિયાંરે, તૃષ્ણાની લહરે તણિયોરે. જુ.
[illegible]વાદ રૂપી ભમરા વળે છે રે, ક્યે કર્મની કહાંણિયોરે. જુ.
[illegible]વાનો આરો ન સૂઝેરે, [illegible] ઉદ્દેશ ન જાણિયોરે. જુ.

અનેક દેવનું કરે આરાધનરે, હાથે વેઠે ધણી હાણિયોરે. જુ.
અજ્ઞાન રૂપી થયું અંધારૂંરે, એક ન સુઝે અંધાણિયોરે. જુ.
સત્ય શબ્દનું ભૂલ્યોરે, ભવસાગરમાં ભૂલાંણિયોરે. જુ.
એકનાવ ભાગ્યું ત્યારેબીજામાં બેઠોરે, એમ અનેકમાં ઠાંણિયોરે. જુ.
કોટિ કલેશમાં કહિ જુગતી ત્યારે, નરદેહ નાવ પ્રમાણિયોરે. જુ.
જયાં જયાં જાય ત્યાં કર્મ કરે છે રે, જમના દૂત છે દાણિયોરે. જુ.
ખરા વિચારના ખારવા મળિયારે, એણે તે આરે આણિયોરે. જુ.
પાપના ભાર કાલાપાણીમાં નાખ્યારે, સુકર્મનો સઢ તાણિયોરે. જુ.
જ્ઞાનદિવાકર ઉગ્યો જયારેરે, જગકર્ત્તા પ્રભુ જાણિયોરે. જુ.
લાખેણો લાવ હરિભક્તિમાં લીધોરે, છોટમમહાપદમણિયોરે. જુ.

ગરબો.

ધરિયે ધારિયે ધારિયેરે પ્રભુધ્યાન હૃદયમાં ધારિયે.
મનુષ દેહ મહા મોઘું પદારથરે, હાથે કરી નવ હારિયેરે. પ્રભુ.
સાચો ધર્મ સદગુરૂ સમજાવેરે, તન મન ધન ત્યાં વારિયેરે. પ્રભુ
ચોરી જારીને ચાડી ન કરિયેરે, જીવતા જીવ ન મારિયેરે. પ્રભુ.
પાપી પુરૂષની પાસે ન રહિયેરે તત્વ વિચાર વિચારિયેરે. પ્રભુ
ભાવે ભાવે ભલા ગ્રંથ ભણીનેરે, કાજ પોતાનું સારિયેરે. પ્રભુ.
વિષય વિલાસમાં વાલા નજાયએરે, મનમાંથી મોહ મારિયેરે. પ્રભુ.
ભુંડા વિચાર ના મનમાં ભમાવિયેરે, ઠીક ઠેકાણે ઠારિયેરે. પ્રભુ.
આચાર્યનો ઉપદેશ લેઈનેરે, એક પલક ન વિસારિયેરે. પ્રભુ.
ભવસાગર મહા મોટો ભયંકરરે, તેમાંથી આપને તારિયેરે. પ્રભુ.

અંબાને યમુના વચ્ચે રહિતેરે, અમર મંત્ર ઉચ્ચારિયેરે. પ્રભુ.
છે.ટમ સર્વ પ્રભુને સોંપીરે, સઘળો જન્મ સુધારિયેરે. પ્રભુ.

" મહિમાવાન્ મહેશ્વરી શ્રી અંબાજી "
" પ્રતિ સવિનય અભ્યર્થના "

" પુનમચાંદની"ની લય.

આ કલિયુગે તો, તું ખરી અંબા માવડીરે,
તારા મહિમાનો, ગાતાં નાવે અંત;
જગ ઝગતી જ્યોતિ તું આ સંસારે જાગતીરે;
શારદ નારદને સેષ સ્તવે મા ઘડી ઘડીરે,
વળી ગુણ ગાવે છે, ગાયક સંત મહંત;
દેવી દુનિયામાં તું ભકતની ભીડો ભાગતીરે. ॥ ધ્રુવ. ॥

ચાર હાથ ના લખી શકયા, ગુણ તારા ગંભીર;
સહસ્ર મુખ ના ગાઇ શકયાં, તુજ મહિમા ધરી ધીર,

તો દીન બાળકનો ગાવા ગુણ શો આશરોરે,
કે વલ્ વલ્ કરીએ, મિથ્યા ધરતાં ખંત. ઝગ ઝગતી.
આ કૉરી ચિરૂટો વિધવિધ વ્યાધન વધી ગયારે;
જે પીતાં આર્યો, ગુમાવી બેઠા તંત. ઝગ ઝગતી.

કંઇ લાલચથી લચડિયા, કંઇ મોહે મરી જાય;
કંઇ લેસ્ભેળવી કંઇ મરે, ચતુરતી એ કળાય,

પણ દીન હિન બળથી, ના સમજે મા! આ પ્રજારે,
માણેક ધાઓ વેગે વ્હારે કરૂણાવંત! જગ જગતી.

શ્રી અંબામા પ્રતિ સંભ્રમ સ્તુતિ પ્રાર્થના.

ગરબી.

દીન દુર્બળ નિજ દાસનાં છો દૈવત અંબા ? હાંહાંરે–છો
તુજ બળપર આર્યોઝુઝે, માતા જગદંબા ? હાંહાંરે–માતા
વિદ્યા વિનય વિચારને, વાણીનાં કાર્યો; હાંહાંરે, વાણી
થાયે તુંથી તેથી કહે વાગીશ્વરી આર્યો ? હાંહાંરે, વાગી.
ધન વૈભવ સુખ સાહેબી, ઘોડાને ગાડી, હાંહાંરે, ઘોડાને.
પુત્ર મિત્ર ભ્રાતા અને, આ લાડી વાડી, હાંહાંરે આલાડી
આ સામગ્રી સર્વ છે, સંસાર તણીમા ! ! હાંહાંરે, સંસાર
આ સૌદે નિજ બાળને, મહા લક્ષ્મી ગણીમાં ! હાંહાંરે, મહા
સુખ આપે, દુખ કાપતાં, તેથી દીન વત્સલમાં ! હાંહાંરે તેથી
તોષે ભકત વરદાનથી, વરદાયા અબલયા ! હાંહાંરે, વાર
તાપ પ્રતાપથી ઝંખવે, જેથી ઝળહળ જ્યોતિ ! હાંહાંરે,
અંબી દ્રષ્ટિથી તું જુવે, જેથી મા મોટી ! હાંહાંરે જેથી
કાપે કપુરિયાં જેમરે, અસુરોને યવનો ! હાંહાંરે, અસુરો
કાલિમહા કાલિરૂપે વંદે છે સુજનો ? હાંહાંરે, વન્દે છે.
માણેક અગણિત નામ પણ, તું તો ભારતમાં ? હાંહાંરે તું
ભાવે ભજે તે ભક્તની, પૂરજે આરતમા ? હાંહાંરે

શ્રી જગદંબા પ્રતિ દુઃખોદ્દગાર

ગરબી.

"ગરૂડ ચઢી આવજો ગીરધારી" એ લય.

અવસરે અંબા આવીયોરે આફતનો,
તો પણ અસુરોને એક જ્યાફતનો. ॥ ધ્રુવ ॥
અહો રાત્રિમાં મન અમ કકળે,
ધન તન સ્થિતિ જોઇ ઉર પ્રજળે,
ચિતડું ચળે, પણ શું વળે મિથ્યાજતનો. અવસર.
ભાગ્યશાળી ભિખારી ભણાયા,
સ્વામિ જે વાતે સેવક ગણાયા,
શાણા પ્હાણા તે મહિમા વખતનો, અવસર.
દાણા નહિ, દામ નહિ દેશ અન્દર,
ચાલ્યો પ્લેગ ને પડિયા ઉન્દર,
કરથી ઘણા ઉજ્જડ કરે વતનો, અવસર.
હિન્દુ સહુ દુખ સિંધુમાં ડુબે,
વળે શું મા કર્મે મનસુબે,
સોટો પડયો જ્યાં મા ! આ એક શઠનો. અવસર.
ગરબા ગાઇએ પણ મનથી પ્રજળીએ,
ઘેરે રાતું મા મોં રાખી ફરીએ.
એવો હાસ થયો છે ભારતનો ! અવસર.
કોઇ લુટે છે ઓહદાને જોરે,
કોઇ કરથી પછાડે છે તોરે,

મુઝવે મતલબ વિણુ મફતજો ! અવસર.
નથી રસ કસ મા રૌજગારે,
ખેતી વાડી કે વણુજ વ્યાપારે,
આવ્યો સમય મા કર સેવા બદનો. અવસર.
સાહાય્ય તુજ સંકટ વેલાયે પ્હેલી !
વારે ધા મા તું માણેક વ્હેલી !
થયરે સુણી અસુરો રણુકો નોબતનો ! અવસર.

અંતિમ અભ્યર્થના.

"અલબેલીરે અંબેમાત." એ લય.

હો મંગળ કર જગ માત, જય જય જય અંબા ?
દેજો અમને સુખ સાત, જય જય સુખદંબા
અંતિમ અરજી માત સ્વીકારો ગરબે ગાવા આજરે,
અરજી સહુ પ્રેમે સુણીતો, આ શુણી ટાળો દાઝ. જય.
કરણી ભણીના જોશો માતા, બીરદ ભણી બાળોનેરે,
આલો, આલો આલો અમને સ્વતંત્ર સુખ આલોને. જય.
સ્વતંત્ર સુખ સ્વામિત્વ ન આપો, જો હોય એ મા ! કાચારે,
તો તું થા ભારત મહારાણી, મહારાણા શિવ સાચા. જય.
નન્દન વન વત્ ખેતી વાડી, સ્વર્ગ સમો કર દેશરે,
પૈસા પરિવારે કર પહોળા, દે સુખ સંપ હંમેશ. જય.
બ્રાહ્મણુ વેદ ભણે મા ભાવે, વૈશ્ય પુરાણો વાંચેરે,
શૂદ્ર કરે સેવા સૌ જનની, કરી કીર્તન મન રાચે. જય.

ભારત તે વ્રુજ મંદિર જેવું, પાવન તમ મા કરજોરે,
નીતિ પ્રીતી ભક્તિ સંસારે, નર નારીમાં ભરજો. જય.
છેતરટ કે કંકરને ટાળો, સંકર સર્વ પ્રજાજોરે,
માણેક સઘળાં સંકટ બાળો, અસુરો આભ ઉછાળો. જય.

માણેકલાલ છોટાલાલ દેસાઈ—મુંબઈ.

અબળાનો આરાધ્ય દેવતા !

(" અરે આ અબળાનો પોકાર નાથ જરી સાંભળોરે "
એ પ્રમાણે રાગ.

અરે, આ અબળાનો આધાર, નાથ વિણ નહીં જગેરે !
નાવ-નાથથી ઉતરે પાર, નાર આ જગ મધે રે !
સતિ સાધ્વી નાર, નિત પતિ પ્રેમ ર—ળો. !
વરી સ્નેહે નાથની સાથ, સુખ દુઃખ એક ક—ળે !
ધન્ય તેનો અવતાર ! ! અરે.
પ્રેમે પતિ માંહિ મતિ, સ્થાપિ વધારો સદ્‌ગતિ !
તો જડાશો સુખથી, નવ દુઃખ પામશો જગ રતિ !
પતિ મોક્ષનું ગણી દ્વાર, સેવો સર્વ બીજી તજી ભીતિ !
એથીજ કરશે વ્હાર, વારંવાર તમારી જગપતિ ! !=અરે.

છગનલાલ નારાયણભાઈ મેસ્ત્રી.

ગરબો.

રાગ. (સખીઓ નીજ નીજ નિતી.)

આવો હાવે ભાવે રમીએ સહીઓર આપણેરે;
રમોએ રંગ તરંગથી આખો દીઓ બેન,
બળીએ રગત ગગતમાં જઇને ત્યાં ઉલ્લાસમાંરે.
સાખી—ચાલો બેની બાગમાં, ચંદ્ર ખીલ્યો છે ચકોર.
જાવાની જોઉં રાહ હું, જેમ વૃષ્ટી ઇચ્છે મોર.
કરો તૈયારી ત્યાં જાવાની સૌ આપણેરે,
પેરો કીમતી આભુષણુ અંગે અલંકાર. આવો
સાખી—બાગ શુશોભીત પુષ્પથી. સુગંધ વહે ચોપાસ.
ગુલાબ કેતકી મોગરો. આપી રહ્યા છે સુવાસ.
સહીઓર સાથેતો સૌ ઉઠો ફરવા ફુંદડીરે
ટોળે મળીને બોલો શ્રી હરી એકવાર, આવો.
સાખી—આજ દીવસ છે હર્ષનો, મળી આપણ સંગાથ
પણ હવે ચાલો ઘર ભણી, વાટ જુવે છે નાથ.
રાતલડી અરધીતો ચાલી અહીંથી નીસરીરે,
માટે વઢશે ઘેરે આપણને ભરથાર. આવો.
સાખી—જો અહીં થાશે વારતો, પતિ થાશે દીલગીર;
વખત વિતી કેમ બહુ ગયો. એમ મનમાં નહિ રહેધીર;
માટે ચાલો બેની પતિની સેવામાં હવેરે.
પાછા મળશું જગદીશ મેળવશે સુભદીન. આવો.

સદગુણી સ્ત્રીને તેના સ્વામીએ દુઃખ નહિ દેવું.

ગરબી.

સદગુણી સ્ત્રીને જે સ્વામીરે, વણવાંકે નડે છે નકામીરે;

તેનો નરકમાં નિશ્ચય નિવાસ.—અધમગતી આવે છે એહથારે. ૧

પતિનું પતિ છે જીવનરે, જેણે સોપ્યું છે તનમન ધનરે;
તેને વણવાંકે ઉપજાવે ત્રાસ.—અધમગતી આવે છે એહથારે. ૨

દાશી રૂપે સદા સેવા કરેરે. મીઠી વાંણીથી મનની હાણી હરેરે;
તેને નિઃકારણુ કરતાં નિરાશ—અધમગતી આવે છે એહથારે, ૩

ઘરમાં ખાતાનીખટપટ એ કરેરે;નાનાં મોટાનીતગીયત મન ધરેરે;
તેને ઠરવા ન દે ઠરીવાસ—અધમગતી આવે છે એહથારે. ૪

સદા સુખ દુઃખની એ છે સાથીરે, જેજે કહો તે કરે નાઠીરે,
તેને રાજી ન રાખે કિદાસ.—અધમગતી આવે છે એહથારે. ૫
કર્યાં હોયજેશું કૃત્ય ગત જનમરે;તો તે સદગૂણી સ્ત્રી મળી આવેરે.
તેને નડતાં જેસંગ વિનાશ—અધમગતી આવે છે એહથારે, ૬

રાગ ચાબખો.

મૂને સાય કરશે મોરારીરે, વારે ચઢશે ગોવરધન ધારી—ટેક.
અહલ્યા ઉગારી, મીરાંબાઇ તારી, એની ચીંતા કરીશ નહિમારી-મૂને,૧
મંઝારી બચ્ચાંને, બળતાં ઉગારી, મોક્ષ દીધો ગજંદ્રને તારી;-મુને. ૨
દ્રૌપદીનાં ચીર પુર્યા, થાશે તે સાયકારી. મુને, ૩

બજરંગીનો (હનુમાનનો)

ગરબો.

સિતા રામનો છે રખવારે સમરૂ બજરંગી,
એતો અંજનીનો જાયો હનમાંનરે. સમરૂ
એમને ચઢે છે તેલ સિંદુરરે, સમરૂ

માતાજીનાં વચન પાળવા, પીતાજીને કાજ;
અયોધ્યા નગરીના રાજ છોડીયાંરે, રામે ભોગવીયાં વનવાસરે. સમરૂ

વનમાં જઇ મઢી બનાવી, આસન કીધાં ત્યાંય,

રોપ્યાં સીતાજીએ વૃક્ષ ત્યાં કંઇ જુદી જુદી જાતના જ્યાંયરે. સમરૂં
રાજા રાવણનો મૃગલો, જેની સુવર્ણની છે કાય;
ચરતાં સીતાજીએ ભાળીયોરે, કહે રામને કાંચળડી સીવડાયરે. સમરૂં
કંચવો સોનાનો સીવડાવશું, નહિ ચામડામાં એ સાર,
હઠ લીધી સીતાજીએ ઘણી, કીધા બોલ ઓશીયાળા અપારરે. સમરૂં
બોલો સીતાના સાંભળી, લીધુ રામે ધનુષ્ય ત્યાં હાથ;
પહેલું તે બાણ રાંમ ફેકીયું, તેતો જઇ પડયું દરીયામાંયરે. સમરૂં
બીજે બાંણે મૃગ મારીયો, તમો ધાજો લક્ષ્મણ વીર;
સીતાજી કહે દીયરનેરે, તમો જાઓ હણાયા તમ વીરરે, સમરૂં
ઘેલી સીતા ન બોલીયે, નવ રામ હણાયા જાય;
મેણાં દીધાં સીતાજીએ ઘણાંરે; તેથી લક્ષ્મણ ધાયા ત્યાંયરે. સમરૂં
રાવણ આવ્યો જોગી થઇ, કહે ભીક્ષા દે માય;
આપી આણ્યો છે રામનીરે, તુને ભીક્ષા તે કેમ અપાયરે. સમરૂં
કપટીયે કપટ લડાવીયું. ઉંધુ ચતુ સમજાવી સાર;
ખાંધે બેસાડી રાવણ ચાલીયોરે, કાંઇ હરી છે સીતા નારરે. સમરૂં
ઉંચી મેડી ઉંછાંછળા સમુદ્રનો નહિં ત્યાગ;
સતીને રાવણ હરી ગયોરે, એની મેડીએ ઉડે છે કાગરે. સમરૂં
મારી મૃગ રામ આવીયાં. નાંખ્યો મઢીની બહાર,
દિસે સુના મંદીર માલીયાં, કહો લક્ષ્મણ કયાં ગઇ સીતા નારરે. સમરૂં
રામ કહે લક્ષ્મણ તુ કુલક્ષણો, ન સરીયાં કશાં કાજ;
ના હણ્યો વાડીનો મૃગલોરે, કાંઇ સાચવી ન સીતા નારરે. સમરૂં
લક્ષ્મણ કહે હું ન કુલક્ષણો, કુલક્ષણી તમારી નાર;
સીતા કઠણ વચન બોલીયાંરે મને લાગ્યાં તે હાડો હાડરે. સમરૂં
રામ રૂવે લક્ષ્મમ રીઝવે, ના રોશો ઘેલા રામ;

સતિ સરીખી બીજી લાવશું રે, એનુ સીતા ધરાવીશું નામરે. સમરૂં
જળ જળ કમળ ન નીપજે, વીરા વનવન અગર ન હોય;
ઘેર ઘેર સિતા ના નીપજેરે, તુતો બંધવ વિચારી જોયરે. સમરૂં
રામે બીડુ ફેંકાયું, કહો છે કોઇ બળીયો જોધ,
હનુમાને તેતો લીધું હાથમાંરે, લાવું સીતાજીની હું શોધરે, સમરૂં
અવળા ઉલટે ઉછળ્યો, પડીયો, સાગર મોઝાર;
લંકા માંહી તે આવીયોરે, જોયા ચોરાશી બાવન બજારરે. સમરૂં
જોઇ વળ્યો લંકા બધી, જોયું રાવણનું રાજ;
પત્તો સતિતો ના મળ્યો, આવ્યો થાકી પાણીને ઘાટરે. સમરૂં
પનીયારી તુને વિનવું કંઇ બતાવે જો સીતા માય;
પનીયારીએ કહ્યું સાંભળોરે, સીતા અશોક વાડીની માંયરે. સમરૂં
ત્યાંથી હનુમાન ઉઠીયો, તે આવ્યો વાડીજયાંય;
ગહેલી મુદ્રિકા પડતી ત્હીરે, લીધી સીતાજીએતો ત્યાંયરે. સમરૂં
કોણ દિશાથી આવીયા, શું છે તમારૂં નામ;
કોણ તમોને મોકલ્યા, લાવ્યા કયાંથી મુદ્રીકા આ મારા રામનીરે. સમરૂં
ઉતર દિશાથી આવીયા, પંચવટીમાં છે મુકામ;
રામ લક્ષ્મણે મુને મોકલ્યોરે, છે હનૂમાનજી મુજ નામરે. સમરૂં
સાત સમુદ્ર આડા ભર્યા, જળનો નહિ કંઇ માગ;
દૈતો સામા ઉભા હશેરે, ભાઇ કેમ કરી મુકાવ્યો તેં માગરે. સમરૂં
સાત સમુદ્ર કોટે કરૂંને બાળુ લંકા અનુપ;
નથી મારા રામની આજ્ઞારે, નહીંતો મારૂં હું રાવણભુપરે. સમરૂં
તરસ્યો તું હોઇશ ભાઇ સાવજારે, જા પીને તું ટાઢા નીર,
ભુખ તુને લાગી હશે, તું ખાને આ દાડમ અંજીરરે. સમરૂં
ઝાડ ભાગી હનુમાનજી, પાડી વન ફળ ખાય;
ફરીયાદ બાગનો માળીડોરે, લેઇ રાવણની પાસે જાયરે. સમરૂં
અરજ સુણી માળી તણી; કોપ્યો રાવણ રાય;

મારો મારો એને શું જુવો, ભાગો લોઢે લાકડે એની કાયરે. સમરૂં
કુંભ કરણે ભાથા ભીડીયા, ગાર્યું જોરથી બાણુ;
ઇંદ્રજીત કહે ગભરાવો નહીંરે, હું વાળુછું એનો ઘાણુરે. સમરૂં
હનુમાનજી હસતા બોલીયા, નહિ મરૂ એરણને ઘાણુ;
સાચું કહે વાંદરારે, ત્યારે શાથી જસે તુજ પ્રાણુરે. સમરૂં
આખી લંકાના ગોદડાં, અને સહસ્ત્ર ઘાણીનું તેલ;
મારે પુંછડે બાંધી પછીરે, વળી અગ્નિ તે તેમાં મેલરે. સમરૂં
તેલ મંગાવ્યું તરત, ત્યાં બાંધ્યા ગોદડાં સજજડ;
અગ્ની મૂકતાં સાથ હનુમાનજીરે, બેઠા ચઢી તે લંકા ગઢરે. સમરૂં
બાળ્યાં મેડીને માળીયાં, બાળ્યા બાવન બજાર;
હાહાકાર ત્યાં થઇ રહયોરે, રૂવે નાનાં મોટાં નરનારરે. સમરૂં
પછે સ્નાન કરી હનુમાનજી, આવ્યા રામજી જયાંય;
સીતાની ખબર આપી અનેરે, કહ્યું લંકામા લાગીછે લાયરે. સમરૂ
રામ લક્ષ્મણ યુધ્ધે ચઢયા, ઇંદ્રજીત માર્યો ત્યાંય;
ઓળખ્યો ઇંદ્રજીત તેમણેરે, ત્યારે લક્ષ્મણને થઇ મૂર્છાયરે. સમરૂ
રામજી ઘણા દીલગીર થયા, ઉચર્યા દીલમાંહી બોલ;
કાંચલડીને કારણેરે મારી અખંડ ખાંડીજોડરે. સમરૂ
ગયાંતાં તમો ત્રણ જણાને, આવ્યા એકા એક;
માતા સુમીત્રા એમ પુછશેરે ત્યારે ઉત્તર શો દઇશ હું તહમને. સમરૂં
વાણું વાયુ આવ્યા હનુમાનજી, લાવ્યા અમરકુપ સાર;
મુર્છાવાળી લક્ષ્મણ તણીરે, ત્યારે વરત્યોતે જે જે કારરે. સમરૂં
થયું યુદ્ધ ત્યાં અતિઘણું, મરાયો રાવણભુપ;
સીતા સતી મલી રામને, પછે વિઘ્ન પડયાં જઇ કુપરે. સમરૂં

ગરબો.

(પુનમચાંદની એ રાગ.)

બેહનો પતિવ્રતા નીજ ધર્મ તમે સ્વીકારજોરે.

રહેતા પતી સેવામાં હાજર દીનને રાત;
પામો મુકતી પદને સુખ ઘણું સંસારમાંરે. ટેક.
સત્ય વચન સૌ બોલજો. નીજ પતિની સંગાત;
સાસૂ સસરા સર્વને, સાચી કહેજો વાત.
રાણી નમ્રતાને ગાન થકી બોલાવજોરે,
વર્તી સદ્ગુણથી રાખો સૌને પ્રશન્ન; પામો.
નેત્રનેહ નવ રાખશોરે, પરપુરૂષની સાથ,
પિતા પુત્ર ગણી તેહને, બોલો શઉ શંગાથ.
ઠઠ્ઠા મશ્કરી કરીને બહુ નવ બોલવુંરે.
વળી એકાંતે નવ કરવો ગુપ્ત વીચાર. પામો.
દાગીના નવ પેખવા. નિત જોવું પતી મુખ.
સદ્ગુણમાં રહેજો તમે, અક્ષય પામોસુખ;
લઢવું વઢવું ને ગુસ્સામાં કદી નવ બેસવુંરે,
રહેવું સતોષે જે આપ્યું છે જુગદીશ.. પામો.
પતિ પ્રકૃતિ હોય જો, અગ્ની કેરી ઝાળ;
સંતોષે બુજાવશો, શાગો નાવે કાળ;
હસવું ને સુખેથી દીન ગુજારવાંરે.
તેથી થાશે સઉ કુળનું કલ્યાણ, પામો.
ધન સંપતી વાશના. પટકુળ જુદા રંગ,
સર્વ ફોકટ જાણજો. ધરજો શદ્ગુણસંગ;
ગળશે પરમેશ્વર આપે મુકિત કુળ શાતમાંરે,
કહે લક્ષ્મણ ગણપત, હેતે ધરી મનહોંશ. પામો.

ગરબો.

શાણી સહીયરો ચાલો જઇએ આજે. કાજ સુંધારે ઉમા માવડીરે.
આણંદ હઇએ અપાર રાખી પુજો પાવડીરે. ટેક.
સખીશોભા થઈ રહી આજેસુંદીર વાગ્યનીરે આણદ૦
સાખી.—ભજો સહુ ભાવેરે આજ, તો શકિત સાચુ રૂપ;

હરખે રાખે લાજ એ, હોય રંક કે ભુપ.
પ્રીતે નીતી (ની) રીતી યાદ કરી હમેશ શેવાસાચવોરે,
શુભ ભાવી જનો આજે આવે ભાવથીરે, આણંદ૦
સાખી.—શુભ શિયળ શકુ શાચવો, સખીઓ લાગી પાય.
જુઠા વીતને ના ચહો, જેથી રીઝે જગમાય.
અવર સંગ હેતે કરી, ટાળો મનથી દૂર;
તો માજી શકુ તારશે, ભાવ ધરીને ફૂળ,
શમરણ સાચું ધારી, પાળી શિયળ શુભ ચાલીએ;
તો કદીએ ના આવે જુઠા તમને આળ. આણંદ૦
સાખી.—જુઓ વિચારી મન વિશે, પ્રથમ મનુષ્ય દે માન,
અંત વખતે પણ આવશે, નારાયણી વૈમાન;
ટેક ધારીને તરત તમે સત્ય માનજોરે.
શિયળથી શગરૂ રહેશે શરીર. આણંદ૦

પંદર તીથીઓ.

સખી પડવે તે પંથ ચાલ્યારે, મહા વનના તે મારગ ઝાલ્યારે;
સાથે સીતાને લક્ષ્મણ બાળા, રઘુપતીરામ રૂદેમા રહેજોરે.
સખી બીજે મઢીમાં બીરાજેરે, જેવાં નદીઓ·તણાં નીર ગાજેરે,
રામ મેલી ગયા રૂડું રાજ, રઘુપતીરામ રૂદેમાં રહેજોરે,
સખો ત્રીજે વનની ઝાડીરે, દશ ફળ મંગાવે દાડીરે;
શારી શોભે સીતાજીની વાડી; રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી ચોથે કેવડીઓ મેકેરે, ફાલો ફુલોને મોગરો મેકેરે;
એવી લીલી લતાઓ લેકે; રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી પાંચમે પોપટ પાળ્યોરે, પાંખ લીલીને કંઠલો કાળોરે;
મુખે રામનામ ભણતો ભાળ્યો રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી છઠે છેતરવાને આવ્યોરે, કુડો કપટી રાવણ શાથે આવ્યોરે;
બે મુખનો મૃગ બનાવ્યો. રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.

સખી શાતમે શ્રીહરી શમર્યારે, વાડી ભેળી ઉપાડયાં ભગરારે;
દુખ સહીને ઉછેરા ડગરા. રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
શખી આઠમે એને નીહાળોરે, ધનુષધારીને મૃગલો મારયોરે;
મૃગ મરતી વખતે પોકાર્યો. રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી નોમે તે નાંખ્યો તીરરે, જઇ વાગ્યો મૃગ શરિરરે;
વારે ધાજો લક્ષ્મણ વિર. રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી દશમે કહે લક્ષ્મણનેરે, એણો વિરો બોલાવેછે તમનેરે;
આડી આંણ દિધી છે અગને, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી એકાદશિ અપવાશીરે, લંપટ લેવાને લાગ તપાશીરે;
રાવણ સીતાને લઇ ગયો નાશી. રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી બારસે હનુમાન બળીયોરે, થેકી સમુદ્રપાર ઉતરીગોરે;
જઇ જોગ જોગ માયાને મળીયો. રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
શખી તેરસે તંબોળુ ગાજે, હાક હનુમાન કેરી વાગેરે;
લાય લંકા તે ઘડમાં લાગે. રઘુ પતી રામ રૂદેમાં રહેજોરે.
સખી ચઉદસે ચિત વિચારીરે, ફોજ વાંદરાની રચી સારીરે;
રામે રાવણને નાંખ્યો મારી, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે,
સખી પુનમે પ્રભુજી આવ્યારે, થાળ ભરી મોતીડે વધાવ્યારે;
માત કૌશલ્યાને મન ભાવ્યા, રઘુપતીરામ રૂદેમાં રેહેજોરે,

બહુચરાજીનો ગરબો.

બલિહારીરે બહુચર માત, જોવાને જઇશું. ટેક.
જોવા જઇયે સુખિયાં થઇયે, આરાસુરમાં રહિયેરે;
આરાસુરમાં અંબા બીરાજે, પાવાગઢ માહાકાળી. જોવા. ૧
માને પારે હવન થાયને, ચિર ચુદડિ હોમાયરે;
બ્રાહ્મણ બેઠા વેદ ભણે છે, માનીની મગળ ગાય. જોવા. ૨
માને પારે જે કોઇ જાશે, તેની પુરે આશરે;
કરજોડી જન વલ્લભ કહે મા, હુંછું તારો દાસ. જોવા. ૩

પંદર તીથીઓ.

પડવાનીપણ પ્રીત ગતમત ભુલીરે, મારા હરીવિના એક વાત સરવે સુનીરે;
બીજે બાળે વેશ રહું છુ બાળીરે, આ ઘરમાં કેમ રહેવાય, વાગે તાળીરે.
ત્રીજે ત્રીભોવનરાય રાજ પધારોરે, હરી આવો આપડે ઘેર, હેત વધારોરે,
ચોથે ચતુરા નાર ચંચળ ચાલોરે, પેલો વડોદરાનો વઇદ, દુખડાં ટાળેરે;
પાંચમના પડદા હરી શુંરાખ્યારે, મારે પેમરસ પીવા કાજ હરી રસ ચાખોરે;
છઠીના લખીયા લેખ, તે કેમ ટળશેરે, મારા પેલા ભવની પ્રીત, આવીમળશેરે,
સાતમના સંતાપ આશું કહીએરે, માહારાજ લાજ નથી લગાર, શું કહું તમનેરે,
આઠમ ઓછવ થાય, હરી હોય હેલીરે, મારેસોળ ગોપીનો શાથ; રમવા ઘેલીરે,
નોમે નમેરા નાથ, નમેરા ન થઇઓરે; આ ગોકળ મેલી મથુરા ન જઇએરે;
દશમે દીન રાત દેહ મારી દાઝેરે, ઘેર નાવલીઓ નાહોય, તે ઘણુ શાલેરે,
એકાંદશીનાં વ્રત મારે કરવાંરે, શ્રી જમુનાજીનાં ધ્યાન મારે ધરવાંરે;
દ્વાદશીના દાહાડે દરશન દેજોરે, મારા શામળીઆ ભગવાન, શનમૂખ રેહેજોરે;
તેરશના તો તન અમારાં તુટયાંરે, આ હરી હરીકરતાં હોઠ; અમારા સુકયારે;
ચઉદશેતો ચતુર નર શું વાહયારે, ઘેર રાધા સરખી નાર, શું રીસાયારે,
પુનમે તે પંદર તથો થઇ કહાવેરે મન. સેજલડીમાં સુતાં, નીંદ્રાના આવેરે.

પંદર તીથીઓ.

હરી હઠ મેલને રાધે, મેરીશંગ બોલને રાધે;
અબોલા બોલને રાધે, ઘુમટડા ખોલને રાધે.
કહયા મેરા માનને રાધે. ટેક.
પડવે મોરી સાહેલડી, પેઊજી વાડીએ જાય;
પેઊજી લાવે દાડમ, ગોરિ છોલેને પેઊજી ખાય. હરી૦ ૧
બીજે મોરી શાહેલડી, બાળોનર ઉગ્યો ચંદ;
દાડમ કેરે દંતડે ગોરી આસો માંડયો ફંદ, હરી૦ ૨
ત્રીજે મોરી શાહેલડી તરીઆજ વારંવાર;
આશું ભુલી સુંદરી, ભુલી કંકુને કાજળ સાર; હરી૦ ૩
ચોથે ચમકતી મેં શુણી, જોબન બાળે વેશ;

ભરજોબનમાં એકલી, જેના પેઉ ગયા પરદેશ. હરી૦ ૪
પાંચમે મોરી સાહેલડી, પંથ પલંગ કંથ દુર;
ભરજોબનમાં એકલી, મારૂં જોબન જાય ભરપુર; હરી૦ ૫
છઠે મોરી સાહલડી, છડીજ વારોવાર;
પરદેશી રાજ પધારસે, આપણે બેશીશ હારોહાર. હરી૦ ૬
સાતમે મોરી સાહેલડી સાથેજ કીધા સ્નેહ;
ચોમાશાની રત ચીકણી ઝીણા ઝરમર વરસે મેહ. હરી૦ ૭
આઠમે મોરી સાહેલડી, આડે જોડા જોડ.
પરદેશી રાજ પધારશે, બેશીશું મેડા મોડ; હરી૦ ૮
નૌમે મોરી સાહેલડી નવલાંજ પેહેરૂં ચીર,
દીપક લઇ મેડે ચડુ મારે નયણે વછુટયાં નીર. હરી૦ ૯
દશમે મોરી સાહેલડી દશરા પુજવા જાય,
પુજયા તે નર પાંમીયાં મારા રાયજાદા ભરથાર, હરી૦ ૧૦
અગીયારશે મોરી સાહેલડી, મેં કીધી શાયળવ્રત.
પરોઢીએ ઉઠી પારણાં કરૂ, મને કૃષ્ણ જોયનિ ખંત, હરી૦ ૧૧
બારશે મોરી સાહેલડી, બારજ બાંધા બંધ;
કૃસનારા નર કરી ગયા, એતો કદીએન છુટે બંધ. હરી૦ ૧૨
તેરશે મોરી સાહેલડી વાદળ વાંધ્યો રંગ;
ઓસડની મુળી એકછે મને ડંશીઓ કૃષ્ણ ભોરંગ. હરી૦ ૧૩
ચઉદસે મોરી સાહેલડી પાશા લીધા પાસ
મે જાણ્યું તે પડશે પાધરા એતો પડીયા બારેવાટ, હરી૦ ૧૪
પુનમે મોરી સાહેલડી, પુરીજ કરજે આશ;
મેં જાણ્યું હરી આવસે, હવે થઇ બેઠીછું નીરાશ. હરી૦ ૧૫

મલાવરાવનો રાસડો.

પીતળ લોટા જળે ભર્યારે દાતણુ કરતા જાઓરે,
મલાવરાવ શેહેરનો શુઓ કયારે આવશેરે,
દાતણુ કરશુ વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે. મ૦

ચીનના પ્યાલા એમ રહયારે, મરદન કરતા જાઓરે. મ૦ ૧
મરદન કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે, મ૦
ત્રાંબા તે કુડીઓ જળે ભરીરે, નાવણ કરતા જાવરે, મ૦ ૨
નાવણ કરશું વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે. મ૦
રાંધી રશોઇઓ એમ રહીરે. ભોજન કરતારે જાવરે. મ૦ ૩
ભોજન કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે. મ૦
પાન સોપારીને એલચીરે, મુખવાસ કરતા જાવરે. મ૦ ૪
મૂખવાસ કરશું વાડીએરે ફરતિ ફીરંગીની ફોજરે. મ૦
સોનાતે કેરાં શોગટાંરે રમત રમતા જાવરે; મ૦ ૫
રમત રમશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે. મ૦
ઢીચંણ સામો ઢોલીયોરે, પોઢણ કરતા જાઓરે. મ૦ ૬
પોઢણ કરશું વાડીએરે ફરતી ફીરંગીના ફોજરે. મ૦
કયાંથી આવ્યા પેલાપરદેશીરે,માથેટોપીનેભુરો વેશરે, મ૦ ૭
રાણી રૂવે રંગમેલમાંરે દાસીઓ રૂવે દરબારરે. મ૦
હાટે રૂવે હાટ વાણીયારે, ચોરે રૂવે ચારણ ભાટરે. મ૦ ૮

ગરબો.

શું નટવર વસંત થેઇથેઈ નાચી રહ્યો, નાચી રહયો જગ નચાવી રહયો શું
કોયલ મધુર મોરલી બની, છેટે નટવર કાન,
વિરહ ઘેલી ગોપી ઘણું, તજી નીકળી અભીમાન;
રશિયા વિનાની બની બાળા એ બાવરી વેણું વસંત ચિત્ત,
વિંધી ગયો, વિંધી ગયો વિંધાઇ ગયો, શું નટવર.
શીતળ શુખકર પવનની, લહેર ઘુમે ચોપાસ;
જાણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ.
વિધવિધ પંખીનાં વેણ. ઘુઘરી ધમકે રે;
માંહી માંહી મેનાના નાદ ઝાંઝર ઝમકે રે.
નવ પલ્લવ વાઘો ધરી, પચરંગી શીર પાસ,
ફાગ લાગ સાધી રમે, મદનરાજ મહાભાગ્ય,

લહેરી લાલાથી રમે લગ્નના એ લાડમાં, પ્રિતી ગુલાલ લાલ
છાઇ ગયો, છાંઇ ગયો, છવાઇ ગયો. શુ નટવર.
(અશ્રુમતી)

ગરબો.

પુનમ ચાંદની ખીલી પુરી અહીરે, શોભે રજની સુંદર શી આજ;
હેતે રમીએ સંગાથે સૈયર આપણેરે.
સૈયર કંકણો સોનાના કરે ધર્યારે, માંહે જડીયાંછે લિલમ મણી નંગ—હે.
મળીઆં આજે આપણે, ધરી શોળ શણગાર;
કર કંકણ ચુડી ચમક, ચંદ્ર તેજ એક તાર.
હીરા રત્ન જડીત ઉરહાર છેરે, મોતીરછ લળકેછે બાજુબંધ—હેતે.
અંબોડા ફુલે જડયા, સરસેથે હિંગુળ;
કીધા કુમકુમ ચાંદલાં, મુકતા માળા ઉર,
આરસપારસગણી જડેલો ચોકછેરે, તેમાં રમતાં વસતાં હૈયે નણદલવીર.
પેર્યા ઝાંઝર પ્રીતથી, ઝણણ કરે ઝણકાર;
ફરીએ સૈયર ફુદડી, આ રજની મોઝાર.
સખી વેલીઓ ફુલી વિધવિધ ભાતની રે, તેતો આપે છે શી સુંદર.
સુગંધ હેતે.
કથા શિયળની શાંભળી, પ્રિતમ ઉપર પ્રેમ;
વધ્યો સખી વિરહી થઇ, મળે ત્વરાથી કેમ. પુનમ૦
(ત્રીવિક્રમ.)

અંબાજીનો ગરબો.

આલબેલીરે અંબે માત જોવાને જઇએ.

બળદાળીરે બહુચરમાત જોવાને જઇએ, ટેક;
જોવા જઇએ મા સુખીઆં થઇએ આરાસુરમાં રહીએરે,
આપ આપણા મનની આશ લેખાં આગે આગળ કહીએ; જોવાને ૧
આરાસુરમાં અંબા બીરાજે પાવાગઢ મા કાળીરે
દક્ષણમાં તુળજા ભવાની ચુંવાળ બહુચર બાળી; જોવા ૨
માને પારે હવન થાય ને ચીર ચુંદડી હોમાયરે
બ્રાહ્મણ સઘળા વેદ ભણે, ત્યાં માતુની મંગળ ગાય. જોવા ૩
આંધળાંને આંખજ આપે પાંગળાંને પાયરે;
નિર્ધનીઆંને ધનજ આપે, આપે પદાર્થ ચાર. જોવા ૪
માને પારે જે કોઇ આવે, તેની પુરે આસરે.
કરજોડી કહે બાજીઓપવાળ, હું છું તારો દાશ; જોવા ૫

કાળકા માતાનો ગરબો.

મા તુ પાવાની પટરાણી કે, કાળીકારકારે લોલ.
મા તારે ડુંગરડે ચડવું તે. અતિ ઘણું દોહલુંરે લોલ.
મા તારી પ્રદક્ષણા કરવી કે, વરણન શું કરૂંરે લોલ.
વિશ્વાસે તપ કરવા બેઠા કે, ચઉદે ચઉદ મળ્યારે લોલ.
ત્યાં કોઇ ગાતાંતાં ગરબા કે, માજી આવીયાંરે લોલ.
રાજાજીએ છેડલો સાહ્યો હાથ કે, માજી પ્રસન્ન થયાંરે લોલ.
માગ્ય માગ્યા કુટુંબ કુશળ ક્ષેમ કે, જંજાળ અતીઘણીરે લોલ.
માગ્ય માગ્ય ઘોડાની ઘોડાર કે, હાથી ઝુલતાંરે લોલ.
માગ્ય માગ્ય દક્ષણ સરખા દેશ કે, .કલ્યા અતી ઘણારે લોલ.
માગ્ય માગ્ય ગુજરાત સરખી ગાદી કે. ભદર બેસણાંરે લોલ.
માગ્ય માગ્ય નવખંડમાં રાજ્ય કે ચાંદો સૂર્ય તપેરે લોલ.

માગુ માગુ એટલું વરદાન કે મારા મોહેલે પધારીએરે લોલ.
ફટ ફટ પાવાના રાજન કે. એ શું માગીયુંરે લોલ.
આજથી છઠેને છ માસે કે, મુગ જશેરે લોલ.
એમ કહી માતા થયાં અલોપ કે, પાવો હાથ ધશો રહયોરે લોલ.
મુગલ ચઢાવી ને ફોજ કે, પાવાગઢ ઘેરિયોરે લોલ.
દરવાજે ઉભા દરવાન કે, કોઇને પુછીયેરે લોલ;
રાજાજીએ ખોદાવીયું તળાવ કે, પાણી નવ નિસરયુંરે લોલ.
મુગલે ખોદાવીયું તળાવ કે, જલ દૂધે ભરયુંરે લોલ;
માજીનો એવો છે મહિમાય કે કવિ નવ કહી શકેરે લોલ.

આગગાડીનો ગરબો.

મહોલે પધારો માહારાજ. એ રાગ.

ગાડી આવી ગુજરાત, અગન કેરી ગાડીરે આવી૦
એતો આવી હિંદુસ્તાન, અગન કેરી ગાડીરે આવી૦
નીરખ્યાથી નાન નીરાંત, અગન કેરી ગાડીરે આવી૦

સરસ્વતી માતને વિનવું, કાંઇ ગણપત લાગુ પાય;
ટોપીવાળા તારા રાજમાં, રૂડું કાંકરીઉં પંકાય-અગન૦
ગાડી તારાં બેસણાં, એ તો ઇંદ્ર તણાં વૈમાન,
આંકડે આંકડો મેળવ્યો, એનો ઘડનારો ચુતુર સુજાણ-અગન૦
સ્ટેશનથી છે ઉપડી, એવો આવે જયારે તાર,
માસ્તર તારીખ મેળવી, ખુલ્લુ મૂકે ટીકીટનું દ્વાર-અગન૦
ગાડી આવી ઘંટ વાગીયો, ટીકીટ કરાવવા જાય,
ઘડી એક વીલંબ થતાં, એતો ટીકીટ વીના ટીચાય-અગન૦
સ્ટેશન ઉપર પાનને, સોપારી વેચાય,
શોખીન હેલાણી જનો, ખાંતે ખરીદ કરીને ખાય-અગન૦

ધારી ઘેબર ઘુઘરા, બરફી બેસ વેચાય,
મોટા ઘરની શેઠાણીઓ, તે તો ગાડીમાં બેસી ખાય-અગન૦
દૂરથી દેખે આવતી, શીંગલ નીચો થાય,
બેસનાર તૈયાર થઇ, ટપોટપ શોધે જગાય-અગન૦
ધગ ધમ કરતી દોડતી, સીટીનો આપે શાદ,
પલક એકમાં પહોંચાડીદે, જેને કરીએ આપણે યાદ-અગન૦
સુરત શેહેરની સુંદરી, મુંબઇ તેનું મોસાળ,
સોલાપુરમાં સાસરૂં, તેનો સાંજે સંદેશો ને ભાળ-અગન૦
ટોપી તારા રાજમાં સરવ પ્રકારે સુખ,
ધન્ય ધન્ય ગોરી જાતને, જેને દીપાવી માની કુખ-અગન૦
ગરબો આ સુધારીયો, સૌને ગાવા માટ,
નાનાલાલે નેહથી, આપો ટાળી ઉપાડી હાથ-અગન૦
ગરબો ગાયો પ્રીતથી, સખી ધરી મન સ્નેહ,
બોલો બ્હેનો એકદમ, અંબે માતકી જે જે જે-અગન૦

માણીગરનો ગરબો.

મોહોલે પધારો મારારાજ, માણીગર મોહોલે પધારો;
નારી જુવે છે વાટ, માણીગર મોહોલે પધારો,
મારો શોરે થયો અપરાધ, માણીગર મોહોલે પધારો,
કરે રૂદન રાધાનાર, માણીગર મોહોલે પધારો. ટેક.
શીશો ભાગ્યો સાંધતાં, મન ભાગ્યું કુવેણ,
મોતી ભાગ્યું વીંધતાં, તેને નહીં સાંધો નહી રેણ—માણી૦
સોનું કરીને સાચવ્યું, કર્મે નીકળ્યું કથીર;

શ્રી કૃષ્ણજીએ ગાડા જોતર્યા, મહી ભર્યાં કસુંબા માલ,
પરણ્યો હોય તે સાચવે; મને રાતા ચુડલાની ખંત—માણી૦
ચંદા તુજને પુજતી, કરીને આદીત વાર;
ઘડી એક મોડે ઉગજે, મારા પીયું મીલાવન હાર—માણી૦

સાહેલી સાગર ઉલટયો, માંહી રત્ન તણાયા જાય;
કમર કંકણુ ભરે મુહડા, તેના સંચલે હાથ ભરાય—માણીજી
જોબન જાતાં જાણતી, કરતીગ મોંઘા મુલ;
થોડું થોડું રાખતી, જેમ માલણ રાખતી ફુલ—માણી૦
શેરી ભલી પણ શાંકડી, નગર ભલાં પણ દુર;
નાવલો નાનકડો મળે, તેનું જોબન જાય ભરપુર—માણી૦
શાંકડી શેરી સજ્જન મળ્યા, સાથે છેલ બે ચાર;
કેંતા નીમીશે હું નમીશ, તમે માની લેજો જુહાર—માણી૦
ડુંગર ઉપર દવ બળે, નદી કરે પોકાર;
ચતુર હોય તો ચેતજો, મુર્ખ કરે વિચાર—માણી૦
કોણે હીમાળો સેવીઓ, કોણે સેવી આગ;
કોણે કરવત મૂકાવીઆં, કેઇ નારીને કાજ—માણી૦
કાથે હીમાળો સેવીઓ, ચુને સેવી આગ;
સોપારીએ કરવત મૂકાવીઆ, રાણી નાગરવેલને કાજ—માણી૦
પ્રીત એસી કીજીએ, જેસેં ટંકણ ખાર;
આપ જળે પણ દીજવે, જે ભાગ્ય શીવે હાડ--માણી૦
મીત્ર મીત્ર શબ્કો કહે, તાળી મીત્ર અનેક;
બીપત પડ શીરપર લહે, એતો જુગમાં એક—માણી૦

પ્રેમ નીતિ.

(પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે)—એ રાહ.
વિધવિધ વિશ્વવિષે આ પ્રીતોનો વિસ્તારછેરે,
તેના પ્રકટ પેખાયે ત્રીવીધી પ્રકાર;
લેખે લાભજ તેમાં લાગી લગની જે થકીરે. ટેક.
કોનું મન શૃંગારમાં રસિક રહે દિન રાત,
પ્રિયા પિયુ પળપળ જપે પ્રભુ સમ સાંઝ પ્રભાત;
ચુંબક લોહ પ્રમાણે ચિત્ત પરસપર ચોટતુંરે,
સમજે એક બીજાને આયુષનો આધાર;
લેખે લાભજ તેમાં લાગી લગની જે થકીરે. ૨
કોઇ ભાવ આ ભવ વિષે ઇંદ્રાદ્રિક સુરભોગ
તુચ્છ ગણી ત્યાગે બધા રહે દુર ગણિ રોગ;
એમાં અલ્પમોદ સમજીને રહે ઉદાસમાંરે,
ઇશ્વર રૂપ નિહાળે અનિત્યના આકાર.
લેખે લાભજ તેમાં લાગી લગની જે થકીરે. ૩
ધર્મી જે ધરણી તળે જોખમ પંથ ન જાય,
પ્રાણજતાં પણ કોઇ પળ નવ આચરે અન્યાય;
નિંદે વંદે તેનો મનમાં લવ ધોખો નહીંરે,
પૂર્ણ સનાતન પંથપર નીતિ નિપુણને પ્યાર;
લેખે લાભજ તેમાં લાગી લગની જે થકીરે. ૪
નીતિ દયા સાગર સુખદ સીતાનાથ સમાન,

થયો ન થાશે છે નહીં વર્તમાન ભગવાન;
સાચો એજ સબળ છે સ્વામી જડ ચૈતન્યનોરે,
આપ તરીને કર્તા અનેકને ઉદ્ધાર.
લેખે લાભજ તેમાં લાગી લગની જે થકીરે. ૫
ભોગી યોગી ભાસતા સજ્જનથી નહિ શ્રેષ્ઠ,
ભલે લેતો જ્યાચી જે ઉભય લોક સુખ ભેટ;
વિઠુલ ન્યાયવંતનો રામ પવિત્ર સુમિત્ર છેરે,
એહા મુષ્મિક સુખ ઇચ્છા તેની પુર્ણ થનાર.
લેખે લાભજ તેમાં લાગી લગની જે થકીરે. ૬

(સૌંદર્ય).

પદ.

રાગ વેરાવળ.

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં. સુખ દુઃખ-ટેક.
નલ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી. સુખ દુઃખ.
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. સુખ દુઃખ.
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી. સુખ દુઃખ.
રાવણ સરિખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લુંટાણી. સુખ દુઃખ.

હરિશ્ચંદ્ર રાય સતવાદિયો, તારા લોચનિ રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નિચ ઘેર પાણી. સુખ દુઃખ.
શિવજી સરખા સતા નહીં, જેની પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખ દુઃખ.
સર્વે દેવને જ્યારે ભિડ પડી, સમરયા અંતર જામી;
ભાવ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંને સ્વામી. સુખ દઃખ.

પદ

ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ આળસુ, જેથકી જન્મનાં દુઃખ જાય;
અવર ધંધો કરે, અરથ કાંઇ નવ સરે, માયા દેખાડિને મૃત્યુ વહાયે. ધ્યા.
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણના ચરણમાં, શરણ આવે સુખપાર ન્હાયે;
અવર વેપારતું, મેહેલ્ય મીથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મ્હોયે. ધ્યા.
પટક માયા પરી, અટક ચરણે હરી, વટકય મા વાત સુણતાંજ સાચી;
આશનું ભવન આકાશ સુધી રચ્યું, મૂઢ એ મૂળથી ભીંત કાચી. ધ્યા.
અંગે જોબન ગયું, પલિતપિંજર થયું,તોય નથી લહેતો શ્રીકૃષ્ણ કહેતું;
ચેતરે ચેત દિન, ચાર છે લાભના, લીંબુ લહેકાવતાં રાજ લેવું. દયા.
સરસ ગુણ હરિતણા, જે જનો અનુસર્યા, તે તણા સુજશ તો જગત બોલે.
નરસૈયા રંકને, પ્રીત પ્રભુ શું ઘણી, અવર વેપાર નહિ ભજન તોલે. દયા

બાળ સ્વરૂપનુ ઝુલણું.

રાગ. [પુનમચાંદની ખીલી.]

પ્રીતે પ્રાણજીવન, પુરસોત્તમ ઝુલે પારણેરે,
નંદ ભવનમાં નીત્યે, અનોપમ ઓછવ થાય.

એવા સુખના સાગર, ભજું હું પ્રભુના નામનેરે,
હીરા રત્ન જડયાં છે, વીશ્વકર્માએ સુખાસનેરે;
મણી માણેક મુક્તાનો નહીં કંઇ પાર. એવા.
સાખી—તેમાં પોઢયા પ્રીતથી, બાળ સ્વરૂપ ભગવાન;
ધરીયાં મોતી અંગ શું, કુંડળ ઝળકે કાન;
પગ અંગુષ્ઠો ગ્રહીને, પાન પ્રીતે કરતાં પ્રભુરે;
દીપે મુખ શું સુંદર પુનમ ચંદ્રાકાર, એવા.
સાખી—આંખ્ય અણીઆળી અતી, કમળ પાંખડી રૂપ,
કીકી કાળી બે શોભતી, મધુકર બાળ સમ અનુપ,
તીક્ષ્ણ શુક નાશીકા, કેવી ભ્રકુટી વાંકડીરે,
કોમળ નીલમણીના, જેવું ઝળકે ભાલ. એવા.
સાખી—મંદ મધુર સ્મીતથી હરે, જનમંડળનાં મન;
ભક્ત મન અમૃત ઝરે, દેખી દીવ્ય આ તન.
પીળો પટકો ઓઢી, સુતા સુંદ શામળોરે;
માતા હેતે હાલો ગાતી, ઝુલાવે તાંય. એવા.
સાખી—ગોપીજન મંડળ સમીપ; રામચરીત્ર કહે માત;
અર્ધ લોચન મીચીને, શ્રવણ કરે જગ તાત;
પુર્વ સ્મર્તી આવી, બાળ પ્રભુ બેઠા થયારે;
ધરાયું રામરૂપ ધરી, ધનુષ બાણ તવ હાથ. એવા.
સાખી—માત અતી વીસ્મય થયા, દેખી અદભુત રૂપ;
મુળ દેહ પાછો ધરી, સુતા સુરના ભુપ—પ્રીતે.

શ્રી કૃષ્ણ સ્તુતી.

સ્ત્રી ધર્મ.

હવે સ્ત્રી તણા કહું આચાર, વિષ્ણુ રૂપ માને ભરતાર,
વળી આજ્ઞા સ્વામિની કરે, પ્રભુ આચરાવે તે આચરે,

....

ઘરનાં દેવનાં કારજ કરે, સ્વધર્મથી નવ ઓસરે,
સ્વામિને મુખે ન બોલી શકે, દીર્ઘ જીહ્વાએ સામી ન બકે;
(કરે)વાકયથી ભર્તા પ્રસન્ન, સ્વામિ પાખે નવ લે અન્ન,
સ્વામિ કે' તે મસ્તક ધરે, સ્વામિ સાથે ક્રોધ ન કરે;
સ્વામિ સાથે રાખે પ્રીત, સ્વામિ ન કરે અનીત.
સ્વામિનું મુખ દેખી હરખે, સ્વામિને ભાવે શું નરખે,
સ્વામિ સાથે તન ને મન, સ્વામિનું પાળે વચન,
થોડું આપે ને અદકું ગણે, સ્વામિનું વચન તે નવ હણે;
અન્ય પુરૂષ પિતાવત્ ગણે, ન ભમે અન્ય તણે આગણે,
દિવસ (ને) નિગમે નિજઘર, કંથ શું બોલે મધુરે સ્વર;
ચોથા ભાગ કરે ભોજન, પરસુખ દેખી ન ચળે મન,
શ્વસુર પત્નીને સેવે ઘણું, સલજ અંગ રાખે આપણું;
ઝીણાં પટ અંગી નવ કરે, શ્વસુરની લજ્જા બહુ ધરે,
સ્વામિ પે'લી ન કરે શયન, જાગે વિણુ જાગે સ્વામિન;
ભરતાર પે'લી ન કરે આ'ર, તે સાધવી તરે સંસાર.

વૈશ્ય પત્રિકા. (શ્રીમદ ભાગવત્ પ્રેમાનંદ.)

સ્ત્રી—સુબોધ.

(કામણુ દીસે છે અલબેલા તારી આંખમાંરે—એ રાગ.)

મહીલા ? મહિતળ મહિમા સદ્‌વર્તનથી વધારજે રે
ખ્યાતિ પ્રસારજે રે......મહિલા.
વિશ્વ સકળનો તું છે પાયો,
જન્મ થતાં છે જીવન છાયો,
સ્નેહ યુક્ત શિક્ષણુથી હૃદય ખીલાવજેરે,
દુર્ગુણુ દાબજેરે......મહિલા. ૧
કેળવણી કુંચી કર લઇને,
હૃદયદ્વાર ઉઘાડી દઇને,
પુનિત પ્રેમથી આપ પોત પ્રકાશજેરે,
સ્નેહ બતાવજેરે......મહિલા. ૨
અસુર બાળને તારી ભારી,
લાડ થકી શિક્ષા દેનારી,
સ્પર્શ મણિ થઈ બાળક મન દીપાવજેરે,
સદ્‌ગુણુ આપજેરે......મહિલા. ૩
બાળક રોપા રૂપ ગણીને,
કેળવણી વારિ સીંચીને,
દાતા, શૂર, કે ભકત, બાળ જગ ધારજેરે,
શૂર વધારજેરે......મહિમા. ૪
કાળ બધો હુન્નરથી ગાળી,
ભરત શીવણુ પ્રતિ નીતે ભાળી,
મનહર કામે ચંચળ વૃત્તિ જણાવજેરે,

મન હર્ષાવજેરે......મહિલા. ૫

પતિ પરમેશ્વર ગણી તુજ મનથી,
સુખ દુઃખમાં સમ થઇ તનથી,
સ્નેહ ભાવથી હરનીશ પતિને પાળજેરે,
અવર ન ભાળજેરે......મહિલા. ૬

કાર્ય કરતાં દાસી થઇને,
મંત્રિ સમ વીચારો દઇને,
ધર્મ કાર્યને, ધૈર્ય સદા મન ધારજે રે,
દુઃખ વિદારજેરે......મહિલા. ૭

આકર્ષણ જનની છે તારૂં,
ચંદ્ર કુમુદ ખુલ્લુ કરનારૂં,
અર્ક બની તુજ બાળ—પદ્મ ખીલાવજે રે,
હૃદય વીકાસજેરે......મહિલા. ૮

તુજ શિક્ષણથી દેશ સુધરશે,
બાળક રત્ન સ્વરૂપ નીવડશે,
દેશોન્નતિનો મજબુત પાયો નાંખજે રે,
ભાગી સુધારજેરે......મહિલા. ૯

હલકા મનના વહેમ પ્રજાળી,
શુધ્ધ નજરથી રહેજે ભાળી,
અગણિત ઉપમા અબળા તુજને આપશેરે,
નામ વધારશેરે......મહીલા. ૧૦

(વૈશ્ય પત્રિકા.)

શીયળની સાડી.

(જાણ્યું જાણ્યું હેત તમારૂં જાદવારે લોલ.—એ રાગ.)

શિયળ વૃતની સાડી સતીને શોભતીરે લોલ. ટેક.
આવો સજની રજની આ રળિયામણીરે લોલ,
સાડી શિયળ વૃતની ધારી અંગ જો;
નાહેલિઆના ગરબા ગાવા નેહથી રે લોલ,
ઉભરી ઉભરી જાએ ઉર ઉમંગજો,
શિયળ વૃતની સાડી સતીને સોભતીરે લોલ, ૧
એવી તન વર્ધક સાડી સૂહામણી રે લોલ,
જે સાડીથી સતી સદા સૂહાયજો;
અણમૂલી પણ પતિપદ રજથી સાંપડેરે લોલ,
મોંઘો મહિમા મુખથી કહયો ન જાય જો,
શિયળ વૃતની સાડી સતીને સોભતીરે લોલ, ૨
સતી સીતા સાવિત્રી એ સાડી વડેરે લોલ,
આજ સુધી મહા મંડળમાં પુજાય જો,
પ્રાતઃ સ્મરણી ગુણ ગુંથાયા ગ્રંથમાંરે લોલ,
એ સાડી વિણુ નિર્લજ્જ નાર ગણાયજો;
શિયળ વૃતની સાડી સતીને સોભતી રે લોલ, ૩
પ્રાણુ સમી એ ભીતર બ્હાર જડીલીયો રે લોલ,
કોણુ પછી સતીની સામે ટકનાર જો;
ઘોર જંગલમાં સતીની એ રક્ષા કરે રે લોલ,
ઉગ્ર કવચથી દુર્જન પણ ડરનાર જો;

શિયળ વૃતની સાડી સતીને શોભતી રે લોલ, ૪
એ સાડીથી પતિમાં સતી જડાય છે રે લોલ,
દેહ જુદા જીવ એકજ રૂપ જણાય જો;
પ્રેમ ઝુલામાં સ્વર્ગીય સુખને ભોગવે રે લોલ,
ધન્ય જીવિત નરનું વિશ્વે વખાણાય જો;
શિયળ વૃતની સાડી સતીને સોભતીરે લોલ, ૫
એ સાડીથી પતિ પરમેશ્વર ભાસશે રે લોલ,
પર પુરૂષ પેખાશે પિતા સમાન જો:
નાનકડા તે ભાઇ સમાણા ભાળશો રે લોલ,
કોટી તીરથ કોટી ગંગા સ્નાન જો,
શિયળવૃતની સાડી સતીને શોભતી રે લોલ. ૬
સસરો સાસુ માત પિતા સમ દેખશો રે લોલ,
એ સાડીમાં સ્થળ સ્થળ વિષ્ણુ વાસજો;
એ સાડીથી સતી પતિ પાછળ બહુ થયુ રે લોલ,
ફરી ન પામી માના ગર્ભ વાસ જો;
શિયળ વૃતની સાડી સતીને સોભતીરે લોલ. ૭
ભારત સતીઓના જેમાં તાતણાંરે લોલ,
સાડી શીયળ તણી વણી કીધી તયારજો;
તે પહેરીને ગરબો રૂડો ગજાવીએરે લોલ,
કવિ ભગવાન સમાપત આ શણગાર જો;
શિયળ વૃતની સાડી સતીને શોભતી રે લોલ. ૮

(સુંદરી શૃંગાર.)

સુંદરી ગીત.

ગરબો.

(પૂનમ ચાંદની શી ખીલી ! એ રાહ.)

સહિયર સંગમાં મળીને આનંદથીરે;
ગાઓ જગદીશ્વરનાં જીભે યશ ગુણ ગાન,
નારી-ધર્મને પાળી સદૈવ સ્નેહથી રે—સહિયર.
સુંદરિ ! સાચું માનજો, સ્યામાનો શૃંગાર,
સ્વામી કેવળ સૃષ્ટિમાં, જીવનનો આધાર.
એથી સુખમય સંસાર સાર વિચારજોરે,
નહિ તો દુઃખ વિકાર અપાર સમજીદાર;
પતિના પ્રેમને મનથી કદી ન વિસારજોરે—સહિયર.
પતિની જો મન કામના, સફલ કામિની નામ;
સુંદરતા જો શીલની, તો સુંદરી સધામ.
રમતી રમણુ રતીમાં રામા તે રમણી ગણીરે,
કરતી સહાયતા રહિ વામ ભાગમાં આમ;
તેથી વામા તેને સજ્જન જન કે'તા ભણીરે—સહિયર.
નારીનાં જે નામ તે, સાર્થક તો બહુ થાય;
જો તેના ધર્મો બધા, નિષ્ઠા થકી પળાય.
માટે પાળજો એ ધર્મ સઘળા ભાવથીરે,
એથી ભવમાં થાશો કૃતાર્થ ભગિની ! નિત્ય,
નમશે જનતા પદમાં આવી પુણ્ય પ્રભાવથી રે—સહિયર.

સદ્દગુણુની સાડી ધરો, શીલ કંચુકી સાર,
પતિવત્ય પ્રભાવમય, ભાલ તિલક વિસ્તાર.
પ્હેરે કોટે પ્રેમે પ્રેમ મુક્તાહારનેરે,
કરમાં કુલીનતાં કંકણુ ધારે વાહ !
વાહરે ધન્ય છે તે નારીના અવતારને રે—સહિયર.
કરાંગુલીમાં મુદ્રીકા, જેની ઉત્તમ શાંતિ,
નીતીનાં નૂપુરવડે, વધી પદ્દોની કાંતિ.
એવા અલંકાર જો ઉત્તમ યુવતી દેહમાંહી,
તો છે કૃત્રિમ બીજા અલંકાર સહુ વ્યર્થ;
માટે ધારો એ ભુષણુને ચાહિ ચિત્તમાંહી—સહિયર
સ્વામિ ભક્તિ સાથે વળી,ઇશ્વર ભક્તિનિવાસ,
જો ચપળતા ચિત્તમાં, સુવર્ણ સંગ સુવાસ.
કરજો વિનંતી નિરંતર, એજ ઇશ્વરને ભજીરે,
રક્ષે સદૈવ તે સૌભાગ્ય હેતુ જે કાંત;
થઇને શાંત આશા વિશ્વની બીજી ત્યજી રે—સહિયર.

(ઠક્કુર નારાયણ.)

સુંદરી સુંગાર માસીક.

સુશીલ સુંદરી.

સવૈયા (એકત્રીસા)

સુંદર શીલવતી જે નારી, ભારી સૌખ્ય તણી તે ખાણ;

પ્રબળ,અચળ, કળઅચળ,સકળબળ, દળ સદગુણનું તેને માન;
વન્હીનું વાદળ હણનારી, પાતિ વ્રત્યે જે રે'નાર;
જે નરને નારી એ મળશે, તેના ભાગ્ય તણો નહિ પાર.
મિષ્ટ મનોહર વચન વદેને, કષ્ટતણાં જે કાપે જે મૂળ;
નીતી રીતિ ને પ્રીતીનું, સાથે રાખે જે ત્રિશૂળ;
તે હથિઆરે પાપી મારે, નરનો સુખી કરે સંસાર;
જે નરને નારી એ મળશે, તેના ભાગ્યતણો નહિ પાર. ૨
સત્યા સત્ય સમજવા શકતી, ભક્તી પણ રાખે ભરપુર;
બાળક પોષે પંડ થકી તે, નારીનું વધશે બહુ નૂર;
અલ્પ છતાં પણ મિષ્ટ વદેને, ચોખ્ખો રાખે છે વ્યહવાર;
જે નરને નારી એ મળશે, તેના ભાગ્ય તણો નહિ પાર. ૩
પ્રેમપતિનો નિત્ય વાંચ્છતી, જરા રહે નહિ ક્રોધાતુર;
તેની સમીપ નમ્ર બને છે, મ્હોટા મ્હોટા રણવીર શૂર;
ક્રોધાગ્નિ પર નિર્મળ વારી, નમ્ર વચન ધારો કરનાર;
જે નરને નારી એ મળશે, તેના ભાગ્ય તણો નહિ પાર. ૪
ઉત્તમ પુસ્તક પઠનાર્થે જે, ઉત્કંઠા રાખે દરરોજ,
ઉત્સાહે નિજકાર્ય કરે ને, ન્યુન કરે સંસારી બોજ;
રત્ન અને હીરાના હારો, એજ અને "સુંદરિ સુંગાર:"
જે નરને નારી એ મળશે, તેના ભાગ્ય તણો નહિ પાર. ૫

(રત્નસિંહ દિપસિંહ પરમાર.)

(સુંદરી શૃંગાર, નાટક.

ગરબો.

(પુનમ ચાંદની ખીલી પુરી.—એ રાગ.)

રતીએ પતીની સેવા સ્નેહથકી વીચારવીરે,
સતીએ પ્રતિમા પ્રીતમ કેરી પ્રભુ તુલ્ય ધારવીરે.
મતીથી નિર્મળ થઇને રહેવું નાથની સાથ,
લજ્જા લાખેણી નિજ લક્ષ દઇ સંભાળવીરે,

સાખી—પરિમલ પુષ્પો પ્રેમનાં, પતિ પાયેની માંય,
સેવનથી સતિ સર્વદા, ભીતી ભવની જાય.

ઘટ ઘટ વ્યાપી રહેતાં વાલમ જેનાં ચિતમાંરે,
આવે ઉછરંગેથી તેડુ ત્રિભુવન નાથ,
બાળા બોલજ મિથ્યા, બોલી શું બતાવીએરે. રતીએ.

સાખી—ધરો ધરા સુખ ધ્યાનમાં, પતિચંદ્ર પ્રકાશ.
નિર્મળ વ્રત નિર્ખી રીઝે, શિતરસ્મિ આકાશ,

દેતાં સુરપતિ સ્વર્ગે માન દેખી સાધવીરે,
દેતાં ડંકા અમ્મર યશનાં, જગનાં જન,
ગાતાં ગ્રંથ વિષે ગુણ સ્યામા સતિનાં સુચવિરે. રતીએ.

સાખી—રતીઓ રૂદિયે ધારજો, રસિક આરાધન,
તપ તીરથને સંપતિ, સર્વ સ્વામી નું તન.

હ્રદિયે રઘુપતિ રસિયા કેરી, માળા જાપવીરે,
અરપી તન મન સર્વે તરૂણી નરવર હાથ.
ધુણિ ધરણી માંહી નૌતમ કેરી તાપવીરે. રતીએ.

(રણછોડલાલ મુલજીભાઈ.
સુબોધ ચિંતામણીના કર્તા.

ગરબો.

(ઉગ્યો સખી ! સૃષ્ટિનો શ્રૃંગાર હાર—એ રાહ.)

જોને બેની સ્યામાનો સુખી, સંસાર—સાર પંથ ગ્રંથના ચિતારમાં.
જોને પ્રીતી રીતી નીતિનો, સુમાર—સુણી બોધ રાખ હૃદય દ્વારમાં,—જોની

સાખી.

વેલી શિક્ષા સુણજે, સાસરીયાનો સાર,
પહેલી પોથી સુચવું, પતિવ્રત પ્રસાર.
કરણી કલંક તણિ કર ત્યાગ, પરણી પતિ દુઃખે લે ભાગ,
સિતા સતી તણો લે સાર, વધશે ઉભય કુળમાં પ્યાર,
સુખેથી પામે સાસુ સસરાનું સન્માન,
મુખેથી ગાય ગોરી તણું ગુણગાન ....કરણી.

સાખી.

કટુ વચન ત્યાગી વદે, વાલમ વિણ નહિ નેહ,
પુજન પ્રીતમ દેવનું, પરમ વૃથા વ્રત દેહ.
દેવી પુજે જે પતિ પ્રાણ, પામે સ્વર્ગ પતિનું માન,
ધરે નૌતમ નારિ ધ્યાન, ભુસે દેવાંશી નિજભાન,—જોની.
ર.+મુ. કર્તા સુબોધ ચિંતામણી.

ગરબો.

મારી લાડકડીની લજ્જા નિજ સંભાળજોરે—એ રાહ.)

પ્રીય નિતી નજરે ભાળી ભામા ચાલજોરે,
સત્ ધર્મ સતિનો શ્યામા, પ્રીછી પાળજોરે,
જુઓ ધર્મ દ્રૂપતિ વિચારી, સતિ સિતા રઘુપતિ નરનારી.
કરી પ્રયાસ પ્રેમદા ભિતી ભવની ટાળજોરે,
થઇ નિર્મળ નિતી જળમાં મધૂરિ મ્હાલજોરે,
ગઇ ગોવીંદના ગુણુ નૌતમ વૃતને વાળજોરે—પ્રીય.

સાખી.

કર્તા કીર્તી કાળમાં, ક્રોડપતિ કંગાલ,
ધર્તા દેવો ધ્યાનમાં, દેવી નામ રસાલ.

ર+સુ. કર્તા સુબોધ ચિંતામણી.

શ્રવણ અને દશરથને છેવટે થયેલી વાતચીત.

શ્રવણને (બાણુ વાગતાંજ) નીચે પડી જાય છે. અને મને કોણે બાણુ માર્યું ? બીજાને નહીં પીડા કરનાર, અને માત પીતાની સેવા કરનાર, એવા મારા સરખાને મારતા દયા ન આવી ? મનુષ્યનું માંસ ભક્ષણ કરવામાં નિરૂપયોગી છતાં મારો વધ કરવામાં કોણુ મનુષ્યે પોતાનો સ્વાર્થ જોયો ? મારા વૃદ્ધ માત પીતાને હવે કોણુ પાળશે. ? અરે ! આ બાણે કરી હું હણુાયો, તેની સાથે મારા માત પીતા પણુ હણુાયાં ! આ વિલાપ સાંભળીને **દશરથ** તેની પાસે ગયો. મનમાં ઘણો પશ્ચાતાપ કરવા લાગ્યો. અને મનમાં વિચાર કરવા લાગ્યો કે આતો મહા અનર્થ થયો. આ વખતે નીચે મુજબ **શ્રવણુ** અને દશરથને સંવાદ થયો.

રાગ વણઝારાનો.

શ્રવણ—વણ વાંકે માર્યો મને, તેં શું કીધું રે,
જળ ભરતાં મારીને બાણ, મારૂં તન વીંધ્યું રે.
દશરથ--શબ્દ ઘડાનો મેં સાંભળી, દયા સિંધુ રે,
સમજી હસ્તિને માર્યું બાણ, ભુલ્યો દીન બંધુ રે.
શ્રવણ—મોતનો સોચ મને નથી, તેં શું કીધું રે.
મરી જાશે મારા તાત, મારૂં તન વીંધ્યું રે.
અંધને વૃદ્ધ એ બાપડા, તેં શું કીધું રે.
જઇ રેહેશે કોને શર્ણ, મારૂતન વીંધ્યું રે.
દશરથ--દેહ આ એમનો દાસ છે, દયા સિંધુ રે,
આજ્ઞા લોપું નહીં લવલેશ, કહું દીન બંધુ રે.
શ્રવણ--આજ સુધી મેં એમને, તેં શું કીધું રે,
પાળી પાલવ્યાં રાખી પ્રેમ, મારૂ તન વીંધ્યું રે,
દશરથ--પાળીશ હું હવે પ્રેમથી, દયા સિંધુ રે,
રહી આપને બદલે અવશ્ય, કહું દીન બંધુ રે.
શ્રવણ—દિગ્ મૂઢ થઇ તું શું જુએ, તેં શું કીધું રે,
કોણ તારૂં નામને ઠામ, મારૂં તન વીંધ્યું રે,
દશરથ--દશરથ દાસ હું તાહરો, દયા સિંધુ રે,
છું અવધપુરીનો રાય, ભુલ્યો દીન બંધુ રે,
શ્રવણ—ક્ષમા કરી તુંજને કહું સુણુરાયરે,
પાળી મારાં માત ને તાત, થજે તું સહાયરે.
બેઠા છે તરષાં આશ્રમે, સુણુરાયરે,
વૃદ્ધ મારાં માતને તાત, થજે તું સહાયરે.
ઝટપટ જળ લઇ જા હવે, સુણુરાયરે,
કહી મારી દશાની વાત, થજે તું સહાયરે.

(શ્રવણ પિતૃ ભક્તિ નાટક)

હે મારા વ્હાલા ભાઇઓ અને વ્હેનો! આ દુનિયામાં માબાપ જેવું કોઈ પ્રીય નથી કોઈ તેથી વધે તેમ નથી. તો દરેક ભાઇએ અને વ્હેને ખરા હેતથી પોતાના માબાપની સેવા ચાકરી કરવી, મા બાપને વિષે શ્રવણનો પ્રેમ કેવો હતો તે વિષે જો આપને વધુ માહિતી મેળવવી હોય તો વાંચો **શ્રવણ પિતૃ ભકિત નાટક!** એની અંદર શ્રવણે માબાપની ચાકરી કેવી રીતે કરી છે. તેનું વર્ણન આપેલું છે.

ગરબી.

દેશીમિત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું;
કાંઇ કાજ કરો રાજ નવલ આવ્યું છે હુન્નર નરેશનું. ટેક.
દોલત ગઇ પરદેશી હાથે, તે મોટી ભૂલ તમો માથે,
તમે સંપ ન રાખ્યો કોઇ સાથે. દેશીમિત્રો.
આ વખત જુવો તમે વિચારી, નિરધન થઇ બેઠાં નરનારી,
કંઇ ધુળ મળ્યા ધંધા ધારી. દેશીમિત્રો.
તમે દિવસે સૂવુ દૂર ધરો, ભલી વિધાના ભંડાર ભરો,
હવે જાગૃત થઇ કાંઇ જુકિત કરો. દેશીમિત્રો.
તમે સગા કુટુંબમાં સંપિ ફરો, વળિ દેવાદાર થતાંજ ડરો,
તમે નિત્ય ઘટાડો નાત વરો. દેશીમિત્રો.
ધન મળતાં તુરત ગરવ છાંડો, તમે મોટાં કારજ નવ માંડો,
ગુણ સમજો મદ મેલી ગાંડો. દેશીમિત્રો.
સુધરાઇનો સ્વાદ સદા ચાખો, મન ઉદ્યમમાં અહોનીશ રાખો,
શિદ ભાગ્ય લખ્યું થાશે ભાખો. દેશીમિત્રો.

પડતર પૃથ્વી તે ખેડાવો, ઉગશે જો ત્રણ વખત વાવો,
નિર ઉદ્યમી ઉદ્યમમાં લાવો. દેશી મિત્રો.
અદાલત અરજી અળસાવો, લુચ્ચાઓને લાંચ ન સોંપાવો;
દો ચુકવી ઘર મેળે દાવો. દેશી મિત્રો.
તમે ચીન વિલાત ભણિ ચાલો, ઉસકેરીને હિંમત આલો,
ઠિક સમજો વેહેમ તજો ઠાલો. દેશી મિત્રો.
લક્ષ રાખીને ધંધે લાગો, શિદ ભટકીને પાછા ભાગો,
માહા પ્રભુની પૂરી મદદ માગો. દેશી મિત્રો.
વળિ હૈયામાં હિંમત આણો, જન સઘળાને સરખા જાણો,
શિદ તુચ્છ મતથી મત તાણો. દેશી મિત્રો.
પરદેશી હુંનર પ્રગટ કરો, સંચાને યંત્રો સિધ્ધ કરો,
દલપતની વિનંતી દીલ ધરો. દેશી મિત્રો.

નિંદા ન કરવી.

ગરબો.

નિંદા કરતીરે નારી, પૂરી પાતકની અધિકારી; (ટેક.)
અવગુણ આવેરે અંગે, શિખ્યા વણ તે સંગે પ્રસંગે. નિંદા૦ ૧
શત્રુ સર્વેરે થાએ, નિંદાખોર નફટ કહેવાએ. નિંદા૦ ૨
શોધક બુદ્ધિરે સારી, પણ નિંદાની ટેવ નઠારી. નિંદા૦ ૩
બગડે બાળક રે બાળા, પ્રગટે વેર ઝેરની જવાળા. નિંદા૦ ૪
મલ પરાયો રે ધોવે, તેતો કુળ શિળ સઘળું ખોવે. નિંદા૦ ૫
વાત વાયે રે વહાણું, વણસે નાણું તેમજ ટાણું. નિંદા૦ ૬
ચર્ચ્યા કરશેરે ચાડી, તે તો દુઃખ રડશે દોડી. નિંદા૦ ૭
વદવા દીધી રે વાણી, જગકર્તારે કરૂણા આણી. નિંદા૦ ૮
ભુંડું મુખથીરે ભાખે, તે તો તોલ પોતાનું નાખે. નિંદા૦ ૯
નિંદિત ટેવોરે મૂકો, કાન ચતુર થઇને કાં ચૂકો? નિંદા૦ ૧૦

(સુંદરી સુબોધ ગીત સંગ્રહ.)

ગરબી.

સખી કહું હિતની વાત. સુણજો હેત ધરી.
જેથી સુખ આવે સાક્ષાત, દુઃખને દૂર કરી, ટેક.
પ્રથમ જગતમાં યશ મેળવવા, સદગુણ સઘળા સજવારે;
અપકીર્તિ દેનારા સઘળા, અવગુણ ઉરથી ત્યજવા. સુણજો૦ ૧
આદિકુળ જ્ઞાતિ કેરૂ શુભ, કરવા ઉધમ ધારોરે.
પછી નિજ નગર નિવાસી દેશી, એમ ક્રમે કરી તારો. સુણજો૦ ૨
અવિચારે આજગ સુખી કરવા, મિથ્યા શ્રમ નવ કરશોરે;
અંતરતણું દુઃખ કેમ હરાશે, જવ લગી નિજ નવ હરશો, સુણજો૦ ૩
સઉનાં સુખનું સ્વરૂપ વિચારો, શોધો સુખદ ઉપાયરે;
વળતાં યત્ન કરો યુક્તિથી, તો સુખ સઘ સધાય. સુણજો૦ ૪
ધાડ પડી સુણી વિકળ થઇને, મૂઢ જન વ્હારે ધાયરે;
શસ્ત્ર નથી કર, નથી કર ઉરમાં, કહો રિપુ કેમ મરાય. સુણજો૦ ૫
માટે નિજ પરહિત કરનારને, જોઇએ જે જે કરવુંરે;
નૃસિંહ તે તે કીધા વિણતો, ધાતાં, અજપ લઇ મરવું. સુણજો૦ ૬

(સુંદરી સુબોધ ગીત સંગ્રહ.)

સાસરે જતી સખીને શીખામણ.

ગરબો.

(મારી લાડકડીની લજ્જાને સંભાળ જો રે—એ રાગ)

કહું એની હું તુજને, યાદ તું મુજને રાખ જે રે.
સાસરીએ જઇને, પ્રિય સખી સંભાળ જે રે.
મમતા માયાને મનથી નહિં ઉતાર જે રે.

લખી કાગળને, આ સખીને તું સંભાર જે રે.
શીખ દઉં હું તુજને પ્યારી..................
યાદ તું રાખજે એની મારી..................
પ્રથમ જઇને, સ્વામીના પાયે લાગ જે રે.
સ્વામીના સુખમાં પોતાનું સુખ તું માન જે રે,
સાસુ સસરાના બોલને નહિ ઉથાપ જે રે.
સગા માત પિતાની પેઠે તેઓને માન જે રે.
યાદ તું દીલમાં આ શબ્દો મુજ રાખ જે રે.
વળી વેહલી વેહલી સાસરીએથી આવ જે રે.

સાખી.

શીખ વધું શું દઉં તુને-શાણી છે તું બેન.
સ્વામીને પ્રભુ માનજે તેમાં છે સુખ ચેન.
કહું બેની હું તુજને યાદ તું મુજને રાખ જે રે.
(નિઝામુદ્દીન. એ. કુરેશી.)

૧૬ સ્ત્રી શિક્ષિણ વિષે.

ગરબી.

["રંગ ભયે રમતાં રાસમાંરે, હાંહાંરે રંગ જામ્યો છે ઝાઝો"] એ રાગ.
આવોને સૌ સજની અહીંરે, હાંહાંરે ગાઇએ ગીત રૂપાળાં;
વેહેમ કુસંપ કલેશનાંરે, હાંહાંરે તર્ત તોડીએ તાળાં. આવોને ૧.
બાળપણે મા બાપનીરે, હાંહાંરે શીખ સુંણીને સારી;
સદ્‌ગુણને સંતોષમાંરે, હાંહાંરે મન રાખવું વારી. આવોને. ૨
બેહેનપણી કરવી ઘટેરે, હાંહાંરે તો તે કરવી તપાસી;
સત્ય અને સદ્‌ગુણ ભરીરે, હાંહાંરે ખોળી કાહાડવી [1]ખાશી. આવોને. ૩

---

૧. સારી.

પુખ્ત વયે પીયર તજીને, હાંહાંરે રેહેવું પતીની પાસે;
પાસે વશી કરવી પછીરે, હાંહાંરે સેવા સુખની આશે. આવોને. ૪
કંથ તણું કરવું કહ્યુંરે, હાંહાંરે કેહેતાં પેહેલાંજ કોડે;
[1]રાઢ કદી ન રીસાવવુંરે, હાંહાંરે નકકી નાથની જોડે. આવોને. ૫
સાસુ સાથે [2]સલુકાઇથીરે, હાંહાંરે વેણ વદવાં વિચારી;
વાંક વિના કદી જો વઢેરે, હાંહાંરે, તોપણ રહો મન મારી. આવોને. ૬

સસરાના સામુ ન બોલીએરે, હાંહાંરે એથી પાછાંજ પડીએ;
ઢોંગ કરી કદીએ નહીંને, હાંહારે રાઢ કરી ન [3]રડીએ. આવોને. ૭
નણંદ દેરાણી જેઠાણીનેરે, હાંહાંરે જુગતે વશ કરીએ;
કલેશ કરી કદી કોઇશુંરે, હાંહાંરે નવ ફુલાઇ ફરીએ. આવોને. ૮

પાડોશી સાથે પ્રીતથીને, હાંહાંરે રૂડી રીતથી રહીએ;
ઉલટી શિખામણ એ કદી, હાંહાંરે દેતો તર્ત તજીએ. આવોને ૯

પરઘેર [4]પરવરીએ નહીંરે, હાંહાંરે [5]રજની પરભાતે;
વાદવળી વદીએ નહીંરે, હાંહાંરે કદી કોઇની સાથે. આવોને. ૧૦

ખાવાની વસ્તુ ખંતથીરે, હાંહાંરે રજા વિણ નવ ખાઇએ
તેમ છતાં તે જો ખાઇએરે, હાંહાંરે તોતો ફજેત થઇએ આવોને. ૧૧

પનઘટપર સખીઓ સહુરે, હાંહાંરે મળી મસ્તી ન કરીએ;
છાછળાં બનીએ નહીંરે, હાંહાંરે લોક લાજથી ડરીએ. આવોને. ૧૨

જોશી ભુવા જુઠા ગણોરે, હાંહાંરે એથી ભૂલા ન ભમીએ;
મંત્ર તંત્રથી મોહીનેરે હાંહાંરે જાદુગરને ન નમીએ. આવોને. ૧૩
ભૂત પિશાચની ભ્રમણારે, હાંહાંરે મનમાં નવ ધરીએ;

૧ તકરાર. ૨ નમ્રતાથી. ૩ રોઇએ. ૪ જઇએ. ૫ રાત

ડાકણુ સાકણુ જોગણીરે; હાંહાંરે એને નામે ન ડરીએ. આવોને. ૧૪
હોળી રમી હમેશનીરે, હાંહાંરે નિતિને ન વિસરીએ;
મરજાદા મુકી મનનીરે, હાંહાંરે અપ શબ્દ ન ઉચરીએ. આવોને. ૧૫
બિભત્સ બોલ વિવાહ સમેરે, હાંહાંરે કદીએ નવ વદીએ
કૃષ્ણ વિહારને કોડથીરે, હાંહાંરે એહુની ગાઇએ ન કદીએ. આવોને ૧૬
સૈયર સૌ સાથે મળીરે, હાંહાંરે બહાર ગરબાં ન ગાઇએ;
પરપુરૂષ સાથે કદીરે, હાંહાંરે એકાંતે ન મળીએ. આવોને. ૧૭
આળસ કરીને અંગનેરે, હાંહાંરે નવરૂં નવ મુકો;
વાતોમાં બહુ વળગી રહીરે, હાંહાંરે ઘર ધંધો ન ચુકો. આવોને. ૧૯
અનિતિને અળગી કરી, હાંહાંરે સુનિતિને સંભાળો,
પુરણ પ્રેમ ધરી પછીરે, હાંહાંરે સ્વામીને સુખ આલો; આવોને. ૧૯
સખી શિયળવંતાં સદારે, હાંહાંરે બનજો બહુ કોડે;
નર્ક નીવાસી એ થતીરે, હાંહાંરે જેહ એ રીત છોડે. આવોને. ૨૦
એક પ્રભુ શું પ્રીતડીરે, હાંહાંરે ઝાઝા શું નવ કરીએ;
પંડે મનાવે જે પ્રભુરે, હાંહાંરે તેને પંથે ન તરીએ. આવોને. ૨૧
પુરણ પ્રેમ ધરી પઢોરે,હાંહાંરે સખી ગરમી આ સારી
જેસંગ કહે તો તો થશેરે, હાંહાંરે મોક્ષ ગતી તમારી. આવોને. ૨૨

પ્રભાત.

પ્રાતઃ ઉદય થતાં પ્રભુને પ્રીતથી, પ્રાર્થીએ વિશ્વના ભરણ સ્વામિ,
સત્ય નિરંજના, ભકત ભીડ ભંજના, પૂર્ણ અવ્યકત સચ્ચિત અનામિ;
અખિલ બ્રહ્માંડના કાર્ય કારણ અને, લયતણા હેતુરૂપ ગરૂડગામિ,
માગું છું આ સમે અભિન્ન કરજો સદા, આપથી આપનું સ્વરૂપપામી ૧

દ્વિતિય તે ભાનૂને વંદીએ વિનયથી, કીર્ણદ્વારા રહે વિશ્વવ્યાપી,
ધાન્ય ને જીવન ઉત્પાદક શક્તિથી, આદિથી પોષતા જે અદ્યાપી.
તૃતિય તે વંદીએ સર્વ રસ સિદ્ધને, સતત્ જે સર્વનું હીત કર્ત્તા,
પ્રેરતા સર્વને સરળ સુમાર્ગમાં પ્રગટતે નિરખવા બ્રહ્મભર્તા.૨
અંતમાં સ્નેહથી પ્રણમીએ વિશ્વને, જેહમાં હું અને ઇદમ વ્યાપ્યું.
વિભુતિ જે બ્રહ્મની વ્યક્તિ રૂપે રહી, સ્થુલરૂપે વિભુરૂપ સ્થાપ્યું.
આ રીતે સર્વ શીરનામિ અને, માગતું એટલું સાહ્ય દેજો,
કાર્ય જે જે કરૂં, અભય તેમાં વરૂં, સ્વરૂપ શમવા તણો મંત્રો કેજો.૩
હું નમું માહરા સ્વામિ આ રીતથી, માહરા સ્વામિ પ્રભુને નમે છે.
જાણું સ્વામિ અને પ્રભુ મહી ફેરના, સ્વામિ શંભૂમંહી ચીત્ત શમે છે.
ધન્ય છે ઇશ્વરા, ધન્ય સતિ ભાગ્ય છે, ધન્ય સંકેત આ શો ઘડયો તે.
સર્વ સતિ કારણે સ્વામિ પ્રભુ સ્થાપીઆ, નહી સતિ હૃદય શંશય પડયો તે.૪

સ્ત્રી કર્તવ્ય.

(નવીન શું વર્ણવુંરે-હું નિત્યે તારીપાસ......એ લય.)
સખીશીખ સાંભીએરે, મળી સર્વે સંઘાત.
શામળીઆને સતિઓ સાથે, મુકી તન, મન, ધનરી-
પ્રેમ પાત્રમાં પતિ રત્ન મુકી, રમે યુવન વનરી...
સદગુણ સુશીલ નાથ છે, ભજવા ઈશ સમાન;
અન્ય પુરૂષ સૌ ભ્રાત છે, ધરવું એવું ધ્યાન...સખી.
ક્ષમા, શાન્તિ, શિલ, ભૂષણ ધારી, ભજવા પતિનેરી
દયા, આદ્ર, શુદ્ધ વર્તન સાચુ શીક્ષણ સતિ નેરી;

અજબ પ્રીતિ રસ પાત્રથી, ઝીલે પતિનો પ્રેમ,
નવન યૌવન મદ શાન્તવે, સતિ પતિ વૃત્તનો નેમ...સખી.
ક્રોધ, લોભ, દુઃખનું મુળ કારણુ, ત્યજવાં ધારીરી,
શીયળ સાચું સતિનું છે તે, અંતર ઉતારી રી;
સપ્ત દ્વિપ, નવખંડ સહ, ચૌદ લોક પ્રમાણુ,
સતિત્વ સામુ પારખું, તિમર સંહારક ભાણુ...સખી.
અહમ્ ત્વમ્ સૌ દાંભી જગમાં, પતિએ શમાવુંરી;
ભાર ભ્રમણુથી છુટા થાતાં, પછી ન ભમાવુંરી,
સાચો મંત્રજ સાચવી, સાધે રૂડીપેર,
લક્ષણુ અંતર પ્રગટતાં, થાતી લીલા લે'ર...સખી.

પતિ તેજ પરમાત્મા છે.

ગરબો.

મારા સમ પ્રીતમજી વ્હાલા શુદ્ધ પીયુષ રસ પાઓરે,
શામળીઆજી જપતી માળા, અધિક હવે નવ તાવોરે;
રસીક! રસીકા રસમાં ઝુલી, કર ગ્રહી સ્નેહ બતાવોરે. મારા.
ભર યુવનના બાગમાં, લુંટે રતિ પતિ ચોર,
પ્રેમ પીછોડી પાથરી, થયું શુન્ય ઘમઘોર.
અલબેલીના નૌતમ બેલી, નટવર નાર બચાવોરે;
ભુજ પદ્મ દ્વય બેડી હૃદયે, પે'રીને પ્હેરાવોરે. મારા.
નવીન ભૂમિના રંગ તો, નવીન નવીન દેખાય,
નવીન પ્રવેશક પેસતાં, નવીન નાટય ભજવાય.
કમળ વદન સુખ સદન પીયુ મમ, પ્રીત નયન ચમકાવોરે;
અનહદ અવનવી શાન્તિ સઘળે, રોમ રોમ પ્રગટાવોરે. મારા.

યૌવન ઝાડી વાડીમાં, નીકળે અંગ રૂધિર,
પાલક જ્યાં દૂર થાય ત્યાં, શું સતિ રાખે ધિર.
રસ વેલીના રસીક રમણજી, શાને હવે અકળાવોરે
પ્રીતિ અમૃત પાવા પીત્રા, દો–લ્યો–અંતર લ્હાવોરે. મારા.
ઝબકારા જોબન તણા, પ્રગટે આ મુજ કાય,
કરૂં પ્રયત્ન હું સાંખવા, પણ તે નવ જીરવાય.
મારા સમ મોહનજી વા'લા, સત્વર સતિ કર સ્હાવોરે;
નણદલજીના વિરા પ્યારા, વિયોગે નવ હંફાવોરે. મારા.

હીત વચનાષ્ટક.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને.....એરાગ)

સખીઓ મારી હીત શીખામણ સાંભળો.
ટળશે જનિ મૃત્યુના અસહ્ય ભારજો,
સાચા લક્ષણ સાધી જગમાં વિચરો;
અંતે મળશે વિશ્વ પતિ કિરતારજો. સખીઓ. ૧
પતિમાં પરમેશ્વર બુદ્ધિને સ્થાપવી,
સતિનું લક્ષણ સાચું તે જગ માંહેજો,
અનન્ય ભાતૃ ભાવે વૃત્તિ સાધવી;
પતિવ્રત સતિની કસોટી આવે તાંહેજો. સખીઓ. ૨
સાસુ સસરા વડીલ વર્ગને નામવું,
કુંટુંબ પ્રત્યે રાખવો ઉંચો ભાવજો,
ઉંચા શબ્દે સતિએ કદી નવ બોલવું;
તન મન ધન અર્પે પતિ ચરણે લ્હાવજો. સખીઓ. ૩

ખડખડ હસવું શીયળ વતીએ ત્યાગવું,
ઘર કાર્યોમાં રાખવી વૃત્તિ સ્થીરજો,
સંતાનોમાં શુધ્ધ ભાવના સ્થાપવી;
ફળશે ફળ જેમ વહે છે ગંગાનીરજો. સખીઓ. ૪
પાનીપર સતિએ સાળુ નવ પહેરવો,
શીર વસ્ત્રની રાખીએ સંભાળજો,
શરીર વસ્ત્ર સંકોચી હરનીશ ચાલવું;
મેળવવા નિજ પતિ પરમેશનો વ્હાલજો. સખીઓ. ૫
સત્ય શીયલ તે પ્રાણાંગતે નવ ત્યાગવું,
જો કદી આવે અસત્ય વૃષ્ટિ શીરજો,
નિજ ધર્મે નિશ્ચય ધારીને ચાલવું;
આપત્તિમાં ધારી હૃદયે ધીરજો. સખીઓ. ૬
સેવ્યને શેવક પતિ પત્નિના ધર્મ છે,
શેવક ધર્મમા ધારવો સતિએ પ્રેમજો;
' કરશે તેવું ભરશે ' પ્રચલીત ન્યાય છે.
શુધ્ધાચરણે રહેશે હેમને ક્ષેમજો........સખીઓ ૭
આ અષ્ટકને અંતરમાં ઉતારવું,
આચરે ફલશે મનવાંચ્છિત સૌ ભાવજો;
ભવકુપમાંથી નિજ કુંટુંબ ને તારતાં,
યોગેન્દ્રેશ મેળવશે શુદ્ધ સતિ લ્હાવજો.....સખીઓ ૮

ગરબો.

માલો સખી રંગે સંગે પીયુ પ્રેમ જોડમાં, વીરહીણી બાળાઝંખે
પીયુ ! પીયુ ! કોડમાં

મંદ-શીતળ લ્હેર વાયુ વાય બહુ ઉમંગમાં,...સંગમાં...અંગમાં, ૨
..............સતિઓ શાણી રાખે શામળાજી સોડમાં...માલો.
પ્રેમ રસ હૃદ પાત્રમાં ઝીલે શાણી સતિ;
ખાતર નાંખી પોતે સહસ્ત્રે હોય ભાગ્યવતિ.
શાન્તિ સુધા તન વિશ્વમાં...પોષી પ્રીયતમજાપ,
મનહર નરહર આપશે...અચલ સુખ અમાપ.

કામ જ્વર પ્રગટે સખી ! સંતાપે—બહુ તાપે—દુ:ખ આપે
વ્હાલો મારો વિશ્વનો આધાર, સુખસાર તે ન કાપે......માલો.

જાણી જાણી ન માણી સૃષ્ટિ કેરી મેંમઝા,
કોઇ ભાગ્યશાળી લુંટે ઝુટે ગુલાબી મઝા...જાણી.
પ્રેમ શોમ રસ શાસ્ત્ર...સમ શાણાને સમજાય,
બુડથલ બાંધે પાળ પણ...પાણી નાશી જાય.
વન વન વાયુ કેરી શાન્ત લ્હેર જાય, (૨)
કે જે સંદેશો પ્રીતમ પ્રાણના આધારને.
તે મળે વ્હાલો મારો હૈયાનો હારતે.
ઝાંખુ–ન ભાખું–અન્ય વિશ્વમાંહી કાંઇ–વ્હાલો જો મળે સૌ સુખ–ફળે
..............ચીતહંસ ચાલે ચરવા મોતીચારો કોડમાં માલે.

દિવ્ય સ્વપ્ન.

(સખી સેજ સમારી........એ લય.)

સખી શયને સુસુપ્તિમાં સેજે પડી'તી
પ્રિય નણુદલ વીરાના વિચારે બુડી'તી

જોયું સંસાર શીખર, ધ્યાન ધરી મેં અંતર, જાણે શક્તિને શંકર,
તૃપ્ત બની હું, રસબસ થઇ હું, મદથી છલકઇ હું,
મનોરથ વેલી આપોઆપ ફલી'તી
કામણગારાની જોબન વાડી વેડી'તી......સખી૦
જાણે વ્યાપેલો વસંત. જ્યારે જોયો પ્રેમસંત, વ્યાપ્યો આનંદ અનંત,
વિશ્વ વનીતાને તુચ્છ ગણતી'તી
જ્યારે હું મદન તણો પાઠ ભણતી'તી......સખી૦
અરરર આ શું થયું ! ! અકસ્માત કયાંથી બન્યું, શામલાએ આશું કહ્યું !
કઠોર વાણી કંઇક કર્ણે શુણી'તી
બ્રહ્મચારી ઉભા ખસી દૂર ધૂનીથી......સખી૦
વીનયથી વીનવી થાકી, કહેવાનું રહ્યું ન બાકી, પ્રીતમની પ્રીત પાકી,
સુશીલ સ્વામિને કરૂણા–તોએ ન આવી'તી
ક્ષણ મારૂં સુખ પણ નવ રહેવાયું ભાવીથી......સખી૦
બે બાઝંથી બાઝી પડી, છાતી ફાટે તેમ રડી, નેત્રે અશ્રુ ઝડી પડી,
અંતે મુર્ચ્છિત થઇ ધરણી ઢળીતી
જગાડી મેં મને દીઠી હૃદય મણીથી......સખી૦
ખોળામા સુવાડી મને, ઘટે નહિ કહે તને, દીધું ચુંબન આવી કને,
શાન્ત કરવાને યુક્તિ અજબ કીધી'તી
શ્યામે અર્ધ પ્રીતિરસ પ્યાલી લીધી'તી......સખી૦

ગરબો.

(પુનમચાંદની......એલય.)

સખીઓ સંગાથે સૌ તાલી આપી, ગરબે રમવા ચાલીએરે

ભજીએ અંતરથી શ્રી મહામાયા જયકાર
દુઃખ ફેડી હરનીશ સુખ બાજીમાં ન્હાલીએરે.
સત્ય આભૂષણુ સતિનાંતો છે. શીયલ પતિવૃત પાળીએરે
સજીએ અંતરથી સદ્‌ગુણુ ભૂષણુસાર..............સખીઓ૦
પતિમાં પ્રેમજ પાઠવે, પતિ પરમેશ્વર રૂપ,
પતિતો ધનને ધામછે, પતિ પ્રાણુસ્વરૂપ.
એવી સતિ નારીના ચરણે હરનીશ ચાલીએરે
જેથી કાર્ય સધાતાં વધે નિજ ધર્મે પ્યાર.........સખીઓ૦
સતિપતિ વૃત ભૂષણુ અને કર કંકણુ સૌભાગ્ય
શુભ ચિન્હો આપ્યાં સદા, ધરવો ન તેનો વિરાગ્ય
સતત્ પ્રાણુ સ્વરૂપ નિજ પતિમાં કીટ ભ્રમર જીવ ધાલીએરે
આર્યોન્નતિના પડે પાસા પોબાર....................સખીઓ૦
સ્મરણુ કીર્તન મનનથી ત્યજવો અન્યનો પ્રેમ
પતિમાં સર્વર્પણી થઇ ગ્રહેવો સતિપતિ નેમ
એ છે સારી શીક્ષા શીયળ વતી ચીત્ત ધારીએરે
જેથી સદ્ લક્ષણીને મળે શ્રી જગકિરતાર......સખીઓ૦

પદ.

આવો મારા રસીક મોહન ચીત્ત ચોરજી
નાસો નાસો છોડી રસીકા રસ દોરજી ? આવો.
પ્રેમથી પંખાલું પ્રીતમ સમાલું
આવો રસિક માગો હાર હું આલું. આવો.
આવો હૃદય મમ, નાસો ન મારા સમ

દેખી રસીકા બોલી મહથી હું માલું. આવો.
તન મન ધન સૌ અર્પણ કરતી
નટવર નૌતમ ધ્યાન હું ધરતી.
પેખી હૃદય મમ હર્ષથી ફાલું. આવો.
શાણા સુશીલ સમજુ છો વ્હાલા,
શાને કરૂં તો ઠાઠ હું ઠાલા;
દુઃખને મુળથી લગાવું હું તાલું. આવો.

ઝુલણા વૃત.

ચંદને ચંદની પુષ્પ સુગંધની
લોહ ચુંબક અને લોહ પ્રીતિ
પુરૂષ પતિ વિષે પ્રેમ જેવો ધરે
પતિએ ધારવો શુદ્ધ નીતિ.

પ્રભુ સ્તુતિ

સ્તુતિ

હે...જગમાત...રીદ્ધિ સિદ્ધિ પ્રદ...દેવી... પ્રાર્થીએ...પ્રીતે
મન વાંચ્છિત અર્પો...જગજનની......સ્તવીએ......હીતે.
આપનીશકિત અનંત અમાપી...રૂક્ષ્મણી સીતા સૌમાં વ્યાપી
જગ ખગ વન તનમાં પણ હે મા ... ...૨...
... ... સતિ રૂપે અચળજ સ્થાપી. હે૦
વિશ્નુ કમળ પદ પર કમળા હે...સ્તુતિ બાળઆ...ઉરમાં ધરજો
વરજો ... ખરજો ...[૨]... ખરરરર કરતી દ્રષ્ટિઅમિઆ
... ... શીષ્યબાળીપર કરજો ... હે૦

આપોછો તારક ... વંદીએ બાળક ... ૨ ...
પતિ પ્રીતિ ગોઠે હેળવો ... અંતે સ્વરૂપે ભેળવો ... હે૦
(યોગેન્દ્ર)

કળિકાળનો ગરબો.

પરમેશ્વરીને પાયે પડી હો બહુચરી, કહું કળિજુગનાં કર્મ;
અકલ નથી કાંઇ એવડી હો બહુચરી, શક્તિ રાખજો શર્મ.
જીવતું જીવન તું જડી હો બહુચરી, મૂરખ નવ લે મર્મ;
અવતારીને આ ઘડી હો બહુચરી, આદ્યજિયે રાખ્યા ધર્મ.
આ દિન દુઃખ દેખડાવિયાં હો બહુચરી, જનમી કીધા જોખ;
સમે સરવ સંપડાવિયાં હો બહુચરી, ગુણવંત કીધા ગોખ.
હવે હૈયું નથિ ચાલતું હો બહુચરી, કઠણુજ આવ્યો કાળ;
તું વિના કો નથિ આલતું હો બહુચરી, પ્રજા થઇ પિંડપાળ.
કળિજુગ આવ્યો કોપતો હો બહુચરી, કરવા શુભ સંહાર;
લાજ મર્યાદા લોપતો હો બહુચરી, ભ્રષ્ટ કર્યા આચાર.
દુર્મતી દીધી દેશને હો બહુચરી, સુમતિ કરાવી તાજ;
વિપરિત ધારી વેશને હો બહુચરી, કળી કરે છે રાજ.
પ્રથમ પહાણ વરસાવિયા હો બહુચરી, પછે પૃથ્વી ડુબાઇ;
કાળે દુકાળે આવિયા હો બહુચરી, પ્રજા ન પ્રીછે કાંઇ.
કુમારગ સૌ ઉલટે હો બહુચરી, તજી સુમારગ પંથ;
કરે કુકર્મ કુળે ઘટે હો બહુચરી, અરે ન આવે અંત.
મહાજન મોટા મહેશ્વરી હો બહુચરી, માને બધા માનંત;
ઝૂકયાં દેખીને તપેશ્વરી હો બહુચરી, જાત ન જાણી અંત.

ગૈબ્રાહ્મણ સેવા તજી હો બહુચરી, જોગી જતીને ધાય;
હાણુ હોય નવ લે હજી હો બહુચરી, લક્ષ્મી લેહેર જાય;
કથા કહે કુપાત્રને હો બહુચરી, ગમે જોષીના જોશ;
જોડું તજી જાય જાતરે હો બહુચરી દીલમાં ન ગણે દોષ;
ઊંચ નીચ એકઠા મળિ હો બહુચરી, બેશે બહુ એકાંત,
માને મનમાની રળિ હો બહુચરી, જાણી ન આણે ભ્રાંત.
હિંદુ તરકમાં એહવી હો બહુચરી, સમજ્યા સારોધાર;
જાત ન જાણી જૂજવી હો બહુચરી, વરત્યો એકાકાર.
ધર્મ ગયો ધરણી ધશી હો બહુચરી, પુણ્ય ગયું પાતાળ;
પાપ રહ્યું. સઘળે વસી હો બહુચરી, નર નારી વૃદ્ધ બાળ.
દયા દેવ લોકે ગઇ હો બહુચરી, દિસે નહીં લવલેશ;
કૂડાં કર્મ કરે કઇ હો બહુચારી, અવર ન દે ઉપદેશ.
સત્ય રહ્યું સંતાઇને હો બહુચરી, સુઝે નહીં સ્વલ્પ માત્ર;
ધટમાં રહ્યું ઘુંટાઇને હો બહુચરી, કળિયે કિધાં કુપાત્ર.
શત્રુ સગાં સંસારમાં હો બહુચરી, વધ્યું વાલામાં વેર;
અવલોકો આ વારમાં હો બહુચરી, કળિ કરાવે કેર.
પ્રીતની રીત બધી ઘટી હો બહુચરી, સ્વારથીયો થયો સ્નેહ;
માયા મનમાંથી મટી હો બહુચરી, તુરત દગો દે તેહ.
વ્યભિચારી વાધ્યા ઘણા હો બહુચરી, કુળમાં ન ગણે કોય;
મઠામાં ન મુકી મણા હો બહુચરી, હદ હળાહળ હોય.
કુળવધુ કઇ કુટિલા થઇ હો બહુચરી, ગણે ન ગુરૂ જન લાજ;
પૈસે પર-પુરૂષે ગઇ હો બહુચરી, પ્રગટ પેખતાં આજ.
અણુઘટતું અવલોકિયે હો બહુચરી, ઘટે તે ઘટતું સર્વ;
કેમ કરિ કોઇને ટોકિયે હો બહુચરી, પ્રજા પૂર્વનું પર્વ.

વષ વિના વનિતા વેષમાં હો બહુચરી, ગર્ભજ ધરે અનેક;
દશ દિવસ દાખ્યું દેશમાં હો બહુચરી, વાધ્યો વિષય વશેક.
લક્ષણ લઘુતાનાં વધ્યાં હો બહુચરી, તુચ્છ તરફળ થાય;
નદિયે નીર બધે ઘટયાં હો બહુચરી. આયુષ્ય અલ્પ ઉપાય.
સંવત સતર સત્યાશિએ હો બહુચરી, સૃષ્ટિ તજાવ્યું સત્ય
અકળાવ્યા અઠાશિયે હો બચહુરી, વિધવિધ પડી વિપત્ય.
અકરાકેર અતી થયું હો બહુચરી, માડા વુડયા મેહ;
દૈવત દુનિયાનું ગયું હો બહુચરી, દુર્બળ દીસે દેહ.
વિત વિના વસુધા કરી હો બહુચરી, રસ કસ ન રહ્યો રેષ;
અમૃતતા અળગી ધરી હો બહુચરી, સ્વાદ ન પામે શેષ.
અન્ન અતિ મોંઘાં હુવે હો બહુચરી, અધર્મ વાધ્યો અસાધ્ય;
કો કોની કરણી જીુવે હો બહુચરી, એક થકી એક અગાધ.
ઉદર થકી ઉપજાવિયાં હો બહુચરી, ઉભયતણો જે અંશ;
તે તન પેટ તજાવિયાં હો બહુચરી, વિક્રય કિધો વંશ.
નિર્મળ જન મન નિસ્તર્યું હો બહુચરી, એજ અધિક ઉતપાત;
વિશ્વ બાધામાં વિસ્તર્યું હો બહુચરી, વિશ્વાસીશું ઘાત
આપી થાપણ ઓળવે હો બહુચરી, જીુઠા ખાયે સમ;
ભરમે ભુરને ભોળવે હો બહુચરી, કુડાં કરે સૌ કર્મ.
આપી સુકૃત આપનું હો બહુચરી. લક્ષ્મીથી લલચાય;
જે ધન જોડયું પાપનું હો બહુચરી, તે ધન તેમ વવરાય.
જે હાકેમ રક્ષા કરે હો બહુચરી, ગયા તે હાકેમ હાડ,
અવળું આ જીુગ આચરે હો બહુચરી, ખેતર ખાયે વાડ.
ચોર ચાડિયા તેવડે હો બહુચરી, નગર થયું નિર્ધન;

ત્રાહિ ત્રાહિ તણિ પડે હો બહુચરી, રાત દિવસ અનુદીન.
માણુસ જ્યાં ઘણાં મુવાં હો બહુચરી, પરાં શેહેર નદી પાર;
કહિ મંદિર ખાલી હુવાં હો બહુચરી, ભૂ ભાસે ભયંકર.
દેહ ધારી દુખિયાથકી હો બહુચરી, દયા ન આણે મન;
દિન દિન દુકૃતતા થકી હો બહુચરી, કાષ્ઠ થયાં વન વન.
છળ છળભેદ ન છુટિયે હો બહુચરી, પ્રસર્યો બહુજ પ્રપંચ;
ખૂટયામાં નવ ખૂટિયે હો બહુચરી, ખરૂં ન રાખ્યું રંચ.
વાંક વિધાતાનો નથી હો બહુચરી, વાવ્યું તેમ લણાય;
આપ ન જાણ્યું પાપથી હો બહુચરી, ભુંડે ભલું કેમ થાય.
નવ દીઠું નવ સાંભળ્યું હો બહુચરી, આ દુઃખ દુનિયા માંય;
પાપ પ્રજા જનનું મળ્યું હો બહુચરી, કહો જૈ કહિયે કયાંય,
ભુતળ-ભુર-દેવે નહી હો બહુચરી, સૂર-પુર કર્યાં પ્રયાણ;
હાજરા હજુર તમ છો અહીં હો બહુચરી, પુરૂષ નમ્યા પરમાણ.
અપલક્ષણ સંસારમાં હો બહુચરી, લોકે વાળી લીક;
અરજ સુણી આ વારમાં હો બહુચરી, બહુચર ભાંગો બીક.
ઈંદ્ર આદી બધા દેવનાં હો બહુચરી, કઈ કંઈ કાપ્યાં કષ્ટ;
નીર મોભે ગયાં નેવના હો બહુચરી, શક્તિ રાખજો સ્પષ્ટ.
મહાકાળી મહાકાળમાં હો બહુચરી, સુણી કરો છો સાર;
તે બળ બહુચર બાળમાં હો બહુચરી, ઉગારો આ વાર.
હદ વળી હવે શું જુવો હો બહુચરી, પાપે પૃથ્વિ ખવાય;
સર્વનું સોમપણું ખુવો હો બહુચરી, પુણ્યે પાપ પળાય.
કોઇક સાધુને સતે હો બહુચરી, શંખલ પુરથી જાગ;

છેક વળે છે તું છતે હો બહુચરી, હોલવ બળતી આગ.
ત્રાણુ કરો ત્રિપુરેશ્વરી હો બહુચરી, તમો તમ સામું જોઇ;
પ્રીત કરો પરમેશ્વરી હો બહુચરી, ખરી આળસને ખોઇ.
સરજ્યા સર્વે શક્તનાં હો બહુચરી, સુરનર જાયા જેહ;
છોજિ જનેતા જગતનાં હો બહુચરી છોરૂને નવ દો છેહ;
ઉછેરીને ન ઉશેટિયે હો બહુચરી, કોઇ પ્રજા હોય પેટ;
વિષમ વેળામાં વેઠિયે હો બહુચરી, મા નહી છુટો નેટ;
પાળ્યા ત્યા લગિ પોખિયે હો બહુચરી, પેટ તણી પરજાય;
સમર્થ લગિ સંતોખિયે હો બહુચરી, મેહરમાં ન કરો મણાય;
ઘણી ગઇ થોડી રહી હો બહુચરી, તેમાં નિત્ય ઘટાય;
બોળિયે નહિ બાંહે ગ્રહિ હો બહુચરી. પાર કરો પ્રભુતાય.
નજર કરો નગ્યાશિયે હો બહુચરી, નગર કરો સરદાર;
વિશ્વ અવાસે વાસિયે હો બહુચરી, પરાં શેહેર નદિપાર.
મ્હો માગ્યા મેહ મોકલો હો બહુચરી, ખટ રસ નાવે ખોટ
સર્વતણા હરિ શોક હ્યો હો બહુચરી, કરૂણા કીજે કોટ.
કામદુધા થઈ દૂજિયે હો બહુચરી, સુખ પામે સંસાર
સમ ખાતામાં સૂજિયે હો બહુચરી, નોધારાં આધાર.
ભૂતળ ભુરને દીજીયે હો બહુચરી, ભાત ભાત રસ ભોગ;
લાડ લડાવી લીજિયે હો બહુચરી, ભલાં ટળે વિજોગ.
આઇ અમિ છાંટો નાખિયે હો બહુચરી, છોરૂ ઢોરૂ ને ગ્રામ;
ભગવતિ ભવમાં ભાખિયે હો બહુચરી, સમરયાં પૂરો કામ.
નેઉવેથકી નારાયણી હો બહુચરી, દેશમાં દો નવનિદ્ધ;
દેવી સદા સુખદાયણી હો બહુચરી, પરમેશ્વરી પ્રસિદ્ધ.

ગરબો સુણી કળીકાળનો હો બહુચરી, જથા શકિત દે દાન;
પરતો બહુચરા બ.ળનો હો બહુચરી, પામે ધન સંતાન.
વરણુ અધીકાર વેદમાં હો બહુચરી, ભગવતિ બ્રહ્માણ્ એક;
ઉચર્યો અધિક ઉમેદમાં હો બહુચરી, ત્રિપુરા ન તજો ટેક.
તમે છો ત્રિભુવનના પતિ હો બહુચરી, સૂર સુરેશ સમાન;
વલભ ગુલામની વીનતિ હો બહુચરી, સુણજો સઘળી કાન.

અંબાજીના મહીના.

ગરબી.

કારતક માસે કરૂણા કરો મુજ માતરે, મા અંબાજી,
અલબેલી અંબા સાંભળ મારી વાતરે, મા અંબાજી. ૧
વાત સાંભળીને સમરે અજે હરી નાથરે, મા અંબાજી,
તારા દરશનની મને મોટી અંબા આશરે, મા અંબાજી. ૨
માગસર માસે મન મળવા અકળાયરે, મા અંબાજી,
તારી ઇચ્છા કરતાં અંબા દીન વહી જાયરે, મા અંબાજી. ૩
દીન વહી જાયને આશા મુજને મોટીરે, મા અંબાજી,
તારા રંગ મંડપમાં હું નવ આવી લોટીરે, મા અંબાજી. ૪
પોસ માસે મુજને મળવા શોપરે, મા અંબાજી,
મુજ રાંક ઉપર શો ધરવો માજી રોષરે, મા અંબાજી. ૫
રોષ ન ધરીયે તમે છો દેવી દયાળરે, મા અંબાજી,
જેનું નામ ધરવે શેવક જન પ્રતિપાળરે, મા અંબાજી. ૬
માહા મહીને કાંઇ વરત સાંભળ્યાં તમારારે, મા અંબાજી.

મા શું જુઓછો કુડાં કૃત્ય હમારાંરે, મા અંબાજી. ૭
કુડાં કરમની કરણી છે મધ્યાનરે, મા અંબાજી,
તારા દરશણનું મને મોટુ અંબા ધ્યાનરે, મા અંબાજી. ૮
ફાગણુ મહીને ફરી ફરી ઉલટે અંગરે, મા અંબાજી,
રંગ ભર્યા મનડા નવ કરશો ભંગરે, મા અંબાજી. ૯
ભંગ ન કરશો મનડું હમારૂં તલખેરે, મા અંબાજી.
મા ચીત્ત હમારૂં ચરણે આવી અટકેરે, મા અંબાજી. ૧૦
ચઇતર મહીને ચીંતા મુજને ઝાઝીરે, મા અંબાજી
આ જન્મ ધરી નવ નીરખ્યા અંબાજીરે, મા અંબાજી ૧૧
નવ નીરખ્યા મે અંબા અકળ સ્વરૂપરે, મા અંબાજી,
મા વળતા કયાંથી દેખીશ માના મુખરે, મા અંબાજી. ૧૨
વૈશાખ મહીને વરસ જાય દેહ નાઠીરે, મા અંબાજી,
મા હવે વળતી વેળા રહી છે માઠીરે, મા અંબાજી. ૧૩
વેળા માઠીને માથે મોટું દુઃખરે, મા અંબાજી,
મા વળતાં કયારે દેશો અમને સુખરે, મા અંબાજી. ૧૪
જેઠ માસે મુજને તેડા ઠેઠરે, મા અંબાજી,
નહી તેડાતે જીવતર જાશે વેઠરે, મા અંબાજી. ૧૫
વેઠ જાશે ને મીથ્યા થાશે જન્મરે, મા અંબાજી,
ભાગ્ય નથી પણુ ઓછાં અમારાં કર્મરે, મા અંબાજી. ૧૬
અષાડ માસે અટકી ન ધરીયે મનરે, મા અંબાજી,
તારાં દરશન માટે તલસે મારૂ તંનરે, મા અંબાજી. ૧૭
તંન તલસેને દયા ન આવે મારીરે, મા અંબાજી.
મા દયાળી દીલથી શું મુકોછો કાઢીરે, મા અંબાજી. ૧૮

મા શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારેરે, મા અંબાજી,
મા જેને ઇચ્છા હોય તે આવે તારે પારેરે, મા અંબાજી. ૧૯
મા સંઘ ભરાયને સૌને ઇચ્છા થાયરે, મા અંબાજી,
મા પાપી હોય તે નિશ્ચે પાવન થાયરે, મા અંબાજી. ૨૦
ભાદરવે માસે શીદને મંન ભમાવોરે, મા અંબાજી,
તારા દુર્લભ દર્શન આપી તાપ સમાવોરે,. મા અંબાજી. ૨૧
તાપ સમાવીને શિતળ કરોને છાંયરે, મા અંબાજી,
મા શીશ નમાવતાં પ્રાયશ્ચીત પ્રલે થાયરે, મા અંબાજી. ૨૨
આસો માસે અરજ સાંભળજો વહેલીરે, મા અંબાજી.
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે, મા અંબાજી. ૨૩
હેલી કરીને પુરો મનની આશરે, મા અંબાજી.
મા સેવક જંનને તેડો તમારી પાસરે, મા અંબાજી ૨૩
બારે માસ પૂર્ણ કીધા માતરે, માં અબાજી.
મા વિશ્વ ઉપર વિશ્વાસ ન કરશો ઘાતરે, મા અંબાજી. ૨૫
તેરમો મહીનો મા ઉત્તમ કહેવાયરે, મા અંબાજી.
માહરી પ્રતાપે પુરૂષોતમ સૌ ગાયરે, મા અંબાજી. ૨૬
પુરૂષોતમ માસે સંઘ ભરાય બહુ ભારીરે, મા અંબાજી.
મા ચાચર ઉપર તરતી ચાલે થાળીરે, મા અંબાજી. ૨૭
આરાસુરમાં નિત્યે આનંદ થાયરે, મા અંબાજી
કરજોડીને બાપો સેવક ગાયરે, મા અંબાજી. ૨૮

શણગારનો ગરબો.

પ્રથમ પાર્વતીના પુત્રને, પાયે નમું રે લોલ;
દીન જાણિ વાણિ દીજીએ, કહું સમું રે લોલ.
સરસ્વતિ તણા ચરણ, પ્રતાપથી રે લોલ;
નવે નીધ રીધ સીધ, આપો આપથી રે લોલ.
કરૂં ગાન ધરૂં ધ્યાન, બહુચરાતણું રે લોલ;
કરો સાર વાર વાર, શું કહું ઘણું રે લોલ.
આજ બહુચરાજી માત, ગરબે રમે રે લોલ;
સૂર નર મુનીવરે, સર્વને ગમે રે લોલ,
માજી રૂપ રાધિકા થકી, ઘણું બણી રે લોલ;
કોટિ કામ શશિ સુર્યની, છબી હણી રે લોલ.
રાત રોહિણી રન્નાદે, આદિ સુંદરી રે લોલ;
પલક પલવટે ઉમા રમા, પુરંદરી રે લોલ.
વેણ વાસુકી સરીખી, શિશ રાજની રે લોલ;
ક્ષુદ્ર ઘંટ ગોફણા ને, મધ્ય ગાજતી રે લોલ.
ભરી માંગ મૂગતા તે, મહા મૂલ્યની રે લોલ;
રાજે રાખડી રૂડી તે, રત્ન તુલ્યની રે લોલ.
ફુલી ખેટલી સેંથો ભર્યો, સમો પડયો રે લોલ;
ચાક ચમરીશું ચોટલો, કટી એડયો રે લોલ.
સ્વરણ સિંદુર આકાર, સર્વ સીપના રે લોલ;
સોળ શોભિતા શણગાર, સર્વ નીપના રે લોલ.
કાને વાળિયો જડાવ, ઝાલ ઝુમખા રે લોલે;

જોતિ મોતિયે પરોવ્યાં, લુંબે લુંબખા રે લોલ.
સોંના સાંકળી સરી, શિક્કા–જડામણી રે લોલ;
કોર તોરણુ મોતિની, દિસે દામણી રે લોલ;
તેજ શું કહું તાટંકતણું, લોલકેરે રે લોલ.
કળાફુલ જડયાં નંગ, તે અમૂલકે રે લોલ;
અર્ધચંદ્રમાં કપોળ, શું કહું કથી રે લોલ.
ચૌદ ભુવનમાંહી બહુચરા, સમું નથી રે લોલ;

ભાલ લાલ આડ કુમકુમની, રાતડી રે લોલ.
તપે તીલડી કહી ન જાયે, વાતડી રે લોલ;
ત્રિપુટી મધ્યે સિંદુરની, બીંદી કરી રે લોલ;
ચોડયા ચોખલા કપોળ, લોલશું ભરી રે લોલ;
ભ્રકૂટી કમાન કાન, કોરશું અડી રે લોલ.
ફુાર નાસિકા વિદેહિ, કરે તે ઘડી રે લોલ.
આંખ ઉપમાને નાવે, કોપ પલવટે રે લોલ;
વરણુ વરણવું જે અન્ય, ઉપમા ઘટે રે લોલ.

પદ્મ દીપક તારાના, તેજ ત્યાં ગળ્યાં રે લોલ;
મીન ખંજન મૃગ માન, મૂકિને પળ્યાં રે લોલ.
લક્ષ લક્ષ કાંતિ તિલકની, લિલા જુવે રે લોલ:
ગોરા ગાલમાં ત્રિલોક મોહ્યાં, તાજુવે રે લોલ.
મોહરૂપ ધર્યું બહુચરાજી, બાળિયે રે લોલ;
ગ્રહ ચાર રહ્યા વેરસની, વાળિયે રે લોલ.
ગુરૂ હેમ લાલ ભોમ, ભૃગુ મુકતમાં રે લોલ;
શની કીકિયે જોતાં, જણાય જુક્તમાં રે લોલ.

અધર બિંબ કે પ્રવાળ, લાલમાં મળી રે લોલ;
દંતપંક્તિ જુક્તિ દાડમ, કેરી કળી રે લોલ.
ચળકે ચૂનિયો જડાવ, ભાવ રેખમાં રે લોલ,
વદન નિરખતાં ન આવે, મીન મેખમાં રે લોલ.
હાવ ભાવશું કટાક્ષ, નેન સેનનું રે લોલ;
ચિબુક ચારૂ વીચ ઇંદુ, બીંદુ મેનનું રે લોલ.
કંઠ કોકિલા કપોત, જોત પોતની રે લોલ;
ભાનુ જુક્તિને પ્રમાણુ, તે ઉદ્યોતની રે લોલ.

કોટે ચીનમાળા ચંપકળી, ચમકતી રે લોલ;
ધણી ધૂત્રરી અરીસે, દિસે ધમકતી રે લોલ.
ગળે ઘરેણાં થયાં ઘણા, ઘચુંબલે રે લોલ;
કનક સાંકળી તુશી હારે, ને ઝૂમણે રે લોલ.
હિરા સાંકળી પોશીની, સેર ચારની રે લોલ.
મુકતામાળા તે એકાવળના, હારની રે લોલ;
બે હમેલમાં હિરાના, ઝબકારડા રે લોલ.
પારીજાતક મંદારકેરા, હારડા રે લોલ;
બાહુ-દંડ જુગમ સુંઢ, સરખા સહી રે લોલ
હાથ હાથની હાથેળિયે, મથ્યાં મહી રે લોલ.
અતી અદભુત અંગૂઠા, સંગ આંગળી રે લોલ
અનૂમાનમાં આવે તે, મગની ફળી રે લોલ;
વીશ નખ રાત દીવસે, તારા તપે રે લોલ.
અન્ય ઉપમાનો અર્થ, વ્યર્થમાં ખપે રે લોલ;
બાંહે બાજુબંધ બેરખા ને, ઝૂમતાં રે લોલ.

બાંધ્યા બાદલા બન્યા રહ્યા, ઝુમતાં રે લોલ;
પાણુ ચૂડલો પ્રમાણુ, ચતુર રંગનો રે લોલ.
અતી અરૂણ તરૂણુ દંત, તે મતંગનો રે લોલ
બાહૂ કોરમાં જડાવ, લાલ લંકણી રે લોલ.
મધ્ય માણેક હિરાની, હાથ કંકણી રે લોલ.
હાથે પોંચિયો જવાળિ, ભાળી કંગણી રે લોલ;
છલા છાપ આરશી, અતી સુચંગની રે લોલ.
ઉર ઓપતું રસાળ, તે વિશાળનું રે લોલ;
કમળ કોશકુચ અગ્રમાં, મરાળશું રે લોલ.
કંચુકી કનક તાર, હારશું બની રે લોલ;
ચુવા ચંદન ચરચીત, શોભે શોભતી રે લોલ.
લેંઘો લાહ્યનો પેર્યો તે, રંગ જૂજવે રે લોલ;
કસબ કોર જોર સાળુ, કંશુએ ચુવે રે લોલ.
પેટ પોયણી પ્રમાણ, ક્ષીણ લ્હેકણી રે લોલ;
સજી મેખળા રસાળ, કશી કિંકણી રે લોલ.
ઉદર ઉપર તે ત્રીવળી, વળી રહી રે લોલ;
ગિરિશ્વેત દેહ મધ્ય, ત્રિવેણી વહી રે લોલ.
નાભિ કોમળ કૂવો, કર્યો સુમારનો રે લોલ;
ભર્યો વારિ તે અખૂટ, ઇંદુસારનો રે લોલ.
કંઠ હેઠ ઠેઠ વાંસો તે, એકત્ર છે રે લોલ;
અધો મૂખનું અખંડ, કેળ પત્ર છે રે લોલ.
કટિ કેસરી હરી, નિતંબ દળી રે લોલ;
જંઘા જુગમ તે અધો મુખે, છે કદળી રે લોલ.

ચારૂ ચરણુમાં ચિત્ર લખ્યાં, ચોદશા રે લોલ;
પગ આંગળાં વર્ણ્યાં, ચંપા કળી જશાં રે લોલ.
ભરી જાવક કટોરિ હેમ, નાનિયો રે લોલ;
ઇંદુ બિમ્બને આકારે, એડિ પાનિયો રે લોલ.
જેહર લંઘર તોડાલે, ઘૂઘરી તળે રે લોલ;
પાગે નેપુર ને વીછુવે, મુની ચળે રે લોલ.
નયણે કાજળ સાર્યાં તે, કુમકુમ રોળશું રે લોલ;
મંદ હાસ્ય કરે મુખ ભર્યાં, તંબોળશું રે લોલ.
ટરી ઠાઠ આઠ આઠ, સખી સંગમાં રે લોલ;
બાળિ બહુચરા કલોલ, કરે રંગમાં રે લોલ.
કરે ગાન તાન પાન-પાત્ર, હાથમાં રે લોલ;
રમે રમક ઝમક ઠમક, સખી સાથમાં રે લોલ.
દંત ઘૂઘટ ગ્રહ રહી, રસાળિરો રે લોલ;
એક એકથી લે હાથોહાથ, તાળિગો રે લોલ.
કેશ-પાસ કરી વાળિયા, અંબોડલા રે લોલ;
ફેર ફૂદડી ફરે ને લે, હંબોડલા રે લોલ.
એ અખંડ ખેલ ખેલે, બાળિ બહુચરી રે લોલ;
ત્રણે દેવ લેછે વારણાં, ફરી ફરી રે લોલ.
વિષ્ણુ વાંસળી વગાડે, શબ્દ નાદશું રે લોલ;
ડાક વગાડે મહાદેવ, મરજાદશું રે લોલ.
ધરી પાણી પોથિઓ, તે મહા મૂનમાં રે લોલ;
બ્રહ્મા વેદ ભણે મૂખ, ચારે ધૂનમાં રે લોલ.
પુષ્પ ચંદન વરસાવે, વળી દેવતા રે લોલ;

અઠયાશી-સહસ્ત્ર ઋષિ, ચરણુ સેવતા રે લોલ.
ગિરીશ્વેત તજી સેવક, કાજે ધશી રે લોલ;
કળી કાળમાં ચુંવાળમાં, આવી વસી રે લોલ.
ભૂર શું લહે ભવાનિકેરા, ભેદને રે લોલ;
અધા અંત એ અગમ્ય, વાદ વેદને રે લોલ.
આ અખંડ ગરબો ગાય, જે કોઇ માનવીરે લોલ;
ચરણુ ચરણુને ઉચારે, સ્નાન જાહ્નવી રે લોલ.
નવે નીદ્ધ રિદ્ધ લીજીએ, ઓવારણાં રે લોલ;
દેવી વાંઝિયાં બંધાવે, દ્વાર પારણાં રે લોલ.
મન મોહ્યાં ગોમ ચાચર, સોહામણે રે લોલ;
ભટ વલ્લભ મેવાડે, માને ભામણે રે લોલ.

સીતા હરણ.

ગરબા.

વાણી આપોને તમે સારદારે, બહુચરી ગુણ તમારા ગવાય;
લાંબી વેણુ તે શ્રી રામનીરે, બહુચરી સતીતણો ભરથાર. ૧
સીતાએ મરવો રોપીઓ, બહુચરી મૃગ ચરીને જાય;
કાલ મરવું મૂત્રા મૃગલારે, બહુચરી વાડી તજીને જાય. ૨
સીતાએ રહુ બાંધીયું, બહુચરી કાંચલડી શીવડાવ;
સાવ સોનાનો તારો કચવો, બહુચરી ચાંમડાની શી હામ. ૩
નહીં સગો નહીં સાગવો, બહુચરી નહી મામો મોસાળ;
કુળમાં તે નહી કોઇ બાંધવો, બહુચરી નહી ખાંતીલો ભરથાર ૪
ઘીત્રડ લીધી સોયામણીરે, બહુચરી વન ચાલ્યા બાણવીર;

વનમાં જઇ બાણુ વધેરીઆરે; બહુચરી મૃગ માર્યો પહેલે તીર. ૫
પડતાં તે મૃગલો ઓચર્યોરે. બહુચરી ધાયે લક્ષ્મણ વીર,
કાવડ કરીને મૃગો લાવીઓરે, બહુચરીનાંખ્યો મઢીની બહાર, ૬
સુની મઢી મારા નાથનીરે, બહુચરી કાગ કવેળા જાય;
રામ રૂવેને લક્ષ્મણ રીઝવે, બહુચરી ના રૂવો ઘેલા રામ. ૭
સીતાથી ભલેરી પરણાવશું. બહુચરી ધરાવશું સીતા નામ;
જળ જળ કમળ ન નીપજે, બહુચરી ઘેર ઘેર સીતા નોય. ૮
ગઇ સીતાને આપણુ વારશું. બહુચરી લઈ લોટો મુખ ધોય,
રામે સભામાં બીડું ફેરવ્યુંરે, બહુચરી કોઈ નર શૂરો થાય. ૯
મોટો રામનો વાંદરોરે, બહુચરી ઝાલ્યું તે જમણે હાથ;
ઠેડ ઠેડ ઉડયો તે વાંદર ઠેકડે, બહુચરી ગયો લંકા મોઝાર. ૧૦
જોયાં ચોરાશી ચૌટાંરે, બહુચરી જોઇ બવરી બજાર;
જોયાં મેડી મંદીર માળીયારે, બહુચરી જોયો રાવણુનો બાગ. ૧૧
આસો પાલવને ઝાડવેરે, બહુચરી બેઠાં સીતાજી માંય;
આરે મુદ્રીકા મારા નાથની, બહુચરી પેરતાં જમણે હાથ. ૧૨
રામે માતાજી મને મોકલ્યો, બહુચરી લક્ષમણે દીધી એંધાણુ;
વાંદર તું છે ભુખાળવોરે, બહુચરી પડયાં વનફળ વેણી ખાય. ૧૩
એક ખાઇને બીજું આંબળેરે, બહુચરી ખંખેરીને ખાય;
માળી જાય છે માથુ કુટતોરે, બહુચરી રાવણુ પાસે રાય. ૧૪
રાવણે સાથીડા સંગારીઆરે, બહુચરી દેજો ફરશીના ઘાય,
એક ઝીલેને બીજુ જાળવેરે, બહુચરી અંગે ન અડે એક. ૧૫
સાચું બોલરે અલા સાવજારે, બહુચરી સેણે છે તારૂ મોત;
સારી લંકા કેરાં ગોદડાંરે, બહુચરી તાજા કેવડીઆં તેલ. ૧૬

પુંછડે મેરાંયાં પ્રગટયોરે, બહુચરી ઝટપટ કરો ઉકેલ;
ઠેડ ઠેડ કૂદયો તે વાંદર ઠેકડેરે, બહુચરી ગયો લંકા મોઝાર. ૧૭
બાળ્યાં ચોરાશી ચૌટાંરે, બહુચરી બળી તે બવરી બજાર;
બાળ્યાં મેડી મંદિર માળીયાંરે, બહુચરી રાખી રાવણનો બાગ. ૧૮
આશોપાલવ ઝાડવેરે, બહુચરી બેઠાં સીતાજી માંય;
રજા લેઇને વાંદર ચાલીઓ, બહુચરી આવ્યો તે રામની પાસ. ૧૯
રામે તે શેન હંકારીઆંરે, બહુચરી આવ્યાં તે સમુદ્ર તીર;
પાળબાંધીને સાગર ઉતાર્યાંરે, બહુચરી આવ્યાં સુવેલી રઘુવીર. ૨૦
લંકા સામા મોરચામાંડીઆરે, બહુચરી માર્યા રાવણરાય;
રાવણ મારીનેસીતા લાવીઆરે,બહુચરી પુષ્પની વૃષ્ટી થાય. ૨૧

દશ અવતારનો.

છંદ.

કળી તારૂ કારણ છે મોટું રે, તુજવીણ તે સર્વે ખોટુંરે.
આદ અંતે મધ્યે મોરી માતા બ્રહ્મા વીષ્ણુ મહેશ ગુણગાતાં
સર્વ દેવતાનું તારૂ છે ઇષ્ટ, માજી તું થકી નહી કોઇ શ્રેષ્ટ.
મચ્છ કચ્છને વારાહ રૂપરે, માજી તે પણ તારાં સ્વરૂપરે.
વામન રૂપ ધર્યું માહારાજે, ઇંદ્રાસન રાખવાને કાજે.
નરશીહરૂપ ધર્યું વીશાળ, ભગત પ્રેહેલાદની કીધી પ્રતીપાળ.
ફરસુરામે તે ફરસી લીધી, માત પૃથ્વી નક્ષત્રી કીધીરે.
રામ રૂપ ધરી રાવણ માર્યો, ભગત વીભિષણ ઉગાર્યો.

કૃષ્ણુ અવતારે લીલા કીધી, તેનીવાત જેવરલે લીધીરે.
બુધા અવતાર લઇને તમે બાળા, ધ્યાન ધરી લઇ બેઠાં માળા.
નકલંતો નીરમલ થાશે, ત્યારે તુહી તુહી કહેવાસેરે.
દશ અવતાર અંબાના ગાશે તેને સુખને સંપન થાશેરે.
તારા હોય તે તુજને જાણે, દાશ જીવણ માહી રશમાણે.

માહાકાળીનો ગરબો.

પાવા તે ગઢથી ઉતર્યાં, માહાકાળીરે.મા પરવળીયાં ગુજરાત પાવાવાળીરે.
મા શોળ ધર્યા શણુગાર, માહા. માની ઓઢની ઝાકઝમાલ, પાવા.
માને કાંબીને કડલાં શોભતાં, માહા. માને ઝાંઝરનો ઝમકાર, પાવા.
માને બાંહે બાજુબંધ બેરખાં, માહા. માને દશે આંગલીએ વેઢ, પાંવા.
માને ઝાલને ઝમણુ શોભતું, માહા. માને કંઠે એકાવન હાર, પાવા.
માને નાકે નકવેસર શોભતું, માહા. માને ટીલડી તપે લલાટ, પાવા.
માને શેંથો ભરયો સીદરનો, માહા. માનો ચોટલો વશીયલ નાગ, પાવા.
મા ચોસઠ બેની તેડાવશું, માહા. મા સાથે કોયલ વીર, પાવા.
મા ફુલડા દડા હાથમાં, માહા. મા પરવરીયાં ગુજરાત, પાવા.
મા પાંડુ પરગણુ તાહરૂ, માહા. મા ગુર્જર ખંડમાં ગામ, પાવા.
મા શનખલપુર સોહામણું, માહા. માને તેને ટોડે પુર વાસ, પાવા.
મા સરવ મળીને કરી સ્થાપન, માહા. માજી માનસરોવર માંય, પાવા.
મા કુકડીયા તે સજ કળી, માહા. મા થયાં તે ઘડી અસ્વાર, પાવા.
મા કેસરી વાઘા પેહેરીયા, માહા. મા લીધું ભમર ભાલું હાથ, પાવા.
મા રમતાં રમતાં નિસર્યાં, માહા. આવ્યા માનસરોવર પાસ, પાવા.
મા સાથે લશ્કર ચાર કુતરી, માહા. આવ્યા માનસરોવર માંય, પાવા.

માન સરોવર તલાવડી, માહા. તેમાં ભરીયાં નીર્મળ નીર, પાવા.
માએ ઉતરીને કીધા વોતીઆ, માહા. માએ નાહીને પીધું નીર, પાવા.
મા ઘોડીનો ઘોડો થયો, માહા. મા સ્ત્રીમાંથી પુરૂષ, પાવા.
માનો પટંતરો ત્યાંથી થયો, માહા. માનો પૃથ્વીમાં મહિમાય, પાવા.
મા હીંદુ કેરાં દેવતા, માહા. બળધારી બહુચર માત, પાવા.
મા લીલા તે નેજા ફરફરે, માહા. આવી મુગલા કેરી ફોજ, પાવા.
મા બહુચરમા એમ બોલીયાં, માહા. અલ્યા માં લઇશ મારૂં નામ, પાવા.
મા મુગલે વાત મનમાં ધરી, માહા. ચડો ચકલા કેરી ફોજ, પાવા.
મા બહુચર માના મૃગલા, માહા. તે તરીયા તાંવા માંય, પાવા.
કુકડીયાં ભોજન કીધાં, માહા. પછી ચહડી તે માને રીસ, પાવા.
મા મુઆ તે મૃગલા બોલીયા, માહા. મા અશુર તણા ઘટમાંય, પાવા.
મા બહુચરમા તમે કોપીયાં, માહા. પછે આઇ થયા અશ્વાર, પાવા.
મા ત્રીશૂર લીધું હાથમાં માહા. માકીધો અસુર તણો નાશ, પાવા.
મા કુદી ઘોડો મારીયો. મહા. મા હાથી પાડયો એક, પાવા.
મા મોટા મુગલ એક મારીયો, માહા. બીજા મુગલનો નહી પાર, પાવા.
મા બળ કરી મુગલ મારીયા, માહા. માર્યા પાચ્છાનો ભાણેજ, પાવા.
મા સામે થયું સહુ એકઠું, માહા. ચાલ્યાં પોતે મુગલ પાસ, પાવા.
તેં મારૂ તે વાળ્યુ નવ કર્યું, માહા. તેં હાથે વસાવ્યું વેર, પાવા.
ત્યાં હાથ જોડીને આવીયા, માહા. માને લળી લળી લાગે પાય, પાવા.
મા સોનાના ઘડાવું કુકડા, માહા. મા લાવુ મંડપ માંય, પાવા.
મા તારૂ દેવળ ફરી ચણાવશું, માહા. મા ઉપર ધોળી ધજાય, પાવા.
મા તારો ચાચર બાંધશું, માહા. કહે વલ્લભ કોડે બાંધશું, પાવા.

ગરબો.

મેહેલે પધારો મારા રાજ, માણીગર મેહેલે પધારો;
વ્હાલ વધારો વ્રજરાજ, માણીગર મેહેલે પધારો. ટેક
કરી રાખી છે એકઠી, ઘણા દિવસની ગોઠ;
રાજ મળે તો કીજીએ, આવી રહી છે અમારે હોઠ.
માણીગર મેહેલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ૦ ૧
હું સરખી બહુ આપને, મારે તો એક આપ;
રેહેવાતું નથી રાજવીણ. કોને કહું પરિતાપ.
માણીગર મેહેલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ. ૨
સેજ સમારી ફુલડે, આનંદ ઊર ન માય;
પ્રાણજીવન ત્યાંહાં પોહોડીયા, દાસી પલોટે પાય.
માણીગર મેહેલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ૦ ૩
હું પણ દાસી રાવલી, બાંહે ગ્રહ્યાની લાજ;
જોબન લેહેરે જાય છે, માણોને મારા રાજ.
માણીગર મેહેલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ૦ ૪
પ્રીતમદાસ દયા તણા શ્રી વ્રજરાજ રાજ કુમાર;
ઘણા દિવસની હોંસ છે, પુરો પ્રાણ આધાર.
માણીગર મેહેલે પધારો, વ્હાલ વધારો વ્રજરાજ. ૫

ગરબો.

મોહોટાનું વચન સુખ ધામ, કૃતિ રીતે કરિયે;

તે કરે ચાહાય તે કામ, આપણુ તો મરીયે. ટેક.
પરનારી ક્રીડા કરી કૃષ્ણે, તે તો આપણે થાયરે;
ઉર્ધ્વ રેત અગ્ની પીવો, ગોવરધન કેમ ધરાય. કૃતિ૰ ૧
શિવ અર્ધાંગે ઉમીયા રાખે, પણ આપણુને બીહીવુંરે;
ત્યમ કરીયે જો કામ બાળિયે, બણે હળાહળ પીવું. કૃતિ૰ ૨
રૂધિર માંસને ભોગે ભવાની, આપણે હડીયે ત્યાંથીરે;
સિંહ ચઢી દાનવ દળવા એ, કાડીએ તે બળ કયાંહાંથી કૃતિ૰ ૩
ખારૂં ખોટું પણ પુત્રીલાંછન, બ્રહ્માને કહેવાયરે;
તે જોઇ ત્યમ કરીયે પણ, આ સૃષ્ટિ કેમ રચાય. કૃતિ૰ ૪
ચંદ્ર ઇંદ્ર ગુરૂ પતિ રમીયા, ત્યમ કરવું તો સુલભરે;
અંડ પ્રકાશ અમી વૃષ્ટી, નગ પાંખો છેદન દુર્લભ કૃતિ૰ ૫
અગ્ની ભક્ષણ સર્વ કરે પણ, કોઇ કહે નહીં મેલોરે;
તે જોઇને તું તેમ કરીશ તો સર્વે કેહેશે ઘેલો. કૃતિ૰ ૬
કલેશ પ્રિય નારદને છે જોઇ, રખે તું ઘેલાં કહાડેરે;
તેહેનો સંગ ભવ ભયભંજન, ને ત્હારો સંગ ભવ પાડે. કૃતિ૰ ૭
અસુર પ્રતીગ્રહ સુરાપાન, શુક્રાચાર્ય નવ જાશોરે;
દીવ્ય હુતી મૃતસંજીવન, વિદ્યાવેળા પછી રોશો. કૃતિ૰ ૮
ગંગામધ્યે મુની પારાશર, ઢીમર કન્યા ભોગવીરે;
વ્યાસ પ્રગટ મછગંધા, મૃગમદગંધા કરી એ યોગી. કૃતિ૰ ૯
કુંતા કૃષ્ણા પંચ પતિ, સતી શિરોમણી કહાવેરે;
તેહેનું જોઇ સ્ત્રી અન્ય કરે તો, નિશ્ચે નર્કમાં આવે. કૃતિ૰ ૧૦
શંકર સ્વામીનું જોઇ શિષ્યે, સ્વપચના ટુકડા ખાધારે;

સીચું નવ પીવાયુ સંગે, થયા બહિર્મુખ બાધા. કૃતિ૦ ૧૧
પુત્રી તણી બે પુત્રી કશ્યપ, થઈને પિતામહ વરિયારે;
તેનો દોષ આપણે ના જોવો,તે ઘર હરિ અવતરિયા. કૃતિ૦ ૧૨
જવની રાખી જગન્નાથ પંડીત,તેતોસહજ બની આવેરે;
બાવન સીઢી ગંગા પધાવી, તે તો વેવલાં વિણાવે. કૃતિ૦ ૧૩
મેહેતે અનામિકને ઘેર ઓચ્છવ, કીધો તે નવ જોઈએરે;
હરીએ હાર મેહેતાને આપ્યો, તે વેળા પત ખોઇયે. કૃતિ૦ ૧૪
માટે પ્રમાણે વાટે ચાલવું, ભજવા ગિરિવર ધારીરે;
મ્હોટાની ગતી મ્હોટા જાણે, દયા દીનતા સારી. કૃતિ૦ ૧૫

ઓધવજીના સંદેસા.

ગરબી.

ઓધવજી આવ્યારે વેગે વ્રજમાં, મથુરાંથી મોકલિયા છે એમજો;
વાલાને વાલાંરે વ્રજ આહિરડાં, ગોપિજનનો જોવા કારણ પ્રેમજો. ઓ.
ગોકુળની શોભારે સુંદર શી કહુ, નેહે આવ્યા નંદજીને ભોવનજો;
પુરૂષોતમ જાણીને મળિયા પ્રેમશું, પ્રીત કરીને કરાવ્યા ભોજનજો. ઓ
કુશળતા પુછીરે વાસુદેવની, કુંવરનાં સંભાર્યાં સઘળાં કામજો;
જશોદા રૂવેને સુખડાં સાંભરે, જાણે માધવનું કહ્યું ધામજો. ઓ
વાંસળિયોને વલોણાં વાગે ઘણાં, ઘેરઘેર ગાય ગોકુળિયામાં ગીતજો;
આ મંગળ જ્યાંરે દશ દિશાતણાં, ત્રણ લોકને કરે છે પુન્યનિત્યજો ઓ.
આગણિયે આવીરે સરવે ગોપિયો,રથ તે છુટયો દીઠો નંદનેદ્વારજો

અધામ અક્રુર તે એ આવ્યો હશે, તે ઘોડાને તે હશે અશ્વારજો; ઓ.
આપણા સ્વામીને એ તેડી ગયો,ત્યાં જઇ એણે મરાવ્યો છે કંસજો;
પ્રાણલેઇજઇનેપાછોકેમઆવ્યોહશે,મઃસોસોકરવાલેવાઆવ્યોમાંસજો. ઓ.
જમુનામાં નાહિને એટલે આવીયા,જુવતિયેતો જાણ્યા શ્રીભગવાનજો;
રૂઘનાથનાસ્વામીનાસેવકઓળખ્યા,અરસપરસત્યાંદીધાંઝાઝાંમાનજો, ઓ.

ગરબી.

ઓધવજી અલબેલો ક્યારે આવશે, સાચુ તમે કહો તે સાધુજનજો;
માતપિતાનેજોવાનેમોકલ્યાહશે,બીજુ એમને કોણછે આવજવનજો. ઓ.
સગાંનું સગપણ તો સાચુ હેમછે,પ્રિતલડી તો પીતળ થઇને જાયજો;
પુરૂષને પ્રેમદાની સાથે પ્રીતડી, ભમરને જેમ કમળને કહેવાયજો. ઓ.
કટાક્ષનાંવચન તો કંઇખડપાયનહીં,ઓધવજીનેસંભળાવે છે સુખજો;
એને કાજે અમે સર્વે મેલીયાં,એ તો અમને દેઇ ગયો છે દુઃખજો. ઓ.
ચરિત્ર સંભારે સરવે ગોપિયો, રડે ઘણુ આંખે આંસુ ધારજો,
કામ કાજને લજાયો સૌ લોપિયો,પાતળિયાશું દીઠો પ્રેમ અપારજો. ઓ
કદી એ સંભારે સૌ ગોવાળને, કદી સંભારે માબાપનું ઘરજો,
કદી એ સંભારે અમને શામળો,વિશેક વાતમાં જાહાં પડે અંતરજો, ઓ.
કદીએ કૃષ્ણજી અહીંઆ આવશે.આવી અમારાંટાહાડાંકરશે તનજો.
સદાસુગંધી ભર્યા ભુજ હરિતણા; આવી અમારા ફેરવશે વદનજો, ઓ.
સ્વામીનો સંદેસો કહુ તે સાંભળો,હરિ કહે હું તમથી નથી દુરજો;
પંચીકરણ પાંચેરે જેમ વ્યાપી રહ્યાં,એમ હુંતો સઘળે છું ભરપુરજો. ઓ.
જુગત કરી જોશો તો પાસે પામસો,દેહલડીમાં થાશે મુજ દરશનજો,
રૂઘનાથનાસ્વામીની વાતો સાંભળી,કોઇ ગોપીઓનાં ઠર્યાંનહીંમનજો. ઓ.

ગરબી.

ઓધવજીઅબળા તે સાધન શું કરે,વાલ્હા વિના વેહની પ્રગટી આગજો;
સંદેશો લાવ્યારે શુંડા જોગનો,નથી ખમાતો દાઝયા ઉપર ડાગજો. ઓ.
જોગિડાંથઇએતોજુગમાંલાજિયે,ભોગિડાં કેમ ધરિયેભગવા ભેખજો.
વિશ્વાસે વરતુંછું વાલમ આવશે, અંતરમાંહી ઉંડી રંગની રેખજો. ઓ.
જંગમનીજુક્તિતો સર્વેજાણીયે,સમિપ રહે પણ શરીરનોનહી સંગજો;
એકાંતે વસતુંરે એકે આસને, ભેદ પડે તો થાય ભજનમાં ભંગજો. ઓ.
ફકિરી લીધાનું ફળ જો પામિયે, દંભ તજિને દલ કરીયે દરવેશજો;
દેવા નહીં દેખેરે દલ દેદારમાં, પોકારીએ શું પ્રભુજી નથી પરદેશજો. ઓ
સન્યાસી થઇએ તો સુખદુઃખ સાંભરે,વસ્ત્ર તજીનેપૂરોવનમાંવાસજો;
પૂરણપ્રીત વિના તો પ્રભૂજીનહીંમળે,દેહદમનમાંદુઃખડાં બારેમાસજો. ઓ.
જૈન તો જાણેરે સાચા જીવને, જતી ખરા જો જાણે જીવની જાતજો;
અલ્લએલો મેલીને નહીંથાઉંઆરજા,ભુલુનહીંકાંઇદેખીનવલીભાતજો. ઓ.
બ્રાહ્મણ તો જાણેરે સાચા બ્રહ્મને, વિપ્ર વિવેકિ વેદતણું લે સારજો;
ઋષિ પત્નિ રિજયારે હરિના રંગને, પ્રેમ ધરિને પુજ્યા નંદ કુમારજો. ઓ.
ખટરે દર્શન તો હું ખોળી વળિ,બાંધ્યું મારૂં મોહન ચર્ણે મનજો;
જ્ઞાનનું ગુઢારથ મન ગમતુ નહિ,સુંદર વરને સુંપ્યાં તન મન ધનજો. ઓ.
સારૂંરે જાણે તો સે નથી શીખતા,જપતપસાધનજોગતમારાકામજો;
રત આવ્યારે વિના વસ્તુ નહીં મળે, મધુકર એનો મથુરામાં ઠામજો. ઓ.
હરિ પાસે તે હતું તે અમનેઆપીયું,અમપાસેથીભરોપ્રેમનીપોઠજો;
રૂગનાથના સ્વામીને કહેજો એટલું,હેત હતું તે આવ્યું હૈયાની હોઠજો. ઓ.

ગરબી.

ઓધવજી સંદેશો કહેજો સ્યામને,મારા સમ જો મૂકી મનનો મેલજો.
કાનુડા કપટી રે આવડા કેમ થયા,છળ કરીને છેતરીયે નહીં છેલજો. ઓ.
આટલા દિવસરે એમ ન જાણુતી,ધુતારાના જાણ્યા સઘળા ઢંગજો.
પાણીડાં પીનેરે ઘર કેમ પૂછીએ, બાળપણામાં કીધો એશું સંગજો. ઓ.
વેરીતો કીધારે વ્રજના લોકને, વ્હાલાકિધા ગિરધર ગોકુળ નાથજો
ફુલડાંની પેઠેરે હું નવ ડુખતી,શા માટે હરિ તજયાઅમારોસાથજો. ઓ.
દીવડીઓ કરવારે દૂરથી આવતાં, વડો કરી વઢતી હું વારો વારજો.
એણીતો મશેરે મળતાં માવને,જસોદા અમને કહેતાં લિલ નારજો; ઓ.
અણ તેડયાં જાતાં રે નંદને આંગણે,વણ કરાવ્યા કરતાં ઘરનાં કામજો,
મોહનનાં મુખનાંરે લેતાં મીઠડાં,પલકે પલકે હું કરતી પરણામજો. ઓ.
માતાજી છાંનારે મેવા લાવતાં, વાડકડામાં દેતાં ગવરી ગાયજો,
દુધેને દહીંએ રે હરિને સીંચતાં,હું જાણું કંઇ જીવણ મોટાં થાયજો. ઓ.
જમાડી જમતીરે જીવણ પ્રાણને,પવન કરતી પોહાડાડી પલુંગજો;
એવાંરેસુખડાંતેસ્વપ્નેવહીગયા,વેણાવિધાતાએઅવળાલખીયાઅંકજો,ઓ.
આભુષણ ધરતાંરેહરિને અતિઘણાં,શીશ મુગટ ને અંગે છે અનુપજો;
રાજહંસની ગતરે પ્રભુજીચાલતાં,નખ શિખ સુધી નિરખુ નટવરરૂપજો. ઓ.
દુ:ખડાંની વાતોરેકયાં જઇદાખવું,કહુંતોખરીપણકહ્યું ન માનેકોઇજો;
કૂવાની છાયારે કુવામાં શમી,ચોર તણી મા કોઠીએ પેશી રોઇજો. ઓ.
અવગુણીયા અમારા હરિના ગુણઘણા,કહો કેમકિજે વડાસંગાથેવાદજો;
રૂઘનાથના સ્વામીરે સતકરી માનજો,મળવાંઆવો મૂકીને મરજાદજો, ઓ.

(રૂગનાથ કાવ્ય)

સાહેલીના મહીના.

રાગ રાગણી.

હાંરે સખિ કારતક માસે કેમ ગમે, અમે એકલડાં ઘર માય,
સાંભળ સાહેલી.
હાંરે સખિ શ્યામ વિના સંસારમાં, મને કામ ન સુઝે ક્યાંય. સાં૦
હાંરે સખિ મોહન મથુરાં જઇને રહ્યાં, પેલી દાસી કેરે ઘેર. સાં૦
હાંરે સખિ રૂંગનાથનો સ્વામી મળવાની, મને કોણ બતાવે પેર. સાં૦

૨

હાંરે સખિ માગસર માસે મોરારી, મારૂ મન મળવા અકળાય. સાં૦
હાંરે સખિ નાથ વિના આ જુગમાં, મારૂ અવતર્યું એળે જાય. સાં૦
હાંરે સખિ મોહન મથુરા જઇને રહ્યા, પેલી કુબજા કેરે સંગ. સાં૦
હાંરે સખિ રૂગનાથનો સ્વામી આવે તો, મારૂં સર્વે સમરપુ અંગ. સાં૦

૩

હાંરે સખિ પોષ માસની પ્રીતડી, મારી ખરીરે દોહલી જાય. સાં૦
હાંરે સખિ ઘડીયે ન ગોઠે ઘરમાં, મને સુતાં નવ સહેવાય. સાં૦
હાંરે સખિ શ્યામ વિના આ શીયાળો, મારે કેમ કરી કાઢયો જાય. સાં૦
હાંરે સખિ રૂગનાથનો સ્વામિ આવે તો, મારે હૈડે હરખ ન માય. સાં૦

૪

હાંરે સખિ મહા માસ મારી બ્હેનડી, મારે પીયુડો જોઇએ પાસ. સાં૦
હાંરે સખિ સામળિયા પાખી હુંનો, બીજા ન કરૂં કોની આશ. સાં૦

હાંરે સખિ પતિવ્રતાનો ધર્મછે, મારે વર છે શ્રી વિઠ્ઠલનાથ. સાં૦
હાંરે સખિ રૂઘનાથનો સ્વામિ આવે તો,અમે રમિયે એની સાથ. સાં૦

૫

હાંરે સખિ ફાગણ માસે ફુલ્યુંછે, શ્રી વંદાવન ઉપવન. સાં૦
હાંરે સખિ વાલા વિના વહિ જાયછે, મારે હોળિ રમ્યાના દન. સાં૦
હાંરે સખિ શું કરિયે શ્રી નાથને, મને કરી ગયા છે રાંક. સાં૦
હાંરે સખિ રૂઘનાથનોસ્વામિ આવે નહીં,ત્યારે વળિયો આડોઆંક. સાં૦

૬

હાંરે સખિ ચૈતર માસે ચોદીશા, હું તો જોઉંરે વાલી વાટ. સાં૦
હાંરે સખિ સૂનાં તે મંદિર માળીયા, સૂની સેજ હીંડોળા ખાટ. સાં૦
હાંરે સખિ કઠણ થયાછો કહાંનજી, શ્રી નાગર નંદ કુમાર. સાં૦
હાંરે સખિ રૂગનાથનો સ્વામી દેખાડે, તેને આપુ ઉરનો હાર. સાં૦

૭

હાંરે સખિ વૈશાખે વન મોહરિયો, આંબલીયે ઉત્રડી સાખ. સાં૦
હાંરે સખિ દયાળ વિજોગે દેહડી, મારી બળિ બળિ થાયે ખાખ. સાં૦
હાંરે સખિ ઉનાળાના દહાડલા, બીજો વા'લા તણો વિજોગ. સાં૦
હાંરે સખિ રૂગનાથના સ્વામિ વિના, મને પંડે થયો પંડ રોગ. સાં૦

૮

હાંરે સખિ જાલમ મહિનો જેઠ છે, મળિ લોકડા કરે લહેર. સાં૦
હાંરે સખિ નાથ નમેરા થઇને રહ્યા, મને કાંય ન કહાવ્યું ઘેર, સ.૦

હાંરે સખિ પરદેશી સૌ આવીયા, જે કોઇ ગયા હુતા પરદેશ. સાંo
હાંરે સખિ રૂઘનાથનો સ્વામિ શામળો, મને મેલી બાળેવેશ. સાંo

૯

હાંરે સખિ અષાડ માસ ભલે આવિયો,નવ આવ્યા નંદ કીશોર. સાંo
હાંરે સખિ ચોમાસાના દહાડલા, અતિ જામનીયોનું જોર. સાંo
હાંરે સખિ માતો તે વરસે મેહુલો, ત્યારે અટકયા પંથોપંથ. સાંo
હાંરે સખિ રૂઘનાથના સ્વામીશામળો, મારો કયારે આવશે કંથ. સાંo

૧૦

હાંરે સખિ શ્રાવણ માસે શું કરિયે, સૌ નદિયે નાવા જાય. સાંo
હાંરે સખિ આજ જન્મ દિવસ મારા વાલાનો,સૌ ગાતાં જસોદામાંય સાંo
હાંરે સખિ મેઘ મધુરો ગડગડે, અતિ મોહ કરેરે મલાર. સાંo
હાંરે સખિ રૂઘનાથના સ્વામિવિના, પાપી પીડે કામ અપાર. સાંo

૧૧

હાંરે સખિ ભાદરવા ભેરે ગાજિયો, કરો દનદન કેરાં કામ. સાંo
હાંરે સખિ વાટડી જોતાં વા'લાની, નવ આવ્યા સુંદર સ્યામ. સાંo
હાંરે સખિ માણસથી પંખી ભલાં, બળોં નાર તણો અવતાર. સાંo
હાંરે સખિ રૂઘનાથનો સ્વામિ સામળો,મારો કયાં મળશે ભરથાર. સાંo

૧૨

હાંરે સખિ આસો માસ ભલે આવિયો, મને સઘળે ખાવાખાય. સાંo
હાંરે સખિ વાટડી જોતાં વાલાની, મારી રાતલડી નવ જાય. સાંo
હાંરે સખિ ઘણે દહાડે પધારિયા, મને સંગે રમાડી રાસ. સાંo

હાંરે સખિ રૂઘનાથનો સ્વામિ આવિયા, ત્યારે પુરીમનનિઆશ. સાં૦

૧૩

હાંરે સખિ બાર માસ પૂરા થયા, પૂરી પુરૂષોત્તમે આશ સાં૦
હાંરે સખિ ગુણલાગાતાં ગોવિંદના, અમે રહિયે શ્વાસોશ્વાસ. સાં૦
હાંરે સખિ દુઃખના દહાડા વહિ ગયા, મારે સૂખનાં આવ્યારાજ. સાં૦
હાંરે સખી રૂઘનાથના સ્વામિ મળ્યાં મારાં સરિયાં સઘળાંકાજ. સાં૦

(રૂગનાથ કાવ્ય)

ગરબો.

(સખી વીરહી જનની પીડ વીરહી જાણે છે.—એ રાગ.)

સખી સેવો અંબે માત, મન સુખ માણો રે;
એ તારે જન સમાજ, સત્ય પ્રમાણો રે;
બ્હેન સંસારી આ જાળ, દુખદ જાણો રે;
છે નિત ભરી પાપની પાળ, કહે છે નાનો રે.
મનહર મુગટ મોતી તણો, કાને કુંડળ સાર,
કંકણ હાથે હેમનાં, કેનો કંઠે નવસેર હાર સુંદર શોભે છે!
વાહ ! ઝાંઝરનો ઝમકાર, મનડું લોભે છે;
અહા ! ચીત્તહર આ ચમકાર, દીલડું થોભે છે. સખી૦
મનહરણું ભવ રણ મહીં, નાહક ગોથાં ખાય;
ભક્તી બાગે ભાવથી, સખી ચરે તો ચીંતા જાય, એ સત્યવાણી છે.
બ્હેન સાચી આ સેવાય, મેં મન માની છે,

સખી કાયે થાય કરાર; લે સત્ય જાણી તે. સખી૦
શી સંસારીક મોહની, લબાડ જીવ લલચાય !
પણ વશવારી રાખશું, નાન ત્યારે સુખ સદાય, મોક્ષે મળશેરે
આજ આનંદ ઉર ભરાય, ફળ વ્રત ફળશેરે,
બ્હેન તનના તાપ કપાય વાંચ્છીત મળશેરે. સખી૦

ગરબો.

(શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો-એ રાગ)।
વાહ ! ઝાંઝી માત હાથ આજ તારજો મને
તારજો મને મા ઉતારજો મને——વાહ
નારીનો નરવર કરી, સોળંકીની લાજ,
રાખી માતા માહરી, વદે સૌ સમાજ;
આનંદ વધ્યો છે મારા મનમાંહે માતજી,
રંગે રમું છું આજ ભક્તી રણે,
ભક્તી રણે, માત ભક્તી રણે——વાહ
વરખડી પર વાસો કરી, ઠરીયાં બહુચર માત,
નીરખો બ્હેનો નેહથી, નાનો જોડી હાથ,
વાહ ! વાહ ! માતાનું તેજ, ઝાંઝર ઝમકેરે,
સૌ આનંદ પામે સ્હેજ, ચીતડું ચમકેરે,
સુંદર શણગારો ધરી, ત્રીશુળ કરમાં સાર,
સખા નીહાળે સ્નેહથી, આનંદ અપરંપાર

સખીઓ સ્નેહે રમે સુભાવથી વધાવવા
માગે આનંદઘન બુદ્ધિ અને;વૃદ્ધિ અને માત બુદ્ધિમને-વાહ!

ગરબો.

સખી સાંભળને કહું છું એક વાતડીરે,દહાડો આજ અનોપમ દીઠોરે.
સતગુરૂએ શબ્દ સુણાવીઓ, સાંભળતાં લાગે બહુ મીઠોરે. સખી. ૧
હરે સખી પરણ્યા પિયુજીની વાતડી; પિયરીએ નવ કરીએરે;
પીયુ મળ્યાનાં પારખાં, એતો લોચનિયામાં લઇએરે. સખી. ૨
પરણી પિયુજીને પ્રીછવે, પણ કુંવારી કંઠ શું જાણેરે;
જે રમે ઢીંગલે ને પોતિયે, તે મેહેરમને શું માણેરે. સખી. ૩
હરે સખી ઉંચું જાઉં તો આકાશમાંરે, હેરતાં દીસે હેઠાંરે;
સૂરતાં ઝળકે સખી સય્યામાં, બેસું તાં તખતે બેઠારે. સખી. ૪
આજનો દિવસ રળીઆમણોરે, ગુરૂ મળ્યા સત બાણુરે;
પ્રેમ સખી **રવિદાસજી** કરે, મારી સુરતા માંહી સમાણુરે. સખી. ૫
(સતસંગ-શિરોમણી.)

ગરબો.

સતગુરૂએ ટરી મને સાર, ઓળખાવ્યો નિજ આતમારે; (ટેક.)
ધીરજ દઇ દેખાડયું છે ધામ, હિરો આપ્યો હાથમાંરે. સતગુર. ૧
ગુરૂએ બતાવ્યું છે શુભ જ્ઞાન, સમજાવી મને શાનમાંરે;
મંત્ર જપિયો મુજ મંદિરમાંય, કહ્યું તેમને કાનમાંરે. સતગુર. ૨

આગે હુંતો ભૂલતી ભવંન, જાગું તો મારૂં ઘર જડયુંરે;
દયા કરીને ડગતું રાખ્યું દિલ, શિથીલ મન થીર કર્યુંરે. સતગુરૂ. ૩
અંખુ મધ્યે દિસેછે આકાશ, વૈરાટ મ્હારી દ્રષ્ટે ચ્હડયુંરે;
તુરત સુરતે નિરખું નિરાલંબ, એક ધ્યાન હરિ સાથે ધર્યુંરે. સતગુરૂ. ૪
નિર્ગુણ પામી થઇછું નિશ્ચિત, ગત ગંગામાં જઇ ભળીરે;
બ્રહ્મ અગ્નિમાં બાળ્યાં જેણે બીજ, ઉગ્યાની આશા ટળીરે. સતગુરૂ. ૫
કીધો કીધો દ્વૈતનો સંહાર, અદ્વૈત પ્રગટયા આપમાંરે;
વૃત્તિ પહોંચી બ્રહ્માંડને પાર, નાવે ચોરાશી હાથમાંરે. સતગુરૂ. ૬
ટાળિ ત્રિગુણ પૌજ્યા જેણે આપ, બ્રહ્મ સર્વે ભાળિયોરે;
કહે લાધો કર એનું તું ભજન, ઇ વેદાંતે વખાણિયોરે. સતગુરૂ. ૭
(સતસંગ-શિરોમણી.)

ગરબો.

સુખની સીમા રે શી કહું, હરિ ગુરૂ સંત પુરૂષની મ્હેર;
આનંદ સાગર રે ઉલટયો, થઇ ઘટ ઘટ લીલા લ્હેર. સુખની. ૧
જેને માટેરે જોગિયો, કરતા નિર્જન વનમાં વાસ;
સાધન સાધે રે બહુ ભાતનાં, સ્હેતા કષ્ટ અતિ સંન્યાસ. સુખની. ૨
પૂરણ રૂપે રે પ્રગટી રહ્યા, પોતે પૂરણ આતમરામ;
બાહ્ય ભીતર રે કયાં લહું, ઠાલું દીસે નહિ કંઇ ઠામ. સુખની. ૩
પડદો છુટયો રે પાંચ પ્રપંચિનો, તુટયા ત્રણે નરનાં તાણ;
ચિદઘન સાગરના કલોલમાં, ઝીલે સુરતી સુજાણ. સુખની. ૪

કાળ દિશારે કંઇ દરસે નહિ, આશ્રમ વર્ણું તમામ વિકાર;
માયારૂપરે સઘળી કલ્પના, હુઓ આપે ત્યાં અહંકાર. સુખની. ૫
જાગૃત સ્વપ્ન અને સુષુપતી, ચોથી તુર્યાથી છે પાર;
એમ કહેવું પણ અહવું નહીં, સાચો સર્વનો આધાર. સુખની ૬
વાણી વિલસીને ત્યાં ઠરી, નેતિ નેતિ કહેછે નેટ;
શુદ્ધિ સુરતી રે ત્યાં જઇ મળી, મમતા રસ બસ ઠેઠ. સુખની. ૭
દરિયો દેશથી રે ઉલટયો, સ્ફુર્યું સઘળે આકાશ;
લહરી ઉઠી રે ત્યાં આનંદની, બીજો નહિ આભાસ. સુખની. ૮
કૈવલ્ય વસ્તુ તો એક છે, છાપી વેદે તેની છાપ;
ત્વંપદ તત્પદ રે તું વાંચને, તજતાં આપોરે આપ. સુખની. ૯
મ્હોટો મર્મ છે રે મ્હા વાકયનો, લક્ષે લીજે રે લ્હાવ;
લક્ષા લક્ષીથી જુદો નહીં રે, તેમ ભાસે નહિ ભિન ભાવ સુખની. ૧૦
જડતા દીસેરે નહિ જીવની, ખોળે ખોટું પરખાય;
ગાડું જોવે રે જીવ વિવેકથી, કેવળ તો કાષ્ટ જણાય. સુખની. ૧૧
ભૂલે ભાસે રે કારમું, જેવો સ્વપ્ન તણોજ વિલાસ;
બીજી મનની રે ઉપાધિ બધી, કહે છે પુરૂસોત્તમદાસ. સુખની. ૧૨
[સત્સંગ-શિરોમણી.]

ગરબો.

જોબન સસલો જશ સ્વાને જો ઘેરિયો,
(તોય) સાધન કરવા મનના આને મૂઢ જો;

કાલ આહિર તે પૂડે આવે મલપતો,
જમડા ભમરા વેરી તારા પ્રૌઢજો. જોબન૦ ૧
આવી પહોંચે અચેત લાગ્યો ચેતવા,
દવ લાગ્યો તવ કૂપજ ખણવા જાયજો;
ચોરો ચોરી ધન સઘળું લઇ ગયા,
જાગીને પછે દીપ કરે શું થાયજો. જોબન૦ ૨
પહેલી પાળ ન બાંધી પશ્ચમ બુદ્ધિયે,
અવસર ચૂકે હાથ ઘસે શું થાયજો;
ઝાંઝવે તરસ ન છીપે બેઠો આશથી,
ઉશનાં મોતી કામ ન આવે કાયજો. જોબન૦ ૩
ત્રિવિધી તાપ ને લક્ષ ચોરાશી પરજલે,
હરિ ભજ્યા વિણુ જાય ન દારૂણ રોગજો;
કૃષ્ણજી કેવળ રાગને ભજિયે ભાવશું,
ફરી ના આવે ગનશા દેહી જોગ જો. જોબન૦ ૪

(સત્સંગ-શિરોમણી.)

જ્યારે રામચંદ્રજી તથા લક્ષ્મણજી વનવાસ ચાલ્યા ત્યારે સીતાજીએ કહ્યું કે હું પણ સાથે આવીશ તે સમયે રામચંદ્રજીએ કહ્યું કે તમે પીયેર જાઓ અથવા અહીં રહો તે વખતે કહેલું ધોળ.

ધોળ ૧.

(મામેરૂ મોઘા મુલનું, એ રાગનુ, પણ તેમાં એક ડોઢ જાસ્તી વળેછે.)

રામ લક્ષ્મણ વન સીધાવતાં, સતી સીતાને આવતાં સાથ,
કહે રઘુનાથ. પધારો પીયર પ્યારી.
નહિતો અહીં રહો સસરાના રાજમાં, હેતે હળીમળી સાસુ સંગાથ,
નહિ તો જોડી હાથ; પધારો. ૧
અમે વસ્તીમાં નહિ વસિયે વનીતા, અમે ફરશું જઇ વનવાસ,
તમો પામો ત્રાસ; પધારો.
સાથે રથ કે ઘોડુ નહી રાખીએ, નહી રાખીએ દાસી કે દાસ,
કોઇ અમ પાસ; પધારો. ૨
તમે કોશનો પંથ કીધો નહી, ચરણે ચાલવાથી પામો થાક,
ચીટી ખેંચો નાક; પધારો.
અમે વનફળ ખાઇ ખુશીમાં રહેશું, કોઇ દિવસે તો કેવળ શાક,
વિના લુણ પાક; પધારો. ૩
વનમાં નથી મંદિર નથી માળીયાં, નથી પહોડવા કાજ પલંગ,
રગીત નવ રંગ; પધારો,

કરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુત્રા સાથરે તે ખુચે અંગ,
એમાં શો ઉમંગ; પધારે. ૪
વનમાં હીરનાં ચીરતો નહીં મળે, વનમાં નહી મળે ફરતાં ફુલેલ;
કે તેલ ધુપેલઃ પધારે,
વનમાં નહી મળે શાણી શાહેલીઓ, કરશો કે સંગે ખ્યાતથી ખેલ,
ઉમંગ ભરેલ; પધારે. ૫
ઉષ્ણકાળે વાશે ઊના વાયરા, એવું દેખીને થાશો ઉદાશ,
જેનું ઘણું જોર, પધારે.
વરસે મેઘને ઝબકશે વીજળી, તેવે ટાણે તો તરૂ તળે વાસ,
નહીં છત્ર પાસ, પધારે, ૬
વનમાં ઘાતકી રહેછે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચોર,
જેનું ઘણું જોર. પધારે.
વનમાં વાઘ વરૂને વાંદર જેવા, ઘણા વિચરે જનાવર ઘોર;
બચે નહિ ઢોર. પધારે. ૭
મોટા પરવત દેખીને માનુની. તને નજરે જોયા નહી જાય,
દીઠે ખાવા ધાય; પધારે.
તમે રાજ કન્યા કાયા કોમળી, વનવાસનાં દુખ ન વેઠાય,
કાયા કરમાય. પધારે. ૮
ઘરમાં અંધાર દેખી ડરો ઘણાં, નથિ નીસર્યા કદી ઘરબાર;
છો નાજુક નાર. પધારે.
તમે છોટી ઉમર વર્ષ સોળનાં, નથી સંકટ વેઠયાં લગાર;
તમે કોઇ વાર. પધારે ૯
પરણી આવીને પીયર ગયા નથી, તમને મળવાને ઇચ્છે છે માય;
ચોપે ચિત ચાય. પધારે.

રાજા જનકજી તમને જંખે ઘણુ, તેના સંદેશા આવે સહાય,
તેડાં પાછાં જાય; પધારો. ૧૦
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહિપાળ,
પુરાવીને થાળ; પધારો.
અમે અવધે ફરી જ્યારે આવશું, લેશું સ્નેહ તમારી સંભાળ,
ત્યારે તત્કાળ. પધારો. ૧૧
રૂડી મીથીલાપુરી મન માનતી, તેમાં પામશો પરમ વિરામ,
છે બાપનું ગામ. પધારો.
ગોરી તમને ગમે તેમ હું કરૂં, એમ દલપતરામનો શ્યામ,
કહે રાજા રામ. પધારો પિયર પ્યારી. ૧૨

પછી સીતાજી બોલ્યા તેનું ઘોળ.

(રાગ ઉપર પ્રમાણે.)

એવું સાંભળી સીતાજી કહે,શુણો સુંદર સ્યામ સુજાણ પ્યારા મારા પ્રાણ;
સાથે રાખો સ્નેહથી.
જુદા પડવાની વાત વાલા કહો, તે તો બોલ લાગે તીક્ષ્ણ બાણ.
રઘુકુળ ભાણ. સાથે રાખો ૧
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂં, તમથી વેગળી તે પરદેશ;
હું જાણું હમેશ. સાથે રાખો.
તમે જોગીનો વેશ જો ધારશો, તો હું જોગણનો ધરૂં વેશ,
જટા કરૂં કેશ. સાથે રાખો. ૨
સ્વામી તમેરે સુખી તો સુખ માહરે, દુખમા તો દુખ મારે દેહ,
એમાં શો સદેહ; સાથે રાખો. ૨

જે કોઇ પરણ્યા પછી રહે પિયરમાં, અવતાર બળ્યો ધીક એહ;
મુવા જેથી તેહ. સાથે રાખો. ૩
સ્વામી તમ વિના મંદીર ને માળીયાં, ભાસે પરવત મોટા સમાન
વસ્તી તો વેરાન. સાથે રાખો.
મહાવનમાં ભરી વસ્તી ભાસતે જ્યારે પામીશ દરસન દાન,
કૃપાના નીધાન; સાથે રાખો. ૪
સાસુ સસરાને માત પીતા સહુ, ભલે જીવો કરો રૂડાં રાજ,
મને માહારાજ; સાથે રાખો.
સ્વામી શું કરૂં ભાઇ ભોજાઇને, સ્વામી શું કરૂં સૈયર સમાજ,
કોનું નથી કાજ; સાથે રાખો. ૫
સાચુ સગપણ જગતમાં સ્વામીતણું બીજો સ્વારથી સઘળો સંસાર,
કુટુંબ પરીવાર; સાથે રાખો.
મારા લાડ પલાણુ તમે લાલજી, બીજો નથી આંસુનો લુનાર;
કે એકે આધાર. સાથે રાખો. ૬
પ્યારા પ્રાણ થકી જો જુદી રહે; તો હું તમની જુદી પડી છેક,
જીવું તજી ટેક સાથે રાખો.
જે કોઇ જળથી જુદી પડી માછલી, રાખે દુધમાં કરી વીવેક,
જીવે પળ એક; સાથે રાખો. ૭
તમે સુખના સાગર રહો વેગળા, પછી શું કરૂં રાજને પાટ;
હવેલીના ઠાઠ; સાથે રાખો.
મને હીરના ચીર ગમે નહીં, મને ન ગમે ઘરેણાંના ઘાટ,
મટાડો ઉચાટ. સાથે રાખો. ૮
હું તો તમને દીઠે થાઉં દેખતી, અણ દીઠે તો આંધળી ભીત,
જનમની એ રીત; સાથે રાખો.

મેંતો સ્નેહ તોડયા સહુ લોકથી, બાંધી તમ સંગે પુરણ પ્રીત;
ચોરાયું છે ચીત. સાથે રાખો. ૯
જમવું જીવન તમથી જુદા પડી, હોય વીધ વીધના પકવાન,
તે વીખનાં નીશાન. સાથે રાખો.
કરીએ ભોજન તમ સંગે ભાવથી, હોય કેવળ શાક કે પાન;
તે મેવા સમાન, સાથે રાખો. ૧૦
પડશે તડકાને તાપ વઇશાખના, તે તો જાણીશ ચંદ્ર પ્રકાશ;
રહી તમ પાસ, સાથે રાખો.
મુજને મેલી જો પંથ પધારશો,આવી મળવાની ધરશો ન આશ;
નીશ્ચે પામુ નાશ. સાથે રાખો. ૧૧
કરતી વાત ઢળી પડી ધરણીએ, નારી જાનકી થઇને નીરાશ,
કહે લેતી શ્વાસ; સાથે રાખો.
દયા કરી દેવ દલપતરામના,સતી સીતાને દેખી ઉદાસ જતાં વનવાસ;
સાથે રાખ્યાં સ્નેહથી. સાથે રાખો. ૧૨

રામચંદ્રજીએ સીતાજીને કાગળ લખ્યો તેનું ધોળ. ૨

(મામેરૂં મોઘા મુલનું,—એ રાગનું.)

સ્વસ્તિશ્રી પુરી લંકા સોહામણી,
જ્યાં રાજે છે જનક કુમારી, પ્રિતમ લખે પ્યારીને
રહો અખંડ એવાતણ તમતણા;
એવી આશીષ વાંચો અમારી; પ્રીતમ લખે પ્યારીને ૧
ગોરી દૈવના જોગે જુદાં પડયાં.
પણ પ્રાણ મારા તુંજ પાસ; પ્રિતમ લખે પ્યારીને

બેસુ બાગ બગીચે કે બંગલે,
રહું તમ વિના અધિક ઉદાસ; પ્રીતમ, લખે પ્યારીને ૨
તારો સ્નેહ ઘડીએ ઘડી સાંભળે,
તારો ભાવ ભુલ્યો કેમ જાય, પ્રિતમ લખે પ્યારીને
તારા હેતથી હઇડુ ભરાય છે,
તે તો લેખણુથી ન લખાય પ્રિતમ લખે પ્યારીને ૩
મારે અરથે તમે બાળપણુ થકી,
તજ્યો સઘળો પીયર પરિવાર, પ્રિતમ લખે પ્યારીને.
મારા લેશ વચન નહી લોપિયાં,
નથી કોપીયાં કદીએ લગાર; પ્રિતમ લખે પ્યારીને. ૪
તારી નમ્રતા અમૃતથી ગળી.
વળી શોભિતો શાંત સ્વભાવ; પ્રિતમ લખે પ્યારીને.
જેથી મનની ઉદાસી તુરત મટે.
તારા બોલનો એવો બનાવ; પ્રીતમ લખે પ્યારીને. ૫
ગોરાદે તારા ગુણુ કેમ વીસરે,
કેમ વિસરે વાલપ ભર્યાં વેણુ પ્રિતમ લખે પ્યારીને.
હેતે હસ્તુ વદન તારૂ વનિતા,
મારા નીરખવા તલખે છે નેણુ;પ્રિતમ લખે પ્યારીને. ૬
દિવસે તું જ વિનાદિલમાંગોઠે નહી.
પીવુ પાણી કે જમવું અનાજ;પ્રિતમ લખે પ્યારીને.
રાતે રોઇને આંખ્યો રાતી થઇ,
લોક પુછે તો આવે છે લાજ,પ્રિતમ લખે પ્યારીને. ૭
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી

કાલે ભાગશે ભામની વીજોગ; પ્રિતમ લખે પ્યારીને.
જેથી રીઝે આપણુને જગતપતી,
એવો અહોનીશ કરવો ઉધ્યાગ, પ્રીતમ લખે પ્યારીને.
જે જે વરધ પાડોશીઓ શુધ્ધ છે.
તેને પ્રીતીથી કહેજો પ્રણામ; પ્રિતમ લખે પ્યારીને.
વિભીષણુ મારા મિત્ર પવિત્રને,
કહેજે જરૂરનુ હોય જો કામ; પ્રીતમ લખે પ્યારીને
જોઈતી વસ્તુ જરૂર મંગાવજો,
કશી વાતે મુઝાશો ન મન પ્રિતમ લખે પ્યારીને.
કાલે દેખીશું દીવસ આનંદના,
જાશે વિશરી દુઃખ ભરયા દન પ્રિતમ લખે પ્યારીને. ૧૦
જેજે પ્યારી તમારી સાહેલીયો,
તેને પણ મારા કહેજો જુહાર, પ્રિતમ લખે પ્યારીને,
સાસુ સસરાની આશીષે સુદરી,
મળશું ભામનીને ભરતાર પ્રિતમ લખે પ્યારીને, ૧૧
વધે સ્નેહને સંપ સુજન સાથે;
તેવી તનમન રાખજો ટેવ; પ્રિતમ લખે પ્યારીને,
અમે થોડિ અવધે હવે આવીશું,
એમ દલપતરામનો દેવ, પ્રિતમ લખે પ્યારીને,

સીતાજીએ રામચંદ્રજીને કાગળ લખ્યો તેનું ઘોળ.

રાગ ઉપર પ્રમાણે.

સ્વસ્તિશ્રી શુભસ્થાન સોહામણું,

જ્યાં રાજે સદા રઘુનાથ; કાગળ લખે કામની
લખે લંકા થકી સીતા સુંદરી,
હેતે વદે જોડી જોડી હાથ, કાગળ લખે કામની.
પત્ર આવ્યો તમારો પ્રીતી ભરયો,
વહાલા વાંચી થયો વિરામ, કાગળ લખે કામની.
પણ જીવન તમથી જુદાં પડે,
ઘણા દીવસ થયા ઘનસ્યામ; કાગળ લખે કામની,
માટે મળવાને અકળાય છે
ઘડી એક તે જુગ જેવી જાય, કાગળ લખે કામની,
મારા નેણુનાં નીરથી નાથજી.
સુતા રજનીમાં સેજ ભીંજાય, કાગળ લખે કામની;
ઘેર ચાલો હવે તો ઘણી થઇ,
નહિ તો જીવડો જાશે જરૂર, કાગળ લખે કામની;
દૈવે પાંખો આપી હોય પીંડમાં
ઉડી આવું દેશાવર દુર, કાગળ લખે કામની.
વહાલા નીત્ય નવી વાતો વાંચીએ,
જેથી પામીએ પુરો પ્રમોદ; કાગળ લખે કામની;
ચતુરાઇના ચોજ હું ચાળવું,
આવો વિદ્યાના કરીએ વિનોદ કાગળ લખે કામની;
તાંબાકુડી હુંડી રૂડી ઓપતી,
નાવે ભરૂ માંહી નિરમળ નીર, કાગળ લખે કામની.
બેસો બાજોઠે ચડી મારા ચોકમાં
સ્વામી નવરાવું ચોળી શરીર, કાગળ લખે કામની.
કરૂ સરસ રસોઇ રૂડી રીતથી,

પ્રિતે પીરસીને બેસું હું, કાગળ લખે કામની,
એવો દીવસ તે કયારે દેખશો,
કયારે અંતરની પુરશો આશ; કાગળ લખે કામની;
સ્વામી તમ વિના પીયરને સારૂ,
સુનો લાગે સઘળો સંસાર; કાગળ લખે કામની,
મારા માથાથી મોંઘા પ્રભુ તમે;
મારા આત્માના છો આધાર; કાગળ લખે કામની.
આવે પર્વનાં દિન સુખ સરવને,
હુંતો શોકે ઉદાસી સદાય, કાગળ લખે કામની
ગાજે મેઘને દમકે જો †દામની,
આખી જામની જંપ ન થાય, કાગળ લખે કામની.
હું તો સુની દેખું સુખ સેજડી,
ખાલી મંદીર ખાવાને ધાય, કાગળ લખે કામની;
ભરી વસ્તી ઉજડ જેવી ભાસે છે.
એક તમ વિના ત્રિભુવન રાય; કાગળ લખે કામની.
વાલા હું તમને કેમ વીસરી,
કેમ વિસરયુ દાદાનું વતન, કાગળ લખે કામની;
પત્ર વાંચીને વેહેલા પધારજો,
સ્વામી શરીરના કરજો જતન, કાગળ લખે કામની.
કોઇને દુખીયા દેખીને દુખ પામતા,
તેવી નાથ તમારી છે ટેવ, કાગળ લખે કામની;
આવે અવસરે કેમ કઠણ થયા,

† વિજળી

તમે દલપતરામના દેવ, કાગળ લખે કામની.

હિંદુના જેવો કોણ ગાંડો ?

ગરબી.

(અંબા જોવાની છે આડીરે. એ રાગ.)

દઇ દાખલા આપું દેખાડીરે, ગતી હિંદુની ગાંડી. (ટેક).
એમના જેવા આંખી દુનિયામાં, અન્ય દિસે ન અનાડીરે; ગતી. ૧
પારકું પોતાનું જે સમજે નહિ, એમજ મ્હોકણુ માંડીરે; ગતી. ૨
ઘર બાગી તીરથ કરવાને નિકળે, રૂવે કુટુંબી પછાડીરે; ગતી. ૩
નટ રમતાં જોઇ છટ કહિ દોડે, ઉભા ન રહે તે અગાડીરે; ગતી. ૪
નાચ કે નાટક પરદેશિનું સુણિ, દોડયા ત્યાં જાયછે દા'ડીરે, ગતી. ૫
વાતો વિદેશ તણી વડિ કરીને, દેશને નાખ્યો ડુબાડીરે; ગતી. ૬
વાતો કરી ડાહી ડાહી પ્રતીદિન, મનખામાં વાટ ઉહાડીરે. ગતી. ૭
ભુતલમાં એવો આદમિ ભોળો, આપો મુને કોઇ કાઢીરે, ગતી. ૮
બળતો બુલાખી વદે ઉભરાથી, દેશીને દુઃખ લગાડીરે. ગતી. ૯

વિલાયતી માલની આબરૂ.

હોરી દીપચંદી.

(સામરે મત ડારો પીચકારી. એ રાગ.)

વિલાયતી માલ ન લેશો, વિરારે વિલાયતી માલ ન લેશો;
લેશો ન માલ વિલાયતી કદિયે, માલ કહો એમાં છે શો; (૨)
માનશો જો નહિ આ શિખ મ્હારી, આંખો ચોળી પછી ર'શો;
દ્રવ્ય મુજને નહિ દેશો, વિલાયતી માલ ન લેશો.

ટાપ ટિપોના એ ઉપર ઉપરથી, જાણજો છે વિર વેશો; (૨)
મલમલ, સેના જગનનાથી ઝીણી, ધોતી જોડા ને ખેસો;
છોડિ લે છે ગાંઠેથી પૈસો, વિલાયતી માલ ન લેશો.
ચાનક લાગે તમોને તનક નહિ, વાગેછે આટલિ ઠેશો. (૨)
આટલેથી સમ ખાઇ ખુલ્લાવી, બંધ કરીને બેસો;
આમાં નથી કૈ એ અંદેશો, વિલાયતી માલ ન લેશો (૩)

ગરબો.

(ચાલો તમો ચાલ ઘણી રૂડી. એ રાગ.)

મુકોરે તમે બાળ લગન મમતા, શરીર વિશે રાખો શમતા; મુકો. ૧
તમે સમજ્યા વિણુ સંતાનો, વરાવીને નાના શું સુખ માનો, મુકો. ૨
સ્વભાવ મળ્યા વિણુ વિર એનો, ખાશે તાલ કેમ કરી તેનો, મુકો. ૩
ઘણો ઘમરોળ મચે ઘરમાં, વધે વ્યભિચાર નારી નરમાં, મુકો. ૪
વારે વારેં વેદ જુઓ વારે, કરો નહી બાળ લગન કયાંરે, મુકો. ૫
પવિત્ર એ છે પુસ્તક રૂડું, ભાખે નહી આપણું કદી ભૂંડું, મુકો. ૬
બહુ દુઃખ તે તેથી બતલાવે, મના કરિ મિત્રો અટકાવે, મુકો. ૭
ઉમેદથી વેદ તે જો જોશો, ભાળી ભેદ ખેદ તો સહુ ખોશો, મુકો. ૮
તમે તેની આજ્ઞા સહુ તોડો, થશે તે થકી શું ગુનો થોડો, મુકો. ૯
સહુ સ્મૃતિ આપણી એ રીતે, વારે વારે પોકારે પ્રીત્યે, મુકો.૧૦
નિતીશાસ્ત્ર ના કહે છે નિત્યે, રોજે ચાલો શાસ્ત્રતણી રીતે, મુકો.૧૧
અસલ આવી રીતે જો જોઇએ, કર્યાં નથી બાળલગન કોઇએ, મુકો.૧૨
ઘટે બુદ્ધિ બાળલગન લીધે, ફરો ફાયદો નથી તે કીધે; મુકો.૧૩
અસલના મૂરખ સમ આજે, પંડીત નહી હાલે તણા રાજે, મુકો.૧૪
હારણુ તેનું મૂળ કશું કહીએ, એ તો બાળલગ્ન અરે ! લહીએ, મુકો.૧૫

શિખામણ જો શીખો સંધી, કરો બસ બાળલગ્ન બંધી, મુકો.૧૬
(કાવ્ય કૌસ્તુભ.)

પરદેશી માલ બંધ કરવા વિશે.

ગરબી.

(ઓ અરદેશર ! તારોરે ડંકોરે સુરત શહેરમાં...એ રાગ.)

બસ બંધ કરો, પરદેશી ચિજ વાપરવી દેશી તમે;
કે ધ્યાન ધરો, બળ્યાં ઝળ્યાં એ વેણ કરો ઘટમાં જમે.(ટેક)
આ દેશિ, તમે એ માલમથી, ખરીદો વિલાયતી માલ મથી;
પણ ખ્યાલ કરો જરિ માલ નથી, બસ બંધ કરો. ૧
ઉજળુ દુધ ધારીને ઉરમાં, નકિક અંજાયો એના નુરમાં;
બનિ પ્રવિણ તાણાઓ છો પુરમાં, બસ બંધ કરો. ૨
એ નેન કલાકે નેણુ હર્યાં, સાટિન દઈ સોટી દ્વાર ભર્યાં;
ઘાટપોતે પોતે ઘાટ ઘડયા, બસ બંધ કરો. ૩
આપણિ જો વરતી એકાદિ, આંકિ જો એની આબાદી,
તેઓની કેરી તકલાદી, બસ બંધ કરો. ૪
મલમલ ને આગળ કાઢીને, સેના અતિસે દેખાડી ને
અજાણ્યા જુક્તિ લગાડીને સબ બંધ કરો. ૫
દેશીઓનું કયમ દીલ ફર્યું, હર્યું ને વળિ જાય હરીજ નર્યું;
જાણું છું કર્યું જાદુ જબર ! બસ બંધ કરો. ૬
નહિ તો જો આર્ય ઉધોગિ અતિ, જેની બીજાને ગરજ હતી;
તેની ન બને આવીજ સ્થિતિ, બસ બંધ કરો. ૭
અણિ રૂદની ચોકીને આખી, ધારણ વિધિ તનયાએ નાંખી;

ત્યમ આપણને એણે લાખી, બસ બંધ કરો ૮
જંગાલ જાવે સમજે ન મને, જંગલિમાં તે કાઢે તમને;
જંગલ ખરૂં જો હોય કને, બસ બંધ કરો. ૯
એકનું દેખી બીજો લે છે, એમ પ્રવાહ આડર ચાલે છે;
દેશી તો ભીખજ માગે છે, બસ બંધ કરો. ૧૦
વૃધ માતપિતા દૂર જો ધરિયે, સાટે બીજાને સંઘરિયે.
ચિજ કબુલ પરદેશી કરિયે, બસ બંધ કરો. ૧૧
થયું તે થયું ખેર ન ફિકર કરો, વિચાર કરી વીરા વિચરો,
શુભ બુલાખિની શિખ વણુ ધરો, બસ બંધ કરો. ૧૨

(કાવ્ય કૌસ્તુભ.)

સ્રીનુ કર્તવ્ય.

(રાગ,ઓધવજી સંદેશો.)

સખી કારતક મહીને કામ ઘણાં સારાં કરો,રીઝી આપે દેવ સદા વરદાનજો
જપ તપ વૃતને દાન તણા પુન્યથી, જગમાં લેશો એની સારા માનજો.
માગસર મહીને મન મોહીવાની લહો,હરદયે લાવો સુસગ તણા વિચારજો.
નીતિની નદીઓમાં બહેની ચાલતાં,તરી જશો આ ક્ષણિક જે સંસારજો
પોષ મહીને પાપીની પુઠો તજો, નીજ સ્વામીની જપજો હૃદયે માળજો
પુરાણ તણા અભ્યાસે જગજીતી જશો,સદાચારે સુધરશે સહુતમ બાળજો
માહા મહીને મોટી આશા રાખવી,સહુ જનનું તે સારૂ ક્યારે થાયજો
પોતાની સખીઓને પાસે કેળવો,ગુણ તમારા ગુણી જન જેથી ગાયજો.
ફાગણ મહીને ફાગણના ફુલી જશો,નિર્લજની માફકન નરમસો ફાગજો
મુખેથી કુવચનો એની ના વદો, તરવાનો આવ્યો છે સારો લાગજો.

ચઇતરમાં ચાતુરી ઘરમાં રાખજો, અપરાધિ ન થાશો સ્વામીની કયાંઇજો
સતીની કિમતમાં સહુ નામો ગણો, વધે હમારો જશ જગ ગવાઇજો.
વૈશાખે વ્હાલાંને વ્હેરી સહુ, વિનય વાદે કરી લેજો .સહુ વસજો
શિયળનુ વૃત પાળોરે વ્યસનને તજી, પર પુરૂષને જાણો ઝેરીડંશજો.
જેઠ મહીને જુગતીથી જગમાં ફરો,લાલચમાં નવ ઘાલો કદીએ હાથજો.
નફટની માફક રે કદીએ ના થશો, કુળદિપાવો સંતાડી મુખ હાથજો.
અષાડ માસે અવની પર જોઇ ચાલવુ,હૃદય પ્રકટે જ્ઞાન તણો જે દિપજો.
ઇશ્વરની લીલા ને રહેજે જાણવા, ભણો ભાગવત કૃષ્ણ ચરિત્રનાં ગીતજો.
શ્રાવણ માસે શક્તિને નમીએ રહેજમાં વ્હાલાનો વધજો આયુષ્યદોરજો.
પતિપ્હેલાં સ્વર્ગમાં જાવાતણી, મનમાં કરજો મહા માયાથી હોડજો.
ભાદરવો ગાજે ને વિજળી ચમચમે તેવા રીતે દિપાવો તમ નામજો.
વરસાદ થકી આ જગમાં સઉને પુરૂ પડે,તેવી રીતે સઉલે તમારાં કામજો.
આસો માસે ગુણ કેરા દિવાકરો,ગુંથો ભરશો કરસો ઘરનાં કામ જો.
ટુંકામાં સુજનના પંથ ચાલવું મયાશંકર કહે રીજે શ્રી રઘુરામજો.

તુકલાદી વીમા કંપનીઓ વિષે.

પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે, એ રાગ.

મેહેનત વગર મેળવવા પૈસા ઘણા પ્રપંચીઓરે,
કાઢે કંપની કંઇ લાલચ આપી લોક,
ચોડી ચૌટા વચ્ચે મોટાં પાટીઆંરે,
પડાવશે પાછળથી પ્રજા વર્ગને પોક. મેહેનત.
વગર મુંડીએ મેળવે, લાલચ આપી લાખ,

આરોગે એજંટ બહુ, લે શું રૈયત રાખ ? !
આખી વસ્તીમાં અવળો વાયો છે વાયરોરે,
મેમ્બર થઇને નામ નુંધાવે થોકા થોક. મેહેનત.
ધારા શ્રી સરકારના, લહે નહીં લવલેશ,
ડાયરેકટર પણ ડોળ છે, માલીક મુર્ખ વિશેષ;
માટે કંપનીઓને પડખે કોઇ ચડશો નહીંરે,
પડખે ચડશો તો એમાં સપડાશો ફોક. મેહેનત.
વાઇન્ડપ કંપનીઓ થતાં, અંતર દુઃખ અપાર,
મેમ્બરને મળશે સહી, વેંહેચણીમાં કંઇ સાર;
દસ કે પંદરનો પાછળથી ચાંલ્લો ચોંટશેરે,
એવા છળથી નવ છેતરશો થઇ છ ચોક. મેહેનત.

ગરબો.

અરે શું માનવનો અભીમાન...એ રાગ.

અરે બ્હેન ઇશ્વરનું ધર ધ્યાન તડાકે તરી જશેરે,
ખરેખર કહેવું મારૂં માન્ય, ફડાકે ફરી જશેરે;
ફડાકે ફરી જશેરે, તડાકે તરી જશેરે. અરે બ્હેન.
અસાર આ સંસાર મહીં કાંઇ સાઆ...રે નથી;
લાલચમાં લપટાઇ મુરખી કાંઆં......રે મથી?
સમજી જા સુજાણ............................ અરે બ્હેન.
માતા પીતાને બંધવા સ્વારથ સુધીના જાણવા,
પ્રેમદા પ્રીતમને પુત્રના પણ એજ ખેલ પ્રમાણવા;
જ્યાં સુધી તુજમાં જીવછે ત્યાં સુધી તારા જાણવા.
મુઆ પછી મસાણ ભણીએ લાગે તુને તાણવા. અરે બ્હેન.

ગરબો.

દેશ—તાલ કેરબો.

વારી જાઊંરે વાલમજી લેઇ વારણાંરે,
લેઇ વારણાંરે, લેઇ વારણાંરે, વારી જાઊંરે.
મુખને મટકે મનડું મોહ્યું,
ચાળે ચટકે ચીતડું ચોર્યું,
શા સારૂં ટીંગળાવો સ્વામી ત્યારનારે. વારી જાઊંરે.
માગો તે મોહનજી આપું,
કો'ને બાકી શું રે' દાપું?
રઢીયાળા રીસાતાં શીખ્યા ક્યારનારે. વારી જાઊંરે.

(માસ્તર નાનાલાલ મગનલાલ.)

ભુવનેશ્વરીનો ગરબો.

રાગ કયાણુ તાલ લાવણી.

ચાલો સાહેલી, ચાલો સાહેલી, ભુવનેશ્વરીનાં સૌ મળીને દરશન કરીયે;
દુખ હરનારી સુખ કરનારી, મુર્તિ માની અંતર ધરીએ;
ભાવ ધરી જો પુજન કરીયે, તો ભવ સીંધુથી તરીયે;
ચુવા ચંદન કુમ કુમ કેશર, અરચન કરીને, મન ઠરીયે.
અબીલ ગુલાલને પુષ્પ માળથી, માને વધાવી મંદીર ભરીયે. ચાલો.

સૌભાગ્ય સુંદરી.

ગરબો.

રાગ, ભીમ પલાસી, તાલ, લાવણી

નથી જગતમાં સાથ, સંબંધી વિના ત્રિભુવન નાથ;
શું ફોગટ ફાંફાં મારે, મુરખડા ભરે આભથી બાથ.
કમળ પત્રપર જળ બીંદુને, સરકતાં શી વાર ?
શ્રાવણની જળ ભરી વાદળીયો, વીખરાતાં શી વાર ?
જીવતર સમજવું તેવું, આખર ન લેવું દેવું,
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુન્ય સંગાથ;
પંથી જીવ પામી ગયો, નર ભવ નગર મોઝાર,
સોદાગર સમજી જઇ, કરો પુણ્ય વેપાર,
જીવ જવુંછે ખાલી હાથ–અંતમાં........નથી૦—

(ઉમાદેવડી.)

ભણેલી ભામિનીઓને સુશીલ સ્ત્રીનો સદુપદેશ.

(રામબાણ વાગ્યાં હોય તે જાણે એ રાગ.)

સુણો બે'ની શાણી શિખામણ મારી, જેથી કીર્તી વધે જગમાં સારી.
સારી. સુણો. (ધ્રુવ.)

અભણ અબળા આપણા દેશમાં જોતાં જણાયે ઝાઝી;
પ્રભુ કૃપાથી આપણે ભણીયાં, તેથી થવાનું છે રાજી. સુણો. ૧
બે આંખો આ વિશ્વે સૌને, પ્રભુએ આપી છે સરખી;
વિદ્યારૂપી લોચન ત્રિજું–મળ્યાં આપણ જુઓ હરખી. સુણો. ૨
વિદ્યા ભણ્યાથી વિનય વિવેક, ને જ્ઞાન મળેછે સારૂં;
ભણ્યા છતાં એ ગુણ હિન જન તે, જાણો અપાર નઠારૂં. સુણો. ૩

અન્ય અભણ ભગિનીઓમાં, જે દુરગુણ છે દેખાતા;
આપણામાંથી અવગુણ તેવા, રહેવા જોઇયે છે જાતા. સુણો. ૪
સદ્‌ગુણ–જનિતા શારદા સેવી, સદ્‌ગુણ રળવા પ્રીતે;
દુર્ગુણ એકે દેખીએ જેમાં, તેને ધિક્કારવું ચિત્તે. સુણો. ૫
સદ્‌ગુણ સાબિત કરવા સંસારે, ચાલવું સદાચારે;
સાસરીયાં મહિયરાંને બીજાં, સંબંધી સંતોષ ધારે. સુણો. ૬
ભાઇ ભગનિ ભોજાઇને વળી, માતા પિતા મામો મામી;
તે સહુ સાથે પ્રેમેથી વર્તી, લેશ થવું ન હરામી. સુણો. ૭
સાસુ સસરા નણદોઇ નણંદ, દિયર જેઠ જેઠાણી;
કાકીજી કાકાજી સંગે વદવી, વિનય ભરી વાણી. સુણો. ૮
નિજપતી ગાંડો ઘેલો કીંવા, અભણ અપંગ જો હોયે;
તોપણ તેને ગણી ભવ સેતુ, તેનાથી સુખમાં સોહે. સુણો. ૯
જે નિજ વિદ્યાનો ગર્વ ધરીને, પતિ પોતાનો ત્યાગે;
ભાન વિના ભણિ ભામીની તે, તિમિર નિશા શી લાગે. સુણો.૧૦
પાડા પાડોશી પ્રત્યે કદી પણ, અભિમાની ના થાવું;
વ્યવહાર વાતમાં વિવેક વર્તી, પોતાનુ ગાયું ન ગાવું. સુણો.૧૧
નિજ કુળ જ્ઞાતીથી વિચિત્ર રીતે, વેશ કદી ના ધરીયે;
વહી ગયેલી કે વઢેલીની, છાપ મેળવતાં ડરીયે. સુણો.૧૨
અનિતી કેરી યુક્તિમાં ના, ત્રીજું લોચન ભેળવીયે;
સ્વાર્થે પરાર્થે ને સાચે માર્ગે, નિજ મતીને કેળવીયે. સુણો.૧૩
સુશિલ ખાતે પોતે ખપી, આપ બાળક તેવાં કરીયે;
દૃષ્ટાન્ત રૂપે શકન લહે સૌ, ભવસાગર પણ તરીયે. સુણો.૧૪

'વિદ્યાર્થીજીવન'—અમદાવાદ. પોષ સંવત ૧૯૬૦

સ્ત્રીયોના ધર્મ.

પદ, રાગ ધોળ.

(અવિનાશી આવોરે જમવા કૃષ્ણ હરી. એ રાગ.)

બેનો મારીરે સુણજો સાહેલી,
કહું વાત રસીલીરે જાણો માં ઘેલી, ૧
અતી અનુપમરે દેહી આવી છે;
છે સરવોત્તમરે સૌને ભાવી છે. ૨
શાણી થૈને રે સમજીને ચાલો,
નિર્મળ રૈનેરે સત્ય મારગ ઝાલો. ૩
પ્રભાતે વેહેલીરે ઉઠી ચાર ઘડી,
સમરી લે બેનીરે વાલમ વેગ કરી. ૪
પ્યારા પ્રીતમરે જાણી અંતરના,
અંતરમાં આણીરે પુજો પ્રેમે ઘણા. ૫
પછીથી નાહીરે સ્નાન કરી જેની,
રસોઇ રાંધીરે પ્રીતમ કાજેની. ૬
જમાડીરે પાન બીડી દેવી,
મુખવાસ આપીરે છબી જોઇ લેવી, ૭
પોઢાડી પ્રિતેરે ચરણો ચાંપીને,
ગાઇએ ગીતોરે રાગ આલાપીને. ૮
સૃષ્ટિના સ્વામીરે અંતે એહ ખરા,
જગના છે હરામીરે પાપી પેટ ભરા. ૯
પરંતુ તેનેરે સેવો સ્નેહ ધરી,
ઈશ્વરની આજ્ઞારે માની ટેક ખરી. ૧૦
પરંતુ તેમાંરે મોહી નવ રે'વું,

શીયળને પાળીરે હરી આગ્રે રેવું. ૧૧
સંસારીક ખોટારે મોટા મહા રાણ્યા,
છોટા કે મોટારે મુરખ કે શાણ્યા. ૧૨
સર્વે છે જમનારે ઠગને ધુતારા,
માટે નહીં માનોરે પ્રભુ બિના પ્યારા. ૧૩
પર નર દેખીરે, તેથી દુર રહી;
ફરવી નહીં શેખીરે, શાસ્ત્રે રીત કહી. ૧૪
વાતો કરવીરે, બેની વાલમની;
નરની તો કદીએ, વાતો વદવી નહીં. ૧૫
પુરૂષ પાસેરે, બેસવું નહીં પ્રીતે,
અતિ હુલાસેરે કે ક્રોધી રીતે. ૧૬
પરનો જાણીરે શાણી પરહરજો,
આ વાણી ધારીરે અંતરમાં ધરજો, ૧૭
પ્રમે ઘેલાંરે થાશો માં બેની,
આગળ વેલાંરે બહુ કરીયાં બેની, ૧૮
આ દેહી આવીરે માનવની મોટી
બેએં તે વધાવીરે નવ મણુશો છોટી, ૧૯
ફરીને મળવીરે નિશ્ચે બેન નથી,
મારે મત ભળવીરે પાજે કહુંછું કથી, ૨૦
નથી સંસારે સાર જરી ભરીયો,
અતિશ અસારરે દુઃખતણો દરીયો. ૨૧
સાર ગણીનેરે જન જે રાચ્યાં છે,
તેને તો જમનાંરે તેડાં સાચ્યાં છે. ૨૨
મહા દુઃખ પામીરે સાર અણધ્યોં જાણ્યો,

માટે રહો અળગાંરે વેદ તણે વેણે. ૨૩
દેહનું સાર્થકરે સાધો ઇશ્વરમાં,
મહારસ બાધોરે છે ભરીયો જેમાં. ૨૪
અંતે ઇશ્વરરે પદ પામો પોતે,,
ઇશ્વર આરોધોરે ભવ આખો જો તે. ૨૫
દિવસ રજનીરે ભજની ભગવંતા,
ખાતાં પીતાંરે હરતાં ને ફરતાં. ૨૬
ગાતાં ગુણ ગોવિંદરે આનંદ માણોરે,
હરી ચરણાર્વિંદરે અંતર આણોરે. ૨૭
શ્યામજી સ્વામીરે ભગવંત ભાવેથી,
રીઝે બહુ નામીરે હરી ગુણ ગાવેથી. ૨૮

ભણતર વિષે.

તજો તમે કેફ કરગ કરવું, એ રાગ.

ભણો તમે ભાવ ધરી ભગતી, રાખી રૂડી ભણતરમાં લગની. ટેક
ઉઠો બેને ચાર ઘડી રાતે, પ્રભુ નામ લેવું પરભાતે;
ગીતો ગાઓ શ્રી હરીનાં ખાંતે, ભણો તમે. ૧
પછી પ્રીતે દાતણુ તો કરવું, મુખ ધોઇ મટાડવું વરવું;
મુખે નામ શ્રી હરી ઉચરવું. ભણો તમે. ૨
નાહી ધોઇ પટ સુંદર પેરો, લુછી અંગ સાફ કરો ચેરો,
કરો સાજ ભણવાનો ભેળો, ભણો તમે. ૩
લખો જેહ લખવાનું હોયે, ગણો લેખાં આપેલાં મોંએ;
કરો પાઠ તૈયાર સો મોંએ, ભણો તમે. ૪

જમી અન્ન જુગતેથી તાજું, જમો નહીં ભુખથકી ઝાઝું.
જેથી રહે અંગ સદા સાજું, ભણો તમે. ૫
ધોએલાં પટ પેહેરી લઇને, રજા માત તાતતણી લઇને;
જાઓ સ્કુલે સૌ પેહેલાં થઇને, ભણો તમે. ૬
આપો પાઠ ઉમંગથી એવા, રીઝે નિત્ય માસ્તરજી તેવા;
રાખો હોંશ પેલો નંબર લેવા, ભણો તમે ૭
શિક્ષા બધી અંતરમાં ધરજો, મેહેતાજીનું કેણુ બધું કરજો;
કદી નહી તુંકારો કરશો, ભણો તમે. ૮
કહો નહી વાત કોની છાની, થવું નહી લેશે મસ્તાની;
રહો નિત્ય ઇશ્વરનાં ધ્યાની, ભણો તમે. ૯
સુણો બેન શુભ વચનો મારાં, નથી નવ ટાંકે નઠારાં;
ભણો વેણુ શ્યામજીના પ્યારાં, ભણો તમે. ૧૦

પતિવૃતા.

ધન્ય ધન્ય નારી જેહ, પતિવ્રત પુરૂ પાળે,
પતિ ઇચ્છા અનુસાર, સમય સઘળો તે ગાળે;
ધર્મ નીમ તપ વ્રત, સ્વામિ સેવામાં જાણે,
અન્ય વિચાર જરાય, દિલમાં નવ તે આણે;
સતિ પતિમાં પ્રેમાશકત રહી, ભજે પતિને સર્વદા,
સુંદરી જો એવી હોય તો; સર્વ સુખ માનો સદા.
સુખ દુઃખમાં સમતોલ, રહેછે જેની પ્રીતી,
નિરધન કે ધની હોય, તોય નવ બદલે નીતી;
સઘળા સુખનું સ્થાન, પતિને પ્રેમે માને,

દુખને નહીં દીસે લેશ, ક્લેશ પડતો નથી કાને;
પ્રીય વચન થકી પતિ રીઝવે, પતિ નારાજીની બીકછે,
સુંદરી જો એવી હોય તો, સ્વર્ગ સદન શું અધીકછે.
હોય સદ્ગુણી નાર, ભાર ઉપાડે ઘરનો,
ચલાવવા ગ્રહ રાજ, વજીર બને તે વરનો;
પતિ ધંધામાં હોય, પરિશ્રમ પુર્ણ કદાપી,
આવે સતી સાન્નિધ્ય, શાન્ત પાડે સુખ આપી;
વર્તે તે હરનીશ વિનયથી, ક્રોધ વિરોધ ગમે નહી,
રતી સુંદરિ એવી હોય તો (શું) સંસારે ખામી રહી.
સતિ શોભાવે કુળ, સતી સંસાર દિપાવે,
સતી સહોદર સાથ, ભાગ્યશાળી સો કા'વે;
સતીનાં જે સંતાન, જ્ઞાન ઉત્તમ તે પામે,
સતીનો સુયશ અપાર, જગતમાં જ્યાં ત્યાં નામે,
વળી સતીથી વૃદ્ધી સ્મૃદ્ધિની, પમાયછે આ પૃથ્વિમાં.
પરલોક વીશે સતી પુણ્યથી, પતિને થાય ખમા ખમા.
સતીની શક્તિ અપાર, પાર પામે નવ કોઈ,
સતીપર પ્રભુની પુર્ણ, પ્રેમ દ્રષ્ટિ તો જોઇ,
સતી ધારે તે થાય, શિયળના સત્ય પ્રતાપે,
સતીનાં સો સંકટ, શ્રી હરિ સત્વર કાપે;
સતી પતિવ્રતા આ સૃષ્ટિમાં, ઇશ્વરિનો અવતારછે,
ભામિનીભુષણુ આભુમીનું,(ને)સ્વર્ગતણોશણુગારએ.

છપયશતક.

કળિયુગનો ગરબો.

તમે સાંભળોની સંત સુજાણુ, કળિયુગ આવ્યોરે
તમે દેખો દુનીયાના લોક, કળિયુગ આવ્યોરે. ટેક.
કળજુગ સતજુગનેરે ભેદ, જેમ દીવાળીની હોળીરે,
સતજુગમાં તો સાધુરે જનને, કળિયુગમાં નહી કોઇ. કળિ.
બ્રહ્મણ થઇ ખેતી કરશે, ને બોખના પીશે પાણીરે,
ભલા મનુષ્ય થઇ ઊંચા કહેવાશે, તેણે ગડાકું તાણી. કળિ.
શ્રીમંત જાત થઇ તુળશીરે વાવશે, મોચી વિદ્યા ભણશેરે.
પાંખંડીની પુજારે થશે, પંડીત બેશી રહેશે. કળિ.
સાધુ સંતને શોધીને મારશે, ને લુચ્ચાની સંગત કરશેરે;
પોતાના દેવતા દીવો નહી દેખે, પીર મસીદ્દા ખાશે. કળિ.
છળ છળ ભેદ કુદવા પડશે, ને પ્રપંચ વરશે ઝાઝોરે;
ભણ્યા હશે તે તો ભુખે મરશે, હરામી હશે તે તાજો. કળિ.
પાંચ મળી પંચાત કરસે, ને પક્ષ પોતાતણો તાણશેરે,
મેહેલીરે થાપણ ઓળવશે, ને રાંડી રાંડો રડાવશે. કળિ.
લખનાર થઇ ગળીનુ કરશે, ને ખોટાં નામાં લખશેરે;
કુંભાર ગોલા વૈષ્ણુવ થાશે, કણબી તાણા તાણશે. કળિ.
કાંટારે વચ્ચે કુદવા પડશે, ને મોટેરાં લાંચ ખાશેરે;
સાચા હશે તેનાં ખોટાં કરશે, એવો ન્યાય તોળાશે. કળિ.
ઘર મેલીને ફરતી ફરશે, ને લોક લાજ નવ આણીરે;
બાર વરસની ગર્ભ ધરશે, એ કળજુગની એંધાણી. કળિ.
મોટાંના ઘરની વહુ દીકરી, તે નહી કરવાનાં કરશેરે,
સસરા જેઠની લાજ ન ધરશે, માથે ઉઘાડે ફરશે. કળિ.

ધણી પાણીપાણીનાં લુગડાંરે ધોસે, ને હાથે રાંધશે હાલીરે;
બેન ભાણેજ તે આંગણું ના દેખે, ને પશલી લેશે સાળી. કળિ.
વહુ સાસુનો ઝઘડો રે થાશે, ને દીકરો જોઇને હસશેરે;
કોઇ કૃષ્ણ નામ પરતાપ થકી, કોક દાસ હરી ગુણ ગાશે. કળિ.
કળિયુગનો મહિમા થયો પુરો, ને વળતી હવે શું કહીએરે;
કરજોડીને કહું છું હું તમને. દુઃખ હૈયે નવ ધરીએ. કળિ.

(ચતુર સ્ત્રીવિલાસ ગરબાવળી.)

ગરબો.

આવોને અલબેલા મારા આંગણે, નવ દીઠે થાય ઘણો સંતાપજો;
મોહનજી મહેલમાં નિશ્ચે આવજો, હૈડા મધ્યે જુઓ વિચારી આપજો:
રાસ રમતાં બોલ્યા તે તો પાળીએ, શીદને જૂઠું આપ્યું વચનજો.
વચન વદેલું વેચી આવા કેમ થયા, પ્રથમ જાણત તો સોંપત નહિતન મનજો.
પ્રીતલડી કીધી તે હવે પાળીએ, વચન બોલ્યા તે તો મીથ્યા નવ થાયજો;
સમજાવી શીખામણ દેઉં સામળા, વાયદો દઇને શીદ અમને છેતરાયજો.
કામણગારા કહ્યાં અમારાં માનીએ, કહ્યા વિના તો મુજથી નવ રહેવાયજો;
મનમાં અકળાઉં પણ જાતે છું માનની, શ્રીવિઠ્ઠલવર કરજો માહારી સહાયજો.
આજ એકાંતે આપણ મળીયે આ સ્થળે, રસ્તે દુરીજન દેખી કરશે વાતજો;
દયા પ્રીતમના સ્વામી શરણે રાખજો, તરછોડીને શીદ કરો છો ઘાતજો.

ગરબો

ઉદ્ધવજી માધવને કહેજો એટલું, શા માટે પાડયો છે વિજોગજો;
નીંદ્રા રે દિવસ એકે નથી આવતી, ગોપીજનને પ્રગટ્યો છે કાંઇ રોગજો.
જમુનાની તીરેરે નાહાવા અમો ગયાં, ઓચીંતા ત્યાં આવ્યા શ્યામશરીરજો

વસ્ત્ર વેગળાં મુકી અમો નાહતાં હતાં, છાનામાના ચોરી લીધાં ચીરજો.
વલ વલવા લાગીરે સહુ ગોપાંગના, કદમખંડીમાં સંતાયા શ્રીનાથજો;
સામળીઆ સોધ્યોરે અમને જડે નહિ, રૂદન કરી જોડાવ્યા એણે હાથજો
કહીએ નહાનપણાના દિવસ તો ભુલી ગયા, તરછોડો શાને શ્રી જદુરાયજો
અમો અબળા આશાએ વળગી રહ્યા, જોર હમારૂં જોબનીયાનું જાયજો.
મારા સમ મોહનને તમો જઇને કહો, એકવાર તો આવો ગોકુળ ગામજો;
કામાગ્નિ લાગ્યો આવી હોલવો, વહેલા વળજો દયા પ્રીતમના શ્યામજો.

ગરબો.

ઓધવજીના સંદેશાનો, એ રાગ.

ચાંદલીયા ચાલીશમાં અતિ ઉતાવળો, વ્હાણું વાયાની કરજે ઘડી બે ચારજો;
ઘણેરે દહાડે ગીરધારી ઘેર આવીયા, રથ ચલાવતાં કરજે ઝાઝી વારજો
ઝાઝારે દિવસની દાઝ મારી ભાગશે, ઘણા દિવસે મને મળ્યા જશોદાના કાનજો
આજરે આનંદ મારે અતિ ઘણો, ઘણું કહાને રાખ્યા મેં દેહને માનજો.
બ્રહ્માદિકને સોધ્યા તે તો નવ મળે, તે પ્રભુ માહારે મંદિર લીલા લહેરજો;
ઓચિંતા કયાંથીરે આજે આવીયા, પધાર્યા છે પ્રભુજી મારે ઘેરજો
ઘણારે દિવસથી વાયદા થાયછે, ઘરમાં મારે સાસુડીનું સાલજો
દીયર જેઠ કેરીરે લજ્જા આણુતી, પરણ્યો મારો વિખડાં કેરૂ ઝાડજો.
નાનીરે નણંદીરે મેણાં મારતી, જેઠાણી પણ જૂઠાં ચડાવે આળજો;
સાસુડી પણ નીત્યે મુજને મારતી, પરણ્યો આવે ઘરમાં દેતો ગાળજો.
એવારે દુઃખડાં મારે અતિ ઘણાં, પણ માન્યું મારૂ મોહન સાથે મનજો;
આજરે એકાંતે મુજને પ્રભુ મળ્યા, હરિને દેખી શીતળ થયું માહારૂં તનજો
આજની રજનીરે મારે આંગણે, પોહોંચાડો મારા મનડાકેરી હામજો
માટે ચાંદલીયા રખે તું તો ચુકતો, હેત કરીને ગાવે દયારામજો.

ગરબો.

બ્હેનો આવો, સુખી થાઓ, પ્રેમે ભજી પ્રીતમ પ્રાણને,
લીયો લ્હાવો, કર આહો દેખી સુધાકર ખાણને.
સતિ કહાવો, શું જાઓ, જુઓ? રસિક વર ભાણને,
આવો આવો, આવો આવો, લેવા પ્રીતિ રસ લ્હાણને...બ્હેનો.
સુંદરી સંસારે સતિવ્રતા...શ્યામા...વામા......ભામા,
સ્વામિનો વિશ્રામ વ્હાલો રામા......કામા...ધામા;...બ્હેનો.
રમો રમો રસિકવર સંગે, ઉમંગે, મદન લ્હાવ લેવારે,
ભજો ભજો શામળીયા રંગે, અભંગે, અનુપ સુખ દેવારે,
સજો સજો, સુંદીર શણગાર, વાલમ પાસ રહેવારે,...રમો.
વસંત વસે વિદેશમાં, બાળા ઉર અકળાય,
સ્વામિ આવો સ્હેજમાં, કરે કોયલ ટૌકાય
સખી પતિ વિનાનું સુખ,સ્મશાનવત જાણને !........બ્હેનો
જય જય સતિ ઉચરાય, જ્યાં નિજ સ્વામિ સંગે મ્હાલતી,
સ્વામિ પ્રભુ ! સ્વામિ વિભુ, એ રંગે નિશદીન ફાલતી;
શુભ વસ્ત્ર પતિવ્રત ધારીને, પતિ પન્થે સદા જે ચાલતી,
ધન ધન સતિ તે વિશ્વમાં, તુચ્છ મેનકા કે માલતી,
અહો પામે સૃષ્ટિ સામ્રાજ્ય, વધે યશ માનને..........બ્હેનો.
આવી સતિના પાયમાં, ધરીએ નીશદીન ચીત,
થાવા નર હરિ મય સખી ! ચહેવા સુખ સન્મિત.
પામે યોગેન્દ્રેશ ખચ્ચિત, અભય વાણી જાણને......બ્હેનો.

બાર માસ.

ગરબો.

(રાગ-રંગમાં રંગતાળી—એને મળતો.)

સખી કોડીલો કાર્તીક માસ, કષ્ટ નિવારંતો,
સખી કરે પૂરણુ ઉર આશ, રંગ રમાડંતો;
સખી ખિલ્યાં પુલ્સે ચોપાસ, સુંદીર શોભંતાં,
સખી રે'વું ગમે ના ઉદાસ, વ્હેમ વિદારંતાં. ૧
સખી માગશરનો મહિમાય, સૌને લોભેછે,
સખી નિર્મળ નીર નવાણુ, જ્યાં ત્યાં શોભેછે;
સખી પિયુ જતા પરદેશ, તે પણુ થોભેછે,
સખી એ સમયે સર્વસ્થ, ટાઢ તણો ભયછે. ૨
સખી આવ્યો કુટિલ આ પોષ, રોગ ઉથામેછે,
સખી સંક્રાન્તિનો ઘોષ, ચો દીશ જામેછે;
સખી શિતથી શિતળ અંગ, સેજ નહિ છૂટે,
સખી લાંબી લાંબી રાત, એની નહી ખૂટે. ૩
સખી મા' મહિનાનો મોમ, જગ્ત પીછાણેછે,
સખી શિવરાત્રિનું જોમ, વિશ્વ વખાણેછે;
સખી પડતો જમીન ઝબોળ, ઠાર હિલે ઠરતો,
સખી પકવે સર્વ કઠોળ, કોઠારો ભરતો. ૪
સખી ફુલ્યો ફાગણુ માસ, ફળ ફુલ ફાલંતા,
સખી દંપતિ ખેલે ફાગ, રંગ ઉરાડંતા;
સખી:ફરતી મદન વિહાર, માનુની મન ગમતા,

સખી વ્હાલા નંદ કુમાર, મમ સંગે રમતા. ૫
સખી ચતુર ચૈતર માસ, ચિત્ત મ્હારૂં ચોરે,
સખી છે એ વસંત અવાસ, કાળજડું કોરે;
સખી સુગંધિમાં ન ક્યાસ, આપે. ઉછરંગે,
સખી ગોપી રમતાં રાસ, નંદ કુંવર સંગે. ૬
સખી આવ્યો આ વૈશાખ, તાપ અમાપે છે,
સખી કરતો બાળી ખાખ, બહુ સંતાપે છે;
સખી અક્ષય ત્રીજને રોજ, સાગર જળ ચઢતું,
સખી ઉકળાટે આ દિશ, જઈ જળમાં પડતું. ૭
સખી જગ જીતનારો જેઠ, જળ વૃષ્ટિ લાવે,
સખી વિસરે સૌ જન વેઠ, ભાવિકને ભાવે;
સખી આવ્યું ચોમાસુ ખાસ, એ દરશાવેછે,
સખી કરીએ વ્રત અપવાસ, સૌખ્ય અપાવેછે. ૮
સખી જાણુ અષાડે મેઘ, ઝરમર વરસંતો,
સખી વિજળીનો ચમકાર, દશ દિશ પ્રસરંતો;
સખી ઘેરાઇ ઘમઘોર, વાદળ ચઢી આવે,
સખી મુકે ન મેહુલો તોર, જગ જનને ભાવે. ૯
સખી શ્રાવણ શું શોભાય, સાજ સમાજેરે,
સખી પુનેમ પરમાનંદ આપી ગાજેરે;
શખી આઠમ ગોકુળ નાથ, જગને છાજેરે,
સખી મેહુલો મૂશળ ધાર, સઘળે ગાજેરે. ૧૦
સખી ભાદરવો ભલી ભાત, ખીલ્યો બહુ રંગે,

સખી વૃક્ષ ફુલોની જાત, ઓપે નવરંગે;
સખી ક્ષેત્રો લીલાં છંમ, દરશન દેતાં જ્યાં,
સખી શોભે સરોવરને, સરિતા વ્હેતી ત્યાં. ૧૧
સખી આશ્વિન તો આનંદ, દે ભવ સાગરને,
સખી દીપકનો શણગાર, શોભે ઘર ઘરને;
સખી દશ દિન સહુ નરનાર, ગરબા ગાએછે,
સખી એ વ્રત નવ રાત્રિ, તણું વખણાએછે. ૧૨
સખી કૌશલ્યા કુમાર, જાણે વન વસે,
સખી રણ રોળ્યો લંકેશ, દશરાને દિવસે;
સખી માણેકડારી માન, મહિનું રાખંતે,
સખી શરદ રૂતુના બ્હાર, એ ખુલવે ખંતે ૧૩
સખી કરે સુધારસ પાન, કામિની રસિયાનો,
સખી પ્રમદા પાલવ ના મુકે મન વસિયાનો;
સખી જો આ દ્વાદશ માસ, પારેખ દિલ ઠર્યા,
સખી વ્હાલાના ગુણ ગાન, ગાઇ ઝીણી વીસર્યા. ૧૪
સખી જય જય વિજ્યાનંદ, સૌ મુખ ઉચરીએ,
સખી થાય અધિક આનંદ, ભવ સિન્ધુ તરીએ;
સખી ઉછળે હર્ષિત અંગ, સૌ ઘેર જઇ ઠરીએ,
સખી રમીએ સ્વામી સંગ, કોડ ક્રીડા કરીએ. ૧૫

એન. એન. પારેખ ચિંચણ.

વિયોગ શૃંગાર.

પંદર તિથીઓ.

(મા તું તો પાવાની પટરાણીકે.) એ રાગ.

પડવે પ્રાણ ગયા પરદેશકે, પ્રમદા છોડીનેરે લોલ;
અંતર દાઝ ન આવી લેશકે, મનડું મોડીનેરે લોલ,
કરે સખી દિલ દુખવીને છાંયકે, વિપતા વાદળીરે લોલ;
નેત્રે નિંદર નાવે હાય ! કે, હઇયું જતું બળીરે લોલ.
બીજે બોલ નહિ ઉચરાયકે, હું બાવરી બનીરે લોલ;
મેં ઘેલાઇમાં ઘેરાઇકે, થઇ ઘેલી કામનીરે લોલ,
રંભારૂપ જતું કરમાઇકે, જુની ગજ ગામનીરે લોલ;
જાપે જપ માળા જીવ બાઇકે, કંથ સુનામનીરે લોલ.
ત્રીજે તજી સોળે સણુગારકે, સજું વિપ્રલંભ[1] હુંરે લોલ;
નથી હવે કંઇ મુજને આધારકે, જીવતી ના રહુંરે લોલ.
કરશે શ્રી વિભુવર મમ વ્હારકે, મનડું ના વળેરે લોલ;
સખી સુણ શુન્ય દિસે સંસારકે, જીવડો જશે પળેરે લોલ.
ચોથે ચિત્ત ચડયું ચકડોળકે, ચતુરા ચોંકતીરે લોલ;
આવ્યું સખી સ્વપ્ન અચાનક જાણુકે, સુખમાં ઝોંકતીરે લોલ.
કોડે ચુંબન કરતાં કંથકે, ભાન હું ભુલી ગઇરે લોલ;
ભાવે ભેટંતા ભરથારકે, આંખો ખુલી ગઇરે લોલ.
પાંચમે પગલું ભરી ન શકાયકે, પ્રેમ વિકારથીરે લોલ;
કરતો કંદ્રપ કાળો કેરકે, ધિર નથી ધારતીરે લોલ.

---

1 વિયોગ શૃંગાર.

ઉપજે પ્રેમ ઉમળકા અંગકે, શમન ન થઇ શકેરે લોલ;
વિલસે બ્હાલમ આ હદ અંગકે, રસિક ન વિસરે લોલ.
છઠ્ઠે છાતી જતી મુંઝાઇકે, વિરહી દાહથીરે લોલ;
નિત્યે નેત્ર સરોજ તણાયકે, આપની રાહથીરે લોલ.
ખુટયું નેત્રતણું પણ નીરકે, શોણિત સરિત્વહેરે લોલ;
મ્હારી ફુટી કર્મન કીરકે, અંગદ મહત્વ એરે લોલ.
સાતમે બનિયું શુષ્ક શરીરકે, સતિ સંતાપતાંરે લોલ;
પડિયા કાંટા કંઠ સુકાઇકે, પતિ જપ જાપતાંરે લોલ.
આઠમે આલિંગન આતુરકે, અબળા બની જતીરે લોલ;
કરવા અધર સુધારસ પાનકે, ઘેલી બની રતિરે લોલ.
નવમે નોધારી આનારકે, નાથ ન વિસરોરે લોલ;
હ્યો સુખ ભોગવી સુંદર સ્યામકે, ભાવિ દિલે ઠરોરે લોલ.
દશમે દાદ કરો દિલદારકે, દારા વિનવેરે લોલ;
પ્રેમે નવ લખી પ્રિય પ્રાણકે, દરશન દ્યો તમેરે લોલ.
સુનાં સુંદર સૌ સુખ પાસકે, મંદિર માળીયાંરે લોલ;
શું આ આવી સંકટ જાળકે, રૂપ વિકરાળીયાંરે લોલ.
સખી અગિયારસ કરી અપવાસકે, ગોરી ગાળતીરે લોલ;
કોડે ગાંઉ પ્રભુ ગુણગાનકે, મનડું વાળતીરે લોલ;
દ્વાંદશીએ નહિ ભાવ્યું અન્નકે, સ્વામી સાંભર્યાંરે લોલ;
કોડે પીરસ્યાં મેં પકવાનકે, પ્રેમ રસે ભર્યાંરે લોલ.
ત્રયો દશીએ ઉછળી વણુતાપકે, દિલ મમ તાપતાંરે લોલ;
આવી સખી અંત ઘડિકા જાણુકે, અતિ દુઃખ આપતાંરે લોલ.

ચૌદશે ચાંડી કરી ચિત્ત સાથકે, પ્રાણ પધારશેરે લોલ;
સુંદરી ધર મનમાં તું ધીરકે, ભવ પતિ તારશેરે લોલ.
કરતી કોયલડી ટહુકારકે, ચિત્ત પ્રજાળતીરે લોલ;
હીણવે કાઢી કંઠ મધુરકે, બામિની ભાળતીરે લોલ.
પુનમે પ્રાણ પધાર્યા મ્હોલકે, ઉરની ઉલટમાંરે લોલ;
આવી આલિ નિરખ્યું પ્રેમથી જાણકે, મુખડું ઘુમટમાંરે લોલ.
આવી અલબેલે ઝાલ્યા હસ્તકે, ઉરમાં ચાપતાંરે લોલ;
દેતાં આલિગંન અભિરામકે, અતિ સુખ આપતાંરે લોલ.
પ્યારે પ્રેમ પરીક્ષા કીધકે, જોગ વિજોગથીરે લોલ;
પ્યારૂં પરખાવ્યું પતિવ્રતકે, સત્ય પ્રયોગથીરે લોલ.
ઉલટયો આનંદાર્ણવ ઓઘકે, તનવા તરંગથીરે લોલ;
આવે અંગ ઉધામાં જાણકે, ચિત્ત અનગમાંરે લોલ.
પ્રકટી પ્રેમ તણી ઉરજ્યોતકે, પ્રિય પતિ સાથમાંરે લોલ;
કોડે કરીએ મોદ વિનોદકે, અતિ ઉછરંગમાંરે લોલ.
આલિ મુજ વીતતાં દિનને રાત્રકે, સુખમાં પ્રેમથીરે લોલ;
થતી કદી હર્ષ થકી આતુરકે, પતિ તન મથીરે લોલ.
ભોગું યૌવનનાં સુખ ભોગકે, નિત્યે નેમથીરે લોલ;
થૈ રહ્યું જ્યાં ત્યાં ઝાક ઝમાળકે, પ્રેમ ભુવંનમાંરે લોલ.
કીધી પ્રાર્થના શે પારેખ કે, ગોરી ગુણવતીરે લોલ;
એ આતન[૨] અવિચળ પ્રભુ રાખકે, એજ વિનંતી છેરે લોલ.

(એન. એન. પારેખ ચીંચણ.)

---

૨ સૌભાગ્ય.

નીતિની સાડી.

ગરબી.

(મોહનજીએ મોકલ્યું રે મોસાળું—એ રાહ.)

સાહેલિ ! સહૂ સજો નીતિ સાડી તજો વાત તરત તમે આડી
તરો ભવરૂપ ખારી ખાડી—સાહેલિ૦—એ ટેક.
છુટા બુટ્ટા જિહાં બેશ બોલ પોત પતિવ્રતની નવ તોલ
એનું કોણ કરી શકે મોલ— સાહેલિ !૦ ૧
તોર તજવા સમાન નકોર જેથી ઝાઝું ન આવશે જોર
પામો કીર્તિપ્રસાદનો ઠોર— સાહેલિ !૦ ૨
બોલે તેનાં વેચાશે બોર પણ ખાલી કરે શું શોર ?
નિંદા વાઘણનો વાગે નો'ર— સાહેલિ ! ૩
વદવાં નિત્ય વેણ વિચારી ક્રોધ અગ્નિ ઓલવવા ઝારી
અપજશ બંધીખાનેથી બારી— સાહેલિ !૦ ૪
મીઠું મુખે ઉચરતાં શું જાશે ? ઉલટા સહુ ચોગણા ચા'શે
આવો આવો જગો જંગ થાશે— સાહેલિ !૦ ૫
ઊંચાં વેણ વદે શું વિશેષ ખાલી ખોઈ જશની શેષ
મોંઢે ચોળીએ અપજશ મેશ— સાહેલિ !૦ ૬
ફાતડાઓ ફટાણાં ગાશે બાઇ બાપ તે ભડવા થાશે
નાદાર મુખે નર્ક ખાશે— સાહેલિ !૦ ૭
આડે દી, આઘું ઓઢી ચાલે લાજથી નવ ઉંચુ ભાળે
સાંઢીઆ સમ લગનમાં મા'લે— સાહેલિ !૦ ૮
લો.કો દેખતાં નિર્લજ થાવું ભલું એથી તો જમ ઘર જાવું
બીજ નાહક નારકનું વાવું— સાહેલિ !૦ ૯

ડામ જીભડીએ દેવાશે પડશે ગજ ગજના કીડા વાંસે
જમડા ધરી દંડને ધાશે— સાહેલિ !૦ ૧૦
સુધા ચુકી સોમલ કોણ ખાય રાજ છોડીને જંગલ જાય
ગીત મુકી ફૂટાણા ગાય— સાહેલિ !૦ ૧૧
માપી માપથી નિત નિત બોલો નમતે ના'રવે શેણે તોલો ?
શું કરવા ચઢાવો હિલોળો— સાહેલિ !૦ ૧૨
પતિવ્રતસમ વ્રત ન બીજું વ્રત શંકર ભાખે ઇંદુ
સાધી તરીએ ભવ સિંધુ— સાહેલિ !૦ ૧૩
ઠામ ઠરી અમૃતે ન ધરાયા જપે બાકળે ઢોર હરાયાં ?
નર્ક પ્રેમદા પાલવ સાહ્યા— સાહેલિ !૦ ૧૪
પરનરથી શું મર્મમાં હસવું આગમાં કેવું આધું ધસવું
વસુભાઇની સે'માં વસવું— સાહેલિ !૦ ૧૫
તરૂણી નારામંડળ ટકવું ધારો તો તનમનથી અટકવું
છૂપાં છૂપાં છેક છટકવું— સાહેલિ !૦ ૧૬
લોક લાજથકી તો ડરવું માઠું પગલું કદાપિ ન ભરવું
'જય ! જય !' વર વાંચ્છો વરવું—સાહેલિ !૦ ૧૭
દુનિઆ છે અદ્દભૂત વાડી ઝુકી જિહાં જુવતી ઝાડી
નર આખર ખાખર ગાડી— સાહેલિ !૦ ૧૮
તોળડો તોર ધારી ચઢાવો કોણ જમણો ને કોણ ડાબો
કોણ રાજા ને કોણ રાવો ?— સાહેલિ !૦ ૧૯
હસતું મુખ રાખો હમેશાં તરૂણીને તે શાં ઘું તાં
જશહરિએ અવળાં હલેશાં— સાહેલિ !૦ ૨૦
સાસુ સસરાથી સંપીને ચાલ્યાં ઉઘાડયાં તીજોરી તાળાં

બન્યાં લટકાળાં લુમખાળાં— સાહેલિ !૦ ૨૧
જંપી ચાલો નણુંદ દેરાણી કાજ સરશે ભજ્યે એ મનથી
ઉંદરડી ન આવે અનીતિ— સાહેલિ !૦ ૨૨
છેડો ધોચો છુટાપણાનો વાજો પાટલીઓ વેશ વચનો
ડર રાખો દુર્ગુણ રજનો— સાહેલિ !૦ ૨૩
પ્રીતિની કરાવી પેટી છેક રાખવી ના તે છેટી
ભજીએ નિત્ય ભાવે ભેટી— સાહેલિ !૦ ૨૪
સજે સાડી રૂડી મન લાવી ડાહ્યા દેવ કરે સેવ આવી
સુખ સુંદરી લેવે વધાવી— સાહેલિ !૦ ૨૫

(સાક્ષર શ્રી ડાહ્યાભાઇ ઘોળશાજી ઝવેરી.)

લોકગીત.

આવી રૂડી સરોવરની પાળ
આંબાની ડાળ, મૂકીને કોયલ ક્યાં ગયાંતાંરે,
શીળા રે—ભાઇના ઓરડારે (૨)
ત્યાં રૂડા ધોળ ગવાય
જોવાને અમે ત્યાં ગયાંતાંરે,
—આવી રૂડી ૦
શીળારે—ભાઇના માંડવારે (૨)
ત્યાં રૂડા માંડવા ચોકાય
જોવાને અમે ત્યાં ગયાંતાંરે.
—આવી રૂ૦ ૦

શીળારે—ભાઇનાં માંઇરાંરે (૨)
ત્યાં રૂડી કન્યા પરણાય
જોવાને અમે ત્યાં ગયાંતાંરે.
—આવી રૂડી ૦૦

('લોકગીત' સાહિત્ય.)

પતિને વશ કરવા સતિનો ભૂવો.

સખી સાંભળ મારી વાત, પતિ વશ કરવાને,
તંત્ર મંત્ર ને જંત્રથી જેહ, પીયુ મન હરવાને. ૧
પ્રથમ જઇએ ભૂવાની પાસ, પતિ વશ કરવાને;
લાવે ઇલમ ધુપને દીપ, પીયુ મન હરવાને. ૨
જાતાં મુકીએ ત્રણે શીશ, પતિ વશ કરવાને;
એવા ભુવા સતિત્વની પાસ, પીયુ મન હરવાને. ૩
કરીએ સંકલ્પ નિશ્ચયતાંઇ, પતિ વશ કરવાને;
ભલે થાએ સ્વપ્રાણની હાણ, પીયુ મન હરવાને. ૪
લઇએ સદ્‌ગુણ સંપતિ સાથ, પતિ વશ કરવાને,
જઇ ભૂવાને આપીએ ત્હાંય, પીયુ મન હરવાને. ૫
દ્રવ્યે લોભાવ્યાં રાજ્યને પાટ, પતિ વશ કરવાને,
દ્રવ્યે હણાવ્યાં માત ને તાત, પીયુ મન હરવાને. ૬
દ્રવ્યે ડગાવ્યો ભ્રાતને સાથ, પતિ વશ કરવાને;
દ્રવ્ય થાતાં ભુવો ભરે બાથ, પીયુ મન હરવાને. ૭
જ્યારે ભૂવો ભરે દ્રવ્ય બાથ, પતિ વશ કરવાને;

સારે જાણુજે બંધાશે નાથ, પીયુ મન હરવાને. ૮
પછી લાવશે પતિ પ્રતિમાય, પતિ વશ કરવાને;
(ત્યાં) ધુણીએ જેટલું ધુણાય, પીયુ મન હરવાને. ૯
થર થર ધ્રૂજાવીએ નીજ કાય, પતિ વશ કરવાને;
પૂર્ણ આપીએ કસોટી ત્હાંય, પીયુ મન હરવાને. ૧૦
ભલે ચલાવે લોભાત્રે કોય, પતિ વશ કરવાને;
નવ ડગાવીએ (જે) પણ હોય, પીયુ મન હરવાને. ૧૧
પછી થાતાં ત્યાં દ્રઢ સંકલ્પ, પતિ વશ કરવાને;
લાગશે જાદુ-છલમનો મંત્ર, પીયુ મન હરવાને. ૧૨
પતિ ફળશે સતિ હદ* માંહ્ય, પતિ વશ કરવાને;
થાશે તેનો જય જય ત્હાંય, પીયુ મન હરવાને. ૧૩
આવો લાવશે ભૂવો જેહ, પતિ વશ કરવાને;
નક્કી ફાવશે બેડે તેહ, પીયુ મન હરવાને. ૧૪
સખી ! સાંભળી અંતર ઉતાર, પતિ વશ કરવાને;
ત્રિવિધિ તાપનો ભાર ઉતાર, પીયુ મન હરવાને. ૧૫
આતો સાચો મંત્ર છે સિદ્ધ, પતિ વશ કરવાને;
યોગેન્દ્રેશ મેળવશે ખચિંત, પીયુ મન હરવાને. ૧૬

સ્ત્રીધર્મ.

ગરબો.

(પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે— રાગ.

---

* હદય.

આવો રંગીલી વ્હાલી સજની સૌ સાથમાંરે.
દેજો તાળીના ટચકારા સૌં સંગાથ.
આજે આનંદે ગરબા સૌ ગુણિયલ ગાઇએરે.
સહિયર પચરંગી પટકુરો અંગે શોભતાંરે.
દીપે કુંકુમનાં ચંદ્ર મનોહર ભાલ.
આજે આનંદે ગરબા સૌ ગુણિયલ ગાઇએરે 1

સાખી. જાણો આવ્યો આજથી, અનુપમ આશ્વિન માસ;
દશ દિન સૌ નર સુંદરી, ગરબા ગાયછે ખાસ.
સખીં આ નવરાત્રિનું વ્રત વિશ્વે વખણાયછે રે
સહિયર દેવિનાં દરશન કરવાને ચહાય. આંજે આનંદે. ૨

સાખી. ઉઠી પ્રભાતે આપણે કરી સ્નાનાદિક કાર્ય;
કરીએ દિલની દક્ષતે, ગોરીઓ ગૃહ કાર્ય.
સાસુ સસરાને દઇ માન પતિ રીઝાવીએરે.
શિયળ પામી રહીએ સંતોષી દિન રાત્ર. આજે આનંદે. ૩

સાખી. રહેવું લજ્જા શિળ ધની, ગૌરાંગી ગુણવાન;
પાડો સતિની છાપ સૌ, ધરી સત્ય અભિમાન.
સેવા સ્વામીની સૌ સુંદરી કરવી આપણેરે.
પામ્યા ભવ તારક પતિ પૂરણપૂણ્ય પ્રતાપ. આજે આનંદ ૪

સાખી. થજો સતિ દિલ સુંદરી, જાણુ જગે સમ ભાણુ;
દેશ હિત તન સતિત્રિના, થતી નથી રતિ જાણુ.
લઇએ કેળવણી ધરી કૂળનું અભિમાન જોરે.

જામે કીરતીને પામે જનમાં સન્માન. આજે આનંદે. ૫

સાખી. અવતરી આ અવની વિષે,કીધાં નહિ સત્કર્મ;
જીવન વ્યર્થ છે તેહનું, નહિ જાણ્યો નિજધર્મ.
સાચું કહેવું છે ઠાકરનું માનો ખડુનદીરે.
રંગે રમિયેને કરીએ મોદ વિનોદ,
આજે આનંદે ગરબા સૌ ગુણિયલ ગાઈએરે. ૬

હરગોવીંદ હરિદત્ત ઠાકર.

સત્યા પ્રત્ય.

(રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે. એ રાગ.)

અનુભવે આતમ સત્યસમજીએરે;જગત નેઅસત્ય ગણીને તજીએ.અનુંભવે
આતમ સચ્ચિદાનંદ ઘન સુખ રાશીરે;ઘટોઘટ અંતર-બહિર પ્રકાશીરે;
મળે નહીં દોડતાં દ્વારકાકાશી. અનુભવે આતમ સત્ય સમજીએરે.
અસત્, જડ, દુઃખ રૂપ દેહને જાણોરે, ભૌતિક જાણી ભાઈભિરોસોન આણોરે
ખરેખર મૃગ જલવત્ પરમાણો. અનુભવે આતમ સત્ય સમજીએરે.
ગુરૂગમે હૃદયની ગ્રંથિભેદાયેરે, સંશય દુઃખદાઇ સમૂળા છેદાયરે,
શુભાશુભ કર્મો મનેથી તજાયે, અનુંભવે આતમ સત્યસમજીએરે.
અસ્તિ, ભાતી, પ્રિય રૂપ જગ દરશાવ્યુંરે,જીવણનામ રૂપપ્રપંચ પ્રમાણ્યુંરે,
સદ્ગુરૂ વિશ્વનાથ પ્રતાપે જાણ્યું. અનુંભવે આતમ સત્ય સમજીએરે.

(વેદાન્ત વિલાસ.)

બેઉપર દુનિયાં ચાલેછ.

ગરબી.

નર્મદ સંધુ છે બેના ઉપર, બેથીજ સંધૂ થાયરે;
પ્રાણી ઉદ્‌ભીજમાં[1] બે જોત, પુરૂષ સ્ત્રી દેખાયરે. ૧
જોની શાસ્ત્ર વિષે પણ કેહ, શરિર અને જીવરે;
તૂ ને તે બ્રહ્મ તો કહેવાય, વળી જીવ શીવરે. ૨
સાચ જૂઠ વળી પુણ્ય પાપ, સ્વર્ગ ને નર્ક નાણુરે;
શાળૂ તડકો લેવૂં દેવૂં અહીં, પૃથ્વી પાણી જાણુરે. ૩
દીન રાત સૂરજ અને ચંદ્ર, જનમ મૃત્યુ હોયરે.
પડે તાળી મળે બેઉ હાથ, જોડી એમ રહોયરે. ૪
ખરે જોસ્સો અને જોગવાઈ, બેથી દુનિયા ચાલતી;
બાકી સધરે નહી કો કામ, જેવી ને તેવી રેહ ગતી ૫
પ્હેલે જોસ્સો ઘણાકને હોય, થઈને સમી જાયરે;
મળે જોગ જેઓને જેમ, તેઓ તેમ ધાયરે. ૬
હોય જોગને જોસ્સો ન હોય, એવા પણ કાયર દીસતા,
પ્હેલાં સંતોષી થઇ પછી રોય ખીજી હોઠ પીસતા. ૭
જોસ્સાથી કદિ આવે કો જોગ, જોગે જોસ્સા થાયરે;
ફળ થાયે મળે જો બેય, બાકી તાલ જાયરે. ૮
નર્મદ જગમાં છે સાર અસાર, રૂડૂં ભૂડું નામરે;
અને જેવૂં જેવારે જેહ, જોયાં કરવૂં કામરે. ૯

(નર્મ કવિતા.)

૧. ઝાડપાન. ૨. હાલત.

અદેખાઇ.
ગરબી.

અળગી કરો તમે યાર, અદેખાઈ અળગી કરોને;
રાખી રૂડો પ્યાર, અદેખાઇ અળગી કરોને. ટેક.
માનઘટે મરજાદ ઘટે ને, ઘટે લોકમાં લાજરે;
સુનિતિ શીદ મુકી દેઇને, કરિએ એવાં કાજ, અદેખાઇ૦ ૧
ગામે ગામ પોળે પોળે, વગોવાશે નામરે;
સુકિર્તી શીદ સળગાવીને, કરિએ એવાં કામ. અદેખાઇ૦ ૨
સજ્જન સરવે સારા કામે, પુછે નહીં અભિપ્રાયરે;
એવી કિર્તી કાઢયાં કરતાં, મરવું ભલું કહેવાય. અદેખાઇ૦ ૩
કુટુંબ કબીલો સગાં સહોદર, વગોવશે વળી વાતરે;
જેસંગ કહે તે કરતાં રૂડો, દીસે છે આતમ ઘાત. અદેખાઈ૦ ૪

(જેસંગકાવ્ય.)

સખીને શીખામણ.
(રાગ. પુનમ ચાંદની.)

ચાલો સૈયર સંગાથે રમીએ આપણેરે,
કરીએ નીશદીન સ્મરણ પતિનું પ્રભુ પ્રમાણમાંરે ચાલો.
સાખી સુખડ અતિ સુગંધી છે, આપે આનંદ અપાર;
તેમ મૃદુ સ્વરવડે, કરો પતિ દિલદાર.
એક વિણ અન્ય કદી ન સંબોધીએરે,
સગા વહાલાની સાથે કદી નહિ ક્રોધીએરે. ચાલો.

સાખી પતિ પતિ પતિ કરે, પતિ તેને ગણું,
તે સ્ત્રીને ધીક્કાર છે, કોઇ તેને[1] નહિ ભણે[2]

ખોટા વ્હેમો રાખી પતિને ન ભમાવીએરે,
સાસુ, સસરાને તો, દેવ સમાનજ જાણીએરે, ચાલો.

સાખી જો તમે પતિ પતિ સ્મરો, પતિ તમને બહુ સ્મરે;
જો તમે પતિવ્રત ધરો, તો ગુણ તમારો સૌ હરે.

આવાં આચરણોવડે તમે મોક્ષ પામશોરે,
એવી શીખ સુતાને અમનની સંભળાવજોરે. ચાલો.

ગર્વ વિશે.

બેનીરે તમે ગર્વ ન છલકાશો; ફૂલણજી થઇ નહીં ફૂલાશો. બે૦ ટેક
ગર્વથી સર્વે જનો ગાઠા; ઉડવા ગર્વે બહુ આઠા. બે૦ ૧.
ગયાં રાજ ડુબી ઘણાં ગર્વે; સૂતા મોતની સોડમાં સર્વે. બે૦ ૨.
અભિમાની કંસ પડયો કેવો, ગયો મરી રાવણના જેવો. બે૦ ૩.
દીધું દુખ દ્રૌપદીને જ્યારે, સુઓ દુષ્ટ દુર્યોધન ત્યારે. બે૦ ૪.
ગરવ દીલ રાખે તે ઘેલી; કરો મન મોટું હું પદ મેલી બે૦ ૫.
કૂતરૂં કોઇ ગાડા તળે ચાલે; અધો ભાર પોતાશિર ભાળે. બે૦ ૬.
ભણી ગણી ગર્વ નહીં મારે; પડયું પાણીમાં ભણતર ત્યારે. બે૦ ૭.
હું છું ડાહી સૌ થકી રૂપાળી, બકે એવું હોય હુંપદવાળી. બે૦ ૮.
પૂરૂં હોય પોત ન પ્રકાશે. અધુરો ઘડો ઝટ છલકાશે. બે૦ ૯
બીજાને તુચ્છપણે બોલે, ઠરે તેહ તરણાને તોલે. બે૦ ૧૦

(સુંદરી સુબોધ ગીત સંગ્રહ)

---

૧ તેના ગુણને. ૨ ગ્રહણ કરે, દ્રષ્ટાંત લે.

સ્ત્રિ શિક્ષણ વિષે.

ગરબી.

"રંગ ભર્યે રમતા રાસમાંરે, હાંહાંરે રંગ જામ્યોછે ઝાઝો" એ રાગ

આવોને સૌં સજની અહીંરે, હાંહાંરે ગાઇએ ગીત રૂપાળાં;
વેહેમ કુસંપ કલેશનાંરે, હાંહાંરે તર્ત તોડીએ તાળાં. આવોને ૧
બાળપણે માબાપનીરે, હાંહાંરે શીખ સુંણીને સારી;
સદ્‌ગુણને સંતોષમાંરે, હાંહાંરે મન રાખવું વારી. આવોને ૨
બેહેનપણી કરવી ઘટેરે, હાંહાંરે તો તે કરવી તપાંસી;
સત્ય અને સદ્દગુણભરીરે.હાંહારે;ખોળી કાહાડવી[1]ખાશી. આવોને ૩
પુખ્ત વયે પીયર તજીને, હાંહાંરે રહેવું પતિની પાસે;
પાસે વશી કરવી પછીરે, હાંહાંરે સેવા સુખની આંશે. આવોને ૩
કંથ તણું કરવું કહ્યુંરે,હાંહાંરે કહેતા પહેલાંજ કોડે.
રાઢ[2] કરી ન રીસાવવુંરે,હાંહાંરે નક્કી નાથની જોડે. આવોને ૫
સાસુ સાથે [3]સલુકાઇથીરે,હાંહાંરે વેણ વદવાં વિચારી;
વાંક વિના કદી જો વઢેરે,હાંહારે તો પણ રહો મન મારી, આવોને ૬
સસરાનાસામુનબોલીએરે,હાંહાંરે એથી પાછાજ પડીએ
ઢોંગ કરી કદીએ નહીંને હાંહાંરે રાઢ કરીન [4]રડીએ. આવોને ૭
નણંદ દેરાણી જેઠાણીનેરે, હાંહારે જુગતે વશ કરીએ;
કલેશ કરી કદી કોઇ શુંરે,હાંહાંરે નવફુલાઇ ફરીએ; આવોરે ૮
પાડોશી સાથે પ્રીતથીને, હાંહાંરે રૂડી રીતેથી રહીએ.
ઉલટી શિખામણ એ કદી, હાંહાંરે દેતો તર્ત તજીએ. આવોને ૯

---

૧ સારી. ૨ તકરાર. ૩ નમ્રતાથી. ૪ રોઇએ.

પરઘેર [૧]પરવરીએ નહીંરે,હાંહાંરે [૨]રજની પરભાતે;
વાદ વળી વદીએ નહીરે, હાંહાંરે કદી કોઇની સાથે. આવોને ૧૦
ખાવાનીવસ્તુ ખંતથીરે, હાંહાંરે રજા વિણુ નવખાઇએ;
તેમ છતાં જો તેજો ખાઇએરે,હાંહાંરે તોતો ફજેતથઇએ. આવોને ૧૧
ષન ઘટપર સખીઓ સહુરે,હાંહાંરે મળીમસ્તીનકરીએ.
ઊછાછળાં બનીએ નહીરે, હાંહાંરે લોક લાજથી ડરીએ. આવોને ૧૩
જોશી ભુતાજુઠા ગણોરે,હાંહાંરે એથી ભૂલાન ભમીએ;
મંત્ર તંત્રથી મોહીનેરે, હાંહાંરે જાદુગરને ન નમીએ. આવોને ૧૩
ભૂત પિશાચની ભ્રમણારે,હાંહાંરે મનમાં નવ ધરીએ;
ડાકણુ સાકણુ જોગણીરે, હાંહાંરે એને નામે ન ડરીએ. આવોને ૧૪
હોળી રમી હમેશનીરે, હાંહાંરે નિતિને ન વિસરીએ;
મરજાદા મુકી મનનીરે,હાંહાંરે અપ શબ્દ ન ઉચરીએ આવોને ૧૪
બિભત્સ બોલ વિવાહ સમેરે,હાંહાંરે કદીએ નવ વદીએ
કૃષ્ણ વિહારને કોડથીરે,હાંહાંરે બેહેની ગઇએ ન કદીએ. આવોને ૧૬
સૈયર સૌ સાથે મળીરે, હાંહાંરે બાહર ગરબા ન ગાઇએ;
પર પુરૂષ સાથે કદીરે, હાંહાંરે એકાંતે ન મળીએ. આવોને ૧૭
આળસ કરીને અંગનેરે, હાંહાંરે નવરૂં નવ મુકો;
વાતોમાં બહુ વળગી રહીરે, હાંહાંરે ઘર ધંધો ન ચુકો. આવોને ૧૮
અનિતિને અળગી કરીરે, હાંહાંરે સુનિતિને સંભાળો;
પુરણુ પ્રેમધરી પછીરે, હાંહાંરે સ્વામીને સુખ આલો. આવોને ૧૯
સખી શિવળવંતા સદારે, હાંહાંરે બનજો બહુ કોડે;

---

૧ જઇએ. ૨ રાત.

નર્ક નીવાસીએ થતીરે, હાંહાંરે જેહ એ રીત છોડે, આવોને ૨૦
એક પ્રભુ શું પ્રીતડીરે, હાંહાંરે ઝાઝા શું નવ કરીએ;
પંડે મનાવે જે પ્રભુરે, હાંહાંરે તેને પંથે ન તરીએ. આવોને ૨૧
પૂરણ પ્રેમ ધરી પઢોરે, હાંહાંરે સખી ગરબી આ સારી;
જેશાગ કહે તો તો થશેરે, હાંહાંરે મોક્ષ ગતી તમારી. આવોને ૨૨

(જેશંગકાવ્ય.)

મનુષ્યદેહ સાર્થક.

(હરિ ભજનવિના, એ ઢાળ,)[1]

નર દેહ ધરી, ચૈતન એક અખંડિત અંતર ધારો;
વણ સમજેયા, ભવ સાગર તરવાનો છે નહિ આરો. ટેક.
સૌ પ્રીતિ વિષય સુખમાં આણે,
છલકે તન યૌવનથી નાણે;
પ્રિયતા પોતાની નવ જાણે, નર દેહ ધરી. ૧
ઘટ ઘટમાં ચૈતન દેવ વસે,
જેમ આભુષણમાં હેમ દિસે;
તેમ આત્મ અનુસ્યૂત વિશ્વ વિષે, નર દેહ ધરી. ૨
રહ્યો પિંડ બ્રહ્માંડ સકલ વ્યાપી,
સચરાચર માયાને સ્થાપી;
નવ જાણે શાસ્ત્ર વિમુખ પાપી, નર દેહ ધરી. ૩
શબ્દાદિક પંચ વિષય જાણો;
જાગ્રત આદિકને પરમાણો;

તો શાક્ષી દીલમાં ઠરશાણો. નર દેહ ધરી, ૪
એ ચૈતન સમજી લે ટાણે,
તે રૂપ પરમગુરૂથી જાણે;
નહિ પ્રાપ્ત થશે ખરચ્યે નાણે. નર દેહ ધરી. ૫
જપપતપ તીરથનું એ ફલ છે,
શુક શનકાદિ પણ એ કે છે;
તેની સાક્ષી વેદ પુરાણે છે, નર દેહ ધરી. ૬
એવું ચૈતન રૂપ સમજ તારૂં,
તૂજથી કઇ અન્ય નથી ન્યારૂં;
વિશ્વનાથ વચન ડોસે ધાર્યું નર દેહ ધરી. ૭

(વેદાંત વિલાસ.)

ગરબો.

સમરૂ સૃષ્ટિનો સૃજનાર, સાર એ છે સદગ્રંથનો જો;
ગ્યાન એનૂ ઉદાર, પાર પામિયે ભવ પંથનો જો. ૧
ઇશ શકિતયો અનંત, સંત કેછે સહુકો કથી જો;
વદે જેને વેદાંત, જંત લેશ લેતા નથી જો. ૨
કપિલ શેષને કણાદ, વાદ સારા વિધા તણાજો;
જૈમિનિ વ્યાસનો પ્રસાદ, સ્વાદ ગૌતમે લીધા ઘણા જો. ૩
સરસ સર્વનું સિદ્ધાંત, શાંત થઇએ સમજી કરી જો;

૧. કાલિંગડા રાગમાં ગવાશે.

કર્મ બ્રહ્મ કેરો બોધ, શોધ વાત ભાખી ખરી જો. ૪
કૃપા સિંધુ કરતાર, વાર વાર એ વિચારિયે જો;
અખિલ લોકનો આધાર, નિરાધાર બ્રહ્મ ધારિયે જો. ૫
કર્યા કોટિ ઘણાં અંડ, પિંડ સર્વે પ્રાણી તણાં જો;
ભૂમી સોતાં બ્રહ્માડ, ખંડ દેશ ત્યાં દીસે ઘણા જો. ૬
સારાં સૃજી કરી સધર અધર, અધર ધરિયાં આકાશમાં જો.
નદી નદો સિધુ કુધર, મધુર મેઘ મહાકાશમાં જો. ૭
ભલાં રચ્યાં પંચભૂત, દૂત દેવો રચ્યા ભલા જો;
શક્તિ સગળે અનુસ્યુત, નિત્ય પૂત રમે એકલો જો. ૮
ઇશ આપે સ્વતંત્ર, જંત્ર જીવો રાખ્યા જડી જો
દુઃખ સહે થઈ દીન, હીન કર્મ વ્યાધી નડી જો. ૯
જીવ કર્મ કરે જેહ, તેહ જાણે સાક્ષી રહ્યો જો;
શુભાશુભનો સદૈવ, દૈવ ફળનો દાતા કહ્યો જો. ૧૦
પિતા પુત્ર કેરી રીત્ય, પ્રીત્ય રાખી પાળે સહી જો;
હિતાહિતનો કે'નાર, સાર સાર વેદે વાતો કહી જો. ૧૧
હિતે હોય કામ સર્વ, ગર્વ ખોતાં ગતી મળે જો;
અહિત આચરે જો એક, છેક તેને જમડા છળે જો. ૧૨
સુણે શ્રવણે જે વેદ, ભેદ જાણે તે ના ભમે જો;
મોહ પામે ઉછેદ, છેદ માહે નાવે કયમે જો. ૧૩
આજ્ઞા કીધી અવિનાશ, વાસ આકાશ આસને જો;
પૂર્ણ બ્રહ્મ છે પ્રયાંશ, દાસ શેવે સાચે મને જો. ૧૪
સદાનંદ સ્વરૂપ, ભૂપ કોટી બ્રહ્માંડનો જો;
ઘડે ઘાટો અનેક. એક સ્વામી સહુ ખંડનો જો. ૧૫

નાથ કર્તા નિદાન, પાન હાલે આજ્ઞા વડે જો;
અતિ ઉગ્ર શકિતવાન, જ્ઞાન વેદો માંહે જડે જો. ૧૬
વૃદ્ધ યુવા નહી બાળ, કાળ કેરોએ કાળ છે જો;
રાખે સહુ ની સંભાળ, પાળ કેરો પ્રતિપાળ છે જો. ૧૭
રચે ઇચ્છાથી રૂપ, ભૂપ કોરેથી કળ ભરેજો;
સારી શકિતયો અનૂપ, ચૂપ થઇને કારજ કરે જો. ૧૮
ઈશ આપે અદ્વૈત, દ્વૈત થાયે ધારયા વડે જો;
એવી રચનાની રીત્ય, નિત્ય શ્રમ તો કાંઇ નાપડે જો. ૧૯
કર્તા હર્તા મહેશ, શેષ સહુને શિર છે ધણી જો;
દેહ દીસે ન વેશ, લેશ ભાળે માયા ભણી જો. ૨૦
નામ એનું ઓંકાર પાર કોએ પામે નહી જો;
નહી વસ્તુમાં વિકાર, સાર શ્રોત તણો સહી જો; ૨૧
પાવે નહી તે પરિણામ, ઠામ એકે રહ્યો ઠરીજો;
દ્વૈતાતીત એવું ધામ, શામ સગળે રહ્યો ભરી જો. ૨૨
વિના કાન સુણે વાણ્ય,જાણ નેન વિના વ્યકતનીજો;
ગ્રહણ કરે વિના પાણ્ય, માયા મોટી અવ્યકતનીજો. ૨૩
ચાંપે ચાલે વિના ચરણ, ભરણ પોષણ કરે ઘણું જો;
એવો અશરણનો શરણ, હરણ દુઃખ દીનો તણું જો. ૨૪
ઘણું ગરબામાં જ્ઞાન, ધ્યાન રાખો રૂદે ધરી જો;
ભકિત આપે ભગવાન, માન માયા મૂકો પરી જો. ૨૫
ચેતી રાખો રૂડો ચાલ, ખ્યાલ ગાજયો ખાંતે કરીજો.
છોટાલાલ, થશો ન્યાલ, હેત રાખી શેવો હરી જો. ૨૬

ગરબો.

આવો, આવો, પતિમાં ગાન કરનારી, સતિના ગુણ ગાઓ,
લાવો, લાવો, ધુપને દીપ, અબિલ ગુલાલે પુંજી ખુશી થાઓ, આવો૦
પુંજીએ સતિઓ દ્રૌપદિ તારાને
અહલ્યા, મંદોદરી--અનુસુયાને
દમયંતિ, પાર્વતિ, પદ્મિની સીતાને
સાવિત્રિ આદિ સતિવ્રતની ધારાને
ગાઓ, ગાઓ, ગુણીયલના ગુણ ગુણવંતી સુશીલ સતિ નારીઓ.
થાશો, થાશો, પતિત પાવન, વીચારી વૃત ધારી સતિ સદ્વિચારીઓ. આવો૦
સતિનાં ગાન કરી સૌ પાવન થાજો
નિશદિન આચરી સુખમાં સોહાજો.
એવાં સતિના સતિવૃત માંહિ-ન્હાવજો
દુઃખને સતત ફેડી સુખચંદ રહાજો.
થાઓ, થાઓ, અજર અમર, દુઃખને લગાવી તાળું સતિવૃત્ત ધારીઓ,
રહાવો, રહાવો, યોગેન્દ્રેશ રૂપ, પતિએ ચિત્ત સોંપિ, સુશીલ સન્નારીઓ આવો

પતિને પરદેશ જવા ન દેવા વિશેના મહીના.

(ઓધવજી સંદેશો કે'જો શ્યામને.)

કારતક મહીને અબળા કહેછે કંથને, તેવે શિયાળો આવ્યો સ્વામી નાથજો.
હીમાળુ વા વાયોરે હલકી ટાઢમાં, શું શોધો પરદેશ જવાનો સાથજો.
એ મહીને ના જઇએરે પીયુ પરદેશમાં. ૧
માગશર મહીને હોંશ ઘણી મનમાંહરે. રસીઆ સંગ રમ્યાની માજમ રાતજો.
ઘુંઘરડો કાઢોને ઘર આગળ ફરૂં; પીયુ મેલો પરદેશ જવાની વાતજો
એ મહિને નવ જઇએ પીયુ પરદેશમાં. ૨

પોષે જે અબળાને પીયુડે પરહરી, તે નારીનાં પુરણ મળીયાં પાપજો.
સાસરીએ રહીને તે શાં સુખ ભોગવે, મૈયરમાં ના ગોઠે માને બાપજો.
એ મહીને નવ જઇએ પરદેશમાં ૩
માહા મહીને નવ કરીએ નાથ મુસાફરી, ઘઉં સાટે જઇ લાવો ખોરી જારજો.
વેહુંચીને જમશું રે મારા વાલમા, જરૂર નહીં જાવા દઉં ઘરેથી બાહારજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૪
ફાગણમાસે ફાગ રમે નર નારીઓ, ઘેર ઘેર નૌતમ કૌતક નવલાં થાયજો.
જે નારીનો નાવલીઓ નાંખી ગયો, કહો તેણે કેમ નજરેરે જોયું જાયજો.
એ મહિને નવ જઇએ પીયુ પરદેશમાં. ૫
ચઇતરમાં ચાતુરને પંથ ન ચાલવું, જો ઘેર નારી સારી ચતુરસુજાણજો.
વાહાલપણે વચનરે પીયુને વશ કરે, નીરધાર્યું તે પડયું રહે પરીઆંણજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૬
વાવલીઆ વાયા તે પીયુ વૈશાખના, રજ ઉડને માણેક મેલું થાયજો.
નથનીનું મોતીરે હીરો હારનો, કહો પરહાથે કેમ તે ધાર્યો જાયજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૭
જેઠે તો પરદેશે જાવું દોહલું, પોમ ધીકને લાય જેવી લુવાયજો.
કોમળ છે કાયારે મારા કંથની, વણ સાંચ્યાં જેમ ફુલડીઆં કરમાયજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૮
અલગ ઘનછાગોરે માસ અષાડમાં, મોર બોલેને મેહ વરસે મુસલ ધારજો
કુચરાને કાદવરે મચીછે મેદની, પંખી માળા ઘાલે ઠારો ઠારજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૯
શ્રાવણમાં શીવ પૂજીને મુખ માગીએ, વાલાનો નવ થાજો કદી વિજોગજો
ઉમાયાના સ્વામીજી આપો એટલું, સાસુના જાયાનો નીત્ય સંજોગજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૧૦

ભાદરવો ભરજોબનનો ફરી નહી મળે,વહી જાશે જેમ નદીઓ કેરાં નીરજો.
જો એવારે દીવસ એળે નવ કહાડીએ,વાત વીચારી જુઓ નંદના વીરજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૧
આસોના દીવસ તો અતિ રળિઆમણા, ખાવું પીવું કરવા નવલા ખેલજો.
બેગા બેસી જમીએ રમીએ સોગટે, છાતીમાં ભીડી રાખું છેલજો.
એ મહિને નવ જઇએ પીયુ પરદેશમાં. ૧૨
માસ અધીકમાં અધીકપણે શું કીજીએ, રહો જોડીને નેણ સંધાથે નેણજો.
જેમ ન છુટે ખુટો કાચ ખીલરનો, દાસ દયાનો પ્રીતમ જાણુ પ્રવેણજો
એ મહિને નવ જઇએ પીયુ પરદેશમાં. ૧૩

તુળશીના મહીના.

ગરબો.

ધન ધન પાટણ ગામ.

ધન ધન તુલશીતારૂં ઉત્તમ નામ, સાંભળો ગુંણવંતાં.
અષાડે તુલશી રોપ રોપાવે, દેવ દામોદરને નિદ્રા ન આવે. સાંભળો
શ્રાવણે તુળશી દોદો પાને, હરખ્યા શ્રી નારાયણ તુલશીને નામે. સાંભળો
ભાદરવે તુળશી લેહેરેરે જાય, કંઠે સોવરાવે શ્રી જાદવરાય. સાંભળો
આસોએ આવ્યા તુલશી વળુદાં, દેવદામોદરે ખોળામાં લીધાં. સાંભળો
કારતકે તુળશી બાળ કુમારી, લગ્ન નીરધારી પરણ્યા મોરારી. સાંભળો
માગસરે માહાવટડે ઠરીએ, શીયાળે તુળશીને આંણાં કરીએ. સાંભળો
પોસ માસે પડયારે પોકાર, તુળશી વિના સુનોરે સંસાર. સાંભળો
મહા મહીને સુધ બુધ ન ભુલે, તુળશી વિના ત્રીભોવન ડુલે, સાંભળો
ફાગણે ફાગ ખેલેરે ગોવિંદા, પગરે પાવટડે હરિ લેવત ચંદા. સાંભળો
ચઇતરે ચંત કરે હીંદોળા, હીંચોળે હીંચો શ્રી કૃષ્ણ ગોરા, સાંભળો

વઈશાખે વનસ્પતિ મો'ડી, એોલેને ખોળે મેં રમત માંડી. સાંભળો
જેઠ માસે તુળશી કરમાયાં, સોળસે ગોપીઓ પાણીડાં ચાલ્યાં. સાંભળો
તુળશીને ક્યારે ઘીના દીવડા, હરિ હરિ કરતાં જાય એના જીવલડા. સાંભળો
હું તમને પુછું મારા તુળશી રે માતા, કોણ તારી માતા ને કોણ તારા પીતા સાં૦
ધરતી મારી માતા ને આભ મારો પીતા, દેવકી મારી સાસુ ને કૃષ્ણ મારો ભરથાર. સાં૦

ગરબો.

પાતળીયા પાલવ મેલોરે પાયે પડું છું,
છબીલા છેડો મેલોરે પાયે પડું છું. ૮૪.
વાલાજી માહારા વંદ્રાવન વણજે જાતા,
શીદ મને અડો છોરે પાયે પડું છું પાતળીયા. ૧
વાલાજી માહારા મહી ઝલકાશે માહારૂં,
નહીં સાંખે નંદને સારૂં રે પાયે પડું છું. પાતળીયા ૨
વાલાજી મારા કંસનું રાજ છે કુડું,
કોઈ જઈને કહેશેરે પાયે પડું છું. પાતળીયા. ૩
વાલાજી માહારા કામ ઘણું ઘેર માહારે
શું રોકો જુમનાં આરેરે પાયે પડું છું. પાતળીયા. ૪
વાલાજી માહારા લોક જાણે એનું લાહરૂં.
હમે સાસુ ની વહુ વારૂ રે પાયે પડું છું. પાતળીયા. ૫
વાહાલાએ મારા કંથને કપરા જાણો.
કાંઈ સત્ય દે પરમાણોરે પાયે પડું છું પાતળીયા ૬
વાહાલાજી માહારા સ્વામી રવીદાસના સોહાગી.
મને માયા તારી લાગીરે પાયે પડું છું. પાતળીયા. ૭

ગરબો.

[સાખીઓ અને શમશાઓ.]

ગોકુળીયે લેઇ ચાલ વાલા, ગોકુળથી વંદ્રાવન રુડું;
તે મુજને દેખાડ વાલા, થેઇ થેઇ રાસ રમાડ વાલા.
રાસ રમ્યાના કોડ વાલા, જે જે શ્રી રણછોડ વાલા,
સરસ્વતી માતને વીનવું, ગણપત લાગુ પાય,
અલબેલી આશા પુરજો. ગુણ શેવક તમારા ગાય,વાલા.
ગોકુળીએ લઈ ચાલ વાલા,
ત્રણ સુત રીફા તોડોગર, તાબરખ અસ્વાર,
માતા પીતા ભુષણતા, વેરી શાંમ જુહાર, વાલા.
ગોકુળીએ લઈ ચાલ વાલા. (ભગવાન)
ચંદન ભરી તલાવડી, મોતીડે બાંધી પાળ
અસુર્યા પાણી સંચર્યા, રાણી રાધા પાણીડાં હાર, વાલા
ગોકુળીએ લઈ ચાલ વાલા.
પથ્થર મટી થઈ પ્રેમદા, ભોજન કરતાં ગાય.
અડધું અંગ ફરે ફુંદડી, તેનું એઠુ સઉકો ખાય વાલા,
ગોકુળીએ લેઈ ચાલ વાલા. (ઘંટી)
ડુંગર ઉપર દેવડી સોની ઘડે સોનાર,
કાંન ઘડાવે વેળીયાં, રાણી રાધા ઘડાવે હાર, વાલા.
ગોકુળીએ લેઈ ચાલ વાલા.
પાંચ વેંતની પુતળી, મુખ લોહાના દંત
નારી સંગે નીત્ત રમે, ચતુર વિચારો ચીત્ત વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા. (સાંબેલું)
કુવાં ઢાંકણુ ઢાકણું, ખેતર ઢાકણુ વાડ,

બાપનું ઢાકણુ બેટડો, ઘરનું ઢાકણુ નાર વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા.
મુખમાં નાંખતાં મીઠી લાગશે, ચાવતાં તીખી થાય
લાકડા જેવું રૂપ છે તેનું; તેતો અકલથી સમજાય વાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા. [તજ]
લંક લપેટણુ શિત હરણુ હરણુ મહી લંકાપતી રાય,
જીસ કારણુ કૌરવ હણ્યા, તે મોકલાવો માહરા નાથ વાલા,
ગોકુળીએ લેઇ ચાલ વાલા. [ચીર]
દેખીને ધરણી ઢળે નવ રહે સુદ્ધ બુદ્ધ શરીર.
ધ્રુજતના થાય કાંકરા, એવી ચીજ શું છે માહરા વીર વાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા. [મોહ]
મગ મગ જેવડાં મોતીડાં, આડાં અવળાં વેહ,
જુવો માબાપનાં છોરૂઆ તમને આવડો શો સ્નેહ, વાલા.
ગોકુળીએ લેઇ ચાલ વાલા.
સોપારી જેવડું સારંગડું તલનો ત્રીજો ભાગ;
એ સારંગડે ત્રણુ રત્ન જડયાં, એક ધરતીને બીજું આભ વાલા
ગોકુળીએ લેઈ ચાલ વાલા. (આંખની કીકી)
ડુંગર ઉપર દેવડી ઉપર કળાયલ મોર
રાજા તારા મેહેલમાં મેં તો, દીઠું અંધારૂ. ઘોર વાલા
ગોકુળીયે લેઇ ચાલ વાલા, (દીવો.)
વેંત જેવડી દેરકડી ઢાલ જેવડું ફુલ,
કાચાં કમળ હજારે તેમાં પાકે થાયે મુલ વાલાં.
ગોકુળીયે લેઇ ચાલ વાલા. (કુંભારનો ચાક)
આભાતી ગાડાં જોતર્યા, મહી ભર્યું છે ક્ષીર,

પીયુજી હોય તો મુલવે, મારાં ફાટી ગયાં છે ચીર વાલા.
ગોકુળીયે લેઇ ચાલ વાલા.
નગરમાં નાગી ફરે વનમાં પેહેરે ચીર;
તે તો તમે લાવજો, મારી સગી નણંદના વીર વાલા
ગોકુળીયે લઈ ચાલ વાલા. (સોપારી)
રાણી બેઠી મેલમાં, કોયલા ચાવતી સાર.
તે ચીજ અમૂલ્ય ફળ છે, તે મોકલાવજો ભરથાર વાલા
ગોકુળીયે લેંઇ ચાલ વાલા, (જાંબુ)
ખંભાતી ગાડાં જોતર્યાં મહી ભર્યા છે દાંત,
પીયુજી હોય તો મુલવે મોરા તો ચુડાની ઘણી ખાંત વાલા,
ગોકુળીયે લેંઇ ચાલ વાલા. (દાડમ.)
ગાય વિહાણી ગાંદરે, વાછરડુ વાડા માંહીં,
દોનારી ઝુલે પારણે, તેનાં છોરૂડાં લશ્કર માંહી વાલા.
ગોકુળીયે લેઇ ચાલ વાલા. (બંદુક)
આંબલી થડ ચીકણી, ટુંકાં ટુંકાં પાન.
પીઉજી બેઠા સભામાં, તેને કેમ કરી કરૂ સાન વાલા;
ગોકુળીયે લેઈ ચાલ વાલા.
નારી મટી નર થયો, થુરા પેહેલો થાય,
આઠ માસ રખુ ભોગવી, પછી નારી થઇ જેર જાય વાલા;
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (ગોકુણનો ગોળો)
પાટણ દીવો પ્રગટયો, મેશ પડી મેવાડ.
આંજનારી આબુગઢ વસે, એનો છેલ વસે ગુજરાત વાલા,
ગોકુળીયે લેઇ ચાલ વાલા.
પડી પણ ભાગી નહિ કડકા થયા બે ચાર,

વગર પાંખે ઉડી ગઇ તેનો ચતુર કરોને વિચાર વાલા.
ગોકુળીયે લેઈ ચાલ વાલા. (રાત)
આંબો વાવ્યો દક્ષિણ દેશમાં, ઉગ્યો અમદાવાદ.
ફાલ્યો ફુલ્યો માળવે વેચાયો ઝાલાવાડ. વાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા.
આઠ કડકે નર નીપજ્યો, દો નારી નર ચાર
તેમાં બે નપુશક વશે. મેં તો તજ્યો ભરથાર વાલા,
ગોકુળીયે લેઇ ચાલ વાલા (પલંગ)
તનનાં કરૂં ત્રાજવાં, મનનો કરૂં બજાર,
હઈયાની કરૂં હાટડી હુ તો વણજ કરૂં વેપાર વાલા.
ગોકુળીયે લેઈ ચાલ વાલા,
નારીને તો નર ઘણાં, ઝાજા સાથે પ્રીત,
નારી પહેલો નર મરે તે તો કેના કુળની રીત વાલા,
ગોકુળીયે લેઇ ચાલ વાલા,
જળમા પેશી ઘર કરે, ને ઝાઝા જળમાં નહાય.
માથું વાઢે મરે નહિ એનો ખાલ ખેંચે જીવ જાય વાલા
ગોળીએ લઇ ચાલ વાલા. (ડાંગર)
આંબે ટેંબે મોરીયો કોણ સોંપુ રખવાળ.
પેલો પાડોશી પાતળો માહારો પરણ્યો નહાનું બાળ વાલા.
ગોકુળીયે ચાલ વાલા.
બાપે જનમા બેટડી બેટડીએ જનમ્યો બાપ.
ચતુર નર શમસ્યા કહો એતો બેટી ભલી કે બાપ વાલા
ગોકુળીયે લેઇ ચાલ વાલા. (આંબલી)
ઉંચી ગોરી ઉજળી જળ ભરાવાને જાય,

કાંટો વાગ્યો પ્રેમનો એ તો ઉભી ઝોલા ખાય વાલા.
ગોકુળીયે લેઈ ચાલ વાલા.
હસ્તી ચઢણ રઢરંગણ વેશા વલ્લભ જેણ,
પીઉ પધારો તેને હાટડે મોકલાવો તેવું તેણ વાલા,
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (સીંદુર)
આંગણે વાવું એલચી, સંચાવું નાગરવેલ;
પરણ્યો હોય તો પાળજે નીકર મહિયર વળાવી મેલ વાલા.
ગોકુળીએ લેઈ ચાલ વાલા,
ત્રણ મૂખ તેરે પગ, સાંભળ ચતુર સુજાણ.
નર ઉપર નારી ચઢે, પછી થઇ છે તાણાતાણ વાલા
ગોકુળીએ લેઈ ચાલ વાલા, (દુઝણું)
દરીએ મોતી નીપજે, નહિ મોતીનું મુલ,
ભાગ્યો દાણો નહિ મળે, એક મોરીને બીજુ મન વાલા.
ગોકુળીએ લેઇ ચાલ વાલા.
સાઠ સતીનો સ્વામિ એક, એવા ત્રીસ પ્રમાણ,
કરજો ભેગા બાર તે, મળવા તુનને ચતુર સુજાણ વાલા.
ગોકુળીએ લઈ ચાલ વ્હાલા. (વરસ)
નર સુંદર સોહામણો, પરણ્યો નાગી સાથ,
જુગને નર નારી બન્યો, એતાં સતિ પતિનો હાથ વાલા.
ગોકુળીએ લઈ ચાલ વાલા. [ખીચડી]
નવીન નવીન નર આવીઆ, નહી ખાંપણ કે ખોડ,
છાપી પુર્યા મંદિરે, નામ કહેજો અરે કાઢી તોડ વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા [પુસ્તક]
ચાલી ન્હાવા ગોપીઓ, મળી સોળ સંગાથ,

દેખી નટવર નર થઈ, જીતી ચાર ચક્ર, ભરી બાથ વાલા.
ગોકુળીએ લઈ ચાલ વાલા [ઇંદ્રય વૃત્તિ]
જગમાં રહે છે કુંવરી, સુંદર જેનું રૂપ,
બાપ પુત્રી પછી નીપજયો, વાત શુણી મે અનુપ વાલા.
ગોકુળીએ લઈ ચાલ વાલા. (ચરમાવૃત્તિ)
વાલમ વાતો શુણીને, ધરૂં હૃદયે હું સાર,
સદ્ગુણ સંપતિ ખીલતી, માન વધતુ જગમોઝાર વાલા.
ગોકુળીએ લઈ ચાલ વાલા.
નીતિ નારી ધર્મ છે, ધરીએ રૂડીપેર,
જનિ મૃત્યુને તોડતાં, થાતી જગમાં લીલાલ્હેર વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા.

દાંણલીલા.

રાધા—તમે અજાણ્યા અમે જાણીએરે;
મારો પાલવડો નવ તાણીએરે;
તમે સમજી રહો મન માહરે.
શ્યામળીયા વહાલા રહો વેગળારે, તમે વહાલા રહો.
શ્રીકૃષ્ણ—નારી શુરે સમજાવે મુજનેરે
હું તો નહિરે જાવા દઉ તુજનેરે
તારી મરડીને રાખીશ બાંહરે
મહીયારી રાધા દો દાણ શુંરે, તમે રાધા દો.
રાધા—અલ્યા બાંહ શું મરડે વીઠલારે,
મેં તે તુજ સખા ઘણા દીઠલારે
કપરૂ છે કંસનું રાજરે. શામળીઆ.

શ્રીકૃષ્ણ—નારી કંસથકી શું થાય છેરે,
એવા કંઈ આવે ને કંઈ જાયછેરે,
તારા ઉતારીશ હારરે, મહીયારી.
રાધા—અલ્યા હાર હૈયાનો તુટશેરે
મારી મહીની મટુકી ફુટશેરે
ઘેર સાસુડી દેશે ગાળરે, સામળીઆ.
શ્રીકૃષ્ણ—નારી ગાળને આળ તે નહીં ચડેરે,
જેહેનું લેહેણું હોય તે તો લડેરે
એમાં દાંણુ મેલ્યાં કેમ જાયરે મહીયારી.
રાધા—અલ્યા દાંણી તે કંઈનો કાવીઓરે
મથુરાંમાંથી ગોકુળ આવીઓરે
ચારી નંદ તણે ઘેર ગાયરે સામળીયા.
શ્રીકૃષ્ણ—નારી ગાય ચાર્યામાં શી લાજછેરે
એતો પોત પોતાનું કાજછેરે
તેહેના મ્હેણલીયાં નવ હોયરે મહીયારી.
રાધા—અલ્યા મે'ણાં માણસને લાગે ઘણાંરે
સુણો વઢતાં હોય જ્યાં બે જણાંરે
તુને નિરલજને નહિ લાજરે સામળીઆ.
શ્રીકૃષ્ણ—નારી લાજે તે કાજ નવ સરેરે
અહીં આ બીક તે તું કોની ધરેરે,
આવ મળીએ આપણ જણ બેયરે મહીયારી.
રાધા—એવું નિરલજ માં બોલો સ્યામળારે
તારા કરના ઉતારીશ આંમળારે
મુકો મુકોને હમારો હાથરે. સામળીયા.

શ્રીકૃષ્ણ--નારી હાથ ન મેહેલું તાહરોરે
અહિંઆ અમલ છે માહરોરે
માટે દાંણના રોકડા મેલરે. મહીયારી.
રાધા--અલ્યા નંદ બાવાનો તું છોકરોરે,
તારી પાસે નથી પૈસો રોકડોરે
આવડો કેમ મચ્છર હોયરે સામળીઆ.
શ્રીકૃષ્ણ--નારી ભ્રખુ ભાણની તું છોકરીરે
તારી પાસે નથી પૈ રોકડીરે
આવડું કેમ અભિમાન હોયરે, મહીયારી.
રાધા--હું તો વિનતિ કરૂંછું ક્યારનીરે
સ્વામી રૂઘનાથ હારી તમથકીરે,
મહીનું તે દાણના હોયરે, સામળીયા.

દાંણલીલા.

ગરબી.

ગોપી--અલ્યા કાનજી તું ક્યારે ઘેલો થયો જો.
તું તો શેનું માગે છે દાણજો,
મહીની મટુકી મારી ફુટશેજો
ગોરસની થાશે હાંણજો, ઘેલું શું બોલે ગોવાળીઆજો.
અલ્યા ન જાણીશ કોઇ બાપડીજો
કોઇ મળશે માથાકેરી નારજો
મારગ મુકીને રહેને વેગળોજો
મારા કંસને થાશે જાણજો. ઘેલું શું બોલે.
કૃષ્ણ--તારો કંસ કુબુદ્ધી નર શું કરેજો

મારી સંગે છે સઘળો સાથજો
અલી દાહાડી તે દાણ ચોરી જતી જો
ઘણે દહાડે આવી મારે હાથજો, ઓછી તું જાત આહિરનીજો.
ગોપી—અલ્યા હાથની તે હોંસ રખે રાખતો જો
હાથે ચારી જાણે છે ગાયજો
પાલવ મુકીને રહે વેગળોજો.
મારી વ્રીજમાં થાશે જાણજો. ઘેલું શું બોલે. ૪
કૃષ્ણ—અલી વ્રિજમાં વશીને વેર વાળશું જો,
રખે રાખતી હેયામાં હામજો
નંદજીના નામ પ્રતાપથી જો
હું તો છેદુ તારા કંસનો હામજો. ઓછી તું. ૫
ગોપી--અલ્યા કંસે કર્યું તે કેમ વિસરેજો,
બાહ્ય હણ્યા પોતાની ત્યાંયજો,
નાશીને છુટયો લાડકાજો
આવી ઉછર્યો છે વ્રીજ માંયજો, ઘેલું શું બોલે. ૬
કૃષ્ણ—વળી વ્રીજમાં વશીને વેર વાળશું જો,
તું તો જોજે હમારાં કામજો.
અવનીનો ભાર ઉતારવાજો,
ધર્યું નંદકુંવર ઘેર નામજો. ઓછીતું. ૭
ગોપી--અલ્યા સાચું કહેતામાં દુઃખ લાગશેજો
પેટ માટે ચારેછે ગાયજો
તું આવડોરે મોટે એમાં થયોજો
તુને કોઇયે ન આપી કન્યાયજો, ઘેલું શું બોલે. ૮
કૃષ્ણ--અલી આહીરની કન્યા એમાં શુ કરૂં જો

અમો સાસ કહેવાયાબ્રહ્મચારીજો
રમે પડછાઓ પાડતીજો
તું તો ધાબળાની ઓઢનારીજો ઓઢી તું. ૯

ગોપી--અલ્યા લાખ ટકાની મારી રોબડીજો
હીરા જડીત્ર મારો છે હારજો
આછી પટોલી મારે પેર જો
તું તો કામળીનો ઓઢનારજો ઘેલું શું બોલે. ૧૦

કૃષ્ણ--જેનો બ્રહ્માએ તાંણો તાંણીઓંજો
એનો શંકર સરીખો વણનારજો,
તેરે ઓઢણુ મારે કાંમળોજો.
તેનો શેષ ન પામે પારજો, ઓઢીતું. ૧૧

ગોપી--અલ્યા શેષ સરખું તન તાહરૂંજો,
હમો ચંપકવરણી નારજો,
અલ્યા કાચા કનકને વેર વકર્યુંજો,
તું તો પશુતણો પીડનારજો. ઘેલું શું બોલે. ૧૨

કૃષ્ણ--તું તો શાને નિસરી મહી વેચવાજો
અલી બેસી રહેજે ઘરમાંયજો
દોલત ઘણી છે તારા બાપને જો,
શું શાને આવે અહિં આંયજો ઓઢી તું. ૧૩

ગોપી--આ વાટે સદા મહી વેચતાંજો,
જઇ પુછો જશોદા માયજો
બાંધી મુઠી સવા લાખનીજો
ઉઘાડીએ તો પત જાયજો. શું બોલે. ૧૪

કૃષ્ણ--અલી ઘણી ઇચ્છાછે મહી ચાખવાજો

મીઠી મેળવણીનો સ્વાદજો
શીકું પડશે તો પાછું આપશું જો,
તું શાને કરે વિવાદજો. ઓછી તું ૧૫
ગોપી--અલ્યા ગોરસતણું કોણ ગજુ જો,
જેટલુ પીએ અટલુ પાત જો
વચને વેર વાધ્યું ઘણું જો
કદી મન મેળાવો થાતજો, ઘેલું શું બોલે. ૧૬
કૃષ્ણ--એમ દાંણને ગજેશું દુભીએ જો.
તું તો ઘણી દીસે છે રીસાળ જો
હસીને તાજો લે હાથમાંજો
તું પ્રીત ધરીને રસ આપ્યજો, ઓછીતું બોલે. ૧૭
ગોપી--અલ્યા માગ્યાં મુકતાફળ પામીએ જો,
હઠ કરે કાંઈ નહિ એકજો
લાજ નહિ તુંને લાડકાજો
મન આણુને કંઇ વિવેકજો. ઘેલું શું બોલે. ૧૮
કૃષ્ણ-- અલી વિવેક ઘણો છે મન માહારાજો,
જવા નહિ દેવું નિરધારજો
આપ્યા વિના કેમ છુટશો જો
તારા મનશું તું વિચાર જો. ઓછીતું ૧૯
ગોપી--તારા મનનો વિચાર મેં જાણીયોજો
હઠ શાંને કરોછો આંય જો
મનમાં મન મળી ગયું જો,
જેમ સાકર ભેળી દુધ માંયજો, ઘેલું શું બોલે, ૨૦
કૃષ્ણે---મીઠાં વચન તારાં માનુનીજો

સાકર સરખા બોલજો,
પ્રીતનો બંધ્યો તુજ પાસછું જો,
આ આપ્યુ તમાને કોલ જો. ઓછી તુ ૨૧
ગોપી--શઠ ભાંગીને રસ વાધ્યોજો.
ગોવાલણી લાગી પાય જો,
નંદજીના કુંવર કૃપાળનેજો
ઉલટ તો અંગે ન માયજો, ઘેલુ. શું બોલે. ૨૨
જે કોઈ ગાઇ ગાય શીખેન સાંભળોજો
તે કરી ન આવે ગરભ વાસજો
દાણ લીલા દીના નાથનીજો
ગુણ ગાય રતનીઓ દાસજો. ઘેલુ શું બોલે. ૨૩

શ્રી પ્રભુને -હ્રદયમાં આવવા વિજ્ઞપ્તિ.

[પંથી પરદેશી ચિત્ત સોંપી હું આ આ. લી રાગ.]

વેલા વેલા વળજો -હ્રદયે મારા સ્વા.........મી
સૌ સાધકને શીખ દેજો અંતરના.........મી — વેલા૦
પ્રીતમ પ્રભુ શ્રી નરહરિ, સાધકવૃંદ શિરતાજ
શુભતમ પૂર્ણીમાસમે પુંજે વિધવિધ સાજ
કરી કરૂણા, દૃષ્ટિ ફેંકો એ બહુ ના...મી વેલા૦
પ્રગટાવ્યું લીલાતનું કરવા વિશ્વોદ્ધાર
શ્રેયસ્સાધક સદ્ગુરૂ, જયજય શ્રી કીરતાર
તારૂં ભકતો વિધવિધ પેરે હે ગુણ ગા...મી વેલા૦
યાજ્ઞિક કુળમાં અવતરી, પ્રગટાવ્યો છે દેહ
નિજ ભકતો છોડાવવા, જન્મ મરણના વેહ

આવી હૃદય કમળમાં વસજો હે સુખ ધા...મી વેલા૰
જયશ્રી મહેશ્વર નરહરિ, જયશ્રી ઉપેંદ્રાચાર્ય
જયશ્રી સુરેશ્વર ભારતિ, સુખ દધિ પારાવાર્થ
કરજો યોગેન્દ્ર આપ સ્વરૂપે અંતે વદા...મી વેલા૰

જીભને શિક્ષા.

ગરબી.

" રીસાયાં રસીક સંગાથે સધા ", એ રાગ.

જીભલડી રામ તણું નામ દેને, લેવાય તો લાહવ્ર જીવનનો લેને, ટેક.
નફ્ટ તું પર નિંદામાં પડે છે. સુજનની સાથ સદા તું લડે છે.
વઢાડી વેર વધારે ફરે છે. સરવના છીદ્ર પ્રકાશ કરે તું.
કથન તો સાવ્ર કુડાં કાં કથેતુ, રૂખી સાવ લવરી બધાથી બકેતુ,
ધરમ નો સત્ય મરમ તું ઉછેદે. વ્રચનથી વેદ તણો અર્થ ભેદે,
કુશીલ તારૂં અંગ ભર્યું વેર વેધે. રસના તો સત્ય કહું છું એને.
વિમળ જે વાણી ઉચરતી પ્રેમે. સમાવે ત્રાપ ત્રીવિધના તેને.
જીવ્હા જે રામ તણું નામ લેશે; અવર સહુ તંત બધા તજી દેશે.
જયાનાથ તણું પદ લેશે.

(સૌંદર્ય.)

અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશેરે;
ખરે જેમ પીંપળ ઉપર પાન, પલકમાં ખરી જશેરે;
પલકમાં ખરી જશેરે—માટીમાં મળી જશેરે—અરે૰
ઘડી જીવતરમાં ઘડી એક સુખની નાઆ.........રે નથી
મુઢ મમતમાં તોયે મરતા આ આ............રે મથી.
પામર નર નાદાન.......................અરે શું૰

કાયા કલેવર કારમું, છે ગંદકીનો ગાડવો;
સમજુ જને સમજી જઇ અભિમાનને વણસાડવો.
અભિમાન ફણિધરને નહિં દુધ પાઇને પેધાડવો;
રાવણ સરીખે માનથી લીધો નથી કંઇ લાડવો—અરે૦

(વીણાવેલી.)

૬૦

ગરબો.

રાગ. હરિભજન વિના--એરાગ.

હે ભકત જનો, ચાલો સદ્દગુરૂ શરણે જઇ સુખ પામીએ;
સદ્દ બોધ ગ્રહી, જન્મ મરણ દેહદ્રષ્ટિ ભ્રમ દુઃખ વામીએ. ટેક
ગુરૂ કૃપા વડે દ્વિજ દેહ મળ્યો, પશુ પંખી જડનો સ્હેજ ટળ્યો,
મુકિતનો મારગ ભલે મળ્યો. હે ભકત જનો૦ ૧
સંસાર ત્રિવિધ તાપે બળતાં, અહંકાર મમત કિચમાં કુળતાં
મદ મોટ પ્રપંચ છોળે છળતાં. હે ભકત જનો૦ ૨
અજ્ઞાન તિમિર ભ્રમ અપાર ધર્યાં, પાપ કુકર્મનો ભંડાર ભર્યાં,
નરદેહ ગુરૂ સધબોધે તર્યાં. હે ભકત જનો૦ ૩
જો જન્મ જન્મ ભકિત કરતાં, મન અધર્મ અન્યાયે ડરતા,
સદ્દબોધ સાગરે નિત્ય તરતાં, હે ભકત જનો૦ ૪
ભકતોની લાજ વિચારીને, પ્રભુ સંત સ્વરૂપને ધારીને,
બોધ દેતા બુદ્ધિ વધારીને, હે ભકત જનો૦ ૫
ગુરૂ બોધે કામ ક્રોધે ત્રાસે છે, ગુરૂ બોધે અજ્ઞાન વિનાશે છે,
ગુરૂ બોધે સ્વાનંદ વિલાસે છે. હે ભકત જનો૦ ૬
ગુરૂ ચરણે રેવા ને કાશી, ટળે જન્મ મર્ણ રૂપ ચોરાશી,
ગુરૂ શરણે મુકિત થઇ દાસી. હે ભકત જનો૦ ૭

ગુરૂ મુખ કણનો મણ આપે છે, ગુરૂ દર્શન દરિદ્ર કાપે છે;
ગુરૂ રટણ અટણ ઉંથાપે છે. હે ભકત જનો૦ ૮
ગુરૂ અમૃતફળ મુકિત દાતા, ગુરૂ જ્ઞાન અવિચલ પદ દાતા;
ગુરૂ અપાર સુખ શાન્તિ દાતા. હે ભકત જનો૦ ૯
ગુરૂ ગણેશ જ્ઞાન મતિ દાતા—ગુરૂ ગણેશ બુદ્ધિ પતિ વિખ્યાતા.
ગુરૂ ગણેશ વિધિ હરિહર ગાતા. હે ભકત જનો૦ ૧૦
સંસાર સમુદ્ર મૃગજલ ભરીયું, ગુરૂ નાવે ભકત મંડળ તરીયું.
નુગરાનું કારજ ના સરીયું. હે ભકત જનો૦ ૧૧
પુરણાનંદ ગુરૂ ગુરૂ મુખ ગાતાં, લાગે ન લાજ ચરણો ન્હાતાં,
આનંદ અમૃત રસ ઉભરાતાં. હે ભકત જનો૦ ૧૨

—:o:—

ગરબો.

પુનમચાંદનીનો રાગ.

ભાવે ભકિત કરજો સૌજન ભોળાનાથનીરે.
પ્રિતે મુકિત આપે શંકર દીનાનાથ.
એવા શિવશંકરને સેવો સૌ ઊમંગથીરે.
આધાનાદિ શંકર સર્વ દેવાના દેવતારે.
જેનો નિશદિન બ્રહ્મા વિષ્ણુ જપે છે જાપ. એવા [ટેક]

સાખી.

ત્રિભુવન વ્યાપિક શિવ છે, સર્વે જગતના નાથ,
અર્ધાંગે ઉમીયા રહે, નિશદિન જેની સાથ,
વિશ્વ વ્યાપિક રહ્યા છે, ભોળા સિવજીરે
ભકિત કરવાને ચાહું છું આણી વાહાલ. એવા. ૧

સાખી.

પંચાક્ષર જપવા થકી સુખી રહે છે તન,
શંકરના પૂજન થકી, ખુશી રહે છે મન.
પૂજા કીધી હરિએ સહસ્ત્ર કમલ લઇ પ્રેમથીરે,
મેહેર કરીને આપ્યુ ચક્ર અનુપમ સાર એવા. ૨

સાખી.

તપ કરતા ઋષિ સહુ, જપતા શિવનું નામ,
પ્રસન થઇ શિવ તેમને, આપે અવિચલ ધામ,
ભક્તા ધિન શિવશંકર ભકતોની વાહારે ચડેરે.
ભક્તિ જાણી આપે મુકિત કેરા વાસ. એવ.. ૩

સાખી.

અનેક ભકતો તારીયા, સેવાથી બહુ વાર,
ગુણ ગણતા હું શું કરૂં, કહેતાં નાવે પાર.
સેવે કાર્ય કર્યાં છે દેવોનાં પ્રિતે કરીરે,
છે દ્રષ્ટાંતો સર્વે શિવપુરાણે સાર. એવા. ૪

સાખી.

કૈલાશ કેરાં દ્વારમા, આનંદ અતિષે થાય;
સર્વે દેવ ભેગા થઇ, ગુણ શંકરના ગાય.
ગુણ શ્રવણ કર્યા પ્રિતે મેં શિવ પુરાણથીરે,
જેથી શરણાંગત થાવાની રાખું આશ. એવા. ૫

સાખી.

સર્વેશ્વર શંકર વિભુ, સહાય થાઓ આ વાર,
સહુ સંકટો ટાળીને, ઊતારો ભવપાર.
પાર ઊતારી ટાળો અનેક જન્મનાં કર્મનેરે,

જેથી ટળે ભવાબ્ધી કેરો શ્રી હરતાપ. એવ.- ૬

સાખી.

શિવ શિવ મુખથી જપો, છોડી માયા જાળ;
મોટા પદાર્થ પામશો, શંકર લે સંભાળ.
સેવક શોમેશ્વર કરજોડી શિવને વિનવેરે,
મુજને આ સંસારે તારો છે આધાર,
એવા શિવ શંકરને સેવો સૌ ઉમંગથીરે. ૭

(મનો રંજક શિવ શકિત પ્રાર્થના માળા;)

ગરબો.

પુનમચાંદનીનો--રાગ.

સેવો જગદંબાને સહુજન એક ચિત્તથી રે,
ભાગે ભવના સકટ અંબિકાજી માત;
પ્રીતે દર્શન કરવા જઇએ અબે માતનુંરે,
આરાસુરમાં દેવી અંબીકાનું ધામ છેરે,
દુર દેશાવરના જાત્રાળુ ત્યાં જાય. પ્રીતે

સાખી.

બીરાજ્યાં મા મંદીરે, સજી સોળ શણગાર.
કર કંકણુ ચુડી ચમક, ચંદ્ર તેજ ચમકાર,
હીરા રત્નથી જડીત્ર ઉરહાર છે રે,
મોતી ગુચ્છ લળ કે છે બાજુંબંધ. પ્રીતે.

સાખી.

શિરપર મુકટ જડાવનો હીરા હપચી ગાલ.
પહેર્યા ઝાંઝર પ્રીતથી ઝણુણુણ કરે ઝણકાર,
આજી સિંહ ઉપર અસ્વાર થાય છે પ્રીતથીરે;

કરમાં ત્રિશુળ ભાલા ખપ્પર શોભે સાર. પ્રીતે.

સાખી.

અંબોડા ફુલે જડયા શિર સેંથે હીંગુળ,
કીધા કુંમ કુંમ ચાંદલા મુકતા માળા ઉર;
આરસ પારસ જડેલો ચાચર ચોક છેરે,
તેમાં હેતે ગરબા ગાતાં નરને નાર. પ્રીતે.

સાખી.

ત્રિકાલ દર્શન થાય છે જુદી રીતથી સાર,
દર્શનથી સંકટ ટળે જગદંબા દરબાર;
માના મંદીરે ત્યાં નૃત્ય થાય છે અતિ ઘણુંરે,
માંહી ઘંટાના રણકાર થાય બહુ પેર. પ્રીતે.

સાખી.

જર કશી સાડી પેહેરીને બીરાજ્યાં મંદીર માંહ્ય;
મણિ માણેક હીરા તણા દાગીના ઉર ત્યાંહ્ય;
એવાં સુશોભિત દેખાય અંબા માવડીરે,
દિશે માનવ જનના મનમાં જેવા ભાવ. પ્રીતે.

સાખી.

ગબ્બર પર્વત ઉપર ચડેથી સંકટ જાય,
કોટેશ્વર પૂજનથકી પ્રાયશ્ચિત પ્રલય થાય;
ત્યાંતો વેલીઓ ફુલી છે વિધવિધ ભાતનીરે,
તેતો આપે કેવી સુંદીર સુગંધ. પ્રીતે.

સાખી.

માના સરોવર સ્નાનથી [illegible] [illegible] દુર,
માજીને [illegible] [illegible] [illegible] રહે છે દુર;

જ્ઞાન વાવ્યનું પાણી તે પાતળ છેરે,
ટકોર ખાનું સારૂં વાગે ત્યાં ત્રિકાળ. પ્રીતે.

સાખી.

ધર્મ શાળાઓ છે ઘણી જાત્રાળુ રહે તમામ.
ત્રિશૂળ ત્રણ ઉભા કર્યાં માજીકેરે ધામ,
નાગર નુત્ય કરે છે ભાદરવામાં અતિ ઘણારે;
પંચ રાત્રી ભવાઇ ઘણા હર્ષથી થાય. પ્રીતે.

સાખી.

ગરબી સુણી માજી તણી સહુના મનમાં પ્રીત,
વધ્યો હર્ષ મનમાં ઘણો કહુછું રાખી ચિત્ત.
સેવક શોમેશ્વર વર્ણન કરે ઉલટથીરે;
તેને વાંચો સહુજન એક ચીતે નરનાર. પ્રીતે.

સાખી.

ગાય શીખે ને સાંભળે ગરબી સુંદર સાર,
સંકટ કાપે માવડી ઊતારે ભવપાર.
કર ઝાલી માજી સુખ આપશે અતી ઘણુંરે,
માટે ચિત્ત રાખીને ભક્તિ કરો અપાર. પ્રીતે.

(મનો રંજક શિવ શક્તિ પ્રાર્થના માળા.)

ગરબો.

(સારૂં સારૂં રે સુરત શહેર મુંબાઇ અસભેલી એરાગ.)

ચાલો ચાલોરે જઇએ આજ, દરશન કરવાને,
અંબા અસભેલી માત, સંકટ હરવાને. ટેક
જેરન જડિત સિંહાસન માંહી, જગદંબા બિરાજેરે,

ચાર ભુજ આયુદ્ધ ધરે છે, અસુર હણવા કાજે. દરશન કરવાને.
આરા સુરમાં અંબા બીરાજે, પાવાગઢ માહાકાળીરે,
દક્ષિણમાં તુળજા ભવાની, ચુંવાળ બહુચર બાળીરે. દરશન કરવાને
દેવીઓ સર્વ ટોળે મળીને, ગરબા ચાચર ગાયરે,
ગાન તાન રંગ રેલજ થાય, સહુ જન જોવા જાય. દરશન કરવાને.
ત્રણ સ્વરૂપ નિત્ય નિત્ય ધરે, દરશન આપે શાક્ષતરે.
દેવ સહુકો ભકિત કરેછે, સરવે જગત પ્રખ્યાત. દરશન કરવાને.
માજીની જે ભકિત કરે છે, તે જન સુખીયો થાયરે,
ભવ સાગરથી પાર તરીને, દરિદ્ર સઘળાં જાય. દરશન કરવાને.
ગરબી સુંદર માજી કેરી, ગાય શીખે નર નારરે;
સાહ્ય થાય અંબાજી પોતે, સહુના સરજનહારઃ દરશન કરવાને.
કરજોડી શોમેશ્વર કહેછે, ચરણે નમાવી શીરરે,
સંકટ વેળા સાહ્યજ થાજો, દેજો શુભ આશીશ. દરશન કરવાને.

(મનો રંજક શિવ શકિત પ્રાર્થના માળા.)

ઉમિયાજીનાં દેવળનું વર્ણન.

રાગ ગરબો.

ઉમિયા આરાધું જગમાય, સરસ્વતિ સેવીનેરે લોલ;
સૌકો ભાવ ધરીને ગાય, ઉજ્જા પુરી દેવીનેરે લોલ.
માનું ઉગમણું છે દ્વાર કે, ફરતો ચોક છેરે લોલ;
માનું દેવળ શિખર બંધ કે, નકશી નોકછેરે લોલ.
માના ઘુંમટમાં ગો લોક કે, નજરે નીરખુંરે લોલ;
વચમાં લોહ તણી છે જાળી કે, જોવા સરખુંરે લોલ.
ભાવિક ભક્ત કર્યો તે કામ કે, પ્રેમની પ્રિતથારે લોલ;

ફરતી પથરની છે કમાન કે, જોજો ચિત્તથીરે લોલ.
માનો આરસનો પરથાર કે, અંદર ચોકીયોરે લોલ;
વચમાં લટકાવ્યો છે ઘંટ કે, વગાડે શોખીઓરે લોલ.
હાંડીઓ લટકાવી તે હાર કે, ઝમરૂખ શોભતુરે લોલ;
જોડે તકતા દીસે સાર કે દેખી મન થોભતુંરે લોલ;
દીઠું ભોંયરૂં ત્યાં વિશાળ કે, પરથારે સહીરે લોલ;
જાળીયાં દીસે ઝાક ઝમાળ કે, ગણપત બેઠાં જહીંરે લોલ.
ભોંયરૂં દીસે ભભકા બંધ, પથરની છાટછેરે લોલ;
દેખી મન થયું રળિયાત, હીંચોળા ખાટછેરે લોલ.
કીધાં ચિત્ર ત્યહાં વિધવિધ કે, માના બારણેરે લોલ;
બેઠા ગણપતિ ભૈરવ દેવકે, રક્ષણ કારણેરે લોલ.
માના પરથારે છે પાટકે, મારૂં જાવા ધસેરે લોલ;
નીરખી શોભા અપરંપાર કે, તનડું તાઢું થશેરે લોલ
ધનધન શિયાજી માહારાજ, વડોદરા અધિપતિરે લોલ;
સામી ભીંતે લખીયે લેખ, જણાય છે શુભમતિરે લોલ.
મંદિર ફરતા ચારે પાસ કે, ઓટલા પથરતણારે લોલ;
રસ્તા ત્રણે દિશાએ ત્રણ કે, તેમાં નહિં મણારે લોલ.
પૂરવ ઉત્તર પશ્ચિમ ત્રણ કે, દરવાજા દિસેરે લોલ;
ફરતો કોટ ઝઝુંમે જ્યાંય કે, દેખી મન વસેરે લોલ.
પૂરવ દરવાજે છે બાગ કે, ખુશબો મસમસરે લોલ,
જોડે માન સરોવર સાર કે, ન્હાતાં પાપ જશેરે લોલ.
ઉત્તર દિશાના દરવાજે, ઉનાપુર શોભતુંરે લોલ;
પશ્ચિમ દરવાજે વિશાળ કે, સ્ટેશન ઓપતુંરે લોલ.
ફરતું ધાબું ભભકાદાર, ગગન દીપાવતુંરે લોલ,

વાગે ચોઘડીયાં ત્રિકાળકે, મંદિર ગાજતુંરે લોલ
માનો ગરબો જે કોઇ ગાય, શીખે કે સાંભળેરે લોલ;
તેની ભાવટ ભાગે માત કે, દુઃખડાં સહુ બળેરે લોલ.

ગરબો.

અલબેલીરે ઉમામાત, દરશન કરજોરે,
માનો જોવા સરીખો ઠાઠ, ઉપવન ફુગજોરે,
ખુશીથીફરીએ,દુઃખ ડાંહરીએ,માનાંવખાણકરીએરે;
ઉમિયામાનાં દરશન કરતાં, ભવજળપાર ઉતરીએ. દરશન૦
અંજનીસુતને ગણપતિ શોભે, બહુચરાબાળ ધારીરે.
શિવ સરીખા સમરથ સાથે, નંદીની અસ્વારી. દરશન૦
નારશિંગો વીર ભૈરવ ભારી, વસ્યા વસંત સીધરે;
ઉમિયાજીનાં દરશંન કરતાં, પામેછે નવનિધ. દરશન૦
પાંચ ગાઉપર તીરથ મોટું, રૂદ્રમાળ કૈલાશરે;
સરસ્વતિમાં સ્નાનજ કરતા, પાપ થશે સૌ નાશ. દરશન૦
અષ્ટદેવનાં દરશન કરતાં, કામજ સરવે થાયરે,
ઉમિયાજીનું નામજ લેતાં, સંકટ સરવે જાય. દરશન૦
મ માયાનુ સમરણ કરતાં, પરલોકે સુખ થાયરે;
મન સ્થિર રાખી ભગવતિ શેવતાં, ભવની ભાવઠજાય. દરશન૦

ગરબો.

(રાગ દેશી ફેર.)

પારે આવ્યો ઉજ્વપુરવાળી, શેવકને લેજો સંભાળી,

* ડીપ--એ નામના તપસ્વી સાધુની સમાધ

અરજકરું ઉમિયાજી બાળી; પારે આવ્યો ઉન્જાપુર વાળી.
મંગળે મા' સુખ મા આપો, સદા મને ભકત કરી થાપો;
સંકટ મારાં સરવે તમે કાપો; પારે આવ્યો ઉન્જાપુરવાળી.
બુધે તો બધે રહ્યાં વ્યાપી, બુદ્ધિ આપો કુમતિ મા કાપી,
હૈયેમાજી શેવકને ચાંપી; પારે આવ્યો ઉન્જાપુરવાળી.
ગુરૂએ ગુણ ગાઉં તારા, તેતો તને લાગે સૌ પ્યારા,
વસો મા હૈયે તમે મારા; પારે આવ્યો ઉન્જાપુરવાળી.
શુકરે સૌકો ફરે ફરતા, મનતણું દુઃખો સદા હરતા,
માજી તણાં ગુણનું ગાયન કરતા;પારે આવ્યો ઉન્જાપુરવાળી.
શનિએ શેવક ત્યાં જઇએ, માના માનસરોવરે નહિએ,
અરજી માજી ઉમાને કહીએ; પારે આવ્યો ઉન્જાપુરવાળા.
રવિએ રૂદિયા વિષે ધારી, આપો સંપ જ્ઞાતિએ ભારી,
કાપો મ. કુસંપ દુઃખકારી; પારે આવ્યો ઉન્જાપુરવાળી.
સોમે તો સફળ કરો કાજ, કણબીની સઘળે વધે લાજ,
એવી મે'ર માજી કર્ગ આજ, પારે આવ્યો ઉન્નપુરવાળી.
સાતે વારો સુણશે કે ગાશે, તેનાં સૌ પાપ પ્રલ્લે થાશે,
આત્મારાંમ* વૈકુંઠ તે જાશે, પારે આવ્યો ઉન્જાપુરવાળી.

ગરબો.

[મા પાલા ગઢથી ઉતર્યા મા'કાળી રે, એ રાગ,]

આળસ દુર કરિ આ અંગથી, સુણ બેનીરે;
જવું નિશાળે ઉમંગથી, સુણ બેનીરે;
તેડું કદી નાજ કરાવીએ. સુણ બેન રે;
જાતાં જરિ રોષ ન લાવીયે, સુણ બેનીરે. ૨

* જીવ.

ગુરૂ ખીજે તે ના ડીજીયે, સુણ બેનીરે;
વે'લા જઇ આશીશ લીજીયે, સુણ બેનીરે. ૩
લખવાપર લક્ષજ દીજીયે, સુણ બેનીરે;
કરિ પાઠ પોતાનો રીઝીયે, સુણ બેનીરે. ૪
ચોપડીઓપર મન માંડિયે, સુણ બેનીરે;
ડાઘો કુધી ના પાડીયે; સુણ બેનીરે. ૫
જુઠું મુખથી નવ ભાખીયે, સુણ બેનીરે;
ભણવાની હોંસજ રાખીયે, સુણ બેનીરે. ૬
સૌ સાથે સંપી ચાલીયે, સુણ બેનીરે;
લઢવાડનું મોં'ડુ બાળીયે, સુણ બેનીરે. ૭
રસ્તે વાંકુ ના ભાળીયે, સુણ બેનીરે;
સિધો રસ્તો નિત ઝાલીયે, સુણ બેનીરે. ૮

(કાવ્ય કુસુમ.)

ગરબો.

મારૂ સોનાનું છે બેડું રે છેલ છબીલા છોગાળા—એ રાગ.

સમજુ થાવા આ મહીમાંરે, ભાવ ધરી ભણજો બેનો;
એનો છે મોટો મહીમાંરે, ભાવ ધરી ભણજો બેનો. ૧
એમાં છે શોભા સારીરે, ભાવ ધરી ભણજો બેનો;
કીરતી વધશેજ તમારીરે, ભાવ ધરી ભણજો બેનો. ૨
આળસથી દુર રહીનેરે, ભાવ ધરી ભણજો બેનો;
સંકટ શિર લાખ સહીનેરે. ભાવ ધરી ભણજો બેનો. ૩
ભણતરથી સુખિયાં થાશોરે. ભાવ ધરી ભણજો બેનો;
સુભિયલમાં મુખ્ય ગણાશોરે, ભાવ ધરી ભણજો બેનો.

નથિ વિદ્યા જેવી તેવીરે, ભાવ ધરી ભણજો એનો;
દોલત દેનારી દેવીરે, ભાવ ધરી ભણજો એનો. ૫
દુખ સમયે થાશે સાથીરે, ભાવ ધરી ભણજો એનો;
જોઇતું જડશે એમાંથીરે, ભાવ ધરી ભણજો એનો. ૬
મમતાથી મનને મોડીરે, ભાવ ધરી ભણજો એનો;
ના દેશો એને છોડીરે, ભાવ ધરી ભણજો એનો ૭
નિજ ગુરૂની આજ્ઞા પાળીરે, ભાવ ધરી ભણજો એનો;
ના દેશો એને છોડીરે, ભાવ ધરી ભણજો એનો. ૮
નિજ ગુરૂની આજ્ઞા પાળીરે, ભાવ ધરી ભણજો એનો;
જરિ વખત ન ખોશો ખાલીરે, ભાવ ધરી ભણજો એનો. ૯
વધશે તમ ભવમાં ભૂષણરે, ભાવ ધરી ભણજો એનો;
નથિ એ સમ ભારી ભૂષણરે, ભાવ ધરી ભણજો એનો. ૯
આ હિત વચન ઉર ધારીરે, ભાવ ધરી ભણજો એનો;
છે વિદ્યાની બલિહારીરે, ભાવ ધરી ભણજો એનો. ૧૦

(કાવ્ય કુસુમ.)

ગરબો.

રામ લક્ષમણ વનમાં સિધાવતાં, એ રાગ.

સારૂં સુખ ચહોતો સંસારમાં, અહી નિતીનો પંથ સદાય;—
પતિવ્રત પાળજો ૧
આનો ધર્મ શું છે તે વિચારવા, તમે ભુલ ન કરશો કદાય;
પતિવ્રત પાળજો. ૨
નીજ કૂળને કલંક ન લાવશો, ઘણું જાળવીને જગમાંય;
પતિવ્રત પાળજો. ૩
જપ તપથી અધિક ફળ એહમાં, એમાં સંશય ન મળે જરાય

પતિવ્રત પાળજો. ૪
કદી લાખ મળે નીચ કામમાં, પણ તેને ગણી મન રાખ;
પતિવ્રત પાળજો. ૫
દુરીજનથી સદા દુર નાસજો, તેનો ધરશો નહી અભિલાખ;
પતિવ્રત પાળજો. ૬
દુખ આવી પડે શીર દોહલું, હારી હૃયેથી તજશો ન હામ;
પતિવ્રત પાળજો. ૭
મન ચંચળને રોકી રાખજો, એને ચસવા ન દેશો નામ;
પતિવ્રત પાળજો. ૮
સૌમાં સરસ શિયળ વૃત એક છે, જાણ્યા વિનાએ અન્ય વૃથાય.
પતીવૃત પાળજો. ૯
જ્યારે શિયળ નહી સચવાયતો, ત્યારે ધિક્ક ધરણીમાં જન્મ ગણાય.
પતીવૃત પાળજો. ૧૦
સતી મંડળને સંભારજો, તેની ગૃહણ કરીને સુચાલ,
પતીવૃત પાળજો. ૧૧
જગ કર્તાની પ્રીતિ પામશો, સત્ય વદે છે ચીમનલાલ;
પતીવૃત પાળજો. ૧૨

(કાવ્ય કુસુમ.)

દયા વિશે.

ગરબી.

અહા કોપ થયો તે કળી કાળમાં જો. એ રાગ.

સખી દીલમાં દયા હમેશ રાખીયે જો, ટેક.
હોય દુષ્ટતા તે દુર કરી નાખીયે જો. સખી૦

દયા એજ આ ધરામાં ધર્મ ળછે જો;
એથી વિશ્વનો પતિજ પ્રતિકૂળ છે જો. સખી૦ ૧
જેના દીલમા દયા નહી તે દાનવી જો;
માનવી૧ નહી એ સત્ય વાત માનવી૨ જો. સખી૦ ૨
દીનને વિલોકી દાઝ ઉર ધારીયે જો;
મળે જેહ તેહ આપી તેને ઠારીયે જો; સખી૦ ૩
પરોપકારમાં વિશેષ રહ્યું પુન્ય છે જો,
એ વિના જરૂર જાણ સર્વ શુન્ય છે જો. સખી૦ ૪
દયાથીજ સુખ સ્વર્ગનું પમાય છે જો.
દયા વિહીન જીવ નર્ક વિષે જાય છે જો. સખી૦ ૫
દયા દાન આપવામાં લક્ષ દીજીયે જો,
કોને દુઃખ થાય એ કદી ન કીજીયે જો. સખી૦ ૬
દયાવાનથીજ લેશ પાપ ના બને જો,
તેથી આટલું કથીને હું કહું તને જો. સખી૦ ૭
ભણી ગણીને બની જુમાં ભલી ભામની જો.
પણ દીલમાં દયા વિના કામની જો. સખી૦ ૮

(કાવ્ય કુસુમ.)

સંકટ સમયે ધૈર્યતા રાખવી.

ગરબો.

સરખા દીન કદી ના જાય, સાંભળ સાજનીરે,
મોટો કર્મ તણો મહિમાય, સાંભળ સાજનીરે. ૧
કદિ વધિવિધ પામે ભોગ, સાંભળ સાજનીરે,

૧ મનુષ્ય. ૨ જાણવી.

કદિ આ વપુમાં વ્યાપે રોગ, સાંભળ સાજનીરે, ૨
આપર આવે સૌ શીર, સાંભળ સાજનીરે;
તે સમયે રાખવિ મન ધીર, સાંભળ સાજનીરે. ૩
મોટા રામ સરીખા રાય, સાંભળ સાજનીરે,
ભટકયા ચૌદ વરસ વનમાંય, સાંભળ સાજનીરે. ૪
નળ દમયંતી બેઉ નરનાર, સાંભળ સાજનીરે;
સંકટ શિરપર સહ્યાં હજાર, સાંભળ સાજનીરે. ૫
ચોમાસે નદિયો ભરપુર, સાંભળ સાજનીરે,
તેનુ ઘટે ઉનાળે નુર, સાંભળ સાજનીરે. ૬
હોય ભલે રાજા કે રંક, સાંભળ સાજનીરે,
પણ ના મટે વિધિના અંક, સાંભળ સાજનીરે. ૭
સુખ દુખની જગમાં છે જોડ, સાંભળ સાજનીરે,
તેમાં ખચિત મળે નહી ખોડ, સાંભળ સાજનીરે. ૮
સુખ જોઈ હરખાવું નહી લેશ, સાંભળ સાજનીરે,
દુખ દેખી કરવો નહિ કલેશ, સાંભળ સાજનીરે. ૯
વાંચી કરશે જેહ વિચાર, સાંભળ સાજનીરે,
તે થાશે સુખી નિરાધાર, સાંભળ સાનીરે. ૧૦

(કાવ્ય કુસુમ.)

—:૦:—

સ્વદેશીને વીનંતી.

ગરબો.

(અંબા જોમાની આડીરે, નિરખું મોરી માડી, એ રાગ,)

માની શિખામણ મારીરે, વિરા ચાલો વિચારી. ટેક.
દેશનો વેશ ગયો બદલાઇ, છેક દશા થૈ નઠારીરે. વિરા૦ ૧

દુઃખનાં ઝાડ ઉગ્યા અતિ માથે, ભોગવો છો લાચારીરે, વિરા૦ ૨
લક્ષ્મી રિસાઈ ગઈ દુર દેશે, ભારી બન્યા ભિખારીરે. વિરા૦ ૩
સુખનો સુરજ અસ્ત થઇને, રાત પડી અંધારીરે. વિરા૦ ૪
ભોળા બનીને ભમો નહી સુમાં. વેળા નથીએ તમારીરે. વિરા૦ ૫
આંખ ઉઘાડી જુવો જરી જાતે. બચવાની એક ન બ્હારીરે. વિરા૦ ૬
ચીમનલાલ કહે દીલ દાઝી, જોઈ હકીકત સારીરે, વિરા૦ ૭
(કાવ્ય કુસુમ)

ગરબો.

તિલડી કોની સગે જાગ્યા, એ રાગે.

સ્વદેશી સંપ સજીને ચાલો.
મુકી ઘો કરવો તમે દંભ ઠાલો. ટેક.
વિના સંપ દેશ થયો ધુળધાણી.
રહી એકે પૈસાની પણ ના કમાણી.
ગયું ઉતરી છેક મુખનું પાણી. સ્વદેશી. ૧
કુસંપ કીધેથી પડયા પરવશમાં;
જેથી દિન કાઢો તમે બહુ વશમાં,
તોયે તમે લેષ રહ્યા નહી વસમાં સ્વદેશી, ૨
જુવો કેવો સંપ વિલાયતીમાં છે,
સઉ વાતે સુખી તે જાતીમાં છે,
વળી આજે પુરા તે વિખ્યાતીમાં છે. સ્વદેશી. ૩
વિનાસંપ લક્ષ્મી ગઇ દુર દેશે;
તેથી થઇ આર્ય ભૂમિ રંક વેશે,
રહ્યું કષ્ટ ભોગવવાનું હમેશે. સ્વદેશી. ૪

કદી દીન કલેશ કરીને ન કાઢો;
સ્વદેશનું સારૂ થવા મન માંડો,
જુદાઇ જરા કોઇથી ન દેખાડો. સ્વદેશી. ૫
સત્તા અને શક્તિ જતી રહિ તમારી;
નિવૃતીયે જુવો વિર મન ધારી.
કહે સત્ય ચીમનલાલ વિચારી. સ્વદેશી. ૬

[કાવ્ય કુસુમ)

ગરબો.

ઓધવજી સંદેશો કહેજો સ્યામને (એ રાગ)

એવો રે દીવસ તે કયારે આવશે,
ભુલી જઇશ હુ સઘળો આ સંસારજો;
ચીત વૃત્તિ જો ચોટી રહે ચીદાત્મમાં,
અળગા થાએ સર્વ વિષય વિકારજો:
એવો રે દીવસ તે કયારે આવશે, (૧)
માત પ્રમાણે દેખીશ સઘળી માનુની,
કાચ પ્રમાણે જાણીશ ધાતુ સર્વ જો;
પોતાવત હું પેખીસ સઘળા પ્રાણીને,
મોહ તણો તો ટાળી નાંખીશ ગર્વજો;
એવોરે દીવસ તે કયારે આવશે. (૨)
છોળોરે આનંદની ઉરમાં આવશે.
ધોવાશે મનમેલ બધા નીરધારજો;
વિષયો વીરટાવત મુજને લાગશે.
અંધબને છે જેમાં નરને નાર જો;

એવો રે દીવસ તે ક્યારે આવશે. (૩)
ખાન પાનમાં મઝા ન મુજને લાગશે;
મમતાનું તે તુટી જાશે મુગજો,
સગા સબંધી વિસારે પડશે વળી;
લખ ચોરાશી થઇ જશે નીર મુગજો,
એવો રે દીવસ તે ક્યારે આવશે. (૪)
તદ્દાકાર વૃતી જો રહેશે સર્વદા;
દ્વૈત તણો નીશ્ચે થાશે નાસ જો,
સયમમા વૃતિ લય પામે માહરી,
ઉપાધીનો અળગો થાશે પાસજો,
એવો રે દીવસ તે ક્યારે આવશે, (૫)
રાતને દીવસ તો જ્યાં પડતાં નથી;
જરા જન્મ મૃત્યુ નો જયાં નહી વાસજો
નીશ્ચય સુખ ભોગવશુ નથું ત્યાં જઇ;
જ્યા છે કેવળ ચૈતન્યને વિનાસજો,
એવો રે દીવસ ક્યારે આવશે. (૬)

ગરબો.

સાખી મરાઠી ચાલની.

એ આપણા બૈરાના ગીતોમાં સારૂં દીપશે.

એક છોકરી પોતાની સૈયરને કહે છે,

આવશે આવશે મુજ ઘર જમવા, સાચે સાચૂ કહેની;
તુજ વિન મ્હારો જીવ નહિ ગોઠે, સાચું કહુ છું બહેની;
આંજ વરસ નવમું મુંને બેસે, શાણી સમજી લેની;

આજ આપણે દિવસ દિવાળી, આવી આશીષ દેની
તુજનેં મ્હોટી બ્હેન ગણુંછું, એથી શું ઝાઝું કહેવું;
તુજથી ન્હાની હું છઉં બ્હેના. આમંત્રણ માની લેવું.
અવર નથી કો મ્હારે સૈયર, તુજ વીનાતો બ્હાલું;
ત્હારૂં બોલવું મુજ માતાને, લાગે છે અતી વહાલું.
પીતાજી મ્હારા તે પણ કહે છે, સરસ્વતિને બોલાવો;
લ્હમો બન્યો બાળા મળિને આજે; જમી રમી લેજો લ્હાવો.
ત્હારે કાજે મુજ માતાયે, ચણા પલાળ્યા કાચા;
તુજને ગમતા તે તો મેવા, આણ્યા પકવાન કાચા.
પુરણપોળી વડાં કચોરી, સામગ્રી કીધી ભારી;
ક્ષીર પુરી નાગર સૌ રંગિન, જોજે નામાદારી.
ફીણી જલેબી ઘેબર ખાજાં, ગઈ કાલે કરી મુકયાં છે;
ઘેબરને વાગો ફુલોનો, વરક રૂહોડી ખડકયાં છે.
ગુલાબ જળ પણ છાંટયું છે મ્હસ, તુજને ગમતી વાત;
કસાર સુરતી ખસખસ દાણા રવા તણો પ્રખ્યાત.
બાસુદી બરફી પણ રૂડી, સુરત તણી મુજ માત;
તે તુજને છાનું નથી બહેની, છે મોસાળની વાત.
ચારોળીના લાડુ પેંડા, માવા કેરી ધારી;
મસાલો નરદમ ત્હેમાં છે, કહું છું વારી વારી.
ફરસીપુરી દહીંથરાં સેવો, દહિંવડું દહિં મોળું
કઢી કરી છે વાટ છાસની, સાકમાં આવ્યું ન કહોળું.
કારેલાંનાં ખલવાં ભજીઆં, મેથી રતાળુ કેરાં;
વેગણનાં પણ ખલવાં બાઈ, અછતે તોય ઘણેરાં,
દુધી ચણાની દાળ બે બેમાં, તળ્યા ચણા મગ વટાણા;

સણુંગ દાળ પણ છુટી કીધી, વધાર વુધાર સમાણા.
પાપડી પણ વાડી નીવેલીથી, થોડી તોપણ આણી;
રાયતા દ્રાક્ષ સુરણ કુદનાનાં, કહું શું ઝાઝું વખાણી.
પાપડ પાપડીને કાચલીથો, કોઠીમડાં નીકાની;
તળ્યા રૂપાળાં ખુબ રસાળાં, મઝા પડે ખાવાની.
અથાંણા પણ વીધ વીધ છે કહુ, ભાવતી મેથીયાકેરી:
રાઇતિ બોર ગોળિયા કેરી, કેરાં કાકડ બોળકેરી.
ફુલ મોગરાનાં રૂપાળાં, બગોમાંથી આણ્યાં;
ગજરા કરશું આપણ હાથે, તુંને નથી તે અજાણ્યાં
જમી રમી ગાડીએ બેસી, ફરવા જાશું બાગે;
જઇને ન્હાશી ન્હાઇને આવો, કેમકે સુનું સુનું લાગે.
(સૈ)આજે મન આનંદ્યુ મ્હારૂં વિવેક તું હવે શીખી;
ત્હારી મુજને ફીકર હતી રખે, સૈયર નાંખે પીખી.
જા હું આવું જઇને મસ્ત કર, માતની પ્હોંચે આશ;
દીકરી દીવો ઘણું ઘણું જીવો, આવશે વિશ્વાસ.
એ આશીશ માની લઈ મ્હોટો, મ્હારો પણ એ આજ;
માતે પિતાના સંતોષે કરિ, કુસંગ કહે કવિરાજ.
દલપતરામ કહે ભણી સૈયર, કરો આમ સંવાદ;
વીનયથી વાણિ કોમળ વદતાં, દીપે વાદ વિવાદ,

ગરબો.

છોકરીને માનો બોધ.

સુરજ ઉગ્યોરે કુકડીઆની કુણુસે કે, બ્હાણેલાં ભલે વાયારે. એ ચાલે,
ઉઠ ઉઠનીરે બ્હેની અજવાળાં આવ્યાં કે, બ્હાણેલાં જોવાનીયાંરે—ટેક.

અરૂણોદયથીરે રંગાયું આ દીસે કે, વ્હાણેલાં.
તીતર કૂકડારે કાક્રા વાણી મીશે કે, વ્હાણેલાં.
કાબર ચકલીરે કબુતર પણ બોલે કે, વ્હાણેલાં.
પોપટ મેનારે મોર ટહુકે મન ખોલે કે, વ્હાણેલાં.
બુલબુલ કોયલરે મધુરાસ્વર ખેંચે કે, વ્હાણેલાં.
જનનો ગોઘાટરે ઉત્સાહ ભર્યો ટેકે કે, વ્હાણેવાં.
સુરજ તેજેરે ચકચકતો ઉગે આવે કે, વ્હાણેલાં.
તે તો જોઇ રે પ્રભુનાં ગુણ ગાવા ભાવે કે, વ્હાણેલાં.
ચ:કારેરે ફરતાં સુરજે તેજાળાં કે, વ્હાણેલાં.
મન્ડપ વેલીયેરે ફુલ્યાં ફુલડાં રૂપાળાં કે, વ્હાણેલાં.
દાતણ પાણીરે કરી પરવારી લેવું કે, વ્હાણેલાં,
પ્રાત:કાળેરે બાળા ભણવે મન કરવું કે, વ્હાણેલાં.
અધરા શબ્દોરે ઝટઝટ ચઢે ચઢ તે પ્હોરકે, વ્હાણેલાં.
અર્થો ગોખ્યેરે ગુણ અધ કો તુ હોર કે, વ્હાણેલાં.
વિદ્યા ભણવેરે દલપત કહે છે રૂપાળું કે, વ્હાણેલાં.
સોડસકલથીરે થાશે કુળમાં અજવાળું કે, વ્હાણેલાં.

ગરબો.

જનોઇ દઇ રહ્યા પછી બડવો દોડાવે છે તે વેળાનું.
ફરીયે કૃષ્ણ ઉપાસના. એ ચાલે પણ જરા ફેર છે.
દરશણ દુર્લભરે રૂપી રાજનું—ટેક.
કમળ કુંપળ સમ કુમળું મુખ હસતું જોઇને,
કુમળા અધરો દેખું બે લાલ,

ભ્રકુટી વાંકી નેં વાંકી પાઘડી,
ગુલ્લાલા રંગે તકતકતા ગાલ. દરશણ.
ઉછંકળતો મદનારે જોરથી,
છાતિ નીકળતી રહેતી જ્યમ ઢાલ;
જોતાં મન હરખે છે માયેરં,
કમન્ડળ કળમાં દીપતું શુભ લાલ, દરશણ.
પહેર્યું પીતામ્બર પીળું કસબી કોરનું,
ગાંસડિયે બાંધ્યો ભગવો રૂમાલ;
ગાંસડિ જેષ્ઠીકા શું બંધન કરી,
અંગવસ્ત્ર અરૂણ રંગી દુશાલ દરશણ.
કંઠે મુકતાફળ માળામાં મણિ ઝળકતું,
પ્હોંચે પ્હોંચી વીંટી આગળીયે રહોય,
વીંટીનું માણેક આજે એકલું.
પાછે મ્હોડે લળી લળી જોય, દરશણ.
ઉપવીત અંગે કેસરીયા રંગી ઓપતું,
પોથી બાંધી બગલમા જોઉં,
કહું જતન કરજે પુત્ર તું જાતનું,
મૂજમન તુજ વિન કહાં જઇને પ્રોઉં દરશણ.
એ રૂપે જાતો દેખું હું જનો દેખતાં,
નેં કહેવો જેમુંને થાયે અતીકાળ;
મિહડાં લેતાં હરષ અશ્રૂ ખરે,
વળતિ વદું હું લેજો સંભાળ દરશણ.
દલપત ચાલ્યો ભણુવા જન જોઇ રહ્યાં,
જન મન્ડળ કહે બડવા કહાં જાય;

ભડવો બોલ્યો ભણુવા ભણી આવશું,
રૂશેશ્વર થાવા થાવું થાય દરશણુ દુર્લભ થયું રે રૂષીરાજનું

—————

ગરબો.

વર તોરણે આવે છે ત્યારે વરનાં તરફનાં બૈરાંઓને ગાવાનું.

ત્હારે તોરણે કોડીલો આવીયો, સૌ સજન સંગાથે;
ધન્યઘડી દીન આંજનો, મોડ મુકોનિ માથે.
આવો આવો વ્હેવાણો વ્હેલાંરે, કાંઇએક વિચારો;
પ્હોંકી કરી લ્યો પોતીકો, એ પ્રપંચ તમારો.
ઓથાળ લાવ્યાં વરની સાળકરે, બૈરાં લોલોતાળાં;
શૃંગાર સજિયા સોળ છે, પણ વિસર્યા છો વાળી.
નાંમણુ દિવે પુરૂં ધી નથી, જોતાં અમો ભડ બાળું;
ક્યાં છે તમારાં સાસુજી, દેવા રહ્યાં હશે તાળું.
આશા તમારા ઢંગ છે, અતડાં કયમ રહો છો;
આવડીવાર ક્યાં લાગીરે, ખોટીશુ કરો છો.
કે ઉજાગરા થયા બહુ હશે, સુતાં છે કે બેઠાં;
ઓ દીઠાં ઓ દીઠાંરે કહાડતાં દીસે એઠાં.
સાસુ તમારાંને જૈ કહો. મોડ બાંધીને આવે;
આશું કજેતી તમારી રે, લાડીલાને ન ફાવે.
ભોળાં ભવાની સરીખડાં, પણ નાં ભોળ વાગ્યે;
ચાર આને રાખો મજુરમેં, નહી ગાંસડી જાયે.
આજે દિલ દરિયા સમું, વઢ રાણોની જાઇ;
આજ ભીડાવો એ હાથથી, કાલે કરો કંજુસાઇ.
ટોજું થઇ આવ્યાં હમો, તમે કહાડજું બોપાળું;

બોલ બોલી નથી જાણતાં, એથી શું રૂપાળું.
મોડ ન હોયે મોતીનો, સાદો હોય તે ઘાલ્યો;
તે કરતાં નહી હોયેતો; છે બીજો તમે આલ્યો.
એમ ઉઘાડે માથે શું લેડારે, એખલડાં શું આવ્યાં;
પાંચ બૈરાં જોઇયે આવવાં, વેવણાં શું શું લાવ્યાં.
એમ તોરણીયે શું તપાવવાં, જાઓ જાઓ જે આવે;
જોતાં નથી સાસુ તમતણા, વ્હેલાં કેહેવાં આવે.
આવ્યાં આવ્યાં વ્હેવાણુઓ, ગીત ગાતા રસાળાં;
સાથ છે સબળો ત્હેમનો, બૈરાં છે ઠસ્સાળા.
સમર્થ છે વ્હેવાઇતો, આજે રંગ જમ્યો છે;
આવ્યાં વ્હેવાણુ લો થાળને, ઉભરૈતો સમ્યો છે.
દલપતરામનાં ગીતથી, રોષ કોઈ ન આણો;
બે હસવાના બોલ છે, બાકી નીતિનાણો.

ગીત.

હસ્ત મેળાપક થતાં બૈરાને ગાવાનું.

હસ્ત મેળાપક જો થયારે બેનો, હર્ખે કટુંબ સજન;
આનંદ આનંદ પ્રાક્ષિ મ્હારે, દીપાવ્યું રે સદન્ન.
હસ્ત—ટેક
બ્રાહ્મણ ભણતા ઉમંગ લાવી, સરસા સરસી બહુ થાય;-
તે જોતા પણુ સૌની હસી, ઘડિ વાગ્યાપર જાય. હસ્ત.
ઘડી વાગીને અન્તર ટળીયો, જોતી સભા શુભ રીત;
છત્રીજ વાજાં વાગીયાં રે, માણુંની ગાયે ગીત. હસ્ત
બંદી જન પણુ આ ઉભા જોઉં, ભાટ ચારણુ યશ ગાય;

વ્હેવાઇ વ્હેવાઇ યોગ્યતા જોઇ, દાન આપી હરખાય. હસ્ત
ભાગ્યવાનછો કહે અન્યો અન્ય શોભા શ્રી ફળ અપાય;
ઊઠી ઊભા થઇ ઘટીત રીતે, કીધા નમીને વીદાય. હસ્ત
કુંવર મ્હારો કુળનો દીપક, તેમ કુળ ભુષણ બાળ;
કુળવંતીને ગુણવંતી ભણવે, તેમ ઉંચું છે મોસાળ. હસ્ત
લૈકીક કહાંણી થાય નહી પ્રથમે, મેળવ્યાં બન્યોયે મન્ન;
નવીનતા આ પૂર્વની રીતો. ચાલવેથે હું પ્રસન્ન. હસ્ત
વ્હેવાઇ વ્હેવાઇ ધન્ય છે તમને; પુત્રિ આપી પુત્ર લીધ;
પણ ન પુલ્લાસો મન્નમાં રે, એ થે હમારી રીધ્ધ. હસ્ત
માન આપ્યા જોગા તમે થયાં, આજ માત્ર પુજનીક સ્થંભ;
એ થકી અધીકું કોણછે રે, પુત્રિ આપી કીધો આરંભ. હસ્ત
વિનય વચન દલપતે કવ્યાં કહું, જયજય જગમાં થાય;
અમર રહો આશીષ એજ છે, તમો દઇ કરોની વીદાય. હસ્ત

———:o:———

ગીત.

પરણ્યા પછીનો ઉત્સાહ.

મંગળ મંગળ વાંચીયે, પરણી કોડીલાં ઉઠયાં;
જય જય શબ્દે વધાવીલ્યોરે, આજે પરબ્રહ્મ ત્રુઠયા.
ઝગ ઝગ દીવાની જોતઆ, કે કે લાલી દેખાયે;
શુભ સુકન એને હું લહું રે, રંગી રંગ સભાયે.
ચતુરાચપલ નેને બાળતીરે, આજ મલ્યો મનમાન્યો;
જોડિ કોડીલી ભલી મળિરે, રંગી રંગજ જામ્યો.
અન્યો અન્ય પ્રસન હવાંરે, કાંઇ ચિતડાં ચોરાયાં;
હોય અભણને અભાગીયાંરે, ત્હેના ચિતડાં કોરાયાં:

જુંવો જુવો પેલી વીટીંતો, કોહિલા કેરી હાથે;
આંગળિયે વળગી બેજણારે, ચાલતાં દીસે સાથે.
મન્ડપમાં ફરતાં દીસે છેરે, ઝ્હેને આંમ બોલાવો;
મુગ્તાફળેથી વધાવીયેરે. ફરિ લેવાય ન લ્હાવો.
સજન સહોદર સૌ મલ્યાંરે, આજ દિવસ દિવાલી;
મિઠ્ઠાં મોઢાં કરો સહુરે, બુંડિ કહેતી યો ટાળી.
સજોડે નમ્વાં માત તાતને રે, ફોઇ આદે વડાંને;
દલપતરામ આશીષ લે, બેહુ અમર થવાનેં.

ગરબો.

રઘુપતી રામ રૂદેહમાં રહેજોરે—એ રાગ.

હરિ કહે સાંભળો મુજ તાતરે, તમો કહોછો શકભરી વાત; હરિ. ટેક.
જ્યાં સુરપતી નવ પૂજાયરે, ત્યાં જળની વૃષ્ટિ નવ થાયરે;
ત્યારે કરતા હશે શો ઉપાય, હરી કહે૦
એવાં વચન સાભળ્યાં છે જયારેરે, નંદે ઉત્તર નવ દીધો ત્યારેરે;
વારે વારે તો મનમાં વીચારે. હરી કહે૦
કહે છે બાળક છો અતિ નાનારે, દેવકારજ શું જાણો કહાનારે;
પુચકારીને કહ્યું રહો છાના.
જાઓ સદનમાં તમે તો બાળરે, સુખ રહો પલંગમાં ગોપાળરે;
હું પણ આવું કહે છગનલાલ હરિ૦

ગરબો.

ચાંદલિયો ઉગ્યોરે સખી મારા ચોકમાં—એ રાગ.

હરિ હઠયા મનમાં અતિ હરખાઇને, જઇને બેઠા વૃદ્ધ ગોપની પાસજો.

શાણા થઇને વાત તેને સમજાવ ।।, સ્વપ્નતણો થયો મુને આભાસજો. હરિ૦ ૧
અલૌકિક પુરૂષ મુજ નજરે પડયો, અતિ સુંદીરમે ભુજ હતા ચારજો;
નેહ કરીને નજરે મેં નિહાળીયો, અંગે તેણે સજ્યા શુભ શણગારજો. હરિ૦ ૨
તેણે મુજને વાત કહી વિવેકથી, ઇંદ્રપૂજા કરવાથી શું ફળ થાયજો;
હું એક દેવ બતાવું રૂડી રીતથી, ગિરી ગોવર્દ્ધન પ્રત્યક્ષ દેખાવજો. હરિ૦ ૩
ઇંદ્રતણી સામગ્રી તેને અર્પતાં વ્રજ ઉપર રાજી ઘણેરો થાવજો;
મુખડે માગી લેશે તમ પાસથી સર્વે દેખતાં પકવાન સર્વે ખાયજો. હરિ૦ ૪
પ્રગટ રૂપ દેખાડે સર્વે ગોપને, ચારે પદાર્થ કેરો છે દાતારજો;
અન્ન ધન કેરી તો શી ગણતરી, મુખ માગ્યું ફળ આપે અણેડારજો. હરિ૦ ૫
એવો દેવ રહે છે આપણા રાજમાં વૃથા સુરપતિ પુજો કરીને પ્રેમજો;
કોટિ ઇંદ્રને ક્ષણમાં તે મારી શકે, ક્ષણમાં કરવા સમર્થ કુશળ પ્રેમજો. હરિ૦ ૬
ગોવર્દ્ધન સમ દેવ બીજો કો નથી, તેની પુજા કરવા ચિત્તમાં ધરજોજો;
તે આગળ ઇંદ્રનું કંઇ ચાલે નહિ, ઇંદ્રથી લેશ માત્ર નવ ડરજોજો. હરિ૦ ૭
વાત સુણી ગોપ સકળ વિસ્મે થયા, આજ સુધી સુણ્યો નહિ કોઇ દેવજો;
આપણા દેખતાં ભોજન પોતે કરે, છગન કહે કરવી તેની સેવજો. હરિ૦ ૮

ગરબો.

આંદલીઓ ઉગ્યોરે સખી મારા ચોકમાં—એ રાગ.

પુજવાને ચાલ્યારે સૌ ગીરીરાજને, ઘેર ઘેરથી લીધો સુંદીર થાક જો;
મેવાને મીઠાઇરે વિવિધ ભાતના, દુધ દહીં ષટરસ વ્યંજન શાકજો. પુજ૦
કોઇએ તો કાવડો લાધીરે ખાધમાં, કોઇએ શકટ ભરી લીધું તે વારજો;
આવીને ઉભારે નંદજીને આંગણે, ત્યાં પણ ગાડાં ભર્યા હતાં હજારજો, પુજ૦
નંદમહેર અગ્રેસર થઇ ચાલીયા, બળીદાઉને ચાલ્યા ગોપ ગોવાળજો
વસ્ત્રાભુષણ પહેર્યાં વિવિધ ભાતનાં, કુમકુમ કેસર તીલક કીધાં ભાલજો. પુજ૦

વાજીંત્રો વાજેરે અનેક પ્રકારનાં, ગોપીજન મળીને મંડળ ગાયજો;
શ્યામરામ શણુગારી આગળ કર્યા, સખાવૃંદતે આગળ લઇને જાયજો પુજ૦
કોટી કામ જોઇને લજીત થાય છે, મદનમોહન બન્યા શ્રીવ્રજનાથજો;
ગીરી પૂજા કરવા ઉમંગ અતીઘણો,ચાલ્યાછે કંઇ નંદ મહેરની સાથજો. પુજ.
જશોદાજી રોહીણુરે આદે ગોપીકા, સજી શણુગાર ગીરી પુજવા જાયજો;
કોકીલા સબ્દેરે અતી આનંદથી,મધુરે રાગે મંગળ ગીતતો ગાયજો. પુજ૦
બ્રરશાણેથી વૃષભાનું તો આવીયા, તેણે સૌ વિધી સહીત કરી તૈયારીજો
કીરતીજી આદેરે બીજી ગોપીઓ, શ્રીરાધાજી ભ્રખુભાન દુલારીજો, પુજ૦
સોળ સહસ્ર સખીઓ શોભે સંગમાં લલીતાદિક ને બીજી ગોપદુલારીજો
નવ સપ્ત સાજ સજી ચાલી સુંદરી,છગન કહે હરિની છે અતી પ્યારીજો
પુજ૦

ગરબો.

રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે=એ રાગ.

હરિ કહે સાંભળો વ્રજવાસીરે, ગીરીરાજના બનો ઉપાસી. હરિ૦
તમો મનમાં ખટકના લાવોરે, દીન વચન ગીરીને સંભળાવોરે;
નેત્ર મીચીને ધ્યાન તો લગાવો. હરિ૦
સર્વે હરિનું કહ્યું માની લીધુંરે. ગીરીરાજનું આરાધન કીધુંરે.
તેથી સર્વતણું કારજ સીધ્યું હરિ૦
ત્યારે પ્રગટ્યા ગોવરધન નાથરે, ત્યાંતો સહસ્ર બનાવ્યા હાથરે;
ઘન્ય પુરૂષ શ્રૂલિને છે માથ હરિ૦
મોર મુગટ વૈજયંતી માળરે, બંક ભૃગુટીને નેત્ર વિશાળરે;
શુભગ સ્યામ સ્વરૂપ તમાલ હરિ૦
નખશીખ આભુષણ સોહાયરે, કોટી કામ શશી સૂર્ય શોભાયરે;

જોઇને વ્રજવાસી તો લોભાય. હરિ૦
દરશન લીધાં ગોવર્દ્ધન નાથરે, જોઇને હરખ્યો છે વ્રજનો સાથરે
જયજય કહે ઊંચા કરી હાથ. હરિ૦
દેવ મુનિ અંતરિક્ષમાં આવેરે, અવિનાશી તણા ગુણ ગાવેરે;
દેવતા પુષ્પ વડે તો વધાવે. હરિ૦
સહસ્ત્ર ભુજથી ભોજન કરતારે, ચરિત્ર જોઇ વ્રજવાસી ઠરતારે;
દર્શન દેઈ છગનનું દુઃખ હરતા. હરિ૦

ગરબો.

મા તું પાવાની પટરાણી કે કાળી કળકારે લોલ.—એ રાગ.
લલિતા કહે રાધાને વાત કે, સખી હું સાચું કહુંરે લોલ;
નંદના નંદતણું ચરીત્ર કે, હું તો જાણું છું સહુરે લોલ.
સજની સાચી કહુંછું વાત કે, તમારા તો કામનીરે લોલ;
મારી પુરણ ખાત્રી થઇ છે કે, આ લીલા છે સ્યામનીરે લોલ.
પોતે જમે છે નંદનો લાલ કે, પોતે તો જમાડતારે લોલ;
વ્રજવાસીને ભુલાં ભમાવી કે, ભોળાંને રમાડતાંરે લોલ.
મોહનજી છે ચતુરસુજાણ કે, ચાતુરી કીધી ઘણીરે લોલ;
ઇંદ્રનો ઉઠાવ્યો અધિકારકે, તનમાં તુચ્છ ગણીરે લોલ.
પોતે નંદનો પકડી હાથ કે, ગોપને બતાવતારે લોલ;
બીજી તરફ ભોજન કરતા કે, અતિશય ફાવતારે લોલ.
પ્યારો સત્ય વચન છે મારૂં કે, સાચું તમે જાણજોરે લોલ;
હુંતો હીત વિચારૂં તમારૂં કે, અંદેશો ના આણજોરે લોલ.
રાધાજી સુણી સખીનાં વેણ કે, મનમાં રાજી થયાંરે લોલ;
સોળ સહસ્ત્ર સખીની સાથ કે, જોવાને પાસે ગયાંરે લોલ.
માગી માગીને ગીરીવર ખાયકે, લાડલી તો નિરખતાંરે લોલ;
છગન સગુણ લીલા ગાયકે, પ્યારી જોઈ હરખતાંરે લોલ.

ગરબો.

ચાંદલિયો ઊગ્યોરે સખી મારા ચોકમાં—એ રાગ.

બેઉ કર જોડીરે ગીરીને વિનવ્યા, પ્રેમ કરીને સુત બે મુકયા પાસજો;
દંડવત્ તો કીધોરે પોતે નંદજી,આશી અદકો અંગ વિશે હુલ્લાસજો.બેઉ૦
નંદમહેરનો પ્રેમપોતે પરખીયો, હર્ષ વધ્યો ને હસ્યા શ્રી ગીરીનાથજો;
પ્રેમ પુર્વક સ્યામ રામને મુસ્તકે હેત કરીને પોતે મુકયા છે હાથજો.બેઉ૦
નંદ ઊપનંદ અને બ્રખુભાનજી, એ આદિક સૌ ગોપ બોલાવ્યા પાસજો;
પ્રસાદી આપી પોતાને હાથે કરી, પ્રભુએ જાણી લીધા છે નિજ દાસજો.બેઉ૦
આગ્ના તેને દીધીરે ઘેર જાવાતણી, ત્યારે મુખથી બોલ્યા સુંદીરસ્યામજો;
પુજા સર્વે પસંદ આવી તમતણી, છગન તમારૂં પુર્ણ થયું છે કામજો.બેઉ૦

ગરબો.

રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે—એ રાગ.

હરિ કહે સાંભળો વ્રજવાસીરે, ધરજો ધીર ન રાખો ઉદાસી. હરિ૦ટેક૦
ચાલો ગીરીરાજની પાસ જઇએરે, વીતી વારતા સઘળી કહીએરે;
કરશે સાહ્ય સુખી સર્વ થઇએ. હરિ૦
એમ કહીને ગીરી પાસે આવ્યારે, ગાયો વચ્છને તો સંગમાં લાવ્યારે;
હરિની સંગે સકળ સોહાવ્યા. હરિ૦
પ્રભુએ ગીરીને તો ઉંચો કીધોરે, વામ કરથી ઉચકીને લીધોરે;
ટચલી આંગળીપર ધરી દીધો. હરિ૦
પ્રભુ કહે સાહ્ય થયા ગીરીરાયરે, તમો સર્વ આવો તેની છાયરે;
ગાયો વચ્છ સમેત સર્વ જાય. હરિ૦
થયાં ક્ષણમાં સકળ સુખારીરે, દેખી ચક્રીત થયાં નરનારીરે;
મુખે કહે ધન્ય છે ગીરીધારી. હરિ૦
પ્રેમ ઉમંગી રહ્યા ઉર છાઇરે, ચર્ણસ્પર્શ કરે છે ધાઇરે;
રહ્યાં સર્વ ગીરીધર ગુણ ગાઈ. હરિ૦

પ્રભુએ નખપર ગીરીને ધાર્યોરે, એક પળમાં સોચને સંહાર્યોરે;
મુશળધાર મેઘને નિવાર્યો. હરિ૦
ગીરીએ અંગ વિસ્તારમાં કીધુંરે, પ્રલેકાળનું જળ સોષી લીધુંરે;
છગન કહે વ્રજજનને સુખ દીધુંરે. હરિ૦

મેઘનો ભયંકર વેગ.

રાગ, સારૂ સારૂરે સુરત શેહેર.

જુવો જુવોરે જગતના લોક, પરજન બહુ પડીયો.
થયો હરખ સમયમાં સોક, દુનીયાંને નડીયો— ટેક.
સંવત ઓગણી એકસટમાં, ઊત્તમ માસ અસાડરે,
વિશ્વ વિશે વાવેતર કરીયાં,માની પ્રભુનો પાડ; પરજન. ૧
છપનાની તો ભુખ ભાગશે, તેવી રીતે વરશેરે,
ખેતીને અડચણ નહી થાશે. આવ્યો ઘણાક વરસે. પરજન. ૧
કરસણ ઊગી કલોલ કરતાં, દીન ઉપર દીનજાયરે,
લીલાકલાર સરખાં દીશે, સૌનાંમન હરખાય પરજન ૩
ધમકારા બંધ ધરૂ થયાંને, રોપ્યાની તૈયારી રે,
હવે કદી વરસાદ થાયતો, ડાંગેર પાકે સારી. પરજન. ૪
પણ વરસાદે કર્યાં વાયદા, ઊલટા થયા ઊચ્યાટરે;
પથ્થર સરખી પૃથ્વીકીધી, ખરો બગાડ્યો ઘાટ; પરજન ૫
લોકે ગાળો દેવા માંડી, આવ્યો નહી વરસાદરે,
એવામાં તો ઓચંતાનો,મેઘે કરીયોનાદ, પરજન ૬
આજુ બાજુ એક પલકમાં, ગગનમાં ઘન ચઢીયોરે,
ગાજવીજ ઘમઘોર કરીને ઊંડો એ ધડધડીયો; પરજન ૭
સવત ઓગણી એકસટમાં, અસાડ છઠ શનીવારે;
રેલતણો એ ખેલ મચાવા, હુકી પડવા ધારે પરજન ૮

આર્ય મહિલાને ઉપદેશ.

(કારતકે કાગળ મોકલેરે, બહુની ગરબે રમવા આવ. એ રાગ.)

ભાગિનિઓ ભારત દેશનીરે;—નિજ ધર્મ તણો લહિ મર્મ,
સદ્‌ગુણ સેવો સત્ર પ્હેલ ડેરે, જેથી સફળી થશે સહુ કર્મ.(ટેક)
(સાખી)-અતિ હિતકર આ દેશના, અસલ સમયના ચાલ;
પેસાડયાં તેમાં તમે, અહિત ભરેલાં સાલ.
શી તૂટયો તમ દેશનોરે, કાંઈ તત્વતણો શુભ થંભ,
ધર્મ તણો સેતુ તોડિનેરે, કર્યો બેરકમત આરંભ. ભાગનીઓ
(સાખી)—પિયર પનોતી પણ સ્ત્રીઓ, સેવતિ સાસરવાસ,
પિયર પનોતિ હાલતો,—ગણે પતિને દાસ,
એવી રીત્યે આ દેશમાંરે,—ગયો દંપતિનો શુભ ધર્મ;
ત્યારે પ્રજા ક્યાંથકિ સાંપડેરે—જેકા સમજે દેશનું શર્મ. ભામિનીઓ
(સાખી)—અસલ સુંદરી આર્યની પૂજે પતિના પાય;
હાલ ઢોંગી જોગી જતી—કેરે ફંદ ફસાય;
નવીન ભણીને ગોરા ગમેરે—તે શું હરખે મેળવે હાથ,
ભણતી સ્વદેશ દ્રોહી દેડકાંરે—જેથી હિન્દ ગણાય અનાથ. ભગિનીઓ
(સાખી)—બ્રહ્મા વિષ્ણુ રૂદ્રને—પણ નવ દીધી દાદ,
એ અનસૂયા સતી તણું, કરો પતિવ્રત યાદ;
સ્વપ્ને પણ ન સતીત્વ ડગાવશોરે, તોજ થાશે પરાક્રમી પુત્ર;
નિજ દેશ ઉદ્ધારમાં દીપશેરે, સાચુ સમજી શૌર્યનું સૂત્ર. ભામિનીઓ
(સાખી)—સ્ત્રી હકની જક નવ ધરો, ધરો સુગુણ સહુ ટેક.
નિજ હિત સ્વદેશ હિતતણો, એ રસ્તો છે એક;
તેથી સદ્‌ગુણ વિણ શોભે નહિરે, જયમ વેશ્યાનું સંગિત જ્ઞાન;

હોય વિદ્યા તોએ સદ્‌ગુણેરે ભણી સતીઓ રળી મહા ગાન. ભામિનીઓ
(સાખી)–બાળ લગનમાં મગન થઇ, વરઘોડે ધરી વ્હાલ;
ન્યાતવરા કરિ વિણ ગજે, ઘર ન કરો બે હાલ,
ઘર વેચાણી વરને કહીરે, જર હીન કરો ન જરાય;
મિથ્યા મોટાઇમાં નવ મરોરે, તોજ આ ભવસિંધુ તરાય. ભામિનીઓ
(સાખી)–બળતી ચ્હેમાં પતિ પુંઠે, પડતી તેના પુત્ર,
ચઢતા તોપ ખડગ મુખે, સમજી શરિરને સુત્ર;
વિધવા કેરૂં વ્રત પાળતીરે તેના સુત ગ્રહતા શમશેર.
વિધવા લગ્નોને નાતરાંરે, તેની વંજા કરતી કેર. ભામિનીઓ
(સાખી)–મનુકુળ અંદર અવતરી, ન ચહો પશુનો પંથ,
સાધુએ ભણતર ગણો, એજ સુગુણનો ગ્રંથ:
સંઘવી સાચી ગતિએ દિયેરે, કેટિ વિદ્યાતણે શિર મોડ;
શણગાર સાચો પતિવ્રત તણોરે, જેની કંઇએ જડે નહી જોડ. ભામિનીઓ

'વિદ્યાર્થિ જીવન.'

કૈસરેહિંદ એડવર્ડને આશીષ.

“ ધાજોરે વનમાં ગાજે મેહુલો ” એ રાગ.

બહુ જીવો એડવર્ડ કૈસર હિંદનો
કીર્તિ એની જગ સઘળામાં જામજો, બહુ જીવો. (ટેક) ૧
રૈયતને પાળી જય વર્તાવજો,
શાંતિનાં સુખ સર્વ પ્રજા જન પામો જો બહુ જીવો. ૨
ચાંદો ને સૂરજ આથમતા નથી,
એવો એના રાજ તણો વિસ્તાર જો. બહુ જીવો. ૩
ધરતી ને દરીએ દળ એનાં વડાં.
બહુ બેટામાં એની ફરતી આણજો. બહુ જીવો. ૪

રાજા ને રાજ્યનો રક્ષક વડો,
રંક પ્રજાનો રૂડો એ રખવાળ જો. બહુ જીવો. ૫
અંતરનો ઉમળકો સૌને ઘણો,
માટે આપો એડ્વર્ડને આશીષ જો. બહુ જીવો. ૬
અહીં સૌનો ઉદય થજો એના વડે,
વૈભવ એને અધિકો આપો ઇશ જો. બહુ જીવો. ૭
કુશળ હજો પુત્ર અને પરિવારમાં,
પ્રસરો એનો જગમાં પ્રૌઢ પ્રતાપ જો. બહુ જીવો ૮

(સુબોધ ગરબાવળી).

કન્યાને શીખામણ.

બ્હેની મ્હારી સાસરીએ સુખ માણજોરે,
વધતું ઓછું કોઇનું મન નવ આણજોરે. બ્હેની.
બ્હેની મ્હારી સાસુ સસરાને સંભાળજોરે;
પ્રેમે પૂજી નિજકુળ માન વધારજોરે. બ્હેની.
બ્હેની મ્હારી, દિયર દેરાણી (ને) બોલાવજોરે;
મૃદુ વાકયોથી બોલી યશ દીપાવજોરે. બ્હેની.
બ્હેની મ્હારી, વડીલ, સંબંધી પાયે લાગજોરે,
સૌ સજ્જનને ઘટતું માન તો આપજોરે. બ્હેની.
બ્હેની મારી, પછી પતિને ચરણે નેમજોરે,
એ છે સ્વામિ સાચા ધારી સાથે રમજોરે. બ્હેની.
બ્હેની મ્હારી, પતિ પરમેશ્વર વિશ્વે તો ભણાયછેરે
પુજે નારી, સતિઓ તો ગણાય છેરે. બ્હેની.
બ્હેની મ્હારી, ગુરૂ સાચા સંસારે તે જાણજેરે

ભજી તે પરમેશ્વર સચ્ચિત સુખને માગજેરે. બ્હેની.
બ્હેનીમારી, ઉચ્ચ શબ્દેથી તેપ્રતિ કદી નવ બોલીએરે,
નીજ માતપીતાનું માન કદી નવ બોળીએરે. બ્હેની.
બ્હેની મ્હારી, આ શુભ શીખામણ ધારજેરે;
તરી નીજને સંબંધી સર્વે તારજેરે. બ્હેની.
સ્તોત્ર વાક્યો આ અંતરમાં નિત્ય સ્મરજેરે;
યોગેન્દ્ર ભણે તે અંતે સુખમાં ઠરજેરે. બ્હેની.

સુભદ્રાની કંકોતરી. *

કંકુ છાંટી કંકોતરી મોકલેરે, કોડે કહાવે સુભદ્રા બ્હેન;
વીરા વ્હેલા આવજો.

ગજાનંન પ્રભુજીને લાવજો, એ છે પાર્વતિ કુમાર. વીરા
શ્રીકૃષ્ણ બળદેવ બે બંધુઓ, પવિત્ર પિતા વસુદેવ, વીરા
પાંચ પાંડવ દાસછે તમતણા, અહર્નિશ જપે તમારૂં નામ. વીરા
જગમાતા દેવકીને તેડજો, અંજણા દેવી તમ માત વીરા
સંબંધી સ્નેહી મનભાવતા, તમે આવે થશે સુખચેન. વીરા
રાણી રૂક્ષ્મણિ ને રેવંતી, સત્યભામા જાંબુવંતિનાર. વીરા
વળી તેથી વિશેષ સૌભાગીઓ, સોળસહસ્ત્ર એકસોનેઆઠ. વીરા
પ્રભુ વિશ્વતણા પ્રતિપાળ, જેનું જપે પ્રાણિમાત્ર નામ. વીરા
તે શ્રીકૃષ્ણ બંધુને જાદવો, લાવજો ઉત્તમ વર્ણ અનેક. વીરા
બ્રહ્મજ્ઞાની, ભક્ત, ભાવીઓ, જ્ઞાની, ધ્યાની સૈને સાથ. વીરા

---

* આ ગરબી પ્રાચિનકાળની કોઇ કવીની બનાવેલી છે. પરંતુ તેને સુધારી વધારી લખવામાં આવી છે.

વેદ વાંચતા વિપ્રોને લાવજો, બાળજો સર્વ કુટુંબપરિવાર. વીરા
બાંધુ ! શેષ તણા અવતારે, જેનો ધારે સૌ વિશ્વઆધાર. વીરા
અલ્પ લખ્યું ઘણું કરી વાંચજો, પ્રભુ નિરાધારીના આધાર. વીરા
શોભે મંડપ તમથી વધારે, હિતધિ હૃદયે ધ્યાન ધારે. વીરા
જેમ સૂર્ય શોભાવે સૌ સ્થળોને, જળને, તેમ દીપાવો હે ભ્રાત. વીરા
શૂન્ય પ્રભા પ્રભાકરવીના, તેમ તમવિના સઉ સર્જન. વીરા
જળવિન જગમિન શોષતુ, તેમ શોષે તમારી બ્હેન. વીરા
હૃદય ભાવને હે ભાઇઓ, વાંચી વળજો સત્વર સૈન્યસહ. વીરા
પ્રતિદ્રષ્ટેરે વ્હેલા પધારજો, શેષનાગ ન પામે પાર. વીરા
વેદ નેતિ નેતિ કહી થાકીઆ, થાકયા જોગી ઋષિને રાય. વીરા
યોગેન્દ્ર પત્રને પેખીતાં કરજો સત્વગુ અહીં પ્રગાણુ. વીરા

નીતિ શિક્ષણ.

લગ્ન ગીત.

રાગ. દેવના દેહેરામાંરે ફુવારો, લોક કહેતાં અંતર રહેશે કુંવારો.

આંગણુ કુંકુમેરે લીંપાવો,
મોઘાં મોઘાં ફૂલડાં વેરાવો;
સાત્વિક સાથિયા પૂરાવો,
અબિલની કાંમરી કોરાવો,
ધનુષ તો ગુલાલેરે પાડો,
ગહિ સીતારામનાં બાણુ માંડો;
ઉમ્મર રૂપા સરિખડા આપો,

કુંળી ચોડી કેળના સ્થંભ રોપેદ.
ચંદ્રની ચાંદની શા ચંદરવે,
ઝુલે નમે લજ્જામણી વેલટા મરવે;
રચ્યાતો વામનજીની વેદી,
જશે ઉંચ્ચ ગગન મંડળને ભેદી,
આચાર્ય અગ્નિ હોત્રી આવે;
પુરાણા પિતૃના અગ્નિ લાવે,
બ્રહ્મવિદ બ્રાહ્મણો વેદ બોલે,
પ્રભુ ભર્યો ગાંડવો અગ ડોલે.

પ્રેમભક્તિ (સુન્દરી સુબોધ.)

ગીત.

વરઘોડાના મુહુર્ત માટે.

શુકન જોઇને સાંચરજોરે;
સાંમો મળીઓ છે માળીડોરે,
ફુલજ આપી પાછો વળીઓરે શુકન

સાંમો મળીઓરે દોશીડોરે
સાડીઓ આપી પાછો વળીઓરે શુકન

સાંમો મળીઓ છે સોનીડોરે;
સાંકળાં આપી પાછો વળીઓરે શુકન

સાંમો મળીઓ છે ગાંધીડોરે
શ્રીફળ આપી પાછો વળીઓરે, શુકન

ગીત.
માળીને ફુલ માટે.

માળણ ગુંથી લાવ ગુણીઅલ ગજરોરે;
તારા ગજરાનો આપીશ ગજરોરે. માલણ
એ ગને ખુણે છે ઝાઝા રે આંકારે;
જોડે આવ્યા છે બાળાવરના બાપારે. માળણ
તારા ગજરાનું આપીશ મૂલરે,
ગાઢી ગુંથજે ગુલાબનું ફુલરે. માળણ
તું જે કહીશ તે તો કબુલરે,
એમાં કરીશું કદી નહી ભુલરે. માલણ
મારા ગજરામાં મેલજે હીરારે,
તે તો પેહેરે બાળાવર વીરારે. માળણ.
તારા ગજરામાં મેલજે આંકારે,
જોડે આવ્યા બાળાવરના કાકારે. માળણ.
તારા ગજરાનું મેલજે મુલરે;
વર કન્યા ગુલાબનું ફુલરે. માળણ.

ગીત.
વરઘોડા વખતે.

એક લાડકડાશા, નાનડીઆશા, બાળાવર કુંવારા
જે જોઇએ તે માગોરે;
માગો માગોરે એક ફુલ ભરી વાડી, ખીલવાને બેઠી
હોવારે એના માતા કહ્યા, બ્હેની કહ્યા. જે.

ઘોડી બાંધી રચાવે મંડપ હેડેરે, સોના કેરા સ્થભ;
રૂપા કેરા દંડ ઘોડી કુદે કુદેરે નાચેરે.— જો.
કઇ કઇ નગરીમાં હાલપડે, હુલકાર પડે
કોઇ ઉભરાયજાશે આવેરે— જો.
આવેરે આવેરે વાસુદેવના નંદ, પુનમ કેરા ચંદ,
દીવા કેરી જ્યોત, ભણ્યા ગણ્યા અજવાળારે.— જો

ગીત.

લાડણી સંદેશા મોકલેરે, રાયવર વહેલા પધારો,
ઝાલેરાં હિરેનારે— લાડણી.
હું કેમ આવીશ એકલોરે, દાદા માહારી સાથરે ઝાલેરા.
હું કેમ આવીશ એકલોરે, દાદા માહારી સાથરે— ઝાલેરા.
હું કેમ આવીશ એકલોરે, બાપા માહારી સાથરે— ઝાલેરા,
હું કેમ આવીશ એકલોરે, મામા માહારા સાથરે— ઝાલેરા
હું કેમ આવીશ એકલોરે, વીરા માહારાં સાથરે— ઝાલેરા,

ગીત.

આવી છે બાણુને માંડવેરે જાદવ કુળની જાન
રૂબાંણ ઉઠીને ઉભા થયારે નમને નિરખ્યા છે રૂપ
રૂડો દીસે વરરાજીઆરે જાણે કમલ સ્વરૂપ— આવી
ઉમીઆ આવ્યા વર પુંખવા, મુરતક મેલ્યો છે માંડ
જમણે હાથેરે ઝારી ઝાલીરે ડાબે સુવર્ણ થાળ— આવી
ધુસળ મુસળ રવૈઓરે, સરીઆ સપુટ ચાક
ઈંડી પીંડીનાં ઓવારણાંરે, નિરખી તાણ્યા છે નાક— આવી

ગીત.

આંણી પેર ગંગા પેલી એર જમુનારે,
વચમાં છે સરસ્વતી નદી વહેછેરે— આણી.
સોનાની ગેડીને રૂપાને દડુલોરે,
રામચંદ્ર રમવાને સંચર્યા— આંણી.
દડુલો ના ડુબેરે, રાસડી ના સહોચેરે,
કુવાને કાંઠે વછાણાં વહી ગયાં— આંણી.
રામચંદ્રે પુછ્યુંરે કોણ રાયની બેટડી,
ને કોણ તારૂં નામ ને કઈરે નગરીમાં
વાસો વસે— આંણી
જનકની બેટીરે, સીતાબેન નામરે
હજુ છું બાળી કુંવારરે— આંણી.
કોણ રાયના બેટા કોણ તમારૂં નામરે
કઈરે નગરીના તમે રાજીઆ. આણી.
દશરથરાયનો બેટડોરે, રામચંદ્ર નામરે.
હજુરે છું બાળ કુંવારોરે— આંણી.

ગીત.

પરણાવતાં

સરસ્વતિ સ્વામિને વીનવું, ગણપતિને લાગું પાયરે,
તમ વિના કશુંરે શું ગાઇશું, ગાઇશું તાપીનો વીવાહરે. સર.
તાપી છે તેજના આકળાં, પાણી છે નિર્મળ નીરરે. સર.
સુરજ તણી છે તાપી બેટડીરે, માગે છે શ્રાવણરાયરે, સર.
શ્રાવણ વાડીએ સંચર્યાં, તાપીનાં લગન નિરધાર્યાંરે સર.
તાપીનાં તાળાંરે ઉઘડ્યાં, પુણ્યનો પાર ન લેશોરે. સર.

ઘેર જઇ ગાતાને વિનવે, તાપીનાં છે અવનવાં નિરરે. સર.
બારે ગાસેરે શુકલપક્ષ, સાતમને સોમવારરે. સર.
એ લગ્ન થશે નિરધારરે, તેડાવો જોસીનો બેટડોરે સર.
મ્હેં તને વ્હેવાઇ વારીયા. જેઠમાં લગ્ન ના લઇશરે સર.
જેઠ મહીનોને ઉન્હાળોરે, નહી મળે ચારને પાણીરે. સર.
નહી મળે ભાર કપાસીઆ, નદીએ છે ખારાં નીરરે. સર.
વ્હેવાઈ આવતા જાણીને, સંબંધીએ વાયો ખોડાવીરે. સર.
વાયો ખોદાવી કેમ જાણીએ, પરબે ભરાવ્યાં છે પાણીરે સર.
હરીવર ભાગોળે સંચર્યા, ભાગોળે ભેરો વગડાવોરે. સર.
હરીવર ચોટે સંચર્યા, ચોટે ઢોલવર ઢગાવોરે. સર.
હરીવર સાંમૈયે સંચર્યા, સાંમૈયું આંવીને હાથરે. સર.
હરીવર જાનીવાસે સંચર્યા કલવો કાકાજીને હાથરે. સર.
હરીવર તોરણે સંચર્યા, પોંખણુ સાસુને હાથરે. સર.
નીકળ ઓરડો મેલડી, નીકળ કન્યાની માડીરે. સર
ચીર પહેર્યાંને ચોરી વીસરી, કાંચળી રહી છે કમાડેરે. સર.
પહેલું તે મગળ વરત્યું, હજુછું બાપની બેટડારે. સર.
બીજું મંગળ વરત્યું, હજુ છું મામાની ભાણીજીરે. સર
ત્રીજું મંગળ વરત્યું, હજુછું વિરાની બ્હેનીરે. સર.
ચોથું મંગળ વરત્યું, જઇ રહ્યું સાસરીયાં ગોત્ર સર.
હવે જયજયકાર થૈ રહ્યો, પડીરે પાંનેતર ગાડરે. સર.

ગીત.

પંચાવરણું મંગાવીએરે
મોકલ્યો કાશીમાં જાય. છબીલી પાંમરીરે.

કાશીમાં વિસ્વનાથ તાણાં તાણીએરે,
વિછાગઓરે વિણારસી ન્હાલ. પંચાવરણું
કોઇ કહે છીપે રંગ ઢોળીઓરે,
કોઇ કહે આવ્યો મેવાડનો રાય. પંચાવરણું
નગારે છાપે રંગ ઢોળીઓરે,
નગા આવ્યોરે મેવાડનો રાય, પંચાવરણું
દીકરો આવ્યોરે કયા રાયતણો,
નગરીમાં પડયો તેનો શોર. પંચાવરણું
ભત્રીજો આવ્યોરે કયા રાયતણો,
નગરીમાં પડયો તેનો શોર. પંચાવરણું
ભાણુજો આવ્યોરે કયા રાયતણો,
નગરીમાં પડયો તેનો શોર. પંચાવરણું
વિરોરે આવ્યો કયા રાયતણો,
નગરીમાં પડયો તેનો શોર. પંચાવરણું
વિરો આવ્યો નગર શેઠ તણો
નગરીમાં પડયો તેનો શોર. પંચાવરણું

ગીત.

સૂરજ ઉગ્યારે પૂર્વ દિશાએ કે વ્હાણેલાં ભલે વાયાંરે.
સૂતા જાગોરે વાસુદેવના નંદ કે વ્હાણેલાં ભલે વાયાંરે
તમે જાગોરે જાગે સૌ દેવ કે વ્હાણેલાં ભલે વાયાંરે.
લેજો લેજોરે પીતળના લોટા કે વ્હાણેલાં ભલે વાયાંરે.
દાતણ કરજોરે તુળશીને કયારે કે વ્હાણેલાં ભલે વાયાંરે.
મુખ લેજોરે પાગનીઓના છેડે કે વ્હાણેલાં ભલે વાયાંરે.
નામ લેજોરે શ્રીરામના નામ કે વ્હાણેલાં ભલે વાયાંરે.

ગીત.

કોણે મારાં આંગણાં સમારીયાંરે
કોણે પુર્યા મોતી કેરા ચોક મારાં આંગણા રળીઆમણાંરે.
કોણે મારા સામા તોડા ધોળીઆરે,
કોણે લખીયા હંસને મોર, મારા તોડા રળીઆમણારે.
મારા ભાઇએ આંગણાં સમારીયાંરે,
ડાહી બ્હેનને પુર્યા મોતીચોક, મારાં આંગણાં રળીઆમણાંરે
મારાભાઇએ સામાંતોડાતો ધોળીઆરે;
ડાહીબ્હેનને લખીઆ હંસને મોરે, મા તોડાતો રળીઆમણારે.
વરકન્યા કંસાર જમે જોનપ્યારાની દાઢ ગાલે
કોળીઓ કંસાર આપેલો ખાઇએરે;
માહીતો આશા મુકી ઘેર જાઇએરે.

ગીત.

એક ટકાના પાન મંગાવોરે,
તે પાનની બીડીઓ બનાવોરે;
પાન બીડાં સજનમાં વહેંચોરે.
વરરાજાને તંબોળે સેંચોરે.
બ્હેની મંગળગાળા બોલોરે;
નિતિ શાસ્ત્રથી અંતર ખોલોરે.
જૈનશાસ્ત્રને બાળા વધાવોરે,
બ્હેની ભણી ફટાણાં નગાવોરે;

લગ્નમંડપ.

મંડપ રચ્યો રૂડી રીતથી; મળીયાં સૈયર નરનાર,
મંગળ ધ્વનિ ઘોષ ગાજીઆ. ટેક.
વેદીકા વિધવિધ રંગથી, પુરી, જુવે સૌ સજ્જન,
નિરખી તેને રાચે બધાંમન. મંડપ.
યજ્ઞ નારાયણ દેવતા, પ્રગટ્યા અગ્નિમાંહી ધરી દેહ,
તેને દેખી લાગ્યો સૌને તેહ. મંડપ.
શાન્ત સૌરમ્ય તેની પ્રભા, પ્રકટી દશ દીનેશમાંહ,
છળપ્રપંચ કે અન્યનો વાસ નવજાહ. મંડપ.
ઘૃતથી આહુત આપતાં, ચાલ્યું હોમનું કામ,
સાચું સંસારીનું કામ. મંડપ.
કુળ ગોર મંત્રો ઉચ્ચારતા, ગાએ સજનિ સૌ ગાન;
થાતું મંગળ ધ્વનિનું ગાન. મંડપ.
આશિશ હીતરૂપ આપતાં, 'થાજો વરવહુનું હીત,'
દળજો ઇશ હેમનું ચાહીત. મંડપ.
સંસાર નાવને સાહયતા, વધજો દશ દિશયશ,
(એવો) યોગેન્દ્ર ભણે હનોજશ. મંડપ.

ચોરીમાં ગાવાનું ગીત.

રામ લક્ષમણ વન સધાવતા. એ રાગ.
ચોરી રચના કરી રૂડી ચોકમાં,
બેઠાં વર વહુ સુરજ સનમુખ;
મલકાવતાં મુખ, મંગળ ફેરા ફેરવે. એ ટેક.
વધુ વામ દીસાએ વિરાજીયાં,
જમણી બાજુએ જોઇને જમાઇ;
સાસુ હરખાઇ. મંગળ૦ ૧

સદાચરણી વિદ્યાનિની વરવહુ,
રૂપે રતી રતી પતીના સમાન;
કે રાધિકા કાન. મંગળ૦
પ્રેમે ચક્ષુ પરસ્પર મેળવી,
વળી મનનો કરીને મેળાપ;
થયાં એક આપ. મંગળ૦ ૨
ચોરી વચ્ચે વેદીકા ઉપર વળી,
અગ્નિ પ્રગટ કરે કુણ ગોર;
રાખી ઘૃત જોર. મંગળ૦
ડાંગર સહિત રૂપાની પરાતમાં,
જળની ઝારી કંકાવટી જોઈ;
સરવ રાખી સોઈ. મંગળ૦ ૩
સુંદર શાળની નવ ઢગલી કરી,
મુકે મ્હોર સોપારી સુજાણ;
ગ્રહોને પ્રમાણ, મંગળ૦
સુર્યાદીક નવ ગ્રહનું પૂજન કરે,
વર કન્યા સદા સુખી થાય;
ગોરી ગીત ગાય, મંગળ૦ ૩
બરી આપે ખોબામાં ખુશી થઈ,
વર વહુને કુમારીકા વીર;
સુપડું રાખી શીર; મંગળ૦
ચાર વાર વહીને વધાવનાં,
કરે વેદીઆ મંત ઉચ્ચાર;
એ છે અધીકાર. મંગળ૦ ૫
પાણિગ્રહણ કરી પછી પરણતાં,
સાક્ષી પંચ સગાને સજજન;

પ્રસન્ન મદન, મંગળ૦
વરત્યા વિવા માં વળી વિચારથી,
કુળ વંશ પરંપરા રીત,
ધારીયું છે ચીત. મંગળ૦ ૬
વરત્યું પ્હેલું મંગળ વડા વ્હાલથી.
કરે દંપતી કોલ કરાર;
પુરણ ધાર્યે પ્યાર. મંગળ.
સોગન ખાઇને કન્યા કહે છે કંથને,
સદા પતિનો ધર્મ પાળીશ;
કહેશો તે કરીશ. મંગળ૦ ૭
શુભ ચિંતવીને સહુ કાજમાં,
સહાય કરીશ હું સર્વ પ્રકાર;
સુધરતા સંસાર. મંગળ૦
પછી પ્રેમે પ્રતિજ્ઞા પતિ કરે,
પત્નિ પાળીશ પ્રાણ સમાન;
વધારીશ માન. મંગળ૦ ૮
બીજું મંગળ વરતતાં વર વહુ,
કર મેળવીને આપે કોલ;
પાળુ બોલે બોલ. મંગળ૦
કોડે વચમાં કર્યા કુળ દેવતા,
બાંધ્યો દુધ પાણી સમ પ્રેમ;
હીરો જડયો હેમ. મંગળ૦ ૯
વળી ત્રીજું મંગળ એમ વરતીયું,
રાખી ચંદ્ર સુરજતણી સાખ;
ઉત્તમ અભિલાખ. મંગળ૦

મોંઘા ચીત્તથી ચોથું મંગળ વરતીયું,
જેના સાક્ષી છે શ્રી જગદીશ;
આ ઉમિયાજી ઇશ. મંગળ૦ ૧૦
તેનું અખંડ જુગો જુગ જીવજો,
જેનાચાર આવજો જરૂર;
ઉમંગથી ઉર. મંગળ૦
સુખ પુત્ર કળત્રનું પામજો,
કરે શિવસુત કેશવ પાસ;
વિદ્યાનો અભ્યાસ. મંગળ૦ ૧૧

ગીત.

સુરજ ઉગ્યોરે કેવડીયાની કુણસે કે વ્હાલેશાં ભલે વાયારે.
સુતા જાગોરે વાસુદેવના નંદ કે વ્હાણેશાં૦
તમ જાગોરે જાગે સહુ દેવ કે વ્હાણેશાં૦
સેજો લેજોરે પીતળના લોટા કે વ્હાલેશાં૦
દાતણ કરજોરે તુળસીને કયારે કે વ્હાણેશાં૦
મુખ લેજોરે પાગરીઓના છેડે કે વ્હાણેશાં૦
નામ લેજોરે શ્રીરામનાં નામ કે વ્હાણેશાં૦
સુરજ ઉગ્યોરે કેવડીયાની કુણસે કે વ્હાણેશાં૦
સુતા જાગોરે પારવતી વહુના કંથ કે વ્હાણેશાં૦
તમ જાગોરે જાગે સહુ ઢેડ કે વ્હાણેશાં૦
સેજો લેજોરે આવાના લોટા કે વ્હાણેશાં૦
દાતણ કરજોરે ઉકરડાની ટોચ કે વ્હાણેશાં૦
મુખ લોજોરે મશોતાને છેડે કે વ્હાણેશાં૦
નામ લેજોરે તમારા બાપનું નામ કે વ્હાણેશાં૦